

સમર્થ-સમાધાન

ભાગ બીજો

પ્રશ્ન ૮૧૯ :—પુણ્યાનુબંધી અને પાપાનુબંધી-પુણ્યના કયા કયા કાર્ય છે? કયા કયા કામો કરવાથી જીવ. પાપાનુબંધી પુણ્ય બાંધે છે? પાપાનુબંધીપુણ્ય વડે જે શરીર, સંપત્તિ, સમજ, સત્તા વગેરે મળે છે, તે સારા કાર્યમાં લાગે છે કે ખરાબ કાર્યમાં? પાપાનુબંધી-પુણ્યના ભોગવવાથી ગતિ, જાતિ, સ્થિતિ, તથા આત્મિક શક્તિમાં જીવનું ઉત્થાન થાય છે કે પતન?

ઉત્તર:—જ્ઞાન પૂર્વક, નિયાણા રહિત, કુશળ અનુષ્ઠાન (સર્વ જીવોમાં દયા, વિતરાગતા, વિધિવત્ ગુરૂ-ભક્તિ, નિરતિચાર ચારિત્ર આદિ)થી પુણ્યાનુબંધી પુણ્ય થાય છે. ભરત ચક્રવર્તી વગેરેની જેમ.

નિયાણાદિ દોષોથી દૂષિત ધર્મ અનુષ્ઠાનથી પાપાનુબંધી પુણ્ય થાય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી આદિની જેમ-પાપાનુબંધી પુણ્ય વડે મળેલી સંપત્તિ વગેરે ખરાબ કાર્યમાં લાગે છે. અને પાપાનુબંધી-પુણ્યના ભોગથી જીવનનું ઉત્થાન નહિ થતાં પતન થાય છે. આવું પતન ગતિ, જાતિ, આત્મિક શક્તિ વગેરેમાં પણ સમજવું જોઈએ. ઉપરોક્ત ખુલાશો હારિભદ્રાષ્ટક ૨૪ મો સટીક, પંચાશક સટીક, પંચ વસ્તુ સટીક આદિ ગ્રંથોમાં છે. તથા 'અભિધાન રાજેન્દ્ર' કોષ ભાગ ૫ મો પૃષ્ઠ ૯૯૨-૯૩ માં પણ છે.

પ્રશ્ન ૮૨૦ :—જીવના ૫૬૩ ભેદ છે. તેમાંથી ચાર ગતિમાં શાશ્વત અને અશાશ્વત જીવ કેટલા છે? તેમજ પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કેટલા કેટલા છે?

ઉત્તર:—સાત નારકીના અપર્યાપ્તા....૭
પાંચ સંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તા....૫
એકસો એક સંજ્ઞી મનુષ્યના અપર્યાપ્તા....૧૦૧
એકસો એક અસંજ્ઞી (સમુર્ચ્છિમ) મનુષ્ય....૧૦૧
અને નવાણુ દેવોના અપર્યાપ્તા....૯૯

એમ ૭ + ૫ + ૧૦૧ + ૧૦૧ + ૯૯ = ૩૧૩ જીવના આ ૩૧૩ ભેદ અશાશ્વતા છે. જીવના ૨૫૦ ભેદ ચાર ગતિમાં શાશ્વત છે.

સાત નારકીના પર્યાપ્તા ૭, પાંચ સંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તાને છોડીને શેષ તિર્યંચના ૪૩, એકસો એક સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા અને ૯૯ દેવોના પર્યાપ્તા એમ કુલ ૨૫૦ જીવના ભેદ શાશ્વતા છે.

પ્રશ્ન ૮૨૧ :—ક્ષાયિક-વેદક સમકિત ૭ મા ગુણસ્થાનમાં પ્રવેશ પછી જ આવે છે કે ચોથા ગુણસ્થાનમાં પણ આવી શકે છે?

ઉત્તરઃ—ક્ષાયિક-વેદક સમકિત ચોથા ગુણસ્થાનમાં પણ આવી શકે છે.

પ્રશ્ન ૮૨૨ :—નવ નારૂ અને નવ કારૂ, આ અઢારના નામ અને અપ્રસિદ્ધોના અર્થ બતાવો?

ઉત્તરઃ—શ્રેણિના અઢાર ભેદો થાય છે. તેમાંથી નવ નારૂ અને નવ કારૂ આ પ્રકારે છે-

નવ નારૂ :—૧, કુંભકાર, ૨, पट्टइल्ल (પટેલ-કિસાનોનો મુખીયો) ૩, સુવર્ણકાર (સોની) ૪, સુવકારા (રસોઈયો) ૫, ગંધવ્વા (ગવૈયો), ૬, કાસવગ્ગા (વાણંદ), ૭, માલાકાર (માળી), ૮, કચ્છકાર (કીર જે નદી વગેરેની પાસે કાકડી, તડબુચ વગેરે વાવે છે, અને ૯, તંબોલી.

નવ કારૂ :—૧, चम्मयरु (ચર્મકાર-ચામડા વગેરેનું કામ કરવાવાળા), ૨, जंतपीलग (તેલી), ૩, गंछिऊ (ગાંછા) ૪, छिपाय (છીપા), ૫, कंसकोर (કંસારા-વાસણ બનાવવા વાળા) ૬, સીવગ (દરજી) ૭, ગુઆર (સંભવતઃ ગોવાળ હોવો જોઈએ) ૮, भिल्ला (ભીલ) અને ધીવર (મચ્છિમાર).

પ્રશ્ન ૮૨૩ :—આઠ મહાપ્રતિહાર્ય ભગવાનના હંમેશા રહે છે કે નહિ અને જો રહેતા હોય, તો મૃગાવતીજીના સમયે અંધકાર કેમ થયો?

ઉત્તરઃ—સમવસરણમાં ભગવાનની પાછળ ભામંડળ રહે જ છે. સમવસરણમાં અંધારું હતું નહી અને ન તો મૃગાવતીજીને પણ સમવસરણમાં અંધારુ લાગ્યું હતું. પરંતુ સમવસરણની બહાર તો અંધારું હોવું સ્વાભાવિક જ છે. સમવસરણમાં અંધારું ન હોવા છતાં પણ દિવસ અને રાતનું જ્ઞાન તો સમવસરણવાસિઓને અવશ્ય થતું હતું.

અહીં ખાસ વાત એ છે કે તે વખતે સમવસરણ ભૂમિમાં ચંદ્ર અને સૂર્ય મૂળ (ખાસ શાશ્વત) વિમાનથી આવેલા હતા. સૂર્ય વિમાનની ત્યાં હાજરી હોવાથી મહાસતી મૃગાવતીજીને અસમય થયાનો ખ્યાલ ન આવ્યો. અને વિમાન જતાં જ તુરત ખબર પડી ગઈ.

ચંદ્ર અને સૂર્યનું શાશ્વત વિમાનથી આવવું નિમ્નોક્ત (નીચે લખેલ) સ્થાનાંગના પાઠની ટીકાથી સ્પષ્ટ છે. પાઠ-" ऊतरणं चन्द्र सुराणं (सू. ७७७) भगवतो महावीरस्य वन्दनार्थमवतरणमाकाशात समवसरण भूम्यां चन्द्रसूर्ययोः शाश्वत विमानोपेतयोर्वभूवेदमप्याश्चर्यमिति ॥ ३ ॥"

પ્રશ્ન ૮૨૪ :—ધ્યાન કરવાથી નિકાચિત કર્મ તૂટે છે કે ભોગવવાથી ?

ઉત્તર :—ધ્યાન તપ છે. તપથી પણ નિકાચિત કર્મ તૂટે છે. આ વાત ઠાણાંગના દસ પ્રકારના બળની માં—"तपोबलं यदनेकभवार्जितमनेकदुःखकारणं निकाचित कर्मग्रंथि क्षपयति" (સૂ. ૭૪૦) ટીકાથી સ્પષ્ટ છે.

પ્રશ્ન ૮૨૫ —બીજા નમુત્થુણંમાં "कामाणं" શબ્દ છે, તો શું કેવલી ભગવાન પણ મોક્ષની અભિલાષા કરે છે ?

ઉત્તર :—અપ્રમત્ત મુનિ મોક્ષની અભિલાષા કરતા નથી. પરંતુ અભિલાષા ન કરવા છતાં પણ જે કાર્યથી જે વસ્તુ પ્રાપ્ત થાય છે, તેના કર્તાને તે વસ્તુના અભિલાષિ કહેવાય છે. જે વ્યક્તિ જે વસ્તુને યોગ્ય બને છે, તેને પણ તે વસ્તુના અભિલાષી કહેવાય છે. તથા જે કાર્યથી જે પરિણામ આવવાનું હોય, તે કાર્યના કર્તાને, અભિલાષા વગર પણ તે પરિણામનો અભિલાષી કહેવાય છે. જેમ ઉત્તરાધ્યયન-૭ માં "आएसं परिकंखए" "आएसाए समीहिए," "आउअंतराएकंखे, जहाएसं वएलए" આ ઉદાહરણોથી મોક્ષની અભિલાષા ન કરવા છતાં પણ ભગવાનને મોક્ષાભિલાષી સમજવા જોઈએ.

પ્રશ્ન ૮૨૬ :—જે જીવ, જલ્દી જલ્દી અપર્યાપ્ત અવસ્થામાં મરે છે, તે કઈ પર્યાપ્તિના અપર્યાપ્તા રહેતા થકા મરી શકે છે ?

ઉત્તર :—ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થવા પર જ જીવ પર-ભવનું આયુ બાંધી શકે છે, પહેલાં નહિ. એથી જલ્દીથી જલ્દી મરવાવાળા ઉચ્છ્વાસ પર્યાપ્તિનો અપર્યાપ્તો મરી શકે છે, આના પહેલા નહિં. આ વાત સ્થાનાગ ઠા. ૨ ઉ. ૧ (સૂત્ર ૭૩) ની ટીકા અને અર્થમાં છે.

પ્રશ્ન ૮૨૭ :—ગર્ભમાં રહેલા તિર્યંચ પંચેન્દ્રિયને પણ શું વૈક્રિય લબ્ધિ હોઈ શકે છે ?

ઉત્તર :—હા, હોઈ શકે છે. પ્રમાણ ઠા. ૨ ઉ. ૩ (સૂત્ર ૮૫) ના મૂળ પાઠમાં બતાવેલ છે.

પ્રશ્ન ૮૨૮ :—પ્રથમ ગુણસ્થાનકમાંથી ૩, ૪, ૫, ૭ માં જાય છે. આવી માન્યતા છે, તો શું પ્રથમ ગુણસ્થાનકથી સીધા પાંચમામાં અથવા સાતમામાં પહોંચી જાય છે, ચોથાને સ્પર્શ્યા વિના ?

ઉત્તર :—સાદિ મિથ્યાત્વિ જ પ્રથમ ગુણસ્થાનથી ૩, ૫, અને ૭ મા ગુણસ્થાનમાં જઈ શકે છે. અનાદિ મિથ્યાત્વિ નહિ. અનાદિ મિથ્યાત્વિ તો પ્રથમ ગુણ.થી ચોથા ગુણ.માં જ જશે.

પ્રશ્ન ૮૨૯ :—અઢી-દ્વીપની બહાર અસંખ્યાત દ્વીપ સમુદ્રોમાં તિર્યંચ પંચેન્દ્રિય જીવ છે, તે સંજ્ઞી છે કે અસંજ્ઞી ? શું મન વાળા જીવ, અઢીદ્વીપની બહાર પણ છે ? જો હોય, તો તેના મનોગત ભાવોને મનઃપર્યવ જ્ઞાની કેમ નથી જાણતા ? મનઃ પર્યવજ્ઞાની ન જાણે, આ દૃષ્ટિથી શંકા થાય છે કે કદાચ અઢી દ્વીપની બહાર મનવાળા જીવ ઉત્પન્ન ન થતા હોય ?

ઉત્તર :—સંજ્ઞી અને અસંજ્ઞી જલચર તિર્યંચ પંચેન્દ્રિયની જે ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજનની બતાવેલ છે તે ૧૦૦૦ યોજનના જલચર તો સ્વયંભૂરમણ સમુદ્રમાં જ હોય છે. તથા સંજ્ઞી ઉરપરી-સર્પની ઉ. અવગાહના ૧૦૦૦ યોજનની બતાવેલ છે તે પણ મનુષ્ય ક્ષેત્રની બહાર જ હોય છે. સમુગ્ગ અને વિતતપક્ષી પણ મનુષ્ય ક્ષેત્રથી બહાર જ હોય છે. સાતમી નરકના નારકી યાવત્ સ્વયં ભૂરમણ સમુદ્રમાં પણ ઉત્પન્ન થાય છે. આ વાત પ્રજ્ઞાપના પદ ૨૧ તૈજસ અને કાર્મણની અવગાહનાના મૂળ પાઠથી સ્પષ્ટ થાય છે. એથી ત્યાં સંજ્ઞી અવશ્ય છે. અને અસંખ્યાતા દ્વીપમાં જે માનસરોવર છે ત્યાંના જલચર પણ જ્યોતિષી દેવોનું રૂપ જોઇ, નિદાન કરીને, જ્યોતિષી થાય છે. અસંજ્ઞી જ્યોતિષીયોમાં જતા નથી. એથી ત્યાં પણ સંજ્ઞી છે. આ વાત પ્રજ્ઞાપનાના ત્રીજા પદની ટીકાથી સ્પષ્ટ છે. ઇત્યાદિ અનેક પ્રમાણોથી સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિય જીવ, સ્વયંભૂરમણ સમુદ્ર સુધી છે.

મનઃ પર્યવજ્ઞાનનો વિષય લંબાઈ, પહોળાઈમાં મનુષ્યક્ષેત્ર પ્રમાણ અને ઉંચાઈમાં સમભૂમિથી ૯૦૦ અને નીચાઈમાં ૧૦૦૦ યોજનનો છે. એથી અધિક નથી જાણી શકતા. આ જ કારણે તે મેરુના સોમનસ અને પંડગ-વનની વાવડિઓ આદિના સંજ્ઞી તિર્યંચના મનોગત ભાવોને ન જાણી શક્યા.

ઉપર મનવાળા વૈમાનિક દેવ છે. નીચે મનવાળા નૈરયિક છે. અને મનુષ્ય ક્ષેત્રની બહાર તિર્યંચ, વ્યંતર અને જ્યોતિષિઓ હોવા છતાં પણ મનઃ પર્યવજ્ઞાનનો વિષય ન હોવાથી જાણી શકતા નથી, પરંતુ સંજ્ઞી તિર્યંચ તો મનુષ્ય ક્ષેત્રની બહાર ઘણા છે.

પ્રશ્ન ૮૩૦ :—અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવ જે સંખ્યાત વર્ષની આયુવાળા છે, તેના ઉત્પત્તિના સ્થાન કયા છે ? શું સંજ્ઞીના મૃત કલેવરથી અસંજ્ઞી ઉત્પન્ન થઇ શકે છે. ?

ઉત્તર :—જળ, કાષ્ઠ, વનસ્પતિ, ભૂમિ, તિર્યંચ પંચેન્દ્રિયના શરીર અને મૃતક શરીર (દેહાદિ) વગેરેમાં અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ઉત્પન્ન થવાની સંભાવના છે.

પ્રશ્ન ૮૩૧ :—સાધુને ૭૨ હાથ કપડું રાખવું અને સાધ્વીને ૯૬ હાથ કપડું રાખવું કહેલ છે. તો તે ૭૨ અને ૯૬ હાથનો વિભાગ આપણી શ્રદ્ધા પરૂપણાને અનુસારે કેવી રીતે રખાય ?

ઉત્તર :—૭૨ અને ૯૬ હાથ વસ્ત્ર-વિભાગ વિષયક મહારાજશ્રીની ધારણા નીચે પ્રકારે છેઃ—૫ હાથની લંબાઈ અને ૩ હાથની પહોળાઈના હિસાબે બે ચાદર (પછેડી) (ઉનની-ગરમ અને સુતરાઉ)ના ૩૦ હાથ અને ૧ ચાદર(પછેડી) લંબાઇ, પહોળાઇમાં થોડી નાની એટલે લગભગ ૧૩ હાથની, ચોલપટ્ટક ૬ હાથ લાંબો અને ૧ાા હાથ પહોળાઇથી ૯ હાથ થયો. શેષ ૨૦ હાથ વસ્ત્રમાં મુખવસ્ત્રીકા-(મુહપત્તિ) રજોહરણનું કપડું, ઝોળી, રજસ્ત્રાણ, ગરણું, પથારી વગેરેનો સમાવેશ થવો સંભવ છે.

સાધ્વીને ૩ હાથ પહોળી બે (પછેડી) ચાદર અને ૪ હાથ પહોળી એક. આ ત્રણેયની લંબાઈ ૪ાા હાથની થઈ. અને બે હાથની પહોળાઈ લંબાઈ ૩ાા હાથની એક ચાદર (પછેડી) લગભગ ૭ાા હાથની લાંબી અને ૨ હાથની પહોળી સાડી (પછેડી). શેષ ૨૯ હાથમાં અવગ્રહપટ્ટ ' જાંઘિયા-કાંચલા ' અને ઉપર બતાવેલ ઉપકરણોનો સંભવ છે.

પુસ્તકો પછીથી લખાયેલ છે, તેથી પુસ્તકોને બાંધવા માટે વસ્ત્ર અલગ છે.

બૃહત્ કલ્પના ત્રીજા ઉદ્દેશામાં "तिहिं कसिणेहिं वत्थेहिं आयाए संपव्वइत्तए" અને "चउहिं कसिणेहिं वत्थेहिं आयाए संपव्वइत्तए।" આ પાઠના અનુસારે જે ૭૨ અને ૯૬ હાથનું વર્ણન કરેલ છે. તે જ પ્રથા હમણાં પણ આ દેશના વણકર લોકોમાં ચાલુ છે. ૨૮ આંગળના હાથથી ૨૪ હાથ લાંબો અને એક હાથ પહોળો જે કપડાનો તાકો તૈયાર કરે છે, તેને રેજો કહે છે.

મૂલ્યની અપેક્ષાથી ટીકાકારોએ એક વસ્ત્રની કિંમત ૧૮ રૂપિયાથી ઓછી આંકી છે અને આપણી ધારણા તો ૧૦ રૂપિયાની અંદરની છે.

ટીકાકારોએ પછેડીની લંબાઈ ૩ાા હાથની બતાવેલ છે. અને આપણી ધારણા ઉપર અનુસાર છે.

પ્રશ્ન ૮૩૨ :—અરિહંતોના આઠ પ્રતિહાર્ય પ્રત્યેક સમયે રહે છે શું ?

ઉત્તર :—અરિહંતોને કેવલજ્ઞાન થયા પછી બધા પ્રતિહાર્યો હોય છે. પરંતુ નિરંતર હોતા નથી. જેમકે—આકાશમાં સાથે રહેવા છતાં પણ જ્યાં ઉભા રહે અને બેસે ત્યાં જ તત્કાલ અશોક વૃક્ષ થઈ જાય છે. અને પાછળના ભાગમાં ભામંડળ પણ થઇ જાય છે. છત્ર, ચામર અને સિંહાસનાદિ આકાશમાં સાથે ચાલે છે. પરન્તુ બેસવાના અવસરે જ સિંહાસન બેસવાના કામમાં આવશે. સમવસરણમાં ઉપદેશના પ્રસંગ વખતે દિવ્ય ધ્વનિ સમજવી જોઇએ. પુષ્પ વૃષ્ટિ સર્વત્ર થતી નથી. સમવસરણમાં જ થાય છે. ઇત્યાદિ પ્રસંગોથી પ્રતિહાર્યોનું યુગપદ (એક સાથે) હોવા પણું નિરંતર રહે છે તે બરાબર લાગતું નથી.

પ્રશ્ન ૮૩૩ :—સાધુ સાધ્વીને પ્રથમ પહોરમાં સ્વાધ્યાય, બીજામાં ધ્યાન,

ત્રીજામાં ભિક્ષા અને પછી ચોથામાં સ્વાધ્યાય કરવી બતાવેલ છે, તો પછી આગમ અનુસાર વિહારનો સમય કયો સમજવો ?

ઉત્તર :—ઉત્તરાધ્યયન સૂત્રના ૨૬ મા અધ્યાયની ૧૨ મી ગાથામાં આ પ્રકારે સામાન્ય દિવસ-કૃત્ય (દિનચર્યા) બતાવેલ છે. આમાં પ્રતિલેખન, ઉચ્ચાર-પ્રસ્રવણ-પરિત્યાગ, ધર્મ દેશના, વિહાર, વૈયાવૃત્ય વગેરે ક્રિયાઓનો અંતર્ભાવ (સમાવેશ) થઈ જાય છે. જેમ-આ જ અધ્યયનની ૮ મી ગાથામાં પ્રતિલેખનનું અને ૯-૧૦ માં વૈયાવૃત્યનું વર્ણન છે. તથા આ જ અધ્યયનમાં અન્ય સ્થળે શય્યા, ઉચ્ચાર-પ્રસ્રવણ, ભૂમિ પ્રતિલેખના, પ્રતિક્રમણ વગેરેનું વર્ણન પણ છે. તે જ રીતે વિહારનો અવસર હોય ત્યારે સાધુ-સાધ્વી, દિવસના કોઈ પણ પહોરમાંથી કોઇ પણ પહોરમાં-" काले य दिवसेवुत्ते " ઉત્તરાધ્યયનના ૨૪ મા અધ્યયનના આ પદથી સ્પષ્ટ થાય છે. અને રાત્રિ વિહારનો નિષેધ બૃહત્-કલ્પના પ્રથમ ઉદ્દેશકના " नो कप्पइ निग्गंथाणं वा राउं वा वियाले वा अद्धाणगमित्तए ४८ " આ પાઠમાં સ્પષ્ટ છે, એથી સાધુ-સાધ્વી પોતાની અનુકુળતાનુસાર ચારેયમાંથી કોઈ પણ પહોરમાં વિહાર કરી શકે છે.

પ્રશ્ન ૮૩૪ :—દેવલોક કોના આધારે છે ?

ઉત્તર :—ઠાણાંગ સૂત્રના ત્રીજા ઉદ્દેશામાં-

" तिपइट्ठिया विमाणा पं. तं. घणोदधि पइट्ठिया, घणवाय-पइट्ठिया, ओवासंतर पइट्ठिया (१८०) "

આ પ્રકારે મૂલ પાઠ છે. ટીકા અને અર્થમાં ૧॥ ગાથા આ પ્રકારે છે-

" घण उदहि-पइट्ठाणा सुर-भवणा होंति दोसु १-२ कप्पेसु । ३-४-५ तिसु वाउ पइट्ठाणा तदुभयसुपइट्ठिया तीसु ६-७-८ ॥१॥ तेण परं उवरिमगा आगासंतर पइट्ठिया सव्वेति ।

પ્રશ્ન ૮૩૫ :—ભગવાન ઋષભદેવના પારણામાં એકસો આઠ (૧૦૮) ઘડાનું વર્ણન છે કે એક ઘડાનું વર્ણન છે ?

" ત્રિષષ્ઠિ શલાકા-પુરૂષચરિત્ર "માં તો " ઇક્ષુરસના અનેક ઘડાઓનો રસ વહોરાવ્યો." એવું વર્ણન છે. આવશ્યક મલયગિરિ પ્રથમ ખંડાન્તર્ગત કથામાં એક ઘડાનું જ વર્ણન છે. એથી અહીંયાં કથામાં મતભેદ દેખાય છે.

પ્રશ્ન ૮૩૬ :—ઉત્તરાધ્યયન અધ્યયન ૨૦ ની ૨૯ મી ગાથામાં "તે મારા જાણતા કે અજાણતા અન્ન, પાણી, સ્નાન, સુગંધ આદિનું સેવન કરતી નથી." તો અન્ય વસ્તુઓ પણ ત્યાગી દીધી હશે. પરંતુ અન્ન, પાણી, જાણતાં કે અજાણતાં જેટલા દિવસ બિમારી રહી એટલા દિવસ ગ્રહણ ન કર્યું હોય, આ કેવી રીતે માનવું ?

ઉત્તર:—પતિના દારૂણ અને ભયંકર દુઃખથી અત્યંત દુઃખિત હૃદયવાળી પતિવ્રતા સ્ત્રી પતિના પ્રેમથી અન્ન, પાણીનો ત્યાગ પણ કરી દે છે. બીજું, તેની વેદના થોડા દિવસ જ રહી હતી. તેની વેદનામાં સ્ત્રીએ અન્ન, પાણી પણ છોડી દીધા હતા. આ બીલકુલ સાચું છે. કેમકે મુનિઓમાં સિંહ-સમાન તે અનાથી મુનિરાજ હતા. તેઓએ અતિશયોક્તિ નથી કરી પણ યથાર્થ વાત કહેલ છે. એથી સંશયની કોઈ વાત નથી.

પ્રશ્ન ૮૩૭ :—દ્વીપાયનનો જીવ, આવતી ચોવિસીમાં ૧૯મો તીર્થંકર થશે. આવું સાંભળવામાં આવ્યું છે. શું આ સાચું છે?

ઉત્તર:—આ ભરત ક્ષેત્રની આવતી ચોવિશીમાં દ્વીપાયનનો જીવ વીસમો તીર્થંકર થશે. ઓગણીસમો નહિ.

પ્રશ્ન ૮૩૮ :—વેદ, મોહનીય કર્મની પ્રકૃતિ છે, પરંતુ પુરૂષાદિ લિંગ કયા કર્મમાં છે? લિંગ કયા કર્મની પ્રકૃતિ છે?

ઉત્તર:—લિંગ નામ કર્મ "ઉપાંગ નામ"ની પ્રકૃતિ છે.

પ્રશ્ન ૮૩૯ :—બાલ, ગ્લાન, રોગી, અને વૃદ્ધના વિશેષ ઉપકરણોના વિષયમાં પૂ. મહારાજશ્રીની શું ધારણા છે?

ઉત્તર:—બાલ, ગ્લાન, રોગી અને વૃદ્ધના માટે વિશેષ ઉપકરણોના વિષયમાં મ. શ્રીની ધારણા નિમ્ન પ્રકારે છે:—

બાલ અથવા વૃદ્ધ સાધુ સાધ્વી સશક્ત હોય તો તેના માટે વિશેષ ઉપકરણોની આવશ્યકતા નથી. પરંતુ અશક્તોના માટે છે. નિશીથના ૧૪ મા ઉ. ના સૂત્ર ૬-૭ થી પાત્રોના માટે અને ૧૮ મા ઉ. ના અંતિમ ભાગથી વસ્ત્રના માટે સ્પષ્ટ છે.

હાથ-પગાદિ છિન્ન (છેદાયેલા), ગ્લાન અને રોગીઓ માટે જે જે ઉપકરણોની આવશ્યકતા દેખાતી હોય, તેને તે ઉપકરણો દેવા ઉપરોક્ત સૂત્રથી સંગત લાગે છે. અલગ-અલગ રોગાદિના અલગ-અલગ કારણો હોય છે. એથી ભિન્ન-ભિન્ન ઉપકરણોની આવશ્યક્તા હોઈ શકે છે. એટલે ઉપકરણોની સંખ્યાનો નિર્દેશ ન હોવા છતાં પણ અત્યંત આવશ્યકતાનુસાર, સંયમાનુકૂળ ઉપકરણ દેવા યોગ્ય લાગે છે. અને જરાથી જીર્ણ સ્થવિરોના અધિક ઉપકરણ, નામ સુક્તા વ્યવહાર સૂત્ર ૮ મા ઉદ્દેશના ૫ માથી સિદ્ધ છે.

સાધારણ રોગાદિના પ્રસંગે અને નિરોગ બાળકાદિના માટે તો પરસ્પરના ઉપકરણોથી જ નિભાવ થઈ શકે છે. તથા ૧।। મહિના સુધી અધિક વસ્ત્ર પણ વિધાનાનુસાર રાખી શકાય છે.

પ્રશ્ન ૮૪૦ :—નારકી, ભવનપતિ અને વ્યંતરમાં જીવના ત્રણ ભેદ ગણાય છે, તે કયા છે? ખુલાસા સહિત બતાવો?

નારક અને દેવોમાં અસંજ્ઞીનું અસંજ્ઞીપણું અલ્પ કાળ સુધી જ રહે છે. એથી કોઈ કોઈ આચાર્ય બે ભેદ જ માને છે. પરંતુ અલ્પ કાળની ગણના કરવાથી તો ૩ ભેદ જ થાય છે.

પ્રશ્ન ૮૪૧ :—સાધુઓના ૧૨૫ અતિચાર બતાવ્યા છે. તેમાંથી ૫ સમિતિ, ૩ ગુપ્તિ અને ૨ રાત્રિ ભોજનના. આ અતિચાર કયા કયા છે?

ઉત્તર :—છઠ્ઠા વ્રતના બે અતિચાર ૧, દિવસ-રાત્રિ ભોજન (જે સૂર્યોદય પહેલા લીધેલ, વાસી રાખેલ, અંધારામાં અને અપ્રકાશકારી વાસણમાં ઇત્યાદિ આહાર દિવસમાં ખાવા છતાં પણ રાત્રિ ભોજન સમજવું) ૨, રાત-રાત્રિ ભોજન (જે દિવસમાં અધિક માત્રામાં ભોજન કરે, જેની ગંધ રાત્રીમાં ચાલુ રહે, આહાર પાણીનો ઓડકાર રાતમાં ગળી જાય, ઉદય અને અસ્તની શંકા હોવા છતાં પણ ખાય-પીયે ઇત્યાદિ) અને પ્રકારાન્તરથી ભાવ રાત્રિ-ભોજન (રાતના ખાવાની ઇચ્છા પરંતુ ખાઈ ન શક્યો અને સૂર્ય હોવા છતાં પણ અનુદય અને અસ્ત સમજીને ખાધું) ૩, દ્રવ્ય અને ભાવ રાત્રિ ભોજન (મનમાં દિવસની શંકા હતી અને દિવસ હતો પણ નહિ, એવી દશામાં ખાધું વગેરે).

ઈર્યા સમિતિના ચાર અતિચાર—(૧) દ્રવ્યથી છકાયના જીવોને દ્રષ્ટિથી જોઇને ન ચાલે (૨) ક્ષેત્રથી યુગ પ્રમાણ ભૂમિને જોઈને ન ચાલે (૩) કાળથી ચાલે ત્યાં સુધી જોઇને ન ચાલે (૪) ભાવથી શબ્દાદિ ૫ અને ૫ સ્વાધ્યાયમાં ધ્યાન રાખતો ન ચાલે.

ભાષા સમિતિના બે અતિચાર (૧) અસત્ય ભાષા (૨) મિશ્ર ભાષા.

એષણા સમિતિના ૪૭ દોષ—આહાર લાવવાના ૪૨ દોષ અને રાખવાના પાંચ, એમ ૪૭ દોષ ન વર્જે તો ૪૭ અતિચાર. ચોથી સમિતિના બે અતિચાર (૧) જોયા વગર ઉપકરણાદિને અયતનાથી લે, ભોગવે (૨) અને તે જ પ્રકારે રાખે. પાંચમી સમિતિના ૧૦ અતિચાર-ઉત્તરાધ્યયનના ૨૪ મા અધ્યયનમાં ૧૦ બોલ વર્જીને પરઠવાનું બતાવેલ છે તે ન વર્જે તો ૧૦ અતિચાર.

સંરંભ, સમારંભ અને આરંભ એમ ત્રણ ત્રણ અતિચાર ગુપ્તિના છે.

આ યાદ રહે કે ઉપરોક્ત બધા દોષ અતિચારની હદ સુધી રહે ત્યાં સુધી જ તેને અતિચાર સમજવા.

પ્રશ્ન ૮૪૨ :—સાતેય નારકીની પૃથ્વીના અંતિમ કિનારા, શું ચારેય તરફ અલોકથી લાગેલા છે? કે વચ્ચે કોઈ બીજી વસ્તુ પણ છે?

ઉત્તર :—ઘનોદધિ, ઘનવાય અને તનુવાય આમ ત્રણ-ત્રણ વલય પ્રત્યેક નરક-પૃથ્વીને આવેલા છે. પછી અલોક છે.

રત્ન પ્રભાના પૃથ્વી-પિંડથી ચારે ય તરફ લોકાંત ૧૨ યોજન દૂર છે. શર્કરા-

પ્રભાથી ૧૨$\frac{2}{3}$, વાલુકા પ્રભાથી ૧૩$\frac{1}{3}$, પંક પ્રભાથી ૧૪, ધૂમ પ્રભાથી ૧૪$\frac{2}{3}$, તમ પ્રભાથી ૧૫$\frac{1}{3}$, તમતમા–પ્રભાથી ચારે ય તરફ લોકાંત ૧૬ યોજન દૂર છે. રત્ન પ્રભાદિ પૃથ્વીઓથી જે ૧૨ થી ૧૬ યોજન સુધી લોકાંત દૂર છે, તેનું વિવરણ નિમ્ન પ્રકારે છે.

રત્ન પ્રભાનો જે ઘનોદધિ વલય છે, તે ૬ યોજનનો છે. તેના પછી ઘનવાત વલય ૪॥ યોજનનો અને તનુવાય વલય ૬ કોષ (૧$\frac{1}{2}$ યોજન) નો છે. આ રીતે રત્ન–પ્રભા પૃથ્વીની ચારે ય તરફ ૧૨ યોજન લોકાંત દૂર છે. આગળ અનુક્રમથી પ્રત્યેક નરકનો ઘનોદધિ વલયમાં એક યોજનનો ત્રીજો ભાગ મોટો છે. ઘનવાયવલયમાં પા યોજન (એક કોસ) મોટો છે અને તનુવાય વલયમાં કોસનો વલય ભાગ મોટો છે. આનો ખુલાસો જીવાભિગમ સૂત્રમાં છે.

પ્રશ્ન ૮૪૩ :—નારકીના પૃથ્વી–પિંડની જાડાઇ વચ્ચમાં તથા કિનારા ઉપર સરખી છે કે ન્યૂનાધિક ?

ઉત્તર :—રત્નપ્રભાદિના પૃથ્વીપિંડની જાડાઈ વચ્ચમાં અને કિનારા ઉપર જીવાભિગમ સૂત્રના, " इमाणं भंते ! रयणप्पभाए पुढवीए, अंतए मज्झेय सव्वत्थ समा बाहल्लेणं पण्णत्ता ? हंता गोयमा । इमाणं रयणप्पभा पुढवी अंतए मज्झेय सव्वत्थ समा बाहल्लेणं, एवं जाव अहेसत्तमा " આ પાઠમાં બરાબર બતાવેલ છે. અર્થાત ઘનોદધિ, ઘનવાય, અને તનુવાયની જેમ પૃથ્વી પિંડોની જાડાઇ ઓછી થતી નથી.

પ્રશ્ન ૮૪૪ :—નિકાચિતમાં સ્થિતિ–ઘાત, રસ ઘાત થાય છે કે નહિં ?

ઉત્તર :—ઉદ્વર્તના, અપવર્તના આદિ બધા કરણોના અવિષયપણે કર્મોને સ્થાપિત કરવાને જ નિકાચિત કહે છે. અર્થાત કોઈ પણ કરણથી જેમાં કિંચિત્ પણ ફેરફાર ન થઈ શકતો હોય એવા સઘન કર્મ ' નિકાચિત કહેવાય છે. એથી નિકાચિત કર્મમાં સ્થિતિ-ઘાત, રસઘાત નથી થતો. સૂત્ર ભગવતી શતક એક, ઉદ્દેશા એકની ટીકા પ્રથમ ખંડના પૃ૦ ૬૫ માં તથા કમ્મપયડિ (કર્મ પ્રકૃતિ) આદિ ગ્રંથોમાં પણ આનો ખુલાસો છે.

પ્રશ્ન ૮૪૫ :—ક્ષયોપશમમાં અનંતાનુબંધીનો ક્ષય અને દર્શન–ત્રિકનો ઉપશમ કેવી રીતે થાય છે ?

ઉત્તર :—ક્ષયોપશમ સમ્યક્ત્વમાં ૪, ૫, અથવા ૬ પ્રકૃતિ ક્ષય થઇ જાય ત્યારે દર્શન–મોહનીય કર્મનો વિપાકોદય નહિ, પરન્તુ પ્રદેશોદય અવશ્ય હોય છે. મિથ્યાત્વ–મોહનીયાદિ ત્રણેય પ્રકૃતિ, દર્શન મોહનીય કર્મની છે. આ ત્રણેયમાં ઓછા કે થોડા મિથ્યાત્વના અણુ હોય જ છે. એથી ૪–૫ અથવા ૬ નો ક્ષય થઈ જાય ત્યારે અવશેષ ૩, ૨, અથવા ૧ નો (દર્શન મોહનીનો) પ્રદેશોદય તો અવશ્ય રહેશે જ.

ક્ષાયિક વેદક સમ્યક્ત્વ હોય છે, ઉપશમ વેદક પણ હોય છે, પરંતુ ક્ષાયિક ઉપશમ તો જાણ્યું નથી.

વર્ણ ગંધાદિ પુદ્ગલોના ગુણ છે, એથી પુદ્ગલોથી ભિન્ન રહી શકતા નથી.

પરમાણુની પર્યાય અનંત ગુણ કાળાદિના કારણે અનંત બતાવેલ છે. તથા અગુરૂ લઘુ પર્યાયની અપેક્ષાએ પણ અનંત થાય છે.

પ્રશ્ન ૮૫૧ :—ઉત્તરાધ્યયન સૂત્રમાં જે કથાઓ છે, તે શાસ્ત્રની વાતોમાં ક્યાં સુધી સહાયક થઈ શકે છે? સગર-ચક્રવર્તીની કથામાં લખ્યું છે કે—

ચક્રવર્તી પદધારીને એક લાખ બાણુહજાર રાણીઓ હોય છે. કથામાં લખ્યું છે કે તેને પુત્ર ન હતો અને હરિણગમેષી દેવતાને (યાદ) સ્મરણ કર્યો હતો. તે દેવતાએ રાજાને ૬૦,૦૦૦ ગોળીઓ દીધી. રાજાએ તે ગોળીઓ પટરાણીને સોંપી દીધી. પટરાણી પોતે જ બધી ગોળીઓ ખાઇ ગઈ. પછી તે ૬૦,૦૦૦ નો ગર્ભ ન સંભાળી શકી. એટલે હરિણગમેષી દેવતાએ આવીને પુત્રોને જન્માવ્યા. આના ઉપર પ્રશ્ન એ છે કે પટરાણી શ્રીદેવી ગર્ભ ધારણ કરતી નથી, તો આ કથાની યથાર્થતા શી છે?

ઉત્તર :—કથાઓની કંઇ વાતો શાસ્ત્રથી મેળ ખાતી નથી. કંઈ વાતો શાસ્ત્રથી વિરુદ્ધ પણ જાય છે અને કંઈ વાતો કલ્પિત દેખાય છે. એથી કથાઓની જે વાતો શાસ્ત્રથી મેળ ખાતી હોય, વિરૂદ્ધ ન જાતી હોય, તે માનવા યોગ્ય હોઈ શકે છે, શેષ નહિં.

સગર નામના બીજા ચક્રવર્તીની જે કથા ઉત્તરાધ્યયનના ૧૮ મા અધ્યયનમાં છે. તે કથા બધી પ્રતિઓમાં સમાન નથી, તથા તે કથામાં અનેક વાતો સૂત્ર વિરૂદ્ધ દેખાય છે, જેમકે—એક સાથે એક સ્ત્રીને ૬૦,૦૦૦ બાળક થવા, શાશ્વત ભવનોને દંડ-રત્ન વડે ખોદી નાંખવા. દંડ-રત્ન પોતે એક હજાર દેવોથી અધિષ્ઠિત હોવા છતાં પણ શાશ્વત ભવન ખોદવા અને દુનિયાને ઉપદ્રવ-કારી ગંગાનો પ્રવાહ લાવવો વગેરે વિરૂદ્ધ કાર્ય કરવા. ચક્રવર્તીને હિતકારી દંડ-રત્નના કાર્યથી ચક્રવર્તીને માટે દુઃખકારક થવા રૂપ બધા પુત્રોનું મૃત્યુ થવું, અનેક રત્ન તેની પાસે હોવા છતાં પણ, તે ઉપદ્રવ-કારી દેવોને ન ઓળખવા વગેરે અનેક વાતો આ કથામાં સૂત્ર વિરૂદ્ધ દેખાય છે. શ્રીદેવીને સંતાન થતા જ નથી. આ કથાનો વિશેષ ભાગ અમુક-(તીર્થ-યાત્રાદિ) વાતોની સિદ્ધિ માટે કલ્પિત કર્યો હોય એમ લાગે છે.

પ્રશ્ન ૮૫૨ :—બીજી રાજધાનીથી કાઢી મુકવામાં આવેલ બ્રાહ્મણ પ્રધાન. ૯ મા ચક્રવર્તીના રાજ્યમાં આવ્યો અને પ્રધાનપણે રહ્યો. વચનમાં આવીને ચક્રવર્તીએ સાત દિવસનું રાજ્ય આપી દીધું. આમાં શંકા આ છે કે ચક્રવર્તીના સેનાપતિ દેશ સાધે છે, તો આ અસંગત વાત કેવી રીતે સંગત થઈ શકે છે.? વિષ્ણુ કુમારજીની કથા ક્યાં સુધી બરાબર છે?

ઉત્તર :—નવમા મહાપદ્મ ચક્રવર્તી જ્યારે યુવરાજ હતા, ત્યારે નમૂચીને પોતાનો પ્રધાન બનાવ્યો હતો. સિંહબલને છત્યો ત્યારે તેને વચન દીધું. પછી ચક્રવર્તી થયા, પછી તેણે પોતાનું વચન માંગ્યું. ઈત્યાદિ વાતો કથામાં બતાવેલ છે. પરંતુ આ કથામાં પણ તે જ વાત (તીર્થ-યાત્રાદિ) ની પુષ્ટિના માટે કેટલીયે વાતો કલ્પિત બતાવેલ છે, એમ જણાય છે, કેમકે ચક્રવર્તીના અંગ રક્ષક બે હજાર દેવ હોય છે. પોતે તે નમૂચીથી કેટલા જબરા પરાક્રમી હતા? તે તે સિંહબલને શિઘ્રતાથી છતી શકતા હતા. પોતાના માટે દુઃખકારક એવું વચન તે દેવોએ કેમ દેવા દીધું? સંભવ છે કે તેના સેનાપતિ-રત્ન આદિ પણ તેના હાથ નીચે હશે, ઇત્યાદિ વાતો વિચારવાથી આમાં પણ અનેક વાતો કલ્પિત જણાય છે.

પ્રશ્ન ૮૫૩ :—ઓદારિક શરીરવાળા ઉત્કૃષ્ટ રૂપે એક શરીર વૈક્રિય કેટલું બનાવી શકે?

ઉત્તર :—મનુષ્યના વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના પન્નવણા સૂત્રના ૨૧ મા પદમાં લાખ યોજનથી કંઈક અધિક બતાવેલ છે. એજ ઔદારિકના વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સમજવી જોઈએ.

પ્રશ્ન ૮૫૪ :—આઠ રૂચક પ્રદેશ એવા માનેલ છે કે જેના ઉપર શુભાશુભ પુદ્ગલોનો કોઈ લેપ નથી થતો. આ પ્રદેશ કયા છે? અને એના ઉપર લેપ કયા કારણે નથી લાગતો? આનું વર્ણન કયા સ્થળે અને કયા સૂત્રમાં આવેલ છે?

ઉત્તર :—પ્રત્યેક છવના આઠ-આઠ મધ્યપ્રદેશ હોય છે. તે મધ્યવર્તી પ્રદેશ, બીજા પ્રદેશોની જેમ અલગ થતા નથી. તે આઠમાંથી ત્રણ-ત્રણ પ્રદેશોનો પરસ્પર બંધ અનાદિ અનંત છે. આ વાત ભગવતી શ. ૮ ઉ. ૯ માં બતાવેલ છે.

છવના મધ્ય પ્રદેશ કેટલા છે અને તે કેટલા આકાશ પ્રદેશમાં સમાય છે અથવા અવગાહના કરે છે, આ વાત ભગવતી શ. ૨૫ ઉ. ૪ માં છે. તે આઠ પ્રદેશોને ગ્રંથકાર નિર્લેપ (કર્મરહિત) માને છે. પરંતુ મૂળ સૂત્રમાં તો છવના બધા પ્રદેશો ઉપર કર્મબંધ માનેલ છે. પ્રમાણ ભગવતી શ. ૮ ઉ. ૮ નું છે.

પ્રશ્ન ૮૫૫ :—કોઈ માણસ પાણીની પરબ બંધાવે તો તેને પાપ થાય છે કે એકાંત પુણ્ય? તેમાં કાર્ય કરવાવાળા અન્ય મતિ હોય છે.

ઉત્તર :—કુવો, વાવ, તળાવ વગેરે કરાવવામાં, પરબ, દાનશાળા વગેરે ચલાવવાના વિષયમાં એકાન્ત ખંડન કે મંડનાત્મક ઉત્તર દેવો ન જોઈએ. કેમકે નિષેધ કરવાથી અનેકોની વૃત્તિનો છેદ થાય છે અને મંડન કરવાથી સાવદ્ય (પાપ) લાગે છે. એટલે આવા

પ્રસંગો પર સાધુઓએ મૌન રહેવું શ્રેયસ્કર બતાવેલ છે. દીક્ષાનો વિચાર થવા પર, દીક્ષાની પહેલા બધા તીર્થંકરો વર્ષીદાન દે છે. રાજા પ્રદેશીએ શ્રાવક થયા પછી દાનશાળા ચાલુ કરી, તથા ૯ પ્રકારનું પુણ્ય ઠાણાંગ સૂત્રના ૯ મા ઠાણામાં બતાવેલ છે. ઇત્યાદિ અનેક પ્રસંગોને જોઈને સુશ્રાવક તેના ઉપર વિચાર કરી શકે છે. શાસ્ત્રોએ આવા કામોમાં એકાંત-પાપ બતાવ્યું નથી. એકાન્ત પાપ તો અધર્મ-દાન (વિષય-વાસનાદિ માટે) દેવામાં બતાવ્યું છે.

પ્રશ્ન ૮૫૬ :—વેદ તો ત્રણ હોય છે, પરંતુ લિંગ ત્રણ કેવી રીતે હોઈ શકે? નપુંસકનું કોઇ સ્વતંત્ર લિંગ નથી, તે પુરૂષ-લિંગમાં ગર્ભિત થઈ શકે છે. મોહોદયની પ્રબલતા, વેદમાં મનાય છે. પ્રજ્ઞાપના પદ ૨૨ ની ટીકામાં સ્ત્રી અને પુરૂષના ૭-૭ લક્ષણ બતાવ્યા તેવા નપુંસકના કોઈ નિશ્ચિત સ્વતંત્ર લક્ષણ નથી.

ઉત્તર :—વેદની જેમ લિંગ પણ ત્રણ હોઈ શકે છે. કેટલાક લોકો ચિન્હોથી નપુંસકોને જલ્દી ઓળખી પણ શકે છે. નપુંસક સ્ત્રી અને પુરૂષ બંનેમાં હોય છે. પુરૂષાકૃતિરૂપ નપુંસકના લક્ષણ બૃહત્કલ્પની દીપિકામાં "महिला सहावो सरवण्णभेओ, मेण्ढं महंतंमउता य वाया ससद्दगं मुत्तमफेणगं च, एयाणी छप्पडगलक्खणाणि" આ પ્રકારે બતાવેલ છે. ઠાણાંગ ઠા. ૩ ઉ. ૨ (સૂ. ૨૨૩) ની વૃત્તિમાં સ્ત્રી આદિ ત્રણેય વેદોના લક્ષણ બતાવેલ છે. જેમાં નપુંસકના લક્ષણ આ છે.

"स्तनादि श्मश्रुकेशादि भावाभावसमन्वितम् ।
नपुंसकंबुधाः प्राहुर्मोहानल सुदीपितम् ॥ १ ॥

સ્ત્રીઓમાં સ્ત્રીના કંઈક લક્ષણોના અભાવને 'સ્ત્રી નપુંસક' અને પુરૂષોમા પુરૂષોના કંઈક લક્ષણોના અભાવને 'પુરૂષ નપુંસક' કહેવાય છે. તથા ત્યાં જ આગળ ત્રણેયના લક્ષણ આ પ્રકારે છે.

"तथाऽन्यत्राप्युक्तम्"—स्तनकेशवती स्त्री स्याद् रोमपः
पुरुषः स्मृतः । उभयोरंतरंयच्च, तदभावे नपुंसकम् ॥२॥

કોઈ નપુંસકના વિશેષ ચિન્હ, સ્ત્રીથી મળતા હોય છે. અને કોઈના પુરૂષથી.

કોઈ 'સ્ત્રી નપુંસક'ને કેવળ પ્રસ્રવણ-નિસરણમાત્ર છીદ્ર હોય છે, પરંતુ પૂર્ણ સ્ત્રી-ચિન્હ નહિ. કોઈ નપુંસકને બદામની જેમ નાનું પુરૂષ ચિન્હ જ હોય છે, તથા કોઇ એક નપુંસકને (ભગ અને ચોલ) બંને ચિનો હોય છે. બંને ચિનોવાળો નપુંસક તો અપવાદરૂપ કોઈ વિરલ જ હોય છે

ભગવતી શ. ૮ ઉ. ૩૧ ના મૂળ પાઠમાં નપુંસક અને પુરૂષ–નપુંસક એમ બે પ્રકારના નપુંસક દેખાય છે.

સંયમ વાળાઓમાં નપુંસક મળે, તો પુરૂષ નપુંસક જ મળી શકે છે. ટીકાકારે પુરૂષ નપુંસકનો અર્થ કૃત–નપુંસક કર્યો છે. શ. ૨૬ ઉ. ૨ ના મૂળ પાઠથી જન્મ નપુંસકનું મોક્ષ જવું સિદ્ધ થાય છે. જો ટીકાકાર પુરૂષ–નપુંસકનો અર્થ 'કૃત નપુંસક' ન કરતાં, 'પુરૂષરૂપ–નપુંસક' કરે તો બરાબર રહે. કેમકે પુરૂષરૂપ નપુંસક સિવાય શેષ નપુંસકોને સંયમનો અભાવ કાયમ થઈ જાત અને કૃત તથા અકૃત બન્ને પ્રકારના પુરૂષરૂપ નપુંસકને સંયમ પ્રાપ્તિ અને મુક્તિ મનાત, અન્યને નહિ.

પટપદિકાદિ જીવોમાં છિદ્ર અને ચૌલ રૂપ બન્ને ચિન્હો દેખાય છે. તે નપુંસક હોવા છતાં પણ તેની આકૃતિ ઉપરથી લોકો તેને નર–માદારૂપ કહે પણ છે. તથા તેમાં સંયોગ પણ દેખાય છે.

ઇત્યાદિ વાતોને વિચારતા, પુરૂષ, સ્ત્રી અને બંને લિંગોમાં નપુંસક ગર્ભિત થશે. અથવા બંનેમાં કોઈ કોઈ લક્ષણ હોવાથી એક ત્રીજો જ લિંગ કાયમ થતો હશે, એમ લાગે છે.

પ્રશ્ન ૮૫૭ :–સંસારમાં જીવ અનંત છે, પરંતુ શરીર પણ શું અનંત છે ?

ઉત્તર :–શરીર પ્રત્યેક સંસારી જીવના તૈજસ, અને કાર્મણ અલગ–અલગ હોય છે, એથી તે તો અનંત છે. પરંતુ બદ્ધ (જે વર્તમાનમાં જીવોના બાંધેલા અર્થાત્ જીવની સાથે સંબંધમાં રહેલા) ઔદારિક અને વૈક્રિય શરીર અસંખ્ય જ છે, અનંત નહિ.

પ્રશ્ન ૮૫૮ :—દિગમ્બર આમ્નાય માને છે કે એક ભવમાં એક મનુષ્યને ત્રણેય વેદનો ઉદય થઇ શકે છે. પુરૂષ (દ્રવ્ય) ને ભાવ સ્ત્રી અને નપુંસક વેદનો પણ ઉદય થઈ શકે છે. શું આ વાત શ્વેતાંબર પણ માને છે ? સ્મૃતિમાં (યાદ) હોય તો પ્રમાણ સહિત બતાવવાની કૃપા કરશોજી.

ઉત્તર :—એક જીવને એક ભવમાં (વિ) ભાવથી (વિપાક રૂપથી) ત્રણેય વેદનો ઉદય થઈ શકે છે. આ વાતને શ્વેતાંબર પણ માને છે, પ્રમાણ ભગવતી સૂત્ર શ. ૨ ઉ. ૫— "जं समयं इत्थिवेयं वेदइ णो तं समयं पुरिसवेयं वेदेइ, जं समयं पुरिसवेयं वेदेइ णो तं समयं इत्थिवेयं वेदेइ, इत्थिवेयस्स उदएणं नो पुरिसवेयं वेदेइ, पुरिसवेयस्स उदएणं नो इत्थिवेयं वेदेइ...." તથા આની ટીકા...."मिथ्यात्वं च एषाम् एवम्–स्त्री रुप करणेऽपि तस्य वेदस्य पुरुषत्वात पुरुषवेदस्यैव एकत्र समये उदयः, न स्त्री वेदस्य वेदपरिवृत्त्या वा स्त्री वेदस्यैव, न पुरुषवेदस्योदय, परस्पर विरुद्धत्वात इति" તથા ઠાણાંગ ઠા. ૩ ઉ. ૧ (સૂ.

૧૨૨) અને દશાશ્રુતસ્કન્ધની ૧૦ મી દશાથી દેવોનું પુરૂષ વેદથી સ્ત્રી વેદમાં પરિવર્તન થવું સ્પષ્ટ થાય છે. અને બૃહતકલ્પના ૫ મા અ. ના પ્રથમના ચાર સૂત્રથી દેવમાં સ્ત્રી અને દેવીમાં પુરૂષ વેદનું પરિવર્તન થવું સિદ્ધ થાય છે.×

×(ઠાણાંગ સૂત્ર ઠા. ૩ ઉ. ૧ (સૂ. ૧૨૮) " वेदपुरिसे टीका...." पुरुष वेद तदनुभवन प्रधान पुरुषोः, वेदपुरुषः, सच स्त्री–पुं–नपुंसक संबंधिषु त्रिष्वपि लिंगेषु भवतीति ।"

આ જ રીતે મનુષ્ય, તિર્યંચમાં ત્રણેય વેદનું પરિવર્તન સમજવું જોઈએ.

પ્રશ્ન ૮૫૯ :—જો વેદનું પરિવર્તન થાય છે, તો તે કયા ગુણસ્થાન સુધી સંભવી શકે છે? હું અનુમાન કરૂં છું કે વિરૂદ્ધ વેદ (પુરૂષ હોવા છતાં પણ સ્ત્રી પણાનાં ભાવ) વધારેમાં વધારે ચોથા ગુણસ્થાન સુધી ઉદયમાં રહેતા હશે, આગળ નહિ. દિગમ્બર સાહિત્યમાં ૮ મા ગુણસ્થાન સુધી આમ હોવું માનેલ છે. આ સમજી શકાતું નથી. ૭ મું. ગુ. અપ્રમત્ત છે, ત્યાં પણ આમ હોવું બુદ્ધિ ગમ્ય થતું નથી. હું માનું છું કે છઠ્ઠા ગુ. માં પણ વિરૂદ્ધ વેદનો રસોદય નહિ થતો હોય?

ઉત્તર :—વેદનું પરિવર્તન સૂક્ષ્મ રૂપે ૮ મા ગુણસ્થાન સુધી શ્વેતામ્બરોના બીજા કર્મગ્રંથ ગાથા ૧૮ ની ટીકા અને અર્થથી પણ ઝલકે છે. જે રીતે હાસ્ય, રતિ, અરતિ, આદિ ષટકનો અને ક્રોધાદિનો પ્રગટ રૂપથી ત્યાં ઉદય દેખાતો નથી. અને ન તો તે પ્રકૃતિઓનો અનુભવ કરવા વાળાને ખબર પડે છે. પરંતુ સૂક્ષ્મ રૂપે વિપાકોદય જ્ઞાનીઓના જ્ઞાનથી દેખાય છે. તે જ પ્રકારે વેદ પરિવર્તન પણ સૂક્ષ્મ રૂપે સમજી લેવું.

પ્રશ્ન ૮૬૦ :—વેદોદય, રસોદય રૂપે કયા ગુણસ્થાનક સુધી હોય છે અને પ્રદેશોદય કયા ગુ. સુધી?

ઉત્તર :—ભગવતી શતક ૬ ઉ. ૩. શ. ૮ ઉ. ૮ આદિ અનેક પાઠોથી તથા પન્નવણા પદ ૧૮ આદિથી અને બીજા કર્મગ્રંથની ૧૮ મી ગાથા અને ચોથો કર્મગ્રંથ અને પંચસંગ્રહ આદિ ગ્રંથોથી રસોદય રૂપે વેદનો ઉદય ૯ મા ગુ. ના અમુક ભાગ સુધી હોવો સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૮૬૧ :—અપ્રમત્ત ગુણસ્થાનમાં વેદનો ઉદય, રસોદય રૂપે હોય છે કે પ્રદેશોદય રૂપે?

ઉત્તર :—અપ્રમત્ત ગુણસ્થાનમાં વેદનો ઉદય રસોદય અને પ્રદેશોદય બન્ને રૂપે હોય છે. પ્રદેશોદય વગર તો રસોદય હોતો જ નથી. જ્યારે રસોદય હોય છે, તો કેવળ પ્રદેશોદય હોવામાં વાંધો જ શું છે?

પ્રશ્ન ૮૬૨ :—સ્ત્રીને વજ્રઋષભનારાચ સંઘયણ હોય છે, એમ કોઈ સ્થળે સિદ્ધાંત રૂપે લખ્યું છે ?

ઉત્તર :—ભરત અને ઐરવત ક્ષેત્ર સંબંધી અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના સુષમ-સુષમ, સુષમ, સુષમ-દુષમ આરાના બે ભાગોના અને અકર્મભૂમિ ક્ષેત્રોના બધા મનુષ્ય-મનુષ્યણિઓને એક વજ્રઋષભનારાચ સંઘયણ જ, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં બતાવેલ છે.

એજ રીતે જીવાભિગમમાં અંતરદ્વીપોના વિષયમાં પણ બતાવેલ છે.

સાંભળ્યા વગર, અને સાંભળીને યાવત્ કેવળજ્ઞાન સુધી ઉત્પન્ન કરવા વાળાઓનું વર્ણન ભગવતી શ. ૯ ઉ. ૩૧ માં આપ્યું છે, તેમાંથી સાંભળીને કેવળી થવા વાળામાં સ્ત્રી વેદ-પણ આવેલ છે. તે બધામાં સંઘયણ તો એક પહેલું જ બતાવેલ છે. અર્થાત્ ત્રણેય વેદ વાળાં ચરમશરીરી વજ્રઋષભનારાચ સંઘયણવાળા જ છે. એથી ત્રણેય વેદોમાં આ સંઘયણ હોય છે.

સ્ત્રીનું મુક્તિ-ગમન તો સૂત્રોમાં અનેક સ્થળોએ આવેલ છે. જેમકે-ઠાણાંગ (મરૂદેવી આદિ), સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મ કથા અને અંતગડ આદિ સૂત્રોમાં.

બધાં ય તીર્થંકરોના શાસનમાં સ્ત્રિઓ મોક્ષ જાય છે, કોઈના શાસનમાં વધારે અને કોઈના શાસનમાં ઓછી.

મલ્લિનાથ અને મરૂદેવી, ભરત અને ઐરવત ક્ષેત્રના ૧૯ મા તીર્થંકર પણ સ્વયં સ્ત્રી જ હતા.

અનુત્તર વિમાનમાં જવા વાળા જીવોમાં કેવળ વજ્રઋષભનારાચ સંઘયણ જ ભગવતી શ. ૨૪ ઉ. ૨૪ માં બતાવેલ છે. અને પન્નવણા પદ ૨૩ ઉ. ૨ માં સ્ત્રી, ઉત્કૃષ્ટ (૩૩ સાગરોપમનું) આયુ બાંધી શકે છે, એમ બતાવેલ છે. એથી સ્ત્રીમાં વજ્રઋષભનારાચ સંઘયણ હોવું સિદ્ધ છે. બીજા કર્મગ્રંથની ૧૮ મી ગાથાની ટીકા અને અર્થમાં પ્રથમ સંઘયણ-વાળા જ ક્ષપક શ્રેણી કરી શકે છે. અને પ્રથમના ત્રણ સંઘયણ વાળા ઉપશમ શ્રેણી કરી શકે છે. એમ બતાવેલ છે.

પ્રશ્ન ૮૬૩ :—આભ્યંતર અને બાહ્ય અવધિ કોને કહે છે ?

ઉત્તર :—જે અવધિજ્ઞાન, બધી બાજુઓની દિશાઓમાં મર્યાદિત ક્ષેત્રને પ્રકાશિત કરતું હોય અને અવધિજ્ઞાન વાળાની સાથે તે પ્રકાશિત ક્ષેત્ર વ્યવધાન રહિત સંબન્ધિત હોય, તેને 'આભ્યંતર અવધિજ્ઞાન' કહે છે. અને તેનાથી ભિન્ન (અન્ય)ને બાહ્ય. અવધિજ્ઞાન બે પ્રકારનું હોય છે—

અંતગત, અને મધ્યગત.

અંતગત અવધિજ્ઞાન :—

પર્યંતવર્તી (પાસે રહેલા) પ્રદેશોથી કોઈ એક દિશા તરફ અવધિજ્ઞાન હોય, અથવા સર્વ પ્રદેશોમાં ક્ષયોપશમ હોવા છતાં પણ એક અથવા બે બાજુએ જ જુવે, તેને 'અંતગત અવધિ' કહે છે.

મધ્ય ગત અવધિ :—

જ્યારે અવધિથી બધી તરફનું પ્રકાશિત ક્ષેત્ર, અવધિવાળાની સાથે અસંલગ્ન (જોડાયેલ ન હોય) હોય તેને 'મધ્યગત અવધિ' કહે છે.

પ્રશ્ન ૮૯૪ :—આભ્યંતર અને બાહ્ય અવધિ કોને હોય છે?

ઉત્તર :—નારક અને દેવ, તો ભવ-સ્વભાવથી જ અવધિના મધ્યવર્તી હોય છે. (આભ્યંતર અવધિવાળા) બાહ્ય નહિ. અર્થાત્ બધી બાજુ પ્રકાશક અને સંબન્ધિત અવધિવાળા હોય છે. પરંતુ સ્પર્દ્ધક (स्पर्द्धकं च नामावधिज्ञान प्रलाया गवाक्षजालादिद्वार विनिर्गत प्रदीप प्रभाया इव प्रतिनियतो विच्छेद विशेषः तथा चाह जिनभद्र गणिक्षमाश्रमणस्वोपज्ञ भाष्य टीकायां–"स्पर्द्धकमवधि विच्छेद विशेषः" इति, तानि च एकजीवस्यासंख्येयानि संख्येयानि च भवन्ति)।

અને વિચ્છિન્ન અવધિવાળા નથી હોતા. તિર્યંચપંચેન્દ્રિય તો ભવસ્વભાવથી જ અવધિના અંતર્ગત હોતા નથી, પરંતુ બાહ્ય હોય છે. મનુષ્યમાં અવધિ બન્ને પ્રકારની હોય છે.

પ્રશ્ન ૮૯૫ :—દેશ અને સર્વ અવધિ કોને કહે છે? તથા કોને કેવું અવધિ જ્ઞાન થાય છે?

ઉત્તર :—પન્નવણાના ૩૩ મા પદના અર્થમાં પરમ-અવધિને સર્વ-અવધિ અને એનાથી નીચેની અવધિને દેશાવધિ કહે છે. મનુષ્યમાં બન્ને અને શેષમાં કેવળ દેશાવધિ જ હોય છે.

પ્રશ્ન ૮૯૬ :—"હું" શબ્દનો સવિસ્તાર અર્થ બતાવો અને તે શબ્દ, આત્માને સંબોધિત કરે છે કે શરીરને?

ઉત્તર :—"હું" શબ્દ પોતાના આત્માનો સંબોધક છે. શરીરનો નહિ. પોતાના આત્માના યથાવત (ઠીક પ્રકારે) બોધ થવા પર જ પર (જીવાદિ પદાર્થો) ના યથાર્થબોધ થઈ શકે છે. પોતપોતાની અપેક્ષાથી બધા જીવ 'હું' જ હોય છે. હું (આત્મા) નું સ્વરૂપ આચારાંગાદિ શાસ્ત્રોમાં ખૂબ વિસ્તૃત રૂપે આપેલ છે.

સંક્ષેપમાં આત્માનું સ્વરૂપ-આત્મા અનાદિ-અનંત છે. કોઈ ઈશ્વર આદિથી બનાવેલ નથી. આત્મા અવિનાશી છે. જ્ઞાન (ચેતના) સ્વરૂપ છે. કર્મના લેપથી તેનું સંસાર-પરિભ્રમણ ૮૪ લાખ યોનિઓમાં થાય છે. કર્મલેપ હટાવવાથી વિશુદ્ધ સિદ્ધ સ્વરૂપ થઈ

જાય છે. સિદ્ધ સ્વરૂપ થયા પછી તે સિદ્ધ સ્વરૂપ નિરંતર કાયમ જ રહે છે. સિદ્ધ થવાનો ઉપાય સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર (વ્રત નિયમ) છે.

પ્રશ્ન ૮૬૭ :—ભાદરવા માસના પર્યુષણ સંબંધી સ્પષ્ટીકરણ ખૂબ લાંબું હોઈ અત્રે લીધેલ નથી. ઉ. સંબંધી જ. ૮૬૮ મો પ્રશ્ન છે.

પ્રશ્ન ૮૬૮ :—શ્રી સમવાયાંગજી સૂત્રમાં પર્યુષણ માટે એમ બતાવેલ છે કે એક મહિનો વીસ દિવસ વ્યતીત થયા બાદ અને ૭૦ દિવસ બાકી રહે ત્યારે સંવત્સરી પર્વ આવે. આ ઉપરથી એમ નક્કી થાય છે કે ૪ મહિનાનાં ૧૨૦ દિવસ છે એટલે તે ચોમાસાના ૪ માસમાં ઘટતી તિથિ નથી. તે હકીકત સત્ય છે? અને તે પ્રમાણે જ બનતું આવે છે? જો તેમાં ઘટતી તિથિ આવે, તો શાસ્ત્રનું લખાણ બરાબર નથી એમ ગણાય કે કેમ ?

ઉત્તર :—નિરંશ હોવાના કારણે પ્રાયઃ ઋતુમાસ જ લોક વ્યવહારમાં આવે છે. ઋતુમાસની અપેક્ષાએ શાસ્ત્રમાં ચોમાસાના ૧૨૦ દિવસ બતાવ્યા છે. પરંતુ ધાર્મિક પર્વ (ચોમાસી આદિ) ચંદ્રમાસની અપેક્ષાએ મનાય છે. ઋતુ અને ચંદ્ર સંવત્સરમાં લગભગ ૬ દિવસનું અંતર બતાવેલ છે. એથી ચંદ્ર માસની અપેક્ષાએ તિથિ ઘટવી સિદ્ધાંતાનુકૂળ છે. જે રીતે પોષ અને અષાઢ અધિક હોવાથી ફાગણ અને અષાઢી ચોમાસી પ્રતિક્રમણમાં 'પાંચમાસિ મિચ્છામિ દુક્કડં' ન દેતા 'ચોમાસિ મિચ્છામિ દુક્કડં' જ દેવાય છે અને અધિક મહિનાને ગૌણ સમજે છે, તે જ રીતે અહિં અવમરાત્રિને પણ ગૌણ સમજવી આગમ અનુસાર છે. એથી અવમ-રાત્રિનું હોવું શાસ્ત્રીય પ્રામાણિકતાનું બાધક નથી.

પ્રશ્ન ૮૬૯ :—અષાડ માસ ૨૯ દિવસનો મહિનો છે, શ્રાવણ ૩૦ દિવસનો અને ભાદ્રપદ ૨૯ દિવસનો, એટલે ઘટતી તીથી-પહેલા ૫૦ દિવસમાં આવે કે પછીના ૭૦ દિવસમાં આવે, તે પણ જણાવશો?

ઉત્તર :—સંવત્સરીની પહેલાં કે પછી બન્ને બાજુ અવમ-રાત્રિ આવી શકે છે. આનો વિશેષ ખુલાશો સમવાયાંગ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ આદિમાં છે.

પ્રશ્ન ૮૭૦ :—પૂજ્ય મહારાજ શ્રી એ જણાવ્યું છે કે શ્રી ભગવાન મહાવીર સ્વામી ગર્ભમાં પધાર્યા વગેરે નક્ષત્રો એક મહિના પછી એટલે શ્રાવણમાં આવે છે, તો દરેક વર્ષે આ નક્ષત્રો અષાઢમાં આવે છે કે દર વર્ષે ફેરફાર થાય છે? જ્યારે ચોમાસાના ૪ માસ સિવાય અધિક માસ આવે, ત્યારે તે નક્ષત્રો ક્યારે આવે છે? સં. ૨૦૦૯ માં પણ અધિક માસ હતો, તે વખતે પૂ. મ. શ્રીએ જે નક્ષત્રો અને કલ્યાણક-દિવસો બતાવ્યા

તે પ્રમાણે જ હતો અને તે પ્રમાણે બીજા તીર્થંકરોના પણ કલ્યાણક, તે જ નક્ષત્રમાં, તે જ માસમાં આવે છે કે કેમ? કે આ વખતે સંજોગાનુસાર એમ બન્યું છે, તે પણ જણાવવા કૃપા કરશોજી.

ઉત્તર:—શ્રાવણ અથવા ભાદરવો અધિક હોય ત્યારે સમાજમાં પહેલાં કે પછી સંવત્સરી મનાવવા સંબંધી પ્રશ્ન ઉપસ્થિત થાય છે. વિક્રમ સં. ૧૯૯૬ અને ૨૦૦૪ માં પણ શ્રાવણ અધિક હોવાથી મ. શ્રી ને તે સમયે તેના સંબંધીત જિન-જન્માદિ નક્ષત્રોને જોવાનો પ્રસંગ આવ્યો હતો. તે વર્ષોમાં પણ જિન-જન્માદિ નક્ષત્રોનો યોગ સૂત્રાનુકૂળ જ હતો.

શ્રાવણ, ભાદરવા ઉપરાંત અધિક મહિનો આવે ત્યારે તથા અધિક મહિનો ન આવે ત્યારે સંવત્સરી સંબંધી મતભેદનો ખાસ કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થયો ન હતો. એથી તે સંબંધી વર્ષોમાં જિન-જન્માદિ નક્ષત્રોને જોવાનો કોઈ પ્રસંગ જ આવ્યો નથી.

પ્રશ્ન ૮૭૧ :—જૈન શાસ્ત્રોમાં કઇ-કઈ તિથિનો ક્ષય થાય તેમ બતાવેલ છે અને તે પ્રમાણે અત્યારે ક્ષય થાય છે કે કેમ? તે પણ શાસ્ત્રના મૂળ પાઠથી જણાવશોજી.

ઉત્તર:—સૂર્ય પ્રજ્ઞપ્તિના ૧૨ મા પ્રાભૃતમાં તિથિ-ક્ષય સંબંધી મૂળ પાઠ નીચે પ્રમાણે છે—

"तत्थ खलु इमे छ ओमरत्ता पं. तं. पव्वे सत्तमे पव्वे एक्कारसमे पव्वे पन्नरसमे पव्वे एगूणवीसतिमे पव्वे तेवीसतिमे पव्वे ।"

આનું વિશેષ વર્ણન આ જ પાઠની ટીકામાં છે. આનાથી મળતો પાઠ ઠાણાંગના ઠાણા ૬ માં પણ છે. લૌકિક પંચાંગોમાં ક્ષય-તિથિ ઉપરોક્તથી ભિન્ન પણ આવે છે.

પ્રશ્ન ૮૭૨ :—પૂ. મ. શ્રી જણાવે છે કે "જ્યારે આગમ આપણા આધાર રૂપે છે, તો આપણે તેના અનુસારે ચાલવું જોઈએ. "હું પણ એજ માનું છું કે આગમ અનુસાર જ બધું થવું જોઈએ, નહિ કે લૌકિક રીતે, અને તે પ્રમાણે થાય છે કે કેમ? ને માટે જ ઉપરના પ્રશ્નો ઉપસ્થિત થાય છે, તો તે બાબત આગમ આધારથી જણાવવા કૃપા કરશોજી.

ઉત્તર:—તમોએ લખ્યું કે "હું પણ એજ માનું છું કે આગમ અનુસાર જ બધું થવું જોઈએ...." તમારા આ લખાણ અનુસારે જો સંપૂર્ણ ચતુર્વિધ સંઘ બધી પ્રવૃત્તિઓ આગમ અનુસાર કરવાનો દૃઢ નિશ્ચય કરી લે તો આમ થવું અસંભવ નથી અને એમાં જ ગૌરવ છે.

પ્રશ્ન ૮૭૩ :—શાસ્ત્રમાં ક્યાંય એવો ઉલ્લેખ છે કે સંવત્સરી-પર્વ અમુક નક્ષત્રમાં જ હોવું જોઈયે? જો સંવત્સરી પર્વ દરેક વર્ષે જુદા-જુદા નક્ષત્રોમાં આવતું હોય તો પછી તીર્થંકર ભગવાનના કલ્યાણક પણ જુદા-જુદા નક્ષત્રોમાં અત્યારે આવે કે કેમ? તે પણ જણાવશો જી.

ઉત્તર :—અમુક નક્ષત્રમાં સંવત્સરી પર્વ મનાવ્યું એવો કોઈ પણ સૂત્રનો પાઠ મારા જોવામાં નથી આવ્યો.

પ્રશ્ન ૮૭૪ :—"जस्स णं कोह-माण-माया-लोभा वोच्छिण्णा भवंति तस्सणं इरिया-वहिया किरिया कज्जइ, तहेव जाव उस्सुत्तं रीयमाणस्स संपराइया किरिया कज्जई।"

શ્રી ભગવતી સૂત્રના ૭ મા શતક ના ૭ મા ઉદ્દેશમાં આ પાઠ આવેલ છે. આમાં કહ્યું છે કે ઉત્સૂત્ર (સૂત્ર વિરુદ્ધ) પ્રવૃત્તિ કરવા વાળાને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

પ્રશ્ન એ છે કે પહેલાથી લઈને ૧૦ મા ગુણસ્થાન સુધી એક સાંપરાયિકી ક્રિયા લાગે છે, તો શું પહેલાથી ૧૦ મા ગુણસ્થાન સુધીના બધા જીવ ઉત્સૂત્ર પ્રવૃત્તિ કરવાવાળા હોય છે? આ પાઠનો આશય શું છે?

ઉત્તર :—કષાય, ચારિત્રાવરણીય (ચારિત્ર-મોહનીય) કર્મની પ્રકૃત્તિ છે. આ કષાય પૂર્ણ શુદ્ધ ચારિત્રની ઉત્પત્તિમાં નિરોધક છે. કષાયના પ્રદેશોદય અને વિપાકોદયના સદ્ભાવમાં કોઈ પણ રૂપે પૂર્ણ શુદ્ધ ચારિત્ર ઉત્પન્ન થઈ શકતું નથી. તાત્પર્ય એ છે કે કષાયનો ઉદય પૂર્ણ રૂપે રોકાશે ત્યારે જ યથાખ્યાત ચારિત્ર થશે અને તેને જ પૂર્ણ શુદ્ધ ચારિત્ર કહેવાશે. જેને આ ચારિત્ર હશે, તેને ચારિત્ર-મોહનીય કર્મના ઉદયનો સર્વથા અભાવ હશે.

મૂળ અને ઉત્તર ગુણોના અપ્રતિસેવી હોવા છતાં પણ માત્ર કષાયથી જ જે કુશીલ હોય છે, તેને 'કષાય કુશીલ' કહે છે.

કષાય (લોભ)નો સૂક્ષ્મ અંશ પણ અનંત ગુણ ચારિત્ર-વિશુદ્ધિને રોકે છે. તે જ કષાય યુક્ત પ્રવૃત્તિને 'ઉત્સૂત્ર પ્રવૃત્તિ' બતાવેલ છે. આ કષાયોનાં (મંદ, મંદતર, મંદતમ) કારણોથી જ પુલાકાદિ ચાર નિર્ગ્રંથોના તથા સામાયિક આદિ ચાર સંયમના સંયમ સ્થાન અસંખ્યાત બતાવેલ છે. નિર્ગ્રંથ, સ્નાતક અને યથાખ્યાતના સંયમ-સ્થાન કષાયોદયના અભાવે દરેકના એક જ બતાવેલા છે. આના સંયમ સ્થાન એક હોવા છતાં પણ ચારિત્ર-પર્યવ તે (કષાય યુક્ત)થી અનંત ગુણ અધિક બતાવેલ છે. તે અનંત ગુણ અધિક ચારિત્ર-પર્યવને રોકવા વાળો એક માત્ર કષાય જ છે.

શુદ્ધ દૃષ્ટિથી સંપૂર્ણ ચારિત્રાવરણીય કર્મના ઉદય વિચ્છેદને જ 'નિર્ગ્રંથ' કહે છે. તેની પ્રવૃત્તિ સૂત્રાનુકૂળ હોય છે. જેને ક્રોધ, માન, માયા અને લોભનો અંશ પણ ઉદયમાં રહેશે, તો તેની એકાંત "आउत्त" પ્રવૃત્તિ નહિ થઈ શકે. કષાયના કારણે अणाउत्त પ્રવૃત્તિ જ ઉત્સૂત્ર પ્રવૃત્તિ મનાય છે.

અહિં જે વર્ણન છે. તે કષાયના અંશને મુખ્ય માનીને કરેલ છે. અંશ-ગ્રાહી નવા નવા અંશને ગ્રહણ કરી પૂર્ણ વિવેચન કરે છે.

૧૪મા ગુણસ્થાન વર્તીને 'સંસારી' કહેવા, નિગોદના જીવોને 'સિદ્ધ સમાન' કહેવા અને અલ્પ રજકણમય સાકરને 'શુદ્ધ સાકર' ન માનવી આદિની જેમ અંશમાત્રમાં કષાય હોવા પર 'ઉત્સૂત્રતા' કહેલ છે. ચારિત્ર દૃષ્ટિને મુખ્ય માનીને જ્યારે કથન કરવામાં આવેલ છે, ત્યારે ઉત્તરાધ્યયન, સૂયગડાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથા વગેરે અંગોમાં એમ જ ઉવવાઈ વગેરે ઉપાંગોમાં મુનિઓના ગુણોનું ઉત્કૃષ્ટ રૂપે વર્ણન કરેલ છે. ત્યાં કષાય યુક્ત સ્થિતિમાં મુનિરાજો ને—

"अजिणा जिन संकासा"—"संजमेण-तवसा अप्पाणं भावेमाणा विहरंति,"—"वयप्पहाणा गुणप्पहाणा करणप्पहाणा चरणप्पहाणा—" "अवहिलेस्सा—सुसामण्णरया दंता इणमेव निग्गंथं पावयणं पुरओ काउं विहरंति" "रयणकरंडगसमाणा कुत्तियावणभूया" "वासीचन्दणसमाण कप्पा समलेट्ठुकंचणा—" "जिणवरवयणोवदिट्ठमग्गेणं अकुडिलेणं सिद्धि महापट्टणाभिमुहा समणवर सत्थवाहा"

વગેરે વગેરે રૂપે કહેલ છે.

એથી ઉત્સૂત્રનો અહિં અન્ય અર્થ ન સમજીને કેવળ 'કષાય અંશ યુક્ત પ્રવૃત્તિ' સમજવું જોઈએ.

નોટ:—(અ) ઉત્તર આ પ્રકારે ધ્યાનમાં આવેલ છે, ખાસ જ્ઞાની કહે તે જ પ્રમાણ.

(બ) આપના પ્રશ્નોથી કંઈક મળતા ભાવોનો પાઠ સાતમા શતકના પ્રથમ ઉદ્દેશકમાં પણ છે.

પ્રશ્ન ૮૭૫:—ટીકાકારે પુરૂપ-નપુંસકનો અર્થ કૃત નપુંસક કર્યો આ ઠીક જ લાગે છે, કેમકે જન્મ-નપુંસકને તો દિક્ષા જ આવતી નથી, તો મુક્તિ થઈ જ કેમ શકે? કૃત-નપુંસક, વાસ્તવિક નપુંસક નથી, એટલે તે મોક્ષ મેળવી શકે છે. આ સાંભળતા આવ્યા છીએ.

ઉત્તર:—ભગવતી શતક ૨૬ માં ૪૭ બોલની પૃચ્છા છે. તેના બીજા ઉદ્દેશકમાં ૧૧ બોલ પ્રથમ સમયના મનુષ્યમાં છોડીને શેષ ૩૬ બોલ લીધા છે, જેમાં નપુંસક-વેદ પણ આવેલ છે. કૃષ્ણ-પક્ષી મનુષ્ય સિવાય શેષ ૩૫ બોલવાળા પ્રથમ સમયના મનુષ્યમાં

આયુ કર્મ આશ્રી બે ભાંગા લીધેલ છે-ત્રીજો અને ચોથો. આયુ કર્મ આશ્રી પ્રથમ સમયના મનુષ્યમાં જ્યારે ચોથો ભાંગો હોય, ત્યારે તેને ચરમ શરીરી સમજવા. અર્થાત્ પ્રથમ સમયનો નપુંસક મનુષ્ય, ત્યાં જ મોટો થઈને કોઈ પણ ગતિનું આયુ બાંધ્યા વિના તે જ ભવમાં મોક્ષ જશે. આનાથી જન્મ નપુંસકનો મોક્ષ સિદ્ધ છે.

કૃત-નપુંસક વાસ્તવિક નપુંસક નથી. આ વાત ઠીક છે પરંતુ સવાલ આ ઉત્પન્ન થાય છે કે નપુંસક સિદ્ધ હોતા જ નથી, તો નપુંસક સિદ્ધ બતાવ્યું જ કેમ ? બે લિંગવાળા જ સિદ્ધ બતાવ્યા હોત પરંતુ બતાવ્યા છે ત્રણેય લિંગોના સિદ્ધ. અને ઉપરોક્ત પ્રમાણથી જન્મ નપુંસક (પુરુષરૂપ-નપુંસક, પરંતુ સ્ત્રીરૂપ નપુંસક નહિ) ઠીક લાગે છે. પછી જેમ જ્ઞાની કહે તે જ પ્રમાણ છે.

પ્રશ્ન ૮૭૬ :—વેદોદય અર્થાત્ મૈથુનની ભાવના-ઇચ્છા. ઇચ્છા થવા પર જ રસોદય માનવામાં આવે, તો એ સાતમા ગુણસ્થાનમાં કેમ હોઈ શકે? કેમકે આવા વિચાર પ્રમાદમાં સમ્મિલિત થાય છે. અપ્રમાદિને વિષયેચ્છા ન થવી જોઈયે.

અપ્રમત્ત પુરૂષોને પુરૂષોચિત પુરૂષ-વેદનો રસોદય (તેના પરિણામ સ્વરૂપ ઇચ્છા) હોવી પણ તેની પ્રમત્તતા સાબિત કરે છે, તો આવા ઉત્તમ આત્મામાં વિપરીત સ્ત્રી અથવા નપુંસક વેદનો રસોદય (ઇચ્છા) કેમ થતો હશે? અને શ્રેણી માંડવા વાળામાં પણ? આ તો આશ્ચર્યની વાત છે. હા, રસોદયનો અર્થ ઇચ્છા અથવા અભિલાષા રૂપ ન હોય અને બીજા અર્થમાં હોય, તો આ વાત અલગ છે.

ઉત્તર :—અપ્રમાદી બધા જીવોને "नो सन्नोवउत्ता" જ બતાવ્યા છે. તેમાં ચારમાંથી કોઈપણ સંજ્ઞા હોતી નથી. વેદોદય અર્થાત્ મૈથુનની ભાવના-ઇચ્છા. ઇચ્છા થાય ત્યારે જ રસોદય રૂપ વેદોદય માનવું-આ અર્થ પણ એકાંત લાગુ થતો નથી. આ તો સ્થુળરૂપે વેદોદયનું સ્વરૂપ બતાવ્યું છે. અન્યથા ગ્રૈવેયક-દેવોને મન-પરિચારણા (મનો વિકાર) પણ નથી, તો પણ રસોદય રૂપ વેદોદય માનેલ છે. એજ રીતે તત્કાળના ગર્ભસ્થ જીવોમાં અથવા તરતના જન્મેલા મનુષ્યાદિમાં તથા સૂક્ષ્મ એકેન્દ્રિયાદિમાં પ્રગટ ઇચ્છા ન હોવા છતાં પણ રસોદય રૂપ વેદોદય માનેલ છે. તથા તર્ક, સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન પૃથ્વીકાયાદિ જીવોમાં ન હોવા છતાં પણ તે કાંક્ષા મોહનીય કર્મ વેદે છે-એમ ભગવતી શ. ૧ ઉ. ૧ માં બતાવેલ છે. તે જ રીતે તેમાં ઉભય અભિલાષા પ્રગટ રૂપમાં ન હોવા છતાં પણ તે નપુંસક વેદનો રસોદય વેદે છે. એથી આ અર્થ સર્વત્ર લાગુ પડતો નથી. "उदओ विवाग वेयण"-આ પાઠ બીજા કર્મગ્રંથનો છે. "કર્મરસનો વિપાક કાળે વેદક તે ઉદય"-આ તેનો અર્થ છે. ખાસ તો વિપાકોદયને જ ઉદય માનેલ છે. કેવળ પ્રદેશો-

દય, જે પ્રકૃત્તિનો જે સમયે હોય, તે સમયે તે પ્રકૃતિને ઉદયની પ્રકૃતિમાં ભેળી કરેલ નથી. આ ઉદય પ્રકૃતિઓને સૂક્ષ્મરૂપે જોતા ખબર પડી જશે. (તીર્થંકર નામ કર્મનો પ્રદેશોદય ચોથાથી બારમા ગુણસ્થાન સુધી માન્યો અને રસોદય તો કેવળ ૧૩-૧૪ મા ગુણસ્થાનમાં જ) એથી નવમા ગુણસ્થાનના કંઈક ભાગ સુધી જીવોને રસોદય રૂપ વેદનો ઉદય માનવો બરાબર લાગે છે. જે પ્રકારે અપ્રમત્ત ગુણસ્થાનમાં હાસ્યાદિ, તથા ક્રોધાદિનો વિપાકોદય મંદ, મંદતર મંદતમ રૂપે માનેલ છે, પરંતુ પ્રગટરૂપે તો ખુદ તેને પણ તેની ખબર પડવી મુશ્કેલ છે. આમ જ્ઞાનિઓએ બતાવ્યું છે. તે જ રીતે વેદનું પણ સમજવું જોઇએ.

પ્રશ્ન ૮૭૭ :—સ્થાનકવાસી મુનિરાજ "દયાપાળો" કહે છે. મૂર્તિપૂજક પૂછે છે કે દયા-પાળોનો શું અર્થ છે? દયાપાળો કહેવું ઉપદેશ રૂપ છે. શ્રાવક, પૌષધમાં પણ મુનિરાજને વંદન કરે છે ત્યારે ય પણ મુનિરાજ દયાપાળો જ કહે છે. પૌષધમાં તો દયાનું પાલન થાય છે જ, તો પછી દયાપાળો કહેવાનો શું અર્થ ?

ઉત્તર :—સ્થાનકવાસી મુનિરાજ વંદન કર્તાને 'દયાપાળો' કહે છે, તેનો ઉપદેશાત્મક અર્થ બરાબર જ છે. વ્યવહારિક દૃષ્ટિથી વંદન કર્તાને (ધ્યાન, મૌનાદિ સિવાય) પ્રત્યુત્તર દેવા માટે કોઈ ને કોઈ શબ્દનો પ્રયોગ કરવો ઉચિત લાગે છે. દયા (અહિંસા) વ્રત, બધા વ્રતોનું મૂળ છે. ગૌણ રૂપે બધા જ વ્રતોનો સમાવેશ આમાં જ થઈ જાય છે. પ્રવૃત્તિ-કાર્યોમાં સર્વ પ્રથમ સ્થાન આનું જ છે, એથી મુનિરાજ વંદન કર્તાને શુભ પ્રવૃત્તિમાં પ્રેરિત કરવા માટે 'દયાપાળો' શબ્દનો પ્રયોગ કરે છે. અર્થાત્ વંદન કરવું તે તો વંદન છે, પરંતુ પૂર્ણ ઉદ્ધાર હેતુ શુદ્ધ પ્રવૃત્તિ કરવી આવશ્યક છે. એથી આ તરફ ધ્યાન આકર્ષિત કરવા માટે સદૈવ 'દયા પાળો' શબ્દનો વ્યવહાર ઉચિત લાગે છે.

પૌષધમાં પણ કરણ, યોગ અને સમયની અપેક્ષાએ શ્રાવકને સંપૂર્ણ દયા હોતી નથી, એથી તેને પણ સંપૂર્ણ દયાની તરફ લક્ષિત કરવા માટે 'દયા પાળો' કહેવું ઉચિત જ લાગે છે.

'ધર્મલાભ' શબ્દ આશીર્વાદ વાચક છે. અર્થાત્ વંદન કરવાથી તમોને લાભ થશે. પરંતુ આ શબ્દ ખાસ અહિંસાદિ ધર્મ કરવાની પ્રવૃત્તિ તરફ પ્રેરિત કરતો નથી. કેવળ વંદન રૂપ વિનય પ્રેરિત છે. એથી અહિંસાદિ પ્રવૃત્તિમાં પ્રેરિત કરવા વાળા શબ્દનો ઉપયોગ વિશેષ ઉચિત લાગે છે.

પ્રશ્ન ૮૭૮ :—જીવ જે પણ કાર્ય કરે છે, તે અનુસારે પુણ્ય તથા પાપકર્મ બાંધે છે, પરંતુ જીવ જે કાર્ય કરે છે, તેના ફળનો નિર્ણય કોણ કરે છે કે, જેના અનુસારે તે જીવ ત્યાં જ જઈને જન્મ લે છે, અને ફળ ભોગવે છે ?

ઉત્તર :—જે રીતે વૈદ રોગીઓને અલગ-અલગ પ્રકારની રોગને અનુકુળ દવાઓ આપે છે. અને તે દવાઓ પોત-પોતાના સ્વભાવ અનુસાર રોગીઓ ઉપર ગરમી-ઠંડી વગેરે અનેક પ્રકારના પ્રભાવ પ્રગટ કરે છે. તે દવાઓ જડ હોવાના કારણે વૈદ આદિ કોઈની પણ આજ્ઞાને સમજતી નથી. અને ન તો વૈદ તેને કોઈ પણ પ્રકારની આજ્ઞા કરે છે, તો પણ તે તો પોત-પોતાના સ્વભાવ અનુસાર ફળ બતાવે છે.

તથા વિભિન્ન પ્રાણી પથ્યા-પથ્યનું સેવન કરે છે. તેને વસ્તુઓના ગુણ-દોષનો અનુરૂપ આપોઆપ ફળ મળી રહે છે. વસ્તુઓને રોગી, નિરોગી, સુખી, દુઃખી વગેરે બનાવવા માટે કોઈ આજ્ઞા દેતા નથી, અને ન તો તે વસ્તુઓમાં જડ હોવાના કારણે તેવા બનવાનો વિચારેય હોય છે, પરંતુ તે પોતાના સ્વભાવ અનુસાર રોગી, નિરોગી વગેરે બનાવે છે.

જેમ કોઇ વ્યક્તિ વધારે ભાંગ લેવાથી થોડા સમય સુધી ગાંડા જેવો બની જાય છે. ભાંગ જડ છે. તે ભેદભાવ વગર રાજા-રંકાદિ બધા ઉપર પ્રેરણા વિના પોતાનો સ્વભાવ બતાવી દે છે. તે જ પ્રકારે જીવના પણ કર્મ બંધાય છે. તે જડ છે અને બંધ થયા પછી તેને માટે સુખ, અથવા દુઃખ રૂપ સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અર્થાત્ કર્મપુદ્ગલોના સ્વભાવથી જ તે કર્મ બાંધવાવાળા જીવને સુખ, દુઃખ રૂપ ફળ મળે છે. બીજા કોઈ પણ ફળ ભોગવવા વાળા નથી.

પ્રશ્ન ૮૭૯ :—જ્યારે જીવ પોતાનું શરીર છોડે છે, તે સમયે તે પોતેજ નીકળે છે? એકલો જ બીજી જગ્યાએ જઇને જન્મ લઈ લે છે કે કોઈના વડે લઇ જવાય છે? જો તેને લઈ જવામાં આવે છે, તો કોના વડે અને તેને કોણ મોકલે છે? અને જ્યારે તે આવે છે, ત્યારે તે જીવને તે દેખાય છે કે નહિ? જો જીવ એકલો જ ચાલ્યો જાય છે, તો કેવી રીતે ચાલ્યો જાય છે?

ઉત્તર :—જીવને ભવાન્તરમાં પોતાના કર્મ સિવાય બીજું કોઈ લઈ જતું નથી. કર્મયુક્ત જીવ એકલો જ બીજી જગ્યાએ જઈને જન્મ લે છે. જે રીતે ભાંગ, શરાબાદિથી પરાધીન ગાંડો માણસ પોતાની મેળે જ ખરાબ રીતે બકવું, આભૂષણ-વસ્ત્ર વગેરે ફેંકવું. પગરખા વગેરે પછાડવા, માથું, હાથ, પગાદિને જોરથી માર મારવો, વગેરે થાય છે. તેની ઇચ્છા દુઃખી થવાની ન હોવા છતાં પણ, તે ભાંગાદિના પરમાણુઓના સ્વભાવથી કોઈ પણ પ્રેરણા વગર પોતાની મેળે જ દુઃખી થાય છે. તે જ રીતે નરકાનુપૂર્વી આદિ કર્મ-પરમાણુઓના સ્વભાવથી જ તે પોતાની મેળે નરકાદિ ગતિમાં ચાલ્યો જાય છે. તેને લઈ જવાવાળા અને મોકલવાવાળા કોઈ નથી.

પ્રશ્ન ૮૮૦ :—ધુપ, દીપ, પુષ્પ, ગંધ વગેરેથી દેવતા પ્રસન્ન થાય છે શું ? અને મનો કામના પૂરી કરી શકે છે શું ?

ઉત્તર :–શુભ કર્મોદય વગર જીવની મનોકામનાને પૂર્ણ કરવાની શક્તિ કોઈ પણ દેવાદિમાં નથી.

પ્રશ્ન ૮૮૧ :—દેવતાના નામનું ભજન કરવાથી અને માળા જપવાથી નિર્જરા થાય છે ?

ઉત્તર :–ભવન પતિ આદિ ચારેય જાતિના દેવોમાંથી કોઈ પણ દેવના નામની માળા ફેરવવી. તેનાથી ખાસ નિર્જરા થવાનું કારણ નથી. એથી વાસ્તવિક નિર્જરા થતી નથી.

પ્રશ્ન ૮૮૨ :—નરકમાં પ્રાણી છે, તેના નામની માળા અને ભજન જપવાથી શું, પાપ થાય છે ?

ઉત્તર :—પરમેષ્ટીનો જાપ જ ખાસ નિર્જરાનું કારણ છે. અન્ય નારકી વગેરે કોઈ પણ પ્રાણી, જાપ કરવા યોગ્ય નથી. જાપ કરવા યોગ્ય ન હોવા છતાં જાપ કરવા યોગ્ય સમજે, તો તેને ઉલટી શ્રદ્ધાનું પાપ લાગે છે. તે જીવોમાં જો ક્ષાયિક–સમ્યકૃત્વ વગેરે ગુણ હોય, તો તે ગુણોની પ્રશંસા કરવી એ તો લાભનું કારણ છે, પરંતુ તેનો જાપ ન કરવો જોઈએ.

પ્રશ્ન ૮૮૩ :—હમણાં જે લોગસ્સનો પાઠ બોલાય છે, તે ક્યારથી ચાલુ થયો ? મહાવીર સ્વામી તથા એમના પહેલાના તીર્થંકરોના સમયે શું આ જ લોગસ્સનો પાઠ બોલાતો હતો કે બીજો ? તે કાળમાં ભણવાનું હતું કે નહિ ?

ઉત્તર :—ભરત અને ઐરવત ક્ષેત્રની પ્રત્યેક ઉત્સર્પિણીમાં ચોવીસ–ચોવીસ તીર્થંકર હોય છે. જ્યારે પહેલા તીર્થંકર થાય છે ત્યારે તે એક તીર્થંકરનું નામ ' લોગસ્સ 'માં ગુંથવામાં આવે છે. બીજા તીર્થંકર થાય ત્યારે પહેલા અને બીજા તીર્થંકરોના નામ તે ' લોગસ્સ 'માં ગુંથન કરાય છે. એમ જ ૩, ૪ યાવત્ ૨૩, ૨૪ સુધી જેટલા થાય, તેટલાના નામ 'લોગસ્સ'માં ગુંથન કરાય છે. એક જ કાળચક્રમાં ઉત્સર્પિણીના તીર્થંકરોનાં નામ અવસર્પિણીના તીર્થંકરોની સાથે અને અવસર્પિણીના તીર્થંકરોના નામ ઉત્સર્પિણીના તીર્થંકરોની સાથે'લોગસ્સ'માં ગુંથાતા નથી. એ જ રીતે એક ક્ષેત્રના તીર્થંકરોના નામ અન્યક્ષેત્રના તીર્થંકરોની સાથે 'લોગસ્સ'માં ગુંથાતા નથી. મહાવિદેહ ક્ષેત્રની પ્રત્યેક વિજયમાં ભિન્ન–ભિન્ન એક–એક તીર્થંકરના નામનો અલગ–અલગ 'લોગસ્સ' હોય છે. જે વિજયમાં જે તીર્થંકરના નામનું શાસન જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી તે એકના નામનો જ, ' લોગસ્સ ' તે વિજયમાં રહે છે. નવું શાસન થવા પર નવો ' લોગસ્સ, ' તે શાસન વાળાના નામનો થઈ જાય છે. મહાવિદેહની પ્રત્યેક વિજયમાં શાસન બદલાવાથી ' લોગસ્સ ' પણ બદલાઈ જાય છે.

અહિં હમણાં જે 'લોગસ્સ' બોલાય છે, તે ભગવાન મહાવીરનું શાસન સ્થાપિત થતા જ જે બન્યો હતો, તે બોલાય છે. મહાવીરસ્વામીની પહેલા જે સમય સુધી જેટલા જેટલા તીર્થંકર થયા હતા, તેટલાં–તેટલાં તીર્થંકરોના નામોનો 'લોગસ્સ' બોલાતો હતો. જેમકે વાસુપૂજ્ય તીર્થંકરના શાસનમાં ૧૨ તીર્થંકરના અને શાંતિનાથના સમયે ૧૬ તીર્થંકરના નામ બોલાતા હતા એમ સમજવું.

પ્રશ્ન ૮૮૪ :—મનુષ્યને છોડીને ત્રણ ગતિ કોનામાં મળે છે ?

ઉત્તર :—એકાંત છદ્મસ્થ ગતિમાં મનુષ્ય સિવાય ત્રણ ગતિ મળે છે. એકાંત ચારિત્રના અલબ્ધિક અને મનઃપર્યવજ્ઞાન અને એકાંત કેવળના અલબ્ધિકમાં પણ ઉપરોક્ત ત્રણગતિ જ મળે છે, ઇત્યાદિ.

પ્રશ્ન ૮૮૫ :—પૂજ્ય શ્રી અમોલક-ઋષિજી મહારાજ દ્વારા સંપાદિત વ્યવહાર સૂત્રમાં ઉ. ૩ પૃ. ૫૫ સૂત્ર ૧૨ માં લખ્યું છે કે-(અ) સાધ્વીએ આચાર્યિકા, ઉપાધ્યાયિકા અને પ્રવર્તિની વગર ન રહેવું. (બ) ઉ. ૭ પૃ. ૧૧૫ સૂત્ર ૧૯ માં સાધ્વીને આચાર્ય, ઉપાધ્યાય પદ ઉપર સ્થાપિત કરવાનો ઉલ્લેખ છે.

જો આ વાત બરાબર છે, તો સાધ્વી પણ આચાર્ય, ઉપાધ્યાય બની શકે છે. તો પછી પરંપરામાં કોઈ સાધ્વીને આચાર્યાદિ પદ કેમ નથી અપાતું ? અર્થમાં તો ભૂલ નથી ?

ઉત્તર :—વ્યવહાર સૂત્રના ૫ મા ઉ. આદિમાં સાધ્વીને પ્રવર્તિની અને ગણાવચ્છેદકની એવી બે જ પદવીઓ બતાવી છે. પરંતુ આ જ સૂત્રના ઉ. ૩–૪ અને બૃહત્કલ્પના ચોથા ઉ. આદિમાં સાધુની આચાર્યાદિ બધી પદવીઓ બતાવી છે.

ઋષિજી મહારાજે જે અર્થ ઉ. ૩ પૃ. ૫૫ અને ઉ. ૭ પૃ. ૧૧૫ ઉપર કર્યો છે, તે બરાબર નથી. આ પાઠનો ભાવાંશ નીચે પ્રમાણે ધ્યાનમાં આવે છે—

ઉ. ૩ નો નવ દીક્ષિતા, બાળ અને તરૂણ અવસ્થા વાળી સાધ્વીઓના સમૂહને આચાર્ય ઉપાધ્યાય અને પ્રવર્તિની વિના ન રહેવું. આ ત્રણેમાંથી જો કોઈ કાળ કરી જાય તો આચાર્ય, અથવા ઉપાધ્યાયના સ્થળે કોઈ યોગ્ય સાધુને આચાર્ય, અથવા ઉપાધ્યાય પદ અને પ્રવર્તિનીના સ્થળે કોઈ યોગ્ય સાધ્વીને પ્રવર્તિની બનાવી લેવી જોઇએ. પરંતુ સાધ્વીને આચાર્ય, ઉપાધ્યાય પદ ગ્રહણ સંબંધી વર્ણન નથી.

ઉ. ૭ નો–૩૦ વર્ષની દીક્ષિત સાધ્વીએ પણ ૩ વર્ષના દીક્ષિત સાધુને ઉપાધ્યાય-પદ અને ૬૦ વર્ષની દીક્ષિત સાધ્વીએ પણ–૫ વર્ષના દીક્ષિત સાધુને આચાર્ય પદ દેવું કલ્પે છે. પરંતુ સાધ્વી આચાર્ય, ઉપાધ્યાય પદ ગ્રહણ કરી શકતી નથી. અર્થાત્ સાધ્વીના માટે આ પદનો નિષેધ છે. ભાષ્ય–કારે પણ નિષેધ કર્યો છે.

પ્રશ્ન ૮૮૬ :—નપુંસક વેદની આગત બધા દેવલોકથી માનેલ છે. અનુત્તર વિમાનમાંથી આવીને પણ નપુંસકવેદી થઈ શકે છે. આ કેવી રીતે? ત્યાં તો બધા સમ્યગ્ દૃષ્ટિ છે અને સમ્યગ્ દૃષ્ટિ નપુંસકવેદ બાંધી શકતા નથી. તો પછી આગતનો પ્રશ્ન કેમ બંધ બેસી શકે?

ઉત્તર :—અનુત્તર વિમાનમાં નપુંસક વેદ બાંધતા નથી, પરંતુ ત્યાંના આવેલા નપુંસકવેદી થઈ શકે છે. જેમ-ભગવાન મલ્લીનાથે આગળના (મહાબલના) ભવમાં સ્ત્રી-વેદ બાંધ્યું, પરંતુ અનુત્તર વિમાનમાં નથી બાંધ્યું. તે જ રીતે પહેલાં નપુંસક-વેદ જે જીવોએ બાંધેલ હોય, તે જીવ અનુત્તર વિમાનથી આવેલા નપુંસક થઈ શકે છે. ત્યાં બાંધતા નથી.

પ્રશ્ન ૮૮૭ :—સૂયગડાંગમાં "સાધુઓએ કોઈ પણ ગૃહસ્થને આશીર્વાદ દેવાની મનાઈ કરેલ છે." તે કયા સ્થળે છે?

ઉત્તર :—સૂયગડાંગના ૧૪ મા અધ્યયનની ૧૯ મી ગાથામાં આશીર્વાદ દેવાની મનાઈ કરેલ છે.

પ્રશ્ન ૮૮૮ :—મહાબળ મુનિરાજને માયાચારથી સ્ત્રી-વેદ અને સ્ત્રી-(અંગોપાંગ) નામ કર્મનો બંધ થયો, તો શું આનો ઉદય અનુત્તર વિમાનના દેવ થયા પછી, દેવપણે રહેવા છતાં પણ થઈ ગયો? કેમકે અબાધા-કાળ પૂર્ણ થતાં જ કર્મ ઉદયમાં આવી જાય છે. ત્યારે પ્રશ્ન થાય છે કે ત્યાં પુરુષ દેવ-વેદ અને સ્ત્રી દેવ-વેદ આમ બન્નેનો ઉદય સાથે જ થયો હતો? ત્યાં પુરુષ-વેદ તો છે જ અને અબાધાકાળ પૂર્ણ થતાં સ્ત્રીવેદ પણ ઉદયમાં આવી જાય છે. તો શું એક સમયમાં પરસ્પર વિરોધી બન્ને વેદ ઉદય થઈ જાય છે? ભલે મુખ્ય અને ગૌણ રૂપે જ હોય, અને સ્ત્રીના અંગોપાંગ નામ-કર્મનો ઉદય પણ ત્યાં અબાધા પૂર્ણ થતાં જ થઈ ગયો હતો? આ કેમ સંભવી શકે છે? નામકર્મનો બંધ પણ મહાબળપણે જ થયો હશે? અનુત્તરવિમાનમાં તો એવા પરિણામ પણ હોતા નથી કેમકે ત્યાં તો પરિણામ ક્લિષ્ટ નહિ થતા હોય?

ઉત્તર :—સ્ત્રી નામ કર્મ અને ગોત્રનો બંધ અનુત્તર વિમાનમાં તો થતો જ નથી, "तत्तेणं से महाबले अणगारे इमेणं कारणेणं इत्थिनामगोयं कम्मं निव्वत्तेसु" આ પાઠ જ્ઞાતાના ૮ મા અધ્યયનમાં આવ્યો છે, આ પાઠથી સ્ત્રી-નામ-ગોત્ર ત્યાં બાંધ્યું. આ સ્પષ્ટ છે. અબાધા કાળ પૂર્ણ થયા પછી રસોદય તો હોય, અથવા ન પણ હોય, પરંતુ પ્રદેશોદય તો હોય જ છે. એથી સ્ત્રી-નામ-ગોત્ર કર્મનો પ્રદેશોદય અનુત્તર વિમાનના દેવોમાં હોવામાં કોઈ બાધા નથી. સ્ત્રી-વેદાદિનો વિપાકો (રસો) દય ત્યાં હોઈ શકતો નથી.

ફળ દીધા વગર જ સ્થિતિ પૂર્ણ થતા કર્મપુદ્ગલોના ખરી જવાને પ્રદેશોદય કહે છે. ત્યાં (અનુત્તર વિમાનમાં) સ્ત્રી વેદનો પ્રદેશોદય જ હોય છે, રસોદય ન હોવાથી ત્યાં તે સ્ત્રી વેદનો અનુભવ કરી શકતા નથી. એથી અનુભવ તો તેને એક પુરૂષ-વેદનો જ હોય છે. "उदओ विवाग-वेअण" આ કર્મગ્રંથના વાકયથી પણ વિપાક કાળે કર્મરસ ભોગવવાને જ ખાસ ઉદય માન્યો છે, કેવળ પ્રદેશોદય ને નહિ, એથી એક સમયમાં બે વેદોનો રસોદય ક્યાંય પણ થતો નથી. એટલે તેને પણ અનુત્તર વિમાનમાં એક પુરૂપ-વેદનો જ રસોદય થયો હતો, બે નો નહિ.

પ્રશ્ન ૮૮૯ :—પ્રત્યેક જીવને ત્રણેય વેદોની પ્રકૃતિ ઉદય રૂપે પ્રતિ સમય રહે છે? ૮ માં ગુણસ્થાન સુધી ત્રણેય વેદ ઉદય રૂપે હતા, જે નવમાં ક્રમશઃ ક્ષય થયા (ક્ષપક-શ્રેણી વાળાના) તો આ રસોદય રૂપે? વ્યક્ત કે અવ્યક્ત રૂપે પણ હતા?

ઉત્તર :—પ્રત્યેક જીવને વિપાકો (રસો) દય તો એક જ વેદનો હોય છે, અધિક નો નહિ. પ્રદેશોદય ૧,૨,અથવા ૩ નો પણ હોઈ શકે છે. એથી એક વેદનો તો રસોદય રૂપે, શેષ બે વેદોનો પ્રદેશોદય રૂપે, ક્ષપકશ્રેણી વાળા ક્રમે ક્ષય કરીને સત્તા વિચ્છેદ કરે છે.

પ્રશ્ન ૮૯૦ :—જડ (અજીવ) માં એક પારિણામિક ભાવ જ હોય છે કે ઉદય ભાવ પણ હોય છે?

ઉત્તર :—જડ (અજીવ)માં એક પારિણામિક ભાવ જ હોય છે. ઉદય ભાવ હોતો નથી.

પ્રશ્ન ૮૯૧ :—કોઈ પણ સાધુને કેવળ જ્ઞાન થયા પછી નિદ્રા આવે છે કે નહિ? પછી તીર્થંકર હોય કે અન્ય?

ઉત્તર :—નિદ્રા, દર્શનાવરણીય કર્મની પ્રકૃતિ છે. દર્શનાવરણીય કર્મ સંપૂર્ણ નષ્ટ થાય ત્યારે જ કેવળજ્ઞાન થાય છે. એથી નિદ્રાનું કર્મ ન હોવાથી કોઈપણ કેવળીને નિદ્રા આવતી નથી.

પ્રશ્ન ૮૯૨ :—સૂર્ય-ગ્રહણનું જૈન ગ્રંથોમાં શું મહત્ત્વ છે? જૈની ગ્રહણમાં અન્ન, પાણી ગ્રહણ કરી શકે કે નહિ? સૂત્ર પાઠ કરી શકે કે નહિ? શું આ સાચું છે કે જે-જે રાશિ ઉપર ગ્રહણનો ભાર રહે છે તેને કષ્ટો સહન કરવા પડે છે? ગ્રહણ સૂર્યને રાહુના ગ્રસવાથી થાય છે કે વૈજ્ઞાનિકોના કથન અનુસાર પૃથ્વી અથવા પહાડોના પડછાયાના કારણે?

ઉત્તર :—ચંદ્ર અને સૂર્યના વિમાનોની નીચે પર્વરાહુનું વિમાન આવવાથી નીચે-વાળાઓને તે વિમાનનો તેટલો ભાગ દેખાવો બંધ થઈ જાય છે અને કાળા, પીળા, લાલ વગેરે રંગ વાળા દેખાય છે, તેને 'ગ્રહણ' કહે છે. રાહુના વિમાનના કારણે ગ્રહણ

હોવાનું વર્ણન ભગવતી આદિ સૂત્રમાં બતાવેલ તથા સંગ્રહણી સૂત્રની ૬૦મી ગાથામાં, ક્યારેક કેતુના વિમાનથી પણ ગ્રહણ થવાનું બતાવ્યું છે, પરંતુ પૃથ્વી, પહાડોના પડછાયાથી ગ્રહણ થયું એમ જૈન સિદ્ધાંતે બતાવ્યું નથી.

કર્મોના કારણે મહાગ્રહાદિની ચાલના નિમિત્તે જીવને સુખ-દુઃખનું થવું જીવાભિગમ સૂત્રના આ પાઠ—रयणिदर दिणयराणं नक्खत्ताणं महग्गाहाणं । चारविसेसेण भवे सुहदुक्खविहि मणुस्साणं" થી સ્પષ્ટ છે.

ગ્રહણ સમયે સૂત્ર પાઠની સ્વાધ્યાય કરવી મનાઈ છે. તે સમયે પંચપરમેષ્ઠિનું સ્મરણ અને ધ્યાન કરવું વિશેષ હિતકર છે, પરંતુ તે સમયે ખાવાની મનાઈ કરેલ નથી.

પ્રશ્ન ૮૯૩ :—શ્રી ભગવતી શ. ૭ ઉ. ૨ માં તિર્યંચ પંચેન્દ્રિયને પણ મનુષ્યની જેમ "સર્વ ઉત્તર ગુણ પ્રત્યાખ્યાની" લખ્યા છે. તો આ કેવી રીતે? શું ઉત્તર ગુણોમાં સર્વ ત્યાગી થઈ શકે છે? તો તેને છઠ્ઠા ગુણસ્થાનમાં કેમ માનવા નહિ? જ્ઞાતા સૂત્રના નંદ-મણિયારના દેડકાના ભવની અંતે તેણે મૂળ ગુણના પણ સર્વથા પ્રત્યાખ્યાન કર્યા છે, આ કેવી રીતે?

ઉત્તર :—"अणागय-मइक्कंतं" આદિ ૧૦ ભેદ જે સર્વોત્તર ગુણ પ્રત્યાખ્યાનના છે, તે કેવળ સાધુમાં જ હોય છે, એમ નથી. તે ૧૦ બોલોના પાઠ અને અર્થથી સ્પષ્ટ થાય છે, કે તે સાધુ અને શ્રાવક બન્નેમાં મળી શકે છે. સર્વોત્તર ગુણ પ્રત્યાખ્યાનના (૧૦) દશેય ભેદ તિર્યંચ પંચેન્દ્રિયમાં પણ મળી શકે છે. એથી સર્વોત્તરગુણ પ્રત્યાખ્યાની તિર્યંચમાં પણ મળે છે.

દેડકાના ભવમાં સર્વ પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ કરવા છતાં પણ તેમાં દેશવ્રત્તિ જ હોય છે. એવો ખુલાશો ત્યાંજ ટીકામાં કરી દીધો છે.

શ્રાવકોને માટે પણ સંથારાની વિધિ શાસ્ત્રમાં આ જ રીતે હોવાથી, તે તે જ રીતે ગ્રહણ કરે છે. પરન્તુ ત્રીજા ચોકનો ક્ષયોપશમ અને ચારિત્ર ભાવનો અભાવ હોવાથી તેઓ સંયતિ ગણાતાં નથી.

પ્રશ્ન ૮૯૪ :—"જય જય નન્દા" અને "જય જય ભદ્દા" નો શો અર્થ છે?

ઉત્તર :—જય જય નન્દાનો અર્થ—હે! આનંદ દેવા વાળા જય હો, જય હો, અર્થાત્ હે આનંદ દાતા! તમારી જય થાઓ, જય થાઓ. એજ રીતે જય જય ભદ્દા—હે કલ્યાણ કારક! તમારી જય થાઓ, જય થાઓ.

પ્રશ્ન ૮૯૫ :—શું સાધુને વિધિ પૂર્વક નદી ઉતરવામાં પણ પ્રાયશ્ચિત આવે છે? જો આવે છે તો કેમ? જ્યારે શાસ્ત્રકારે જ નદી ઉતરવાની વિધિ બતાવી છે, તો પછી પ્રાયશ્ચિત કઈ વાતનું?

ઉત્તર :—જો સાધુ વિધિ પૂર્વક નદી ઉતરે છે, તો તેને આજ્ઞા ભંગનું પ્રાયશ્ચિત તો નથી, પરંતુ જીવ–વિરાધનાના કારણે તે પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે. જેમ આજ્ઞા અને વિધિ પૂર્વક ભિક્ષા, વિહાર આદિ માટે ગમણાગમણે (જવું આવવું) કરવા છતાં પણ સાધુ પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે. એથી તેની શુદ્ધિના માટે પ્રાયશ્ચિત્ત સ્વરૂપ ઇરિયા-પથિક પ્રતિક્રમણ કરવું આગમમાં બતાવેલ છે. તથા વ્યવહાર સૂત્રના પ્રથમ ઉ. ના ભાષ્યમાં પણ "आलोयणारिहे" નું સ્વરૂપ આ જ રીતે બતાવ્યું છે.

"गमनागमनादिष्ववश्यकर्त्तव्यपु सम्यगुपयुक्तस्या ऽप्रमावतया निरतिचारस्य छद्मस्थस्या प्रमत्तस्ययतेरालोचना भवतीति...." અર્થાત્ ગમણાગમણે આદિ આવશ્યક કર્તવ્ય, છદ્મસ્થ સાધુ ઉપયોગ પૂર્વક અપ્રમત્ત ભાવે નિરતિચાર પૂર્ણ કરે તો પણ આલોચના પ્રાયશ્ચિત્ત બતાવેલ છે અને ઉચ્ચ સંયમી ગૌતમાદિ અણગારોએ પણ આ જ રીતે કર્યું છે. વિધિ-પૂર્વક ગમણાગમણેમાં પણ વિરાધનાની આશંકાના કારણે પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે, તો પછી નદી ઉતરવામાં તો પ્રત્યક્ષ વિરાધના દેખાય છે. એથી આનું પ્રાયશ્ચિત્ત કેમ નહિ? અર્થાત્ અવશ્ય છે.

તથા મહિનામાં ૩ અને વર્ષમાં ૧૦ ઉદક–લેપ લગાવવાથી સબલ (મોટા) દોષની પ્રાપ્તિ બતાવી છે, તો પછી એક અથવા બે માં બિલકુલ નિર્દોષતા કેમ માની શકાય? અર્થાત્ નાના દોષ તો આમાં પણ લાગવા સાબિત થાય છે.

પ્રશ્ન ૮૯૬ :—એકેન્દ્રિય વગેરે જીવોની વિરાધના થવા છતાં પણ નદી ઉતરવાનું વિધાન શાસ્ત્રમાં કેમ આવ્યું?

ઉત્તર :—મુનિ, નદી ઉતરે આ અપવાદ માર્ગ છે, સંયમ સંબંધી શિથિલતાનો નિરોધ, વૈયાવૃત્યનો પ્રસંગ અને સંયમ વ્યાઘાતક ઉપદ્રવ વગેરે આવા ખાસ કારણ ઉપસ્થિત થાય ત્યારે જ નદી ઉતરવી બતાવેલ છે, ઉપદેશ હેતુ (ધર્મ પ્રચારાર્થ) નહિ. કેમકે ઉપદેશ, તો પરોપકાર માટે છે. આમાં અપવાદનો આશ્રય ન લઈ શકાય. અને ઠાણાંગ ૫ મા ઠાણામાં મહાનદી ઉતરવાના કારણ બતાવ્યા છે, તેમાં પણ આ કારણ નથી, એથી ઉપદેશાર્થ ન નદી ઉતરવી જોઈએ.

પ્રશ્ન ૮૯૭ :—અંતકૃતદશા, અનુત્તરોપપાતિક દશા અને પ્રશ્ન–વ્યાકરણ સૂત્રના અધ્યયનોનાં નામ અને જે ઠાણાંગના ૧૦ મા ઠાણામાં બતાવેલ આ જ સૂત્રો અને અધ્યયનોના નામ, પરસ્પર પૂર્ણ રૂપે મળતા નથી, તેનું શું કારણ છે?

ઉત્તર :—ભગવાન મહાવીરના ગણધરોની ૯ વાંચના થઈ છે. ઠાણાંગ કથિત નામ અન્ય વાંચનાઓના છે, એવું ટીકાકારનું કથન છે.

પ્રશ્ન ૮૯૮ :—નવનિધિ, એકેન્દ્રિય અને પંચેન્દ્રિય રત્ન શાશ્વત છે કે નહિ ?

ઉત્તર :—જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના અંતે જંબૂદ્વીપમાં ૩૦૬ નિધિ તો સદા મળે છે, એમ બતાવ્યું છે. એથી શાશ્વત છે. એકેન્દ્રિય અને પંચેન્દ્રિય રત્નોની ઉત્કૃષ્ટ સંખ્યા ૨૧૦ ની બતાવી છે. જો કે સાત-સાતના હિસાબે ૩૦ ચક્રવર્તીના ૨૧૦ જ થાય છે, એથી અશાશ્વત છે. જો શાશ્વત હોત તો પણ ૩૪ વિજયના હિસાબે ૨૩૮ મળત, અને ચક્રવર્તીના સમયે રત્નો ઉત્પન્ન થવા તે બાબત જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં અન્ય સ્થળે બતાવેલ છે.

પ્રશ્ન ૮૯૯ :—બીજમાંથી જ્યારે અંકુર ઉત્પન્ન થાય છે, ત્યારે તે બીજનો જીવ જ અંકુર રૂપે પરિણત થાય છે કે મૃત્યુ પામીને તે જ જીવ તેમાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર :—વાવેલા બીજનો જીવ, મૃત્યુ પામ્યા વગર અંકુરિત થતો નથી. મરવા પછી તે જ કે અન્ય જીવ અંકુરમાં ઉત્પન્ન થાય છે. પૂર્વ શરીર છોડયા વગર તેની અવગાહના વધી શકતી નથી. તથા સૂત્રકૃતાંગના ૧૯મા અધ્યયનના પ્રારંભમાં વનસ્પતિ-પણે કોઈ એક (બીજવાળો જ મરીને કે અન્ય) જીવ ઉત્પન્ન થઈ આહાર લે વગેરે બતાવેલ છે. એથી તે બીજનો જીવ તે જ ભવમાં અંકુર રૂપે ઉત્પન્ન થતો નથી.

પ્રશ્ન ૯૦૦ :—કેટલાકનો આવો મત છે કે એક મુનિએ એક જ પાત્ર રાખવાનું શાસ્ત્રમાં વિધાન છે. માત્રક રૂપ માત્ર પણ આચાર્યે પાછળથી રાખવાનું સ્થાપિત કર્યું છે. તે કેમ ?

ઉત્તર :—આ એક પાત્ર રાખવાનું વિધાન એકાંત બધા મુનિઓ માટે નથી. શાસ્ત્રોમાં જ્યાં એક પાત્ર રાખવાનું વિધાન છે, તે જિન કલ્પી, પ્રતિમાધારી વગેરે વિશિષ્ટ અભિગ્રહ-ધારીઓના માટે છે. સ્થવિર-કલ્પિઓના માટે નહિ. જેમકે-આચારાંગના ૧૫મા અધ્યયનમાં જે એક પાત્ર બતાવ્યું છે, તેનો ખુલાસો ટીકાકારે જિન કલ્પી માટે કર્યો છે અને મૂળમાં જે " तरुणे जुगवं बलवं अप्पायंके थिरसंघयणे " આદિ વિશેષણોથી પણ સિદ્ધ છે કે આ વિશેષણો યુક્ત મુનિઓ સિવાયના અન્ય મુનિ અધિક રાખી શકે છે. તથા ઉપરોક્ત ' જુગવં ' શબ્દનો અર્થ ત્રીજા, ચોથા આરામાં જન્મેલ થાય છે. વસ્ત્ર એપણાના ૧૪ મા અધ્યયનમાં પણ ઉપરોક્ત વિશેષણવાળા મુનિને એક જ વસ્ત્ર રાખવું બતાવેલ છે અને અન્યને વધુ વસ્ત્ર રાખવા પણ બતાવેલ છે. આઠમા અધ્યયનના ચોથા પાંચમા અને છઠા ઉ. માં એક પાત્ર બતાવ્યું, તે પણ ટીકાકારે જિનકલ્પી આદિ માટે જ કહ્યું છે.

ઠાણાંગ (સ્થાન ૩ ઉ. ૩ સૂ. ૧૮૨) ભગવતી (૨૫–૭) અને ઉવવાઈમાં ઉપકરણ ઉણોદરીના ત્રણ ભેદમાં—एगेवत्थे एगेपाए चियत्तोवगरणसाइज्जणया " પાઠ આવ્યો છે. જો બધા જ મુનિઓને એક જ પાત્રનો નિર્દેશ હોત, તો એક પાત્ર ઉણોદરીમાં કેમ આવત! જેમ ત્રણ અખંડ વસ્ત્રનો કલ્પ છે, ત્યારે જ એક વસ્ત્રને ઉણોદરીમાં લીધેલ છે.

શ. ૨ ઉ. ૫ માં ઇન્દ્રભૂતિજી મહારાજે ભિક્ષાર્થે જવા માટે...."पडिलेहित्ता भायणाइं वत्थाइं पडिलेहेइ, पडिलेहित्ता, भायणाइं, पमज्जइ, पमज्जित्ता भायणाइं उग्गहेइ" (મૂલચ્છાયા –प्रतिलिख्य भाजनानि, वस्त्राणि प्रतिलेखयति प्रतिलिख्य भाजनानि प्रमार्जयति, प्रमार्ज्य भाजनानि उद्गृण्हाति " આ મૂળ અને છાયા બંનેમાં પાત્રો માટે બહુવચન શબ્દ હોવાથી ત્રણ પાત્ર સાબિત થાય છે. અને આ જ પાઠના ટબ્બાર્થમાં " ત્રણ પાત્ર ખોલી પણ લીધા છે, તથા આગળ " भत्तपाणं पडिदंसेइ " પાઠ છે અર્થાત્ ભગવાનને ભોજન (ભાત) અને પાણી સાથે જ દેખાડયા. એથી પણ એકથી વધારે પાત્ર સિદ્ધ થાય છે, તથા આના જ માટે આ જ પાઠની ભલામણ ભ. શ. ૧૧ ઉ. ૯, વિપાક અધ્યયન ૨, ઉપાસકદશા અધ્યયન ૧, અંતગડના એવંતાજીના અધ્યયન વગેરેમાં દીધી છે અને શ. ૧૫ માં આનંદજી, અંતગડમાં અર્જુન માળીજી, અનુત્તરોવવાઈમાં ધન્નાજી વગેરે મહામુનિઓ માટે પણ આ જ પાઠની ભલામણ આવેલ છે.

ઈત્યાદિ પ્રમાણોને જોતાં શાસ્ત્રોમાં જે અનેક સ્થળે ' પડિગ્ગહ પત્ત ' શબ્દ આવ્યો છે, તે જાતિવાચક જણાય છે.

દશવૈકાલિક અધ્યયન ૪ ત્રસકાયની યતનામાં 'पडिग्गहंसि वा....उंडगंसि वा " એવો અલગ પાઠ હોવાથી પાત્રના અતિરિક્ત 'માત્રક' રાખવું આચાર્યે પછીથી બતાવ્યું—આ કથન પણ સંગત કેમ હોઈ શકે? તથા 'રાજેન્દ્ર કોષ' ભાગ ૫ પૃ. ૪૧૧ માં તો માત્રકમાં આહાર ગ્રહણ કરવો પણ બતાવેલ છે.

(* નિશીથ ઉ. ૧૩ ભાષ્ય ગા. ૪૫૩૬ માં અને તેની ચૂર્ણિમાં આ માન્યતા ખોટી બતાવેલ છે.—ડોશી).

પ્રશ્ન ૯૦૧ :—દેવ અને નરકની ૧૦ હજાર વર્ષથી લઈને ૩૩ સાગર સુધીની સ્થિતિ છે. તેમાં જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે, સમય વૃદ્ધિથી જેટલા સ્થિતિ–સ્થાન છે, તે બધાં સ્થાન તે જીવોમાં મળી શકે છે કે નહિ?

ઉત્તર :—જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી બધા સ્થિતિ–સ્થાનોના દેવ મળી શકે છે. શ. ૧૧ ઉ. ૧૨ મા આનું વર્ણન છે અને નારકના સ્થિતિ–સ્થાનોમાં એક સમયાદિક ૯૦ હજાર વર્ષથી એક સમય કમ દશલાખ સુધીના સ્થિતિ–સ્થાન શૂન્ય છે, બાકી બધા મળી શકે

છે. આ વાત ભગવતી સૂત્ર શ. ૧ ઉ. ૨ અને જીવાભિગમની ૩ પ્રતિપતિની ટીકામાં પ્રથમ પ્રસ્તરની ઉત્કૃષ્ઠ ૯ હજાર વર્ષની અને બીજાની જઘન્ય ૧૦ લાખ વર્ષની સ્થિતિ બતાવી છે. એથી આના વચ્ચેના સ્થાન શૂન્ય છે.

પ્રશ્ન ૯૦૨ :—તીર્થંકર આદિના દાન દેતી વખતે જે સુવર્ણ (સોનૈયા)ની વૃષ્ટિ થાય છે, તેની સંખ્યા કેટલી સમજવી ?

ઉત્તર :—સમવાયાંગમાં તીર્થંકરોના પ્રથમ ભિક્ષાના પ્રસંગે-"सरीरमेत्तिओवुट्ठाओ" અર્થાત્ પુરૂષ પ્રમાણ વૃષ્ટિ થવી અને ટબ્બાર્થમાં ૧૨½ કરોડ સોનૈયા બતાવેલ છે તથા 'सत्तरिसय ठाणा' નામક ગ્રંથમાં દ્વાર ૮૦ ગાથા ૧૬૯ મા જઘન્ય ૧૨½ લાખ અને ઉત્કૃષ્ટ ૧૨½ કરોડ સોનૈયાની વૃષ્ટિ, દાનના પ્રસંગે થવી બતાવેલ છે.

પ્રશ્ન ૯૦૩ :—કયા કયા વાસુદેવ કઈ-કઈ પૃથ્વી (નરક)માં ગયા ?

ઉત્તર :—અનુક્રમે પહેલા-સાતમીમાં, પાંચ છઠ્ઠીમાં, પાંચમીમાં, ચોથીમાં, અને ત્રીજી પૃથ્વીમાં ક્રમશઃ એક-એક સમજવા-એમ સમવાયાંગના છેલ્લા અધિકારમાં છે.

પ્રશ્ન ૯૦૪ :—ચક્રવર્તી ખંડ સાધવા જાય છે, ત્યારે તેની સેના એક દિવસમાં કયા યોજનથી કેટલી ચાલે છે ?

ઉત્તર :—ભરત (ઉત્કૃષ્ટ અવગાહના વાળા) ચક્રવર્તીની સેના, પ્રમાણાંગુલથી એક યોજનનું ક્ષેત્ર પોતાની શક્તિથી પાર કરીને વિશ્રામ લે છે અને અન્ય ચક્રવર્તીઓની સેના તે જ એક યોજનના ક્ષેત્રને દેવ શક્તિથી પાર કરે છે. "अन्येषांतु दिव्यशक्त्या इति वृद्धाः" આ ટીકાથી એમ પ્રતીત થાય છે.

પ્રશ્ન ૯૦૫ :—પ્રત્યેક ચક્રવર્તીના અંગ રક્ષક દેવ કેટલા-કેટલા હોય છે ?

ઉત્તર :—"जक्ख सहस्स सपरिवुडे" આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના મૂળની "यक्षाणां देव विशेषाणां सहस्राभ्यां सपरिवृत्तः चक्रवर्ती शरीरस्य व्यन्तरदेव सहस्रद्वयाधिष्ठितत्वात्" ટીકા આ છે. ઉપરોક્ત ટીકા અને મૂળથી ચક્રવર્તીના અંગ રક્ષક બે હજારદેવ પ્રમાણિત છે.

પ્રશ્ન ૯૦૬ :—ચક્રવર્તી જે ખંડ સાધવા માટે પૌષધયુક્ત અઠમ કરે છે, તે અઠમ શ્રાવકના અગ્યારમા-વ્રત રૂપ છે કે નહિ ?

ઉત્તર :—ચક્રવર્તી વગેરે સાંસારિક કાર્યો માટે જે પૌષધ યુક્ત અઠમ કરે છે, તે શ્રાવકના અગ્યારમા વ્રત રૂપે નથી. આ જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિની-"पौषधं नामे ह्यभिमत देवता साधनार्थकव्रतविशेषो ऽभिमह इति यावन् नत्वेकादश व्रतरूपस्तद्वतः सांसारिक कार्यचिन्तनानौचित्यात" ટીકાથી સ્પષ્ટ છે.

પ્રશ્ન ૯૦૭ :—આગમમાં આક્રોશ વચન બોલતા થકા "हीणपुणचाउद्दसे" જે પાઠ છે, તેનો શું અર્થ છે?

ઉત્તર:—આનો અર્થ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની ટીકાથી નીચે પ્રમાણે પ્રગટ થાય છે. પૂર્ણ-ચૌદસનો જન્મેલ અત્યંતભાગ્યશાળી હોય છે, અર્થાત્ જન્મ આશ્રી ચૌદસ પવિત્ર માની છે. પવિત્ર હોવા છતાં પણ આક્રોશ વશ પુણ્ય ચતુર્દશી પવિત્ર–ચૌદશ) ને, હીન, (અપવિત્ર) કહી અર્થાત્ પુણ્ય ચતુર્દશી (પવિત્ર ચૌદસ) હીન–અપૂર્ણ અર્થાત્ અન્ય તિથીથી મળેલી પૂર્ણ નહિ એમ સમજવો.

પ્રશ્ન ૯૦૮ :—ચક્રવતર્તી જે ખંડ સાધવા માટે અઠમ કરે છે, તે બધા ચક્રવર્તી કરે છે કે કોઈ કોઇ ?

ઉત્તર :—તીર્થંકર–ચક્રવર્તીને ખંડ સાધવા માટે અઠમ કરવો પડતો નથી. આ વાત જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની આ "परम जागरूकपुण्य प्रकृतिकाः संकल्पमात्रेण सिसाधयिषित सुरसाधन सिद्धि निश्चयं जानाना जिनचक्रीणोति सातोदयिनः कष्टानुष्ठानऽष्टमाऽऽदीनो पतिष्ठन्ते किन्तु मागधतीर्थाधिपाऽदिःसुरः प्रभुणा हृदिचिन्तितः सन् गृहित प्रामृतकः सहसैव सेवार्थमभ्युपैति."—ટીકાથી સ્પષ્ટ થાય છે. (અર્થાત્ અત્યંત અતિશય પુણ્ય–પ્રકૃતિનો ઉદય હોવાથી સંકલ્પ (વિચાર) માત્રથી જ દેવ, દરેક કાર્યની સિદ્ધિ કરે છે. તથા પરમ શાતા-વેદનીયનો વિપાક હોવાથી કષ્ટરૂપ અઠમ વગેરે તપ નથી કરતા, આ તીર્થંકર ચક્રવર્તિઓની વિશેષતા છે અને અન્ય ચક્રવર્તિઓને તો માગધ (તીર્થકુમારાદિ દેવ નાગકુમાર જાતિના છે.) તીર્થાદિ નિયમિત સ્થળે અઠમ કરવા જ પડે છે.

પ્રશ્ન ૯૦૯ :—રોગાદિ રૂપ વિશેષ કારણ દશામાં પણ આધાકર્માદિ દોષ યુક્ત આહારાદિનું સેવન શાસ્ત્ર સંમત છે કે નહિ ?

ઉત્તર :—આધાકર્માદિ દોષ યુક્ત આહારાદિ વસ્તુનો આગમમાં સર્વત્ર નિષેદ્ છે અને કારણ અવસ્થામાં પણ લેવાની આજ્ઞા નથી. પ્રાસંગિક શાસ્ત્રીય વિષયનું સંક્ષિપ્ત નીચે દીધેલ વર્ણન એજ સિદ્ધ કરે છે—

આચારાંગજીના બીજા શ્રુતસ્કંધમાં આ વર્ણન છે કે સાધુ–સાધ્વી માટે બનાવેલ, વેચાતું લીધેલ, વગેરે દોષ યુક્ત અશનાદિ ૪ અને વસ્ત્ર–પાત્રાદિ સાધારણ રૂપે અને "पुरिसत्तरकडं (બીજાને સોંપેલ) વગેરે કોઈ પણ પ્રકારનું લેવાનો પૂર્ણ નિષેધ છે.

સૂત્રકૃતાંગ સૂત્રનું અધ્યયન ૯ ગાથા ૧૪ તથા અ. ૧૧ ગાથા ૧૩, ૧૪, ૧૫ માં પણ પૂર્ણ નિષેધ કરેલ છે.

તથા ૧૭મા ૧૮માં અધ્યયનમાં-વિશદરૂપે (ખાસ કરીને) સદોષ આહારનું ખંડન કરેલ છે. આ જ સૂત્રમાં ઉલ્લેખ કરતા અધ્યયન ૧૯. ૩ ગાથા ૧ ના વર્ણનથી આ [illegible]

અને જે આધાકર્માદિ દોષ યુક્ત આહારાદિ ગ્રહણ કરવાની સિદ્ધિ માટે ભગવતી અને સૂત્રકૃતાંગના પ્રમાણ દીધા તે સંગત નથી. કેમકે શ. ૮ ઉ. ૬ માં ઘણી નિર્જરા અને અલ્પતર પાપ કર્મ સંબંધી જે વર્ણન છે, તે દેવા વાળા (શ્રાવક) ની અપેક્ષાએ છે. એથી એ પાઠથી અહિં સદોષ આહાર આદિ જાણી જોઈને લેવું સાબિત નથી થઇ શકતું, કારણ તે લેવા વાળા સંબંધી દોષાદિ વિષયક અહિં પ્રસંગ જ નથી. પ્રસંગ ન હોવા છતાં પણ ઉપરોક્ત પાઠની ટીકામાં સકારણ, નિષ્કારણ દશામાં સાધુને દોષ યુક્ત લેવું બતાવે છે તે મૂળ પાઠથી સંગત નથી. તથા ટીકાકાર તો અપ્રાસુકનો (શ. ૫ ઉ. ૬ માંની અહિં પણ અનુવૃત્તિ લઈને) સચિત અર્થ લાગૂ કરે છે, અને સૂત્રકૃતાંગના ૨૧ માં અધ્યયનની ટીકામાં આ જ રીતે બધા અનાચારોના વિષયમાં લખેલ છે, અર્થાત્ ક્ષુધા પીડિત સંકટ સમયે કોઈ પણ અનાચીર્ણનું સેવન કરી શકાય છે. આ પ્રકારે ટીકાકારનું બતાવવું ક્યાં સુધી ઠીક છે? કેમકે બૃહત્કલ્પસૂત્રમાં અચેત, અનેષણિક આહાર પાણી આવી જતા તેને વડી દીક્ષા દેવા યોગ્ય–દીક્ષિત સિવાય અન્ય કોઈને ન દેતા પરઠવાનો ઉલ્લેખ કર્યો છે.

હજુ પણ શાસ્ત્રકાર કહે છે કે ભૂલથી સચેતપાણી આવી જતા તેને પરઠવાનું અને સ્થિતિવશ તેને પાત્રાસહિત પરઠવાનું આચારાંગના ૧૫ માં અધ્યયનના ૨ ઉ. માં ઉલ્લેખ કરતાં અહિં સુધી બતાવ્યું છે કે પરઠવેલા સચેત પાણી ભીના પાત્રને સ્વાભાવિક રૂપે ન સુકાય ત્યાં સુધી વાપરવા યોગ્ય માન્યા નથી. આ જ રીતે બૃહત્કલ્પ, દશવૈકાલિક, તથા આચારાંગના અન્ય સ્થળોએ આ બતાવ્યું છે કે– અચેત આહારાદિક, સચેત પાણી, અન્ન અને રજકણયુક્ત અજાણતા પ્રાપ્ત થઈ ગયા હોય, તો નિઃશંક સ્થિતિ ન થાય ત્યાં સુધી તેને કામમાં લેવાનો નિષેધ કર્યો છે.

આવું સૂક્ષ્મ નિરૂપણ જ્યાં પ્રાપ્ત છે, ત્યાં સચેતના ભોગની કલ્પના જ માન્ય કેવી રીતે કરી શકાય?

અહિં દેનાર પણ ઘણી જ નિર્જરા અને અલ્પત્તર પાપના પ્રસંગમાં अप्रासुक "अनेषणिक" નો નિમ્નોક્ત (નીચે લખેલ) શાસ્ત્ર સંગત અર્થ લાગૂ થાય છે. જેમકે બાળકોની ઈચ્છા ન હોવા છતાં દેવું, ઉધાર લાવીને દેવું, બ્રાહ્મણો માટે બનાવેલ જ્યાં સુધી પુરૂષાન્તર કૃતાદિ ન થયું હોય તે દેવું, એમ જ માલોહડ દોષ વાળું, બીજા માટે લઈ ગયેલ હોય તેવું, તેની આજ્ઞા વગર, શય્યાતરના આહારાદિ, ખુદ દાતાએ સ્વીકાર્યા વગર, ઘણા ઉજ્ઝિત ધર્મવાળું, પરાણે અતિમાત્રામાં દીધેલ આહારાદિ, આ પ્રકારનો આહાર અહિં અપ્રાસુક, અનેષણિક સમજવો, ત્યારે જ ઘણી નિર્જરાનું કારણ થાય છે. અન્યથા અપ્રાસુક (જીવ સહિત) અને અનેષણિક (પ્રાણીઘાતથી તૈયાર કરેલ આદિ વિશેષ દોષ યુક્ત) આહાર આદિ દઈને દાતા અલ્પ આયુનો બંધક અને સંયમ ઘાતક બને છે.

આ વિષયમાં સૂત્રકૃતાંગનું પ્રમાણ દેવું પણ મર્મજ્ઞો માટે શોભાસ્પદ નથી. કેમકે આ ગાથાઓમાં તો આધાકર્માદિ સદોષ આહારાદિ લેવાનો કોઈ ઉલ્લેખ જ નથી અને ન તેવી વસ્તુ લેવા સંબંધી કોઇ અર્થ જ પ્રગટ થાય છે. ત્યાં તો આધાકર્મી ભોગવવાવાળાને કર્મ-બંધ થાય જ છે કે નથી થતો, એવો નિશ્ચય કરીને એકાંત ભાષા ન બોલવાનું વર્ણન છે. છદ્મસ્થાદિના કારણે ભોગવનાર ભોક્તા સંબંધી આંતરિક જ્ઞાન ન હોવાથી નિશ્ચયકરી ભાષા બોલવાનો નિષેધ છે. કેમકે જે મુનિને શુદ્ધિનું ધ્યાન રાખવા છતાં પણ અજાણતાં આધાકર્મી આહારાદિ ભોગવવામાં આવી ગયેલ હોય, તેના પ્રથમ અને ચરમ (છેલ્લા) તીર્થંકરના સાધુ સિવાય, અન્ય તીર્થંકરોના સાધુ વર્ગમાં જેના માટે આહારાદિ કરેલ છે, તેને છોડીને શેષને અને છેદોપસ્થાપનીય દેવા યોગ્ય નવદીક્ષિતને અનેષણિક આહારાદિ આવી જતાં દેવાનું વિધાન હોવાથી, તેને દેવા પર તે તેને કામમાં લેતો હોય, તો આ બધાને કર્મ બંધન થયું-આ કેવી રીતે કહી શકાય છે? આવી પરિસ્થિતિમાં તેના તત્સંબંધી કર્મબંધ ન હોવાથી, કર્મ બંધ થયે નથા ઉપરોક્ત મુનિઓ સિવાય જે જાણીને ઉપરોક્ત પ્રકારનો આહારાદિ જેણે ભોગવ્યો છે, તેને તત્સંબંધી કર્મબંધ હોવાથી નથી થયો, આ પ્રકારે બોલવું અનાચીર્ણ બતાવ્યું છે. એથી ઉપરોક્ત ગાથાઓમાંથી સદોષ આહારાદિને ભોગ સિદ્ધ થતો નથી.

ઉપરોક્ત શાસ્ત્રીય વિધાન અનુસારે કોઈ પણ દશામાં આધાકર્માદિ સદોષ આહારાદિ ગ્રહણ કરવાની સિદ્ધિ થતી નથી.

પ્રશ્ન ૯૧૦:—માગધ આદિ દેવોને સાધવા માટે બધા ચક્રવર્તી તેના ઉપર બાણ ફેંકે છે કે કોઈ કોઇ?

ઉત્તર:—તીર્થંકર ચક્રવર્તીને તો સર્વત્ર ખંડ-સાધના બાણ ફેંક્યા વગર જ થાય છે. અને અન્ય ચક્રવર્તી (ભરત ક્ષેત્રની અપેક્ષાએ માગધાદિ ત્રણ તીર્થ અને ચૂલ હેમવંત ઉપર) બાણ ફેંકે છે (અન્યત્ર નહિ) આ ભાવ આ....इयं च सिंधुदेवी आसन-कम्पनाद्दत्तोपयोगासती स्मृतजातीया स्वतएवानुकूलाऽऽशवासंजज्ञे तेन शर प्रमोक्षणाऽऽद्यत्रवक्त-व्य एवं च कर्मचक्रिणां वैताढ्यसुराऽऽदीनां साधनेऽपि जिनचक्रिणा तु सर्वत्रदिग्विजयात्रायां शरप्रमोक्षणाऽऽदिकमंतरेणैव प्रवृत्तिःर्येतस्तत्र तेषाँ तथैव साध्यसिद्धिरिति." ટીકાથી સ્પષ્ટ થાય છે. અર્થાત્ સિંધુદેવીનું આસન ચલાયમાન થવાથી અવધિના ઉપયોગ વડે ચક્રવર્તીને જાણીને, અનુકૂળ થઈ ને શરણે આવી ગઈ, બાણ ફેંક્યું નહિ. આ જ રીતે વૈતાઢ્યના દેવાદિની સાધનામાં સમજવું. ઉપરોક્ત ૪ સ્થાનોને છોડીને ચક્રવર્તી બાણ ફેંકતા નથી અને જિન-ચક્રવર્તી તો દિગ્વિજયમાં કોઈ પણ સ્થળે બાણ ફેંકતા નથી. આ તેના પુણ્યોદયની વિશેષતા છે.

પ્રશ્ન ૯૧૧ :—જીવને સર્વ પ્રથમ સમકિત કઈ ગતિમાં પ્રાપ્ત થઈ શકે છે ?

ઉત્તર :—ચારેયમાંથી કોઈ પણ ગતિમાં પ્રાપ્ત થઈ શકે છે. આ વાત અનુયોગ-દ્વારમાં વર્ણિત ભાવોના ચાર સંયોગિક પાંચ ભાંગામાંથી ત્રીજા ભાંગાની આ, " अत्रोदयिकौपशमिकपारिणामिक भावनिष्पन्नस्तृतीयभंगो गतिचतुष्टयेऽपि संभवति, तथाहि औदयिकी अन्यतरागतिः नारक-तिर्यग्देवगतिषु प्रथम सम्यक्त्वलाभकाले एवं उपशमभावोः भवति मनुष्य-गतौतु तत्रोपशमश्रेण्यां चौपशमिकंसम्यक्त्वं क्षायोपशमिकानीन्द्रियाणि पारिणामिकं जीवत्वमित्येवमयं संगकः सर्वापुगतिपुलभ्यते " ટીકાથી સ્પષ્ટ થાય છે. અર્થાત્ ચાર સંયોગીનો ત્રીજો ભાંગો ચારેય ગતિમાં મળે છે. ઉદય તો કોઈ પણ ગતિનો, અને સર્વ પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં ઉપશમ ભાવ અને મનુષ્ય ગતિમાં તો સર્વ પ્રથમ સમ્યક્ત્વનો લાભ અને ઉપશમ શ્રેણીમાં ઉપશમ ભાવ હોય છે. ક્ષયોપશમ ઇન્દ્રિયોનો, પારિણામિક જીવત્વ, એ રીતે આ ભાંગો ચારેય ગતિમાં મળે છે. ઉપરોક્ત પ્રમાણથી ચારેય ગતિમાં સર્વ પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય એમ સિદ્ધ છે, તથા સમરાદિત્ય કેવળીના રાસમાં પણ અગ્નિશર્માના જીવને સર્વ પ્રથમ સમકિત ઘોડાના ભવમાં પ્રાપ્ત થશે એમ બતાવેલ છે. ઇત્યાદિ પ્રમાણોથી ચારેયમાંથી કોઈપણ ગતિમાં સર્વ પ્રથમ સમકિત પ્રાપ્ત થઈ શકે છે, એવો સંભવ છે.

પ્રશ્ન ૯૧૨ :—આચારાંગ અધ્યયન ૧૨ ઉ. ૩ માં આ ઉલ્લેખ છે કે માર્ગે ચાલતા સાધુને કોઇ પથિક પૂછે કે—" શું તમે અહિં મનુષ્ય, પશુ (બેલ વગેરે), પક્ષી, જળચર આદિ જીવોને જોયા ? તો આના ઉત્તરમાં મુનિ કંઈ પણ ન કહે, યાવત્ મૌન રહે અને જાણવા છતાં પણ હું નથી જાણતો-એમ કહે. આ રીતે શું સાધુ, જીવ રક્ષા માટે અસત્ય ભાષણ કરી શકે છે ?

ઉત્તર :—" जाणं वा णो जाणंति वाइज्जा " આ પાઠનો કોઈ ઉપરોક્ત અર્થ પણ કરે છે. પરંતુ આ અર્થ બરાબર નથી બેસતો, કેમકે દશવૈકાલિક અધ્યયન ૭ ગાથા ૧ માં "दो ण भासिज्ज सव्वसो " અર્થાત્ અસત્ય તથા મિશ્ર આ બન્ને ભાષા સર્વથા ન બોલે-એવો આદેશ છે. અહિં " सव्वसो " શબ્દથી કોઈ પણ સ્થળે અને ગમે તેવા સંકટમાં ખોટું ન બોલવું, તો પછી જીવ રક્ષાદિ કારણે પણ અસત્ય કેમ બોલી શકે ? તથા આ જ અધ્યયન ૬ અધ્યયનની ગાથા ૧૧ માં અસત્યનો નિષેધ કરતા " अत्तणट्ठा परट्ठावा " અર્થાત્ પોતાના કે બીજાના માટે અસત્ય ન બોલવું, આમાં સ્વ અને પર બન્ને માટે નિષેધ છે, તો પછી પરાર્થે (જીવ-રક્ષાદિ માટે) પણ ખોટું કેમ બોલી શકે ?

ઉપરોક્ત પ્રમાણો જોતાં જીવ-રક્ષાદિ નિમિત્તે પણ અસત્ય ભાષણ, શાસ્ત્ર-સંગત પ્રતીત નથી થતું, એથી "जाणं वा णो जाणंति वएज्जा" પાઠનો અર્થ-જાણવા છતાં પણ "હું જાણું છું"-એમ ન કહે, અર્થાત્ મૌન જ રહે. આ જ અર્થ સંગત છે. એમ કરવા પર જ આ જ આલાવાના શબ્દો (પથિકના પૂછવા પર, તે જીવોના વિષયમાં કંઈ ન કહે, ન બતાવે-તેના પ્રશ્નને કોઈ પણ પ્રકારે સ્વીકાર ન કરતા થકા, મૌન જ રહે, પરંતુ જાણવા છતાં પણ, જાણું છું, એમ ન કહે. તાત્પર્ય એ છે કે-જાણવા છતાં પણ જાણુ છું, એમ ન કહીને મૌન જ રહે) ની સાથે મેળ ઠીક રૂપે બેસે છે.

આના સિવાય અહિંયા હજુ ચાર આલાવા આગળ આવ્યા છે. તેમાંથી ત્રીજા આલાવામાં "અહિંથી ગામાદિ કેટલા દૂર છે," અને ચોથામાં "અમુક ગામ કે નગરાદિનો કયો માર્ગ છે?" આ પ્રશ્નો સંબંધે પણ એજ પાઠ છે. જો ઉપરોક્ત પાઠનો ખોટું બોલવું અર્થ કરાય, તો અહિં જીવ રક્ષા સંબંધી કોઈ ખાસ પ્રસંગ નથી, તો અહિયા કયા પ્રસંગને લઈને ખોટું બોલશે? એથી સાધુનું એ કર્તવ્ય છે કે ગૃહસ્થ સંબંધી એવા પ્રસંગો ઉપર કંઈ ન બોલે, મૌન સાધે, એટલે તે પાઠનો 'ખોટું બોલવું' અર્થ ઘટાવવો ઠીક નથી. +

(+ તથા ઉદાસીનતાની દૃષ્ટિથી આ અર્થ પણ ઠીક બેસે છે, જેમકે-વ્યવહારમાં કોઈ વાતને જાણવા છતાં પણ તેના સમર્થક ન હોવા પર "હું નથી જાણતો" એવું કહી દે છે. આનું તાત્પર્ય આ થાય છે કે આ વિષયમાં હું કંઈપણ કહેતો નથી. એજ રીતે અહિયાં પણ તે પથિકને કહે કે-હું નથી જાણતો અર્થાત્ અમો સાધુ છીએ. આ વિષયમાં કંઈ નથી કહેતા.)

શંકા:—ઉપરોક્ત પાઠનો સીધો અર્થ-"જાણવા છતાં નથી જાણતો" એવો હોવા છતાં પણ અહિં ઉપરોક્ત પ્રકારનો બીજો અર્થ કરવો સંગત લાગતો નથી, કેમકે અન્યત્ર પણ પ્રસંગવશ અપવાદરૂપે અસત્ય બોલવાની સિદ્ધિ થાય છે. જેમ પ્રજ્ઞાપના પદ ૧૧માં ઉપયોગ સહિત ચારેય જાતની ભાષા બોલનારને આરાધક બતાવેલ છે. આ ટીકામાં "प्रवचन उड्डाह रक्षणादि निमित्त" અર્થાત્ પ્રવચન રક્ષા માટે ખોટું બોલવા છતાં પણ આરાધક જ હોય છે." તથા સૂત્રકૃતાંગ અધ્યયન ૮ ગાથા ૧૯માં "सादियं न मुसंवुया અર્થાત્ માયા સહિત ખોટુ બોલે નહિ. આમાં ટીકાકારનું કથન છે કે-પરવંચનાર્થ (બીજાને ઠગવા માટે) માયા સહિત મૃષા ન બોલવું, પરંતુ સંયમ રક્ષાર્થ જોયેલા હરણાદિ પશુ માટે પણ કહી દે કે મેં નથી જોયાં, ઈત્યાદિ બોલવામાં દોષ નથી. આ ઉપરોક્ત પ્રમાણોથી તત્ પ્રસંગો ઉપર ખોટું બોલવું સિદ્ધ થાય છે, તો પછી, "जाणं वा णो जाणंति वएज्जा" પાઠના અસત્ય બોલવા સંબંધી અર્થને અનુપયુક્ત કેમ બતાવાય છે?

સમાધાન :–આ શાસ્ત્રીય પાઠોનો ઉપરોક્ત પ્રકારનો અર્થ કરતાં જે અપવાદ સ્વરૂપ અસત્ય બોલવું સિદ્ધ કર્યું, તે સંગત નથી. કેમકે આ અર્થ આગમથી વિરુદ્ધ જાય છે. આવા પ્રસંગે પણ અસત્યનો પ્રયોગ કરવો યોગ્ય નથી. જેમ–પુલાકલબ્ધિવાળા કોઈ સાધુ, સંઘાદિ પ્રયોજન, તપ સંયમના હેતુ માટે હિંસા મૃષાદિ આશ્રવ–દ્વાર સેવન કરે છે, તો તેને આલોચના ન કરે તો વિરાધક કહેલ છે. અહિં પ્રવચન હીલણાની રક્ષા માટે બોલે તો પણ દોષી કહેલ છે. એથી તત્ પ્રસંગોમાં પણ અસત્ય ભાષણનો નિષેધ છે.

તથા ભગવતી શ. ૨૫ ઉ. ૭ માં દશ પ્રકારની પ્રતિસેવના બતાવેલ છે. તેમાં આપત્તિ (દ્રવ્યાદિ) અને ભય (સિંહાદિભય) વશ, કરેલ કાર્ય પણ દોષ યુક્ત માનેલ છે. પ્રવચન-હીલણા, ધર્મ અને સંઘાદિ ઉપર સંકટની પ્રાપ્તિ, આ પણ આપત્તિ અને ભય છે. "तन्निमित्तहिं" મૃષાદિનું આચરણ કરવાવાળા દોષને પાત્ર છે. એવા પ્રસંગો પર પણ આ પ્રકારના શાસ્ત્રીય પ્રમાણ મળવાથી મૃષાવાદનો સર્વથા નિષેધ જ સિદ્ધ થાય છે. એથી ટીકાકારે ઉપરોક્ત પ્રકારનો અર્થ કર્યો છે. તે યુક્તિ સંગત નથી લાગતો.

ઉપયોગ પૂર્વક ચારેય ભાષા બોલતા થકા આરાધકનો અર્થ નીચે પ્રકારે સમજવો જોઈએ. સાધુને સત્ય અને વ્યવહાર ભાષા બોલવાનું જ વિધાન છે. અને તે અનુસારે એનું જ લક્ષ રાખી પ્રયોગ કરે છે, પરંતુ જેના વિષયમાં તે પ્રયોગ કરે છે, તે તેની દૃષ્ટિમાં સત્ય હોવા છતાં પણ વાસ્તવિકતામાં વિપરીત હોય, તો તેને અસત્ય માનેલ છે. આ વાતને આનંદ શ્રાવક અને ગૌતમ સ્વામીનો પ્રસંગ સ્પષ્ટ કરે છે. અર્થાત્ ગૌતમ સ્વામીએ અવધિજ્ઞાનના વિષયમાં આનંદને જાણીને કહ્યું, પરંતુ નિર્ણય થવા પર તે કથન અસત્ય નીકળ્યું. એમ છદ્મસ્થતાના કારણે અન્ય બીજા કોઈ વડે પણ ઉપયોગપૂર્વક આવો પ્રયોગ થઇ જાય, અને તેને ખબર ન પડે તો પણ તે આરાધક છે. ખબર થતાં આલોચનાદિ પ્રાયશ્ચિત લે છે. એથી અહિંયા એ પ્રકારે ઉપયોગપૂર્વક ચારેય ભાષા બોલવા છતાં પણ આરાધક કહેલ છે. એવો જ અર્થ અહિં સમજવો ઉચિત છે. એ જ રીતે અસત્ય અને મિશ્ર મનોયોગના વિષયમાં પણ સમજવું જોઇએ.

તથા અસત્ય અને મિશ્ર ભાષાનો પ્રયોગ એકાએક થઈ જાય તો પણ તે સંબંધી વિચાર જ હોવાથી આરાધક થાય છે.

જો 'આઉત્ત' (ઉપયોગ) નો અર્થ–'જાણી જોઈ ને' આવો કરવામાં આવે તો "इच्चेइयाइं चत्तारी भासज्जायाइं आउत्तं भासमाणे आराहए णो विराहए" આ શાસ્ત્રીય પંક્તિનો અર્થ આ થશે કે—જાણી જોઈને ચારેય ભાષા બોલવાવાળો આરાધક થાય છે. વિરાધક નહિ. આ અર્થથી તો જાણી જોઈ ને અસત્ય અને મિશ્ર બોલવા વાળા આરાધક કહેવાશે.

આનું તાત્પર્ય આ થશે કે—અજાણતા અસત્ય અને મિશ્ર ભાષી વિરાધક થયા. એવો અર્થ કરવો વ્યવહારિક અને પ્રમાણિક દૃષ્ટિથી અસંગત છે. એટલે 'आउत्तं' શબ્દનો 'જાણી જોઈને' (ઉપયોગ પૂર્વક) અર્થ માન્ય હોવા છતાં પણ આના તાત્પર્ય સાથે એને બેસાડવો જોઈએ. 'आउत्तं' શબ્દનું તાત્પર્ય આ છે–'જાણી જોઈને' અર્થાત્ સાધુ–મર્યાદા (ભાષા સમિતિ) ની સાથે–એવો સમજવો જોઈએ.

અપ્રમત દશામાં કેવળ શુભ યોગ હોવા છતાં પણ કર્મગ્રંથ, ગોમટસારાદિમાં ૧૨ મા ગુણસ્થાન સુધી ચારેય ભાષા અને મનનો યોગ માનેલ છે. અને જાણી જોઈને અસત્ય અને મિશ્રનો પ્રયોગ તો અશુભયોગ વિના થઈ શકતો નથી.

એથી અહિંયા પણ છદ્મસ્તના કારણે વસ્તુ સંબંધી અવાસ્તવિકતા રહી જાય છે. એ માટે અસત્ય અને મિશ્ર મન તથા વચનયોગ તેમાં ઘટિત થઈ શકે છે.

અપ્રમત્ત સ્થિતિમાં આના સિવાય અન્ય રૂપે આ ઘટિત થઇ શકતું નથી.

અને ભગવતી શ. ૧ ઉ. ૧ ના "नह्निनामानाभोगः छद्मस्थस्येहकस्यचिन्नास्ति" આ ટીકાર્થથી કોઈ પણ છદ્મસ્થને અનાભોગ નથી, એવી વાત નથી, એટલે કે છે જ.

સૂત્રકૃતાંગના પ્રમાણથી પણ જે અસત્ય બોલવાની સિદ્ધિ કરેલ છે, તે પણ સંગત નથી, કેમકે "सादियं मुसंवुया"નો અર્થ 'માયા સહિત ખોટું ન બોલવું' કરાશે, તો આનો વિપરિત અર્થ આ નિકળશે કે માયા રહિત ખોટું બોલવું ખુલ્લું છે. પરંતુ સાધુ તો અસત્યના સર્વથા ત્યાગી હોય છે તો પછી તેના માટે આ ખુલ્લો માર્ગ કેમ સંગત થશે?

"सादियं न मुसंवूया" આ પદમાં 'सादियं' શબ્દ વિશેષણ છે અને 'मुसं' વિશેષ્ય છે. ઇચ્છા પૂર્વક અસત્ય ભાષણમાં પ્રાયઃ માયા રહે છે. આ જ દ્રષ્ટિથી આ પદમાં 'सादियं' વિશેષણનો પ્રયોગ કરાયેલ છે. એથી આનો વિપરીત અર્થ કરવો સંગત નથી, કેમકે અહિંના પ્રાસંગિક વર્ણનને જોતા અપવાદ વિધિનું અવલંબન લેવું ઉપયુક્ત નથી.

ત્યાં ટીકાકારે વચાનાર્થે માયા સહિત મૃષા બોલવાનો નિષેધ કરેલ છે, તો હરણાદિના વિષયમાં પૂછવા વાળાને "જાણવા છતાં પણ નથી જાણતો" એવું કહેવામાં શું બિલ્કુલ માયા નથી? ભાવ ગમે તેવા સારા કેમ ન હોય, તો પણ વાસ્તવિકતા છુપાવી અન્યથા બોલવામાં તે સંબંધી મૃષા અને માયા કેમ ન થાય? આ સમજી શકાતું નથી.

પ્રતિસેવના (દોષ)નો ૧૦ મો ભેદ 'वीमंसा' (વિમર્શ) છે. જો કોઈ આચાર્યાદિ આલોચનાના પ્રસંગે શિષ્યાદિની પરીક્ષા માટે જાણવા છતાં પણ–"આ મેં સારી રીતે સાંભળ્યું નથી," આદિ વચનની પ્રવૃત્તિ કરે છે, તો તેને પણ દોષના ભાગી માનેલ છે.

આમાં એકાંત શિષ્યાદિના હિત માટે જ પ્રવૃત્તિ કરાય છે, છતાં પણ તે દોષના ભાગી ગણાય છે. તેમજ હરણાદિના વિષયમાં વાસ્તવિકતા છુપાવીને અન્યથા બોલવામાં તે સંબંધી માયા-મૃષા હોવાથી દોષના ભાગી કેમ ન મનાય ?

એજ રીતે કોઈ સાધુ, કેવળ અન્ય સાધુની સેવા માટે ગયો હોય, તો પણ ગમણાગમણાદિ સંબંધી પ્રાયશ્ચિતનો ભાગી બને છે. આમાં એકાંત પરહિત બુદ્ધિની અપેક્ષા હોવા છતાં પણ વિરાધનાની આશંકાથી પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે, તો પછી હરણાદિના માટે જાણીને અસત્ય ભાષણમાં આગમ આજ્ઞા કેમ હોઈ શકે ? આ વિચારણીય છે.

આ રીતે આગમમાં અનેક સ્થળો ઉપર અસત્ય અને મિશ્ર ભાષણનો નિષેધ કરેલ છે. અને આના બોલવા વાળાઓને અસમાધી અને સબલ દોષના ભાગી માનવામાં આવેલ છે. તેને વિભિન્ન પ્રાયશ્ચિતના ભાગી બતાવ્યા છે. અને સંકટના પ્રસંગો ઉપર અસત્ય અને મિશ્ર ભાષીને પણ પ્રાયશ્ચિત કર્યા વગર વિરાધક માનેલ છે, તો પછી કોઈ પણ દશામાં અસત્ય અને મિશ્રનો પ્રયોગ શાસ્ત્ર સંમત કેમ માની શકાય ?

નોટ :—ઉત્તર આ પ્રકારે ધ્યાનમાં આવેલ છે. બાકી જ્ઞાની કહે તે જ પ્રમાણ છે.

પ્રશ્ન ૯૧૩ :—સૂત્રકૃતાંગમાં "દુર્ભિક્ષકાળમાં ગીતાર્થ સાધુ અસુચ્છિતપણે આધાકર્મી આહાર કરે તો બાધા નથી" એવું ટીકાકારનું કહેવું છે, તો આનો ખુલાશો કરો ?

ઉત્તર :—હા, સૂત્રકૃતાંગના ૨૧ મા અધ્યયનની ટીકામાં આધાકર્મી વસ્તુ સેવન કરવાની વાત બતાવીને યાવત્ આ જ રીતે બધા અનાચારોના વિષયમાં સમજવું એમ બતાવ્યું છે. પરંતુ તે ટીકા આગમોના મૂળ પાઠથી મેળ ખાતી નથી પણ વિરૂદ્ધ જાય છે. એથી માન્ય કરવા યોગ્ય નથી. આગમોમાં આધાકર્મી આહારનો સર્વત્ર નિષેધ જ કર્યો છે, જેમકે—આચારાંગ બીજો શ્રુતસ્કંધ, ઠાણાંગ, સમવાયાંગ, પ્રશ્ન-વ્યાકરણ, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક અધ્યયન ૩, ૬, ૧૦ માં નિષેધ જ બતાવેલ છે. દશાશ્રુત સ્કંધમાં આધાકર્મી સેવન કરવા વાળાને સબલ દોષ, નિશીથમાં પ્રાયશ્ચિત, અને સૂત્રકૃતાંગના અધ્યયન ૧ ઉ. ૩ ગાથામાં પૂતીકર્મ ભોગવવા વાળાને બે પક્ષનું સેવન કરવા વાળા બતાવ્યા છે, તથા ભગવતી શ. ૧ ઉ. ૯માં આધાકર્મી ભોગવવા-વાળા કર્મોને નિબિડ કરે છે અને અનાદિ અનંત સંસારમાં ભ્રમણ કરે છે, તેમ બતાવ્યું છે. શ.૫ ઉ.૬ માં આધાકર્મ, ક્રીતકૃત વગેરે દોષ યુક્ત આહારાદિ ને મનમાં પણ નિર્દોષ સમજે અને તેની આલોચના ન કરે, તો તેને વિરાધક કહેલ છે અને ટીકાકારે વિપરીત શ્રદ્ધાદિ રૂપ હોવાથી મિથ્યાત્વાદિની પ્રાપ્તિ બતાવેલ છે. શ.૧૮ ઉ.૧૦ આદિમાં અનેષણિકને અગ્રાહ્ય કહેલ છે. આચારાંગ અધ્યયન ૮ ઉ. ૨માં આધાકર્માદિ અશુદ્ધ આહારાદિ ન લે અને તેથી ગૃહસ્થ ક્રોધીત થઈ સાધુને, મારે, બીજાને કહે કે આને મારો, પીટો, છેદો, બાળો, લુંટો, દબાવો, જીવ રહિત

કરે, ઇત્યાદિ સંકટમાં પણ લેવાનો નિષેધ છે. ઉપરોક્ત શાસ્ત્રીય વિધાનુસાર કોઈ પણ દશામાં આધાકર્માદિ સદોષ આહારાદિ ભોગવવું સિદ્ધ નથી થતું. આ ઉત્તર સંક્ષેપમાં છે (આનો વિશેષ ખુલાસો પ્રશ્ન૯૦૯ના ઉત્તરમાં જોવો.)

પ્રશ્ન ૯૧૪ :—પ્રશ્ન વ્યાકરણ તથા ઉવવાઈ સૂત્રમાં શ્રી તીર્થંકર દેવ તથા યુગલિકોના આહાર સંબંધે એમ કહ્યું છે કે— 'कंकग्गहणेकवोयपरिणामे" આનો શું અર્થ થાય છે?

ઉત્તર :—"कंकग्गहणे" તેનો ગુદાશય કંકપક્ષીનાગુ દાશયની જેમ નિર્લેપ હોય છે. "कवोयपरिणामे"—તેની જઠરાગ્નિ કબૂતરની જઠરાગ્નિ સમાન આહારને જલ્દી પચાવવા વાળી હોય છે. એવો અર્થ સમજ્યો.

પ્રશ્ન ૯૧૫ :—કલ્પવૃક્ષ વનસ્પતિ કાયમાં હોય કે પૃથ્વીકાયમાં હોય?

ઉત્તર :—કલ્પવૃક્ષ વનસ્પતિ-કાયમાં છે.

પ્રશ્ન ૯૧૬ :—તીર્થંકરના જન્મ મહોત્સવમાં દેવતા મૂળ રૂપે આવે છે કે વૈક્રિય રૂપ બનાવીને? જો મૂળ રૂપે આવતા હોય છે, તો જ્યારે ચાર તીર્થંકરોના જન્મ થાય છે. ત્યારે મૂળ રૂપે ક્યાં આવે છે?

ઉત્તર :—તીર્થંકરોના જન્મ મહોત્સવાદિમાં કોઈ દેવ મૂળ રૂપે અને કોઈ વૈક્રિયથી, આ રીતે બન્ને પ્રકારે આવી શકે છે, આ રીતે આવે તો પણ તેને ચારેય જગ્યાએ ઉપસ્થિત થવા માટે વૈક્રિય રૂપ બનાવવું પડે છે. તેના મૂળ તથા વૈક્રિય બન્ને પ્રકારના રૂપ, સુંદર તેમજ સમાન દેખાય છે. એથી ક્યાંક મૂળ અને ક્યાંક વૈક્રિય રૂપ મોકલવા છતાં પણ તે રૂપોમાં ચર્મ—ચક્ષુ દ્વારા ભિન્નતા દેખાતી નથી.

પ્રશ્ન ૯૧૭ :—આણુશીયા (અશાળીયા)ની અવગાહના પ્રજ્ઞાપનામાં (પ્રત્યેક યોજનની કહી છે.) ૧૨ યોજનની બતાવી છે અને ઉરપરિસર્પ સમુર્છિમની ઉત્કૃષ્ટ અવગાહના પ્રત્યેક યોજનની કહી છે, તો કંઈ રીતે મેળ બેસી શકે?

ઉત્તર :—પ્રાય : કરીને તો બેથી લઈને નવ સુધીને પ્રત્યેક કહે છે, પરંતુ ક્યાંક પ્રત્યેકની ઉત્કૃષ્ટ અવગાહના ૯૯ સુધી પણ બતાવેલ છે. આ પ્રત્યેકની અપેક્ષાએ ૧૨ યોજનને પણ પ્રત્યેક યોજન કહી શકાય છે.

પ્રશ્ન ૯૧૮ :—મિથ્યાત્વીને સકામ-નિર્જરા હોય છે? "પ્રશ્નોત્તર મણી-રત્નમાળા"માં એક જગ્યાએ સકામ-નિર્જરા હોવી લખેલ છે, તે ઠીક છે શું?

ઉત્તર :—ભવ્યત્વના પરિપાક તેમજ સમકિત અભિમુખ થતા (અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના) સમયે જીવને કંઈક ઉજ્જવલ બનાવવામાં સહાયક થાય, આ વાત અલગ છે, અન્યથા વાસ્તવિક સકામ—નિર્જરા મિથ્યાત્વીને થવાનો સંભવ નથી લાગતો.

પ્રશ્ન ૯૧૯ :—કોઈ વ્યક્તિએ કોઈ ઉપર ખોટું કલંક લગાવ્યું હોય, તો તેનો ફરી ઉદય તે ગતિમાં જ થાય છે કે બીજી ગતિમાં ?

ઉત્તર :—કોઈએ ખોટું કલંક લગાવ્યું, તેનો ઉદય તે ગતિમાં તથા અન્ય ગતિમાં પણ થઈ શકે છે.

પ્રશ્ન ૯૨૦ :—અભવીને જાતિ-સ્મરણ જ્ઞાન થાય છે કે નહિ? જો થાય છે, તો તે કોને થયું ?

ઉત્તર :—મેઘ કુમારને હાથીના ભવમાં સમક્તિ પ્રાપ્તિની પહેલાંજ જાતિ-સ્મરણ થઇ ગયું હતું. આ જ્ઞાતા સૂત્રના પ્રથમ અધ્યયનથી સ્પષ્ટ છે. જે રીતે મિથ્યાત્વીને જાતિ-સ્મરણ થાય છે, તે જ રીતે અભવ્યને પણ થઈ શકે છે, નારકીને સીધી કે ઉંધી અવધિ ચાર કોશથી વધારે નથી હોતી. તેને પૂર્વ ભવની વાત જાતિ-સ્મરણથી જોવી પડે છે. એથી અભવ્ય જીવને અનેકવાર જાતિ-સ્મરણ થાય છે. અમુકને થયું એ પ્રમાણે નામ-નિર્દેશ કોઈનું ધ્યાનમાં નથી. તથા જાતિ સ્મરણ તેને મતિજ્ઞાન કે મતિ અજ્ઞાનનો ભેદ સમજવો.

પ્રશ્ન ૯૨૧ :—સમવાયાંગજીમાં સ્ત્રી, પુરૂષ (ભર્તાર)ને મારે તો મહા મોહનીય કર્મ બંધાય છે, તો પુરૂષ, સ્ત્રીને મારે, તો તેને બંધાય કે નહિ ?

ઉત્તર :—જેમ નાગણી પોતાના ઈંડાના સમૂહને મારે છે, તે જ પ્રકારે ભર્તાર (પોષક અર્થાત્ પોષણ કરવાવાળા), સેનાપતિ (રાજા)ને અને 'પ્રશાસ્તાર' અર્થાત્ પ્રધાન અથવા ધર્મ પાઠકને જો કોઈ મારે તો તે મહામોહનીય-કર્મ ઉપાર્જન કરે છે. કેમકે એમના મૃત્યુથી ઘણા જીવો દુ:ખી થાય છે. એટલે તે મહામોહનીય કર્મના ભાગી બને છે. ભર્તારનો અર્થ 'અભયદેવ સૂરી' એ પતિ ન કરીને 'પોષક' કર્યો છે અને તે ઠીક લાગે છે.

પ્રશ્ન ૯૨૨ :—દશમા વ્રતમાં કહીયે છીયે-"જેટલી ભૂમિની મર્યાદા રાખી હોય, તેના ઉપરાંત સ્વેચ્છાથી જઇને પાંચ આશ્રવ સેવવાના પચ્ચખાણ" તો તે મર્યાદિત ભૂમિમાં આશ્રવ સેવન કરી શકાય છે શું ? પૌષધના પચ્ચખાણ કરવા સમયે પણ આ જ રીતે કહેવાય છે.

ઉત્તર :—દરરોજ ૧૪ નિયમ ધારણ કરવાને પણ દશમું વ્રત કહેવાય છે, તેમાં મર્યાદિત ભૂમિ ઉપરાંતનો ત્યાગ હોય છે. અને જે ઉપવાસ કરીને પૌષધ કરે છે, એમજ દયા અને સંવર કરે છે, તેને "જેટલી ભૂમિની મર્યાદા કરી છે, તેની અંદર તથા બહાર પાંચ આશ્રવ સેવવાના ત્યાગ-આ પ્રકારે કરાવવા જોઈએ.

પ્રશ્ન ૯૨૩ :—ચક્રવર્તીઓ તથા વાસુદેવોને કેટલી સ્ત્રીઓ હોય છે ?

ઉત્તર :—પ્રશ્ન વ્યાકરણ અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ચક્રવર્તીને ૬૪ હજાર સ્ત્રીઓ

બતાવી છે. જ્ઞાતાધર્મ-કથાંગમાં વાસુદેવને ૩૨ હજાર 'સ્ત્રીઓ' બતાવેલ છે, તથા અંતકૃતદશા અને પ્રશ્ન વ્યાકરણમાં ૧૬ હજાર દેવી બતાવી છે.

અહિંયા વાસુદેવને ૧૬ હજાર સ્ત્રિઓ મોટા રાજાઓની કન્યાની અપેક્ષાએ બતાવીને શેષ ૧૬ હજાર નાના રાજાઓની કન્યાને ન ગણી હોય, અથવા દેવી રૂપ સ્ત્રિઓ ૧૬ હજાર અને શેષ ૧૬ હજાર સાધારણ સ્ત્રિઓ ગણી હોય એવો સંભવ છે.

પ્રશ્ન ૯૨૪ :—આર્દ્ર કુમાર જિન-પ્રતિમા જોઈને બોધી-બીજ પામ્યા એવું એક સ્થળે જોયું છે. આ કયાં સુધી સાચું છે?

ઉત્તર :—આર્દ્રકુમાર ને જિન-પ્રતિમાની વાત કથામાં છે, એથી પ્રામાણિક નથી.

પ્રશ્ન ૯૨૫ :—નવકારસી, રાતના ૧૨ વાગ્યાથી સૂર્ય ઉદય સુધી પાળવા વાળાને હોય છે, કે સૂર્ય ઉદયથી ૪૮ મિનિટ સુધી પાળવા વાળાને હોય છે?

ઉત્તર :—ચોવિહાર કરવાવાળા, અર્ધિરાતથી સવાર સુધી ચોવિહાર કરવાવાળા અને ચોવિહાર ન કરવાવાળા આ બધા નવકારસી કરી શકે છે. સૂર્યોદયથી એક મુહુર્ત દિવસ આવવા સુધીના વિચારે આ પ્રત્યાખ્યાન કરાય છે. અથવા બીજો અર્થ નીચે પ્રકારે સાંભળ્યો છે. પૂરો કે થોડો ચોવિહાર રાખવાવાળા, સૂર્યોદય પછી એક નવકાર મંત્ર બોલે ત્યાં સુધીના પ્રત્યાખ્યાનના વિચારને પણ 'નમોકારસી' કહેવાય છે.

પ્રશ્ન ૯૨૬ :—સ્ત્રીના ૧૬ શણગારમાંથી ૬, ૯, ૧૨ નો અર્થ અને ૧૫નો મૂળ પાઠ શું છે?

ઉત્તર :—સ્ત્રીનો ૬ઠો શણગાર 'કુંડળ-કાનનું આભૂષણ, નવમો અવાજવાળા-'નેપૂર' ૧૨ મો, બિંદિઓની (લલાટાદિ ઉપર) શ્રેણી, અને ૧૫ મો "कर कंगन" સમજવો.

પ્રશ્ન ૯૨૭ :—દેવસી અને રાયસી પ્રતિક્રમણ આદિની આજ્ઞા લેતી વખતે ત્યાં કોઇ સાધુ-મુનિરાજ ન હોય, તો શ્રી સીમન્ધર સ્વામીની આજ્ઞા લઈ શકે છે કે નહિ?

ઉત્તર :—પ્રતિક્રમણની આજ્ઞા, જેનું શાસન હોય તેની લેવી જોઈએ. જો કોઇ શ્રી સીમંધર સ્વામીજીની લ્યે, તો કોઇ વાંધા જેવી વાત નથી. એક અરિહંતની આજ્ઞાનો આરાધક બધા અરિહંતોની આજ્ઞાનો આરાધક થાય છે એથી શ્રી સીમંધર સ્વામીની આજ્ઞા પણ લઈ શકે છે.

શંકા :—એક અરિહંતનો આરાધક બધા અરિહંતનો આરાધક થાય છે, પરંતુ બીજો પ્રશ્ન અહિ આ છે કે, પાર્શ્વનાથ પ્રભુનાં શિષ્ય ભગવાન મહાવીરની આજ્ઞામાં આવ્યા વિના કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે કે નહિ? જો હાં, તો પછી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ માં અધ્યયનમાં મહામુનિ શ્રી કેશી સ્વામી, પ્રભુ મહાવીરના પાંચ મહાવ્રત કેમ અંગીકાર

કરે છે? વાસ્તવમાં વાત આરાધક-વિરાધકની નહિ, પરંતુ શાસન સંબંધી આજ્ઞાનો પ્રશ્ન છે. બીજી તરફ પ્રભુ મહાવીરના શાસનનો નિવાસી શ્રી સીમંધર સ્વામીની આજ્ઞા પ્રાપ્ત કેમ કરી શકે? કેમકે શાસન પરિવર્તન સાથે કાળ પરિવર્તન પણ થાય છે, ભારતની સંધ્યા ત્યાંની પ્રાતઃ (ઉષા) છે.

સમાધાન :—એકાંત આવી વાત નથી કે પાર્શ્વનાથ પ્રભુના શિષ્યને મહાવીરની આજ્ઞામાં આવ્યા વગર કેવળજ્ઞાન થતું નથી. તેને તેનો સંયોગ મળે તો તે કષાયવશ અલગ રહેતા નથી, જો રહી જાય તો કેવળજ્ઞાન થતું નથી. જો સહજ સ્વાભાવિક દૂરી આદિના કારણે મળી ન શકે; તો અલગ રહેવા છતાં પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થવામાં કોઈ વાંધો નથી. કાળ-પરિવર્તન હોય તો પણ પ્રતિક્રમણની આજ્ઞા લેવામાં કોઈ વાંધો નથી આવી શકતો. જેમ ભરત ક્ષેત્રનો સાધુ આહાર-વિહાર, રાઈસી-દેવસી પ્રતિક્રમણ આદિનો હિસાબ અહિંના દિવસ-રાત્રિને ધ્યાનમાં રાખીને કરે છે. આ જ સાધુને જો કોઈ દેવ સંહરણ કરીને મહા-વિદેહમાં લઈ જાય, તો તે જ સાધુ ત્યાં મહાવિદેહના દિવસ-રાતના હિસાબે આહાર-વિહાર, રાયસી-દેવસી પ્રતિક્રમણ આદિ કરશે ત્યાં તે સાધુ અહિંની આજ્ઞા લેશે, તો કાળ પરિવર્તન થશે જ, અન્યથા ત્યાનાં શાસન વાળાની આજ્ઞા લેવી પડશે. એથી ઉપરોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે સીમંધર સ્વામીજીની આજ્ઞા લઈ લ્યે તો કોઈ આપત્તિ જેવી વાત નથી. (કોઈ વાંધો નથી.)

પ્રશ્ન ૯૨૮ :—૭ લાખ પૃથ્વી આદિ જે ૮૪ લાખ જીવાયોનિ છે, તેમાં જીવોના ભેદ આદિ કેટલા-કેટલા લાખ હોય છે? તેની પૂરી સંખ્યા કેટલી છે?

ઉત્તર :—સંજ્ઞા અને કષાય બધામાં ચાર-ચાર હોવાથી સર્વત્ર ૪-૪ ગુણા કરવાથી ૩ કરોડ ૩૬ લાખ જ સંજ્ઞા અને એટલા જ કષાયના બોલોની સંખ્યા થશે. સાકાર અને અનાકાર, બે ઉપયોગ તથા સમોહિયા અને અસમોહિયા એ, બે મરણ બધામાં હોવાથી ૧ કરોડ ૬૮ લાખ સમજવા. લંગડાં (પાંગળા) એકેન્દ્રિય છે. એથી બાવન લાખ સમજવા,

પ્રશ્ન ૯૨૯ :—આલૂ, ડુંગળી, લસણુને અનંત જીવોનો પિંડ કહ્યો છે. એક આલૂમાં કેટલા જીવ છે, તો એક જીવની પાછળ ત્રણ-ત્રણ શરીર અલગ-અલગ માનવા કે બધા જીવોનું એક જ શરીર માનવું?

ઉત્તર :—સાધારણ વનસ્પતિના અનંત જીવો મળીને એક ઔદારિક શરીર બાંધે છે. એવા અસંખ્ય ઔદારીક શરીર મળે ત્યારે બાદર (આલૂ, ડુંગળી, લસણુ, કાંદા, આદિ) અનંત કાયનો અંશ દ્રષ્ટિગત થઈ શકે છે, (જોઈ શકાય છે.) પરંતુ સૂક્ષ્મ અનંત-સૂક્ષ્મ અનંત કાયના શરીર તો દેખાતા જ નથી અને બાદર અનંતકાય (આલૂ આદિ) નો જે નાનામાં નાનો ટુકડો દેખાય છે, તેમાં અસંખ્ય ઔદારીક શરીર અને અનેક

ઔદારિક શરીરમાં અનંત જીવ હોય છે. તૈજસ અને કાર્મણ શરીર તો બધા જીવોના અલગ–અલગ છે.

અનંત જીવોનું એક ઔદારિક શરીર હોવાથી પ્રત્યેક જીવનું સ્વતંત્ર રૂપે પૂરૂં ઔદારિક શરીર ન હોવા છતાં પણ અંશ રૂપે તો ઔદારિક શરીક બધાને હોય છે જ. જેટલા જીવ એક ઔદારિક શરીરમાં હોય છે, તેટલા બધાય જીવ, તે શરીરના હિસ્સાદાર હોવાથી બધાને ઔદારિક શરીર મનાય છે. એથી ઔદારિકનો અંશ હોવા છતાં પણ તે એક–એક જીવને ત્રણ–ત્રણ શરીર ગણવા જોઈએ.

પ્રશ્ન ૯૩૦:—કંદમૂળનું શાક લેવામાં મુનિરાજની વ્યવહાર દૃષ્ટિએ શોભા રહેતી નથી. કેટલાક ગૃહસ્થ કહે છે કે અમો પણ કંદમૂળ કામમાં લેતા નથી, ત્યારે મુનિરાજ કેમ વ્હોરે છે? જો આ દૃષ્ટિએ કોઈ જિજ્ઞાસુ મુનિરાજ કહે કે—"વિગય કામમાં લઇ લેવા, પરંતુ કંદમૂળનું શાક ન લેવું," તો આમાં શું વાંધો છે? એક મુનિ પાંચ વિગય છોડે છે અને એક મુનિ કંદમૂળ છોડે છે, તો જૈન સિદ્ધાંતની દૃષ્ટિથી વિશેપ મહત્વ કોનું છે?

ઉત્તર:—"कंदे मूले य सच्चित्ते" આ પદથી કંદમૂળાદિ સચેત ગ્રહણ કરવું સાધુ માટે સર્વથા નિષેધ છે, સૂંઠ, હળદરની જેમ અચેત તો નથી. જ્યાં લોકોપવાદનું કારણ દેખાતું હોય, તો ત્યાં અપવાદ કરવા વાળાને સમજાવવા તથા અચેત (કંદમૂળાદિના સાક)ને પણ ત્યાગી દેવા જોઈયે. વિગય અને અનંતકાયનું સાક, આ બન્નેમાંથી જે સાધુ ને જે વસ્તુ અધિક પ્રિય હોય, તેને જ ભાવ પૂર્વક છોડવાથી વધારે લાભ થશે, આ સ્વાભાવિક વાત છે. સાધારણ રૂપે સાકથી પણ વિગયનો ત્યાગ કરવો વધારે કઠણ લાગે છે.

પ્રશ્ન ૯૩૧ :—કોઈ શ્રાવક ઉચિત પરિસ્થિતિ અને આવશ્યકતાને જોઇને મુનિને સદોપ આહાર દે છે, તો તેને પુણ્ય, પાપ કે નિર્જરા થાય છે? અમારી પરંપરા તો કહે છે કે સદોપ આહારનો દાતા, ગર્ભમાં કપાઈ, કપાઈને મરે છે. બીજી તરફ ભગવતી સૂત્રમાં (શ. ૮ ઉ. ૬) એવા દાતા માટે અલ્પ પાપ અને બહુ નિર્જરાનો પાઠ છે. તો પછી પરંપરા અને શાસ્ત્ર ટકરાશે નહિ? આ પરંપરાનું નિર્માણ કેમ થયું? શું કોઈ શાસ્ત્રીય પાઠ તેનું સમર્થન કરે છે? જો હા, તો તેનો વિવરણ સહિત ઉલ્લેખ કરશો?

ઉત્તર:—ભગવતી શ. ૫ ઉ. ૬માં તથા ઠાણુંગ ઠા. ૩ ઉ. ૧માં અપ્રાસુક, અનેષણિય આહારાદિ 'श्रमण, माहण'ને દેવાથી જીવોને અલ્પ આયુષ્ય કર્મનો બંધ બતાવેલ છે.

સાધુના માટે આધાકર્માદિ દોષ યુક્ત આહારાદિ વસ્તુનો આગમમાં સર્વત્ર નિષેધ છે, કારણ અવસ્થામાં પણ લેવાની આજ્ઞા નથી. (વિશેપ ખુલાશો પ્રશ્ન ૯૦૯માં જુઓ)

પ્રશ્ન ૯૩૨ :—કૃષ્ણ લેશ્યામાં જીવના ભેદ કેટલા અને કયા કયા છે ?

ઉત્તર :—કૃષ્ણ લેશ્યામાં જીવના ૪૫૯ ભેદ આ પ્રકારે છે-પાંચમી, છઠી, અને સાતમી, ત્રણ નરકોના પર્યાપ્તા, અને અપર્યાપ્ત આ ૬ ભેદ નરકના, તિર્યંચના ૪૮, મનુષ્યના ૩૦૩ અને દેવોના ૧૦૨ (પચીસ ભવનપતિ-અસુરકુમારાદિ ૧૦ ભવનપતિ, અને ૧૫ પરમાધામી, પિશાચાદિ ૧૬ વાણવ્યંતર અને ૧૦ જૃંભક કુલ ૫૧ના પર્યાપ્તા અને અપર્યાપ્તા) આ રીતે કુલ ૪૫૯ ભેદ થયા.

(ભગવતી શ. ૩ ઉ. ૭માં પરમાધાર્મિક દેવોની અને ૧૪મા શ. ના ૮મા ઉદ્દેશામાં જૃંભક દેવોની સ્થિતિ એક પલ્યોપમની બતાવી છે તે એક પલ્યોપમની સ્થિતિની અપેક્ષાએ તો પરમાધાર્મિક અને જૃંભક દેવોમાં એક તેજો લેશ્યા જ હોય છે. બીજી (કૃષ્ણાદિ ત્રણ) નહિ. પરંતુ તેના પરિવારભૂત અને આભિયોગિક દેવ નાની (પલ્યોપમના અસંખ્યાતમા ભાગની) સ્થિતિના હોય, તો તેમાં કૃષ્ણાદિ ત્રણ લેશ્યા હોઈ શકે છે.

પ્રશ્ન ૯૩૩ :—નીલ લેશ્યામાં જીવના કેટલા અને કયા કયા ભેદ હોય છે ?

ઉત્તર :—નીલ લેશ્યામાં પણ ૪૫૯ ભેદ છે જેમાં ત્રીજી, ચોથી અને પાંચમી નરકના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ૬ ભેદ નરકના, શેષ બધા ભેદ કૃષ્ણ લેશ્યા અનુસારે સમજવા જોઈએ.

પ્રશ્ન ૯૩૪ :—કાપોત લેશ્યામાં જીવના ભેદ કેટલા અને કયા કયા છે ?

ઉત્તર :—કાપોત લેશ્યામાં પણ ૪૫૯ ભેદ છે, જેમાં પહેલી, બીજી અને ત્રીજી નરકના પર્યાપ્તા અને અપર્યાપ્તા, એમ ૬ ભેદ નરકના, શેષ બધા ભેદ કૃષ્ણ લેશ્યા અનુસારે સમજવા જોઇએ.

પ્રશ્ન ૯૩૫ :—તેજો લેશ્યામાં જીવના કેટલા અને કયા કયા ભેદ છે ?

ઉત્તર :—તેજો લેશ્યામાં ૩૪૩ ભેદ છે. તે આ પ્રકારે છે, બાદર પૃથ્વી, પાણી અને વનસ્પતિકાયના અપર્યાપ્તા અને સંજ્ઞી તિર્યંચના ૧૦ અને ૧૩ ભેદ તિર્યંચના, ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા અને અપર્યાપ્ત એમ ૨૦૨ મનુષ્યના, ૨૫ ભવન પતિ, ૨૬ વાણ-વ્યંતર, ૧૦ જ્યોતિષી, પહેલું, બીજું દેવલોક અને પહેલું કિલ્વિષી, આ ૬૪ દેવોના પર્યાપ્તા અને અપર્યાપ્તા, આ રીતે ૧૨૮ ભેદ દેવોના કુલ ૩૪૩ ભેદ થયા.

પ્રશ્ન ૯૩૬ :—પદ્મ લેશીમાં જીવના કેટલા અને કયા કયા ભેદ છે ?

ઉત્તર :—પદ્મલેશીમાં ૬૬ ભેદ છે. તે આ પ્રકારે છે-૧૦ સંજ્ઞી તિર્યંચના, ૩૦ કર્મભૂમિ મનુષ્યના, બીજું કિલ્વિષી, ત્રીજું, ચોથું, અને પાંચમું દેવલોક, તથા ૯ લોકાંતિક, આ ૧૩ દેવોના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ૨૬ ભેદ થયા. કુલ ૬૬.

પ્રશ્ન ૯૩૭ :—વૈક્રિય શરીરમાં જીવના ભેદ કેટલા અને કયા કયા છે ?

ઉત્તર :—વૈક્રિય શરીરમાં જીવના ૨૩૩ ભેદ છે. તે આ રીતે છે–નરકના ૧૪, બાદર વાયુકાય ૧, અને ૫ સંજ્ઞીતિર્યંચ, આ ૬ ના પર્યાપ્તા, ૧૫ કર્મ–ભૂમિ મનુષ્યના પર્યાપ્તા અને ૧૯૮ દેવતાના આ ૨૩૩ ભેદ છે.

પ્રશ્ન ૯૩૮ :—બે કોશથી દૂર આહાર ન લઈ જવાનો નિયમ છે, આની પાછળ શું રહસ્ય છે? શું ભૂમિ–પરિવર્તનથી તે આહાર સદોષ થઈ ગયો?

આહારના વિષયમાં પહેલા પહોર અને ચોથા પહોરની મર્યાદાનો શો ઉદ્દેશ્ય છે? પહેલા પહોરની વસ્તુ ચોથા પહોરમાં સચેત થઈ ગઈ? જો એવું હોય તો ગૃહસ્થના ઘરમાં રહેવા પર જીવ ન આવ્યા અને પાત્રમાં કેમ આવી ગયા? ઔષધ વગેરે ચોથા પહોરમાં ગૃહસ્થની આજ્ઞા લઈને લેવાય છે. જો આહાર પણ આજ્ઞા લઈને ઉપયોગમાં લેવાય તો શું હાનિ થશે?

ઉત્તર :—સાધુ પરિગ્રહનો પૂર્ણ ત્યાગી હોય છે. તે ત્યાગની સુરક્ષા માટે પ્રભુએ અનેક મર્યાદાઓ બતાવી છે. તેમાં આ પણ બતાવેલ છે કે બે કોશ (માઈલ) ઉપરાંત આહાર, ઔષધ આદિ લઈ જવા નહિ અને ત્રણ પહોર ઉપરાંત રાખવા પણ નહિ. (અતિ આવશ્યક કારણે ચોથા પહોરમાં કામ લેવાનું બૃહત્કલ્પના ૫ મા ઉદ્દેશામાં બતાવ્યું છે.)

આ મર્યાદાઓ ક્ષેત્ર, કાળ સંબંધી સંગ્રહ બુદ્ધિની રોધક (અટકાવવા વાળી) હોવાથી અપરિગ્રહ વ્રતની પોષક છે. આ મર્યાદાઓ તૂટવાથી ૫ મા મહાવ્રતનો ભંગ અને પ્રભુઆજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. પ્રશ્નમાં કહેલ બન્ને વાતોની ખાસ રૂકાવટ (અટકાયત)માં જીવોત્પત્તિનું કારણ ન સમજવું પણ પૂર્વકથિત કારણ સમજવું જોઈએ.

ઔષધાદિને ચોથા પહોરમાં ગૃહસ્થાદિની આજ્ઞા લઈને કામમાં લેવું, આ પણ પ્રમાદ (શિથિલતા) છે, તો પછી આહાર આજ્ઞા લઈને કામમાં કેમ લઈ શકાય?

શાસ્ત્રાનુસાર ઔષધાદિ પણ ત્રણ ત્રણ પહોર જ રાખવા, પાછી આવશ્યકતા હોય, તો, બીજા પહોરાદિમાં લઈ આવવું, પરંતુ આજ્ઞા ન બદલવી, એ જ હિતકર છે.

પ્રશ્ન ૯૩૯ :—સાંભળીયે છીયે કે પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં કોઈ ગૃહસ્થ, કોઈ સાધુના ઉદ્દેશ્યથી ભોજન બનાવે છે, અને જે સાધુને ઉદ્દેશ્ય કરીને બનાવ્યું છે, તેને જ્ઞાન થઈ જાય, તો તે લે નહિ, પરંતુ બીજા સાધુ લે, તો તેને ઔદ્દેશિક દોષ લાગતો નથી. શું આ શાસ્ત્ર સંમત છે? જો છે, તો પછી ભગવાન મહાવીરે પોતાના સાધુઓને ઔદ્દેશિક આહાર માટે કેમ નિષેધ કર્યો?

ઉત્તર :—પ્રત્યેક ઉત્સર્પિણી અવસર્પિણીના પ્રથમ અને ચરમ તીર્થંકરોના સાધુ

ક્રમશઃ ઋજુજડ અને વક્ર જડ હોવાના કારણે મધ્યમ ૨૨ તીર્થંકરોના તથા મહાવિદેહના સાધુઓની અપેક્ષાએ આનો કલ્પ કંઇક વિશેષ રૂપે અલગ બતાવ્યો છે. તે અનુસારે પાર્શ્વનાથ ભગવાનના સાધુઓના કલ્પમાં ઉદ્દેશિક આહારાદિ બંધ નથી, પરંતુ મહાવીર ભગવાનના સાધુઓના કલ્પમાં બંધ હોય છે. ઔદ્દેશિક આહારાદિની રૂકાવટ કરવી, ન કરવી વગેરે બધી કલ્પ વ્યવસ્થા સાધુઓના ભાવની પરિસ્થિતિને જોઈને જ તીર્થંકરોએ તેની યોગ્યતા અનુસારે કરી છે. એથી તે અનુસાર વર્તવું જ શ્રેયસ્કર છે.

પ્રશ્ન ૯૪૦ :—ચોવિહારી મુનિ સંધ્યા પ્રતિક્રમણમાં અને અન્ય સાધુ પ્રતિદિન રાત્રી પ્રતિક્રમણમાં જો "गोचरग्ग चरिया" નો પાઠ ન બોલે તો શું હાનિ છે? ત્યાં આહાર જ નથી, તો પછી આલોચના શેની?

ઉત્તર :—ચોવિહારી મુનિ અન્ય સાધુ માટે ગોચરી જઇ શકે છે અને દિવસે કે રાત્રે ગોચરી સંબંધી સ્વપ્ન આવ્યું હોય, અને અન્ય કોઈ ખાન-પાન ગોચરી સંબંધી સંકલ્પાદિ ઉત્પન્ન થયા હોય, ઇત્યાદિ કારણોથી "गोयरग्ग चरिया"નો પાઠ બોલવો જ ઠીક છે. આ વાત પણ છે જેમ સંથારો ન હોવા છતાં પણ પ્રતિક્રમણનો ક્રમ બધાનો સમાન રાખવો, સાધારણ બુદ્ધિવાળાને માથાકૂટમાં ન પાડવા અને ભાવ-વિશુદ્ધિ રાખવી, ઇત્યાદિ કારણોથી સંલેખના આદિનો પાઠ બોલવો જરૂરી છે, તે જ રીતે "गोयरग्ग चरिया" આદિનો પાઠ પણ બોલવો જરૂરી છે.

પ્રશ્ન ૯૪૧ :—જીવ અપર્યાપ્ત અવસ્થામાં મરે છે કે નહિ? અપર્યાપ્ત અવસ્થાની સ્થિતિ કેટલી? એક-એક પર્યાપ્તિ બાંધવામાં તેને કેટલો સમય લાગે છે?

ઉત્તર :—જીવ અપર્યાપ્ત અવસ્થામાં મરે છે, પરંતુ ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલા નહિ. અપર્યાપ્ત અવસ્થાની સ્થિતિ અંતર્મુહુર્તની હોય છે. કોઈ આહાર પર્યાપ્તિ બાંધવામાં ૧૭૬ આવલિકા લાગવાનું કહે છે, પરંતુ આગમ અનુસારે તો એક સમય જ લાગે છે. શેષ પર્યાપ્તિ બાંધવાનો સમય બત્રીસ-બત્રીસ આવલિકા કહે છે, પરંતુ આગમ અનુસારે અસંખ્ય સમયનો અંતર્મુહુર્ત એક-એક પર્યાપ્તિ બાંધવામાં લાગે છે. કેમકે આહાર પર્યાપ્તિના સિવાય શેષ પર્યાપ્તિ બાંધવાનો સમય બધા જીવોનો એક સરખો હોતો નથી. બધી પર્યાપ્તિ બાંધવાના સમયને મેળવવા પર પણ અંતર્મુહુર્ત જ થાય છે. જેટલી પર્યાપ્તિ બાંધવી હોય, તેટલી પર્યાપ્તિ સાથે જ ચાલુ કરે છે.

પ્રશ્ન ૯૪૨ :—અચિત-મહાસ્કંધ શું છે? તેની લંબાઇ, પહોળાઈ અને સ્થિતિ કેટલી છે?

ઉત્તર :—કેવળી-સમુદ્ઘાતમાં આઠ સમય લાગે છે, જેમાંથી ચોથા સમયે કેવળી સમુદ્ઘાત વાળા જીવોના પ્રદેશ સંપૂર્ણ લોક-વ્યાપી થઈ જાય છે. એથી અચિત મહા-

સ્કંધની લંબાઈ પહોળાઈ સંપૂર્ણ લોક જેવડી અને સ્થિતિ એક સમયની છે. કેમકે ચોથા સમયની પહેલા અને પછી તેના પ્રદેશ સંપૂર્ણ લોક વ્યાપી હોતા નથી. એથી મોટામાં મોટો સચિત મહાસ્કંધ તે જ છે.

પ્રશ્ન ૯૪૩ :—પ્રસૂતિ થવા પર શું અસજ્ઝાય મનાય ? જો હા, તો તે કેટલા દિવસ સુધી અને કેટલા ઘરોના અંતર સુધી મનાય ? શું તેના માટે શાસ્ત્રીય પ્રમાણ પણ છે ?

ઉત્તર :—પુત્રી-જન્મની આઠ દિવસ અને પુત્ર-જન્મની સાત દિવસની ૧૦૦ હાથ દૂર સુધી અસજ્ઝાય ઠાણાંગ ઠા. ૧૦ ની ટીકા અને અર્થમાં બતાવી છે. રાજ-માર્ગ વચ્ચમાં ન હોય, તો ૭ ઘર સુધી પ્રસૂતિની અસજ્ઝાય માનવી-એવું વૃદ્ધોનું કથન છે.

પ્રશ્ન ૯૪૪ :—અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, જઘન્ય અવગાહના આંગુળનાં અસંખ્યાતમા ભાગ વાળાની, જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ?

ઉત્તર :—આંગુળના અસંખ્યાતમા ભાગની અવગાહના વાળા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની જઘન્ય સ્થિતિ, અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વની હોય છે. આ વાત ભ. શ. ૨૪ મા થી સ્પષ્ટ છે.

પ્રશ્ન ૯૪૫ :—અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ક્રોડ-પૂર્વના આયુષ્ય વાળાની જઘન્ય-ઉત્કૃષ્ટ અવગાહના કેટલી ?

ઉત્તર :—ક્રોડ-પૂર્વના આયુષ્યવાળા અસંજ્ઞી-તિર્યંચ પંચેન્દ્રિયની અવગાહના જઘન્ય આંગુળના અસંખ્યાતમાં ભાગની અને ઉત્કૃષ્ટ એક હજાર યોજનની છે. આ પણ ૨૪ મા શતકથી સ્પષ્ટ છે.

પ્રશ્ન ૯૪૬ :—પ્રત્યેક વનસ્પતિની જ. અંગુલના અસંખ્યાતમા ભાગ-વાળાની જ. ઉ. સ્થિતિ કેટલી છે ?

ઉત્તર :—આંગુળના અસંખ્યાતમા ભાગની અવગાહના વાળી પ્રત્યેક વનસ્પતિની સ્થિતિ જ. અંતર્મુહુર્ત ઉ. ૧૦ હજાર વર્ષની પણ ૨૪ મા શતકથી સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન ૯૪૭ :—જે વનસ્પતિની ઉ. અવગાહના ૧૦૦૦ યોજનથી જાજેરી છે, તેની જ. સ્થિતિ કેટલી ?

ઉત્તર :—એક હજાર યોજન જાજેરી અવગાહના વાળી વનસ્પતિ-કાયની મધ્યમ અને ઉ. સ્થિતિ હોઈ શકે છે. જઘન્ય નહિ. આ ખુલાસો ૨૪ મા શતકથી મળે છે, પરંતુ હજાર યોજન જાજેરી અવગાહનાવાળાની જ. સ્થિતિ કેટલી હોય છે, આ ધ્યાનમાં નથી,

પ્રશ્ન ૯૪૮ :—જીવના ત્રણ ભેદ, ગુણસ્થાન ૩, યોગ ૩, ઉપયોગ ૩ અને લેશ્યા ૩ કયાં મળે છે ?

ઉત્તર :—અનાકાર ઉપયોગી કાયયોગી શાશ્વત દૃષ્ટિવાળા નરકમાં

પ્રશ્ન ૯૪૯ :—જીવને, ૧ ગુણસ્થાન, ૧ યોગ, ૧ ઉપયોગ, અને ૧ લેશ્યા કયાં મળે છે ?

ઉત્તર :—લોક પ્રમાણ અવગાહના વાળા સાકાર ઉપયોગીમાં અર્થાત્ સાકાર ઉપયોગી સચિત-મહાસ્કંધમાં.

પ્રશ્ન ૯૫૦ :—ક્રિયાવાદી મનુષ્ય અને તિર્યંચ, ક્રિયાવાદી અવસ્થામાં આયુષ્ય બાંધે તો કઈ ગતિનું ?

ઉત્તર :—તે આયુષ્ય તો કેવળ દેવગતિનું જ બાંધી શકે છે. દેવગતિમાં પણ એક વૈમાનિકનું જ. આનું સ્પષ્ટીકરણ ભ. ઉ. ૩૦ આદિમાં છે.

પ્રશ્ન ૯૫૧ :—આકાશમાં પાણીના જામેલા ગર્ભની સ્થિતિ ચાલે છે. જઘન્ય સ્થિતિ એક સમયની ઉ. ૬ મહિનાની, આ સ્થિતિ કોની છે ?

ઉત્તર :—કાલાંતરે પાણી વર્ષવાના હેતુ રૂપે જે પુદ્ગલોનું પરિણમન થયું હોય, તેને 'ઉદક ગર્ભ' કહે છે. તે પુદ્ગલ તે રૂપે એક સમયથી લઈને ૬ મહિના સુધી રહી શકે છે. એથી આ સ્થિતિ તે રૂપે રહેલ પુદ્ગલની સમજવી.

પ્રશ્ન ૯૫૨ :—૭૯ મા સમવાયાંગમાં-છઠ્ઠી પૃથ્વી (નરક)ના મધ્યભાગથી છઠ્ઠી ઘનોદધિનું નીચેનું ચરમાંત ૭૯ હજાર યોજન દૂર બતાવ્યું છે. હિસાબ કરવાથી ૭૮ હજાર યોજન જ થાય છે. આ અંતર કેમ છે ?

ઉત્તર :—ઈસીપબ્ભારા (ઈષત્ પ્રાગ્ભાર) પૃથ્વી સહિત ૮ પૃથ્વી પણ સૂત્રોમાં બતાવી છે. ઈષત્ પ્રાગ્ભાર પૃથ્વીથી ગણવાથી જે પાંચમી નરક છે, તે છઠ્ઠી પૃથ્વી થઈ જાય છે. પાંચમી નરકના પૃથ્વીપિંડની જાડાઈ એક લાખ ૧૮ હજાર યોજનની છે. આના મધ્ય-ભાગથી આના ઘનોદધિનું નીચેનું ચરમાંત બરાબર બેસી જાય છે. આ પ્રકારે સાંભળ્યું છે. તથા ટીકાકારે પણ "पंचमीमाश्रित्येदं सूत्रमवसेयं" આ પ્રકારે કહ્યું છે.

પ્રશ્ન ૯૫૩ :—એક ભવમાં તથા અનેક ભવમાં ગુણસ્થાન કેટલી-વાર આવે અને જાય ?

ઉત્તર :—એક ભવમાં ગુણસ્થાનક-૧, ૩, ૪ અને ૫મું. જ. ૧ ઉ. પ્રત્યેક હજારવાર, બીજું અને અગીયારમું. જ. ૧ ઉ. ૨ વાર, ૬ અને ૭મું. જ. ૧ ઉ. પ્રત્યેક સો વાર, ૮, ૯, ૧૦મું. જ. ૧ ઉ. ૪ વાર આવી શકે છે. અને ૧૨, ૧૩, અને ૧૪મું જ. ઉ. ૧=૨ ૧ ભવમાં જ અને એકવાર જ આવી શકે છે. અનેક ભવમાં નહિ.

અનેક ભવમાં ગુણ સ્થાનક—૧,૩,૪, અને ૫ મું. જ.૨ ઉ. અસંખ્યાત વાર, બીજું જ. બે વાર ઉ. પાંચ વાર, ૬ અને ૭ મું. જ.૨ ઉ. પ્રત્યેક હજારવાર, ૮,૯, અને ૧૦મું. જ. ૨ ઉ.૯ વાર, ૧૧મું. જ.૨ વાર ઉ.૪ વાર આવી શકે છે.

પ્રશ્ન ૯૫૪ :—૮ આત્મામાં રૂપી કેટલા અને અરૂપી કેટલા ?

ઉત્તર :—૮ આત્મામાંથી કષાય અને યોગ–આ બે રૂપી અને શેષ ૬ અરૂપી છે.

પ્રશ્ન ૯૫૫ :—પ્રત્યેક ગુણસ્થાનમાં ક્રમશઃ જ. ઉ. કેટલા ઉત્પન્ન થાય છે ?

ઉત્તર :—પહેલાથી પાંચમાં ગુણસ્થાન સુધી એક સમયમાં નવા જીવ જ.૧ ઉ. અસંખ્યાતા, ૬,૭મા ગુણસ્થાનમાં જ. ૧ ઉ. પ્રત્યેક હજાર, ૮,૯,૧૦માં ગુણસ્થાનમાં જ.૧ ઉ. ૧૬૨, ૧૧મા ગુણસ્થાનમાં જ. ૧ ઉ. ૫૪, ૧૨,૧૩મા ગુણસ્થાનમાં જ.૧ ઉ. ૧૦૮.

પ્રશ્ન ૯૫૬ :—પ્રત્યેક ગુણસ્થાનમાં સમયે સમયે કેટલા જીવ પૂર્વ પ્રતિપન્ન મળે ?

ઉત્તર :—પહેલા ગુ. માં જ. ઉ. અનંત જીવ મળે, ૨,૩.માં જ.૧ ઉ. પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય જેટલા અસંખ્યાતા જીવ મળી શકે છે. ૪,૫મામાં જ. ઉ. પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય જેટલા, ૬ઠ્ઠામાં જ. ઉ. પ્રત્યેક હજાર ક્રોડ, ૭મામાં જ. ૧ ઉ. પ્રત્યેક સો ક્રોઠ તથા કોઈ ૭મામાં જ. ઉ. પ્રત્યેક સો ક્રોડ કહે છે. ૮માંથી ૧૨માં સુધી જ.૧ ઉ. પ્રત્યેક સો, ૧૩મામાં જ. ઉ. પ્રત્યેક ક્રોઠ, ૧૪મામાં જ. ૧ ઉ. પ્રત્યેક સો.

પ્રશ્ન ૯૫૭ :—અભવીમાં ૨૮ લબ્ધિઓમાંથી કેટલી લબ્ધિઓ મળે છે ? ક્રમશઃ નામ નિર્દેશ કરવાની કૃપા કરશોજી.

ઉત્તર :—૨૮ લબ્ધિઓના નામ :—(૧) આમોસહિ ૨, વિપ્પોસહિ ૩, ખેલોસહિ, ૪, જલ્લોસહિ, ૫, સવ્વોસહિ, ૬, સંભિન્નશ્રોત, ૭, અવધિ (સી અને ઉંધીધી બન્ને) ૮, ઋજુમતિ, ૯, વિપુલમતિ, ૧૦, ચારણ (જંઘાચારણ અને વિદ્યા ચારણ) ૧૧, આસીવિષ ૧૨, કેવળી ૧૩, ગણધર ૧૪, પૂર્વધર ૧૫, અરિહંત ૧૬, ચક્રવર્તી ૧૭, બળદેવ ૧૮, વાસુદેવ ૧૯, ખીર–મધુ–સપ્પિ આસવ ૨૦, કોઠબુદ્ધિ ૨૧, પદાનુસારણી ૨૨, બીજબુદ્ધિ ૨૩, તેજોલેશ્યા ૨૪, આહારક ૨૫, શીતલેશ્યા ૨૬, વૈક્રિય ૨૭, અક્ષીણ મહાણસી અને ૨૮, પુલાક.

આ ૨૮ લબ્ધિઓમાંથી ૬, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૪, અને ૨૮મી આ ૧૩ લબ્ધિઓ અભવીમાં હોતી નથી. શેષ ૧૫ હોય છે.

પ્રશ્ન ૯૫૮ :—ભગવાન્ પાર્શ્વનાથના સાધુ તો દોષ લાગે ત્યારે પ્રતિક્રમણ કરે અને મહાવિદેહના સાધુને કાળે કાળે પ્રતિક્રમણ કરવું અનિવાર્ય

ઉત્તર :—એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાના બે સિદ્ધ થઇ શકે છે, આ વાત ઉત્તરાધ્યયનના ૩૬ મા અધ્યયનના મૂળ પાઠમાં છે. જે ઉત્કૃષ્ટ અવગાહનાના ૧૦૮ સિદ્ધ થાય, આ વાત અચ્છેરાની છે. ૧૦ અચ્છેરા સ્થાનાંગના ૧૦ મા ઠાણામાં બતાવ્યા છે, અઅચ્છેરા અનંત કાળે થાય છે. બાકી સાધારણ રૂપે તો ઉ. અવગાહનાના બેથી વધારે સિદ્ધ થતા નથી.

પ્રશ્ન ૯૬૨ :—પાંચ સ્થાવર મૃષાવાદની ક્રિયા કેવી રીતે કરે છે?

ઉત્તર :—બોલવાની શક્તિનો અભાવ છે, પરંતુ તે મૃષાવાદના ત્યાગી નથી. એથી અવ્રતની અપેક્ષાએ તેને મૃષાવાદ વગેરે બધી જ ક્રિયાઓ લાગે છે.

પ્રશ્ન ૯૬૩ :—સામાયિક, છેદોપસ્થાપનીય, અને પરિહાર વિશુદ્ધિમાં એક વર્ધમાન પરિણામ છે, તો પછી પડિવાઈ કેમ થાય છે? હીયમાન પરિણામ વગર પડીને અસંયમમાં કેવી રીતે આવે છે?

ઉત્તર :—સામાયિક આદિ ત્રણેય ચારિત્રોમાં હીયમાન, વર્ધમાન, અને અવસ્થિત એમ ત્રણેય પરિણામ, ભગવતી શ૦ ૨૫ ઉ. ૭ માં બતાવ્યા છે.

પ્રશ્ન ૯૬૪ :—ઠાણાંગ ઠા. ૪ માં લોકપાલોના નામ છે, તો ભવનપતિના ૨૦ ઈન્દ્ર છે અને દરેક ઈન્દ્રના ૪-૪ લોકપાલ બતાવ્યા છે. અસુરકુમારના બે ઈન્દ્ર છે, તેના લોકપાલ ૮ સમજવા કે ચાર? ચાર નામ બતાવીને પાછા બીજી વાર ચાર નામ તે જ બતાવ્યા છે, તો તે ૨ ઈન્દ્રોના ૮ લોકપાલ સમજવા કે ચાર? એ જ રીતે આગળ નાગકુમાર વગેરેના પણ કેમ સમજવા?

ઉત્તર :—ભવનપતિના ૨૦ અને વૈમાનિકના ૧૦ એમ ૩૦ ઈન્દ્રોમાંથી દરેકના ૪-૪ લોકપાલ છે. અસુરકુમારના બે ઇંદ્રોના આઠ લોકપાલ છે. બન્ને ઈન્દ્રોના લોકપાલોના નામ તે જ છે. એ જ પ્રકારે આગળ પણ સમજવું જોઈએ.

પ્રશ્ન ૯૬૫ :—ઠાણાંગ ઠા. ૪ ઉ. ૩ માં ઔદારિક સિવાય ચાર શરીરને જીવ સ્પર્શે છે, તો કેમ સમજવું?

ઉત્તર :—ઔદારિક શરીર તો જીવ રહિત પણ દેખાય છે, પરંતુ શેષ ચાર શરીર, જીવ વગર (ખાલી શરીર) રહી શકતા નથી અને ન જીવશૂન્ય શરીર દેખાય છે.

[illegible] ૯૬૬ :—ઠાણાંગ ઠા. ૪ ઉ. ૩ માં ૪ પતાલા (૪૫ યોજનના) [illegible] "[illegible] ઢિલ્લિંમિ" છે. તો પહેલા દેવલોકના ઉડુનાગના [illegible] લોકની સીમામાં છે?

[illegible] મધ્યમાં છે. અને તે પહેલા દેવલોકનું [illegible] ના દેવલોકના છે.

[illegible]

પ્રશ્ન ૯૬૭ :—खुड्डिया मोयापडिमा, महल्लिया मोयापडिमा, जवमज्झ–चन्द्रपडिमा, वइर–मज्झ–चन्द्र–पडिमा–**આ કેવી રીતે હોય છે? આમાં તપસ્યા કેવી કરાય છે?**

ઉત્તર :—બન્નેય મોય પડિમા માગસર અથવા અષાઢમાં ધારણ કરી શકાય છે. ગ્રામ આદિની બહાર એકાંતમાં ધારણ કરે છે. ભોજન કરીને ધારણ કરે, તો ૬ ઉપવાસમાં અને ભોજન કર્યા વગર અંગીકાર કરે, તો ૭ ઉપવાસમાં નાની અને ૭ તથા ૮ ઉપવાસમાં મોટી મોય પડિમા પૂરી થાય છે, આ બે પડિમાઓમાં મોય (પાસવણ–પેસાય) ગ્રહણ કરવાની વિધિ છે.

જવ, અને વજ્રમધ્ય–ચંદ્ર–પડિમા પ્રત્યેક મહિનાની હોય છે. એક મહિના સુધી શરીરને ઉપસર્ગોથી બચાવતા નથી.

જવ–મધ્ય ચંદ્ર–પડિમા શુક્લપક્ષી (શુદ) ની એકમથી ચાલુ કરે છે, અને અમાસના દિવસે પૂરી થાય છે. એકમે એક, બીજે બે, યાવત્ પૂનમે પંદર દત્તી ભોજન અને પાણીની લઈ શકાય છે, પછી કૃષ્ણ (વદ) એકમે ૧૪ યાવત્ ચૌદસે એક અને અમાસે ઉપવાસ કરીને સમાપ્ત કરી દે છે.

વજ્ર મધ્ય પણ આ જ પ્રકારે, પરંતુ કૃષ્ણ પક્ષ (વદ) ની એકમેં ચાલુ કરાય છે. એકમે પંદર, બીજે ચૌદ, યાવત્ અમાસે ૧, શુક્લ (શુદ) ની એકમેં ૨, બીજે ૩, યાવત્ ચૌદસે ૧૫ અને પૂનમે ઉપવાસ આ રીતે સંક્ષેપમાં બતાવી છે. અધિક વિસ્તાર વ્યવહાર સૂત્રમાં છે. આ પડિમાઓના નામ તો ઠાણાંગ સૂત્રમાં પણ છે.

પ્રશ્ન ૯૬૮ :—तासिणं मणिपेढियाणं उवरि चतारी जिणपडिमाओ जिणुस्सेहप्पमाणमित्ताओ संपलियंकनिसन्नाओ थूभाहि मूहिओ संतिखित्ताओ चिट्ठंति तंजहा—१, उसभा, २, वद्धमाणा, ३, चंदाणणी, ४, वारिसेणा "

(ब) "एत्थणं अट्टसयं जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमित्ताणं संनिखित्तं संचिट्ठइ"
અહિંયા જિન–પ્રતિમાનો શો અર્થ હોવો જોઇયે?

ઉત્તર :—નિમ્નોક્ત પ્રમાણોથી તીર્થંકર પ્રતિમા પ્રતીત થતી નથી. (૧) ભગવાનના શરીરનું વર્ણન મસ્તક તરફથી શરૂ કરાય છે, અને પ્રતિમાઓનું પગેથી કરાયેલ છે. અન્ય સરાગિઓની શારીરિક સુંદરતાનું વર્ણન પગેથી લઇને શરૂ કરવામાં આવે છે. જેમ–યુગલિયા આદિનું.

ભગવાનના શરીર–વર્ણનમાં 'સ્તન' વર્ણન નથી, પરંતુ પ્રતિમાના સ્તન બતાવ્યા છે. એમ ૧૦૦૮ લક્ષણ પ્રતિમાના વર્ણનમાં નથી, પરંતુ ભગવાનના વર્ણનમાં છે.

(૨) "जिणुस्सेह पमाणमेत्ताओ"–આનો અર્થ ટીકાકારે ૫૦૦ ધનુષ્યનો સ્વીકાર્યો છે, તો તીર્થંકરની અવગાહના તો અલગ–અલગ હોય છે. અહિંયાં એક સરખી બતાવી છે.

તથા પ્રતિમા અનેક હોવા છતાં પણ નામ ચાર જ આવે છે, અન્ય તીર્થંકરોના આવતા નથી.

(૩) અહિં જિન-પ્રતિમાઓની આગળ-નાગ, ભૂત, યક્ષ અને કુંડધારક પ્રતિમાઓ બતાવી છે, જો તે તીર્થંકરોની હોત, તો તેની પાસે ગણધર, સાધુ આદિની પ્રતિમા બતાવી હોત તથા તે પ્રતિમાની પાસે કળશ, શ્રૃંગાર, આરિસો, થાળ, રત્નકરંડક, આભરણ, સરસવ, મોરપીંછ, આદિ વસ્તુઓનું વર્ણન છે. આ પ્રતિમાઓ જો વિતરાગિઓની હોત, તો ત્યાગિઓના ઉપકરણ બતાવ્યા હોત, વિલાસિઓના બતાવ્યા ન હોત. એથી સરાગિઓની હોવી સંભવિત છે.

ઠાણાંગ ઠા. ૩ ઉ. ૪ માં તો ત્રણ પ્રકારના જિન બતાવ્યા છે, પરંતુ કોપોમાં જિનના અનેક અર્થ બતાવ્યા છે. અહિં જિનનો અર્થ કામદેવની પ્રતિમા સાંભળવામાં આવ્યો છે. કદાચ તે 'હેમીનામ માળા' + માં મળી શકે છે.

+ ('શબ્દ રત્ન મહોદધિ: કોપ ભાગ ૧ પૃ. ૮૪૦ માં "જિન" શબ્દનો અર્થ ક્રમશઃ-"જૈન તીર્થંકર, બુદ્ધ, કામદેવ, વિષ્ણુ" "અત્યંત વૃદ્ધ, જ્ઞાની, વિજયશીલ"- કરેલ છે. આ કોપના સંગ્રાહક પન્યાસજી શ્રી મુક્તિ વિજયજી છે, પ્રકાશક-મંત્રી શ્રી વિજયનીતિસૂરિ વાચનાલય ગાંધીરોડ, અમદાવાદ છે—ડોશી.)

પ્રશ્ન ૯૬૯ :—"एत्थणं वइरामएसु गोलवट्टसमुग्गएसु बहवे जिणसकहाओ संनिक्खित्ताओ चिट्ठंति।"

અહિં કહ્યું છે કે-અહિંયાં વજ્રમય ગોલવૃત સમુદ્ગકો (દાબડિઓ)માં જિનની ઘણી જ અસ્થિઓ રાખેલ છે.

અહિં શંકા આ છે કે દેવલોકમાં જિનની અસ્થિઓ કે જે ઔદારિક શરીરની છે, તે કેવી રીતે રહી શકે છે? દેવલોકમાં કોઈપણ ઔદારિક શરીરની વસ્તુ જઈ શકતી નથી. તો પછી 'जिनसकहाओ' નો અર્થ શું કરવો જોઈએ?

ઉત્તર :—દેવલોકમાં રત્ન વગેરે અનેક ઔદારિક વસ્તુઓ છે જ. તથા અહિંથી પણ માટી, પાણી, પુષ્પાદિ અનેક વસ્તુઓ ઇન્દ્રાદિના મહોત્સવમાં દેવ લઈ જાય છે અને જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ભગવાન ઋષભદેવના દાઢાદિ અવયવ ઇંદ્રાદિ દેવ લઈ જાય છે અને સમુદ્ગકો (દાબડિઓ)માં તેને રાખવાનું વર્ણન આવ્યું છે. મહાપુરુષોની અસ્થિ મંગળ રૂપ સમજીને લઈ જાય છે. એથી ઔદારિકની વસ્તુ ત્યાં જવામાં અને રહેવામાં પણ વાંધો લાગતો નથી. પરંતુ બધા અધિકારી દેવોની પાસે, અહિંથી લઈ જવાયેલ તીર્થંકરોની દાઢાદિ અસ્થિઓ મળી શકતી નથી. કેમકે ચંદ્ર, સૂર્ય અને વિજયાદિ દેવ અસંખ્ય છે. એથી

તે અસ્થિઓ બધાના હાથમાં આવી શકતા નથી અને ૮ મા શતક અનુસારે તે અસ્થિઓ સંખ્યાતા કાળથી વધારે રહી શકતા નથી. એટલે સમુદ્ગકો (દાબડિઓ) માં અસ્થિઓ જેવી આકૃતિવાળા અન્ય શાશ્વત પુદ્ગલ હોવા સંભવિત છે અને તે તેને પૂજનીય સમજે છે, તથા ત્યાં મૈથુન ક્રિયા કરતા નથી, આદિ વર્ણન ૧૯ મા શતકના ૫ મા ઉ. માં બતાવ્યું છે.

ઉપરોક્ત કથનથી બધા અધિકારી દેવોને ત્યાં શાશ્વત પુદ્ગલ તો હોવા સંભવિત છે જ અને કેટલાક દેવોને જિનની અસ્થિઓ પ્રાપ્ત થાય છે, તે થોડો કાળ રહે છે.

પ્રશ્ન ૯૭૦ :—'धूवं दाऊणं जिणवराणं'—આ પાઠ આવ્યો છે. દેવલોકમાં બાદર અગ્નિની સંભાવના નથી તો પછી ધુપ દેવો એ સંગત કેમ થશે ?

ઉત્તર :—મનુષ્ય ક્ષેત્રની બહાર તો બાદર અગ્નિનું સ્વસ્થાન છે જ નહિ. એથી તે હોઈ શકતી નથી, પરંતુ જે પ્રકારે પરમાધામી દેવ અગ્નિ જેવા અચેત વિકુર્વિત પુદ્ગલોથી નારકીને દુઃખ દે છે, તથા શ. ૬. ઉ. ૫ તમસ્કાયમાં દેવ અસુરાદિ વિદ્યુત કરે છે, તેમજ અહિં અચેત વિકુર્વિત પુદ્ગલોથી ધૂપ-કાર્ય થવું સંભવિત છે. તથા અન્ય અન્ય પુદ્ગલોના પારસ્પરિક સંયોગથી દહન, ધુમાડો આદિ ક્રિયા થઈ શકે છે. જેમ-સોડા, લિમલેટ, ફ્રુટ-સોલ્ટ, ચુનો, કાસ્ટિક સોડા વગેરે પાણીના સંયોગથી બાફ (વરાળ) તથા જેમ-તેજાબ, કાસ્ટિક સોડા આદિથી વસ્ત્ર, ચામડી વગેરે બળી જાય છે, તેમજ ત્યાં પુદ્ગલોના સંયોગથી ધૂપ-કાર્ય પણ થવું શકય છે.

પ્રશ્ન ૯૭૧ :—દરેક વ્યક્તિની ભાવનાઓ અલગ-અલગ કેમ રહે છે ? પરસ્પર મળતી અથવા એક સરખી કેમ નથી રહેતી ?

ઉત્તર :—મોહનીય કર્મના કારણે જીવમાં લાલસાઓ ઉત્પન્ન થાય છે. લાલસાઓથી ચંચળતા અને ચંચળતાથી વ્યકિતની ભાવનાઓ અલગ-અલગ પ્રકારની થતી રહે છે. મોહ દૂર થવાથી ભિન્નતા દૂર થઇ જાય છે, અન્યથા થતી નથી.

પ્રશ્ન ૯૭૨ :—શહેરોમાં પ્રેમ, શુદ્ધ આચાર-વિચાર રાખવાની ઇચ્છા કરવા છતાં પણ મનુષ્ય તેનાથી દૂર કેમ રહે છે ?

ઉત્તર :—શહેરોમાં શુદ્ધ આચાર-વિચારથી વિપરીત સાધન ઘણાં જોવામાં આવે છે. તે વિપરીત સાધનોનો વધારે પરિચય જ મોહમાં સહયોગી બને છે. અને હૃદય ઉપર ખરાબ અસર કરે છે. જેથી તે અનેક વસ્તુઓની પ્રાપ્તિનું મૂળ પરિગ્રહ પ્રાપ્ત કરવાની લાલસાઓ જ થાય છે. પછી તે લાલસાઓ શુભ આચાર-વિચારને રહેવા દેતી નથી.

પ્રશ્ન ૯૭૩ :—સત્ય આટલું કડવું કેમ છે ?

ઉત્તર :—જેમ તાવના જોરે સ્વાદ બગડેલો હોય છે, તેને જીવન નિર્વાહ-કારક ભોજન-પાનાદિ વસ્તુઓ અને દવા વગેરે ખરાબ લાગે છે અને અપથ્ય તેમજ રોગ વર્ધક

વસ્તુઓ સારી તેમજ સ્વાદિષ્ટ લાગે છે, તેમ જ કર્મ-રોગના પ્રભાવે સત્ય પ્રવૃત્તિઓ કડવી લાગે છે, એવું હોવા છતાં પણ સમજદાર વ્યક્તિ અહિત કારક સ્વાદિષ્ટ વસ્તુને છોડીને હિતકારી કટુ સેવન કરે છે તો ધીરે ધીરે રોગ શાંત થઈને નિરોગ થઇ જાય છે. તેમ જ ધર્માત્મા જીવ, રૂચિ ન હોવા છતાં પણ પરાણે સત્યનું સેવન કરે છે, તે ધીરે-ધીરે કર્મ રોગથી રહિત થાય છે.

પ્રશ્ન ૯૭૪ :—રેશમની ઉત્પત્તિ કિડાઓથી થાય છે. એવી સ્થિતિમાં ભગવાને ત્રણ પ્રકારના કપડામાં રેશમી કપડાનો ઉપયોગ કેમ ફરમાવ્યો ?

ઉત્તર :—બીજા વસ્ત્ર મળતાં હોય, તો રેશમી વસ્ત્ર લેવાની મનાઇ છે.

પ્રશ્ન ૯૭૫ :—"कैवन्नाजी तणो सौभाग होइजो"—આનું કહેવાય છે, પરંતુ તેને ચાર પરિણીત અને ચાર બીજી, કુલ આઠ સ્ત્રીઓ હતી. તે આવા વ્યભિચારી હતા, તો તેની ગણત્રી પુણ્યવાન જીવોમાં કેમ થઈ? કેવન્નાજી દેવલોકમાં ગયા કે બીજે ક્યાં ય ?

ઉત્તર :—પ્રથમ તો કેવન્નાજીની વાત કથાની છે. પૂર્વભવમાં શાળીભદ્રની જેમ તેણે પણ દાન દીધું. પુણ્યના પ્રભાવે ધનાઢ્ય શેઠના ઘેર જન્મ લીધો. પહેલા તો વિષય-વાસનામાં સમજતા જ ન હતા. તેને પરાણે વિષયી લોકોની સંગતમાં નાંખીને વિષય-વાસનાનો પરિચય કરાવ્યો. વાસ્તવમાં એણે કોઇની ઇજ્જત લેવાનો વિચાર પણ કર્યો નથી, પરંતુ એને અનાયાસ (આપોઆપ) સુલભ સંયોગ પુણ્યના પ્રભાવે મળતો ગયો. યાવત્ આનંદપૂર્વક રાજ્યઋદ્ધિનો અનુભવ કરી ભોગના ત્યાગી બની દેવ ગતિમાં જવાનો સંભવ છે.

પ્રશ્ન ૯૭૬ :—ગાય પવિત્ર અને અહિંસક પશુ મનાય છે. પરંતુ આના ચામડાને અપવિત્ર માને છે. બીજી તરફ સિંહ, વાઘ વગેરે હિંસક પશુઓના ચામડાને પવિત્ર માને છે, આનું શું કારણ ?

ઉત્તર :—ચર્મ સંબંધી વિચાર તો લોકોએ પોતાની મનમાની રીતે બનાવી લીધેલ છે. (ખરેખર તો) વાસ્તવમાં સિંહ-વાઘાદિનું ચર્મ પવિત્ર નથી. તે ઓછું મળવાના કારણે લોકોએ તેની કિંમત વધારી દીધેલ છે. અને કિંમત વધારે હોવાથી કોઈ વિશેષ વ્યક્તિ ને જ પ્રાપ્ત થઈ શકે છે, ઇત્યાદિ કારણોથી લોકોએ પવિત્ર માની લીધેલ છે, પરન્તુ સુકા ઘાસ (દાભ) જેટલી પવિત્રતા પણ કોઈ ચામડામાં ગ્રંથકારોએ માનેલ નથી.

પ્રશ્ન ૯૭૭ :—સૂત્રોમાં બે અષાઢ અને બે પોષ ક્યાં બતાવ્યા છે ?

ઉત્તર :—સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વગેરે સૂત્રોમાં ચંદ્રાદિ સંવત્સર અને મહિનાઓના વર્ણન દીધા છે, તે ગણિત અનુસાર દરેક યુગના મધ્યમાં

પોષ અને અંતમાં અષાઢ જ વધે છે. અર્થાત્ ૩૦ સૂર્યમાસમાં ૩૧ ચંદ્રમાસ બને છે, એથી એ ગણિતથી ઉપરોક્ત અધિક મહિના જ હોય છે.

પ્રશ્ન ૯૭૮ :—આપની દૃષ્ટિથી મૂળ-ગુણ અને ઉત્તર-ગુણ શબ્દોના અર્થ અને આ બન્નેની સર્વમાન્ય વ્યાખ્યાઓ શું હોઈ શકે છે?

ઉત્તર :—ખાસ ગુણોને મૂળગુણ અને તેના અંશરૂપ ગુણને ઉત્તર ગુણ કહેવાય છે. કેમકે સાધુઓને છ (પાંચ મહાવ્રત તથા રાત્રિ ભોજન ત્યાગ રૂપ વ્રત) વ્રત બતાવ્યા છે. તેના જ વિશેષ ભેદ કરીને શ્રાવકોના વ્રત બતાવ્યા છે, એથી તેનાજ અંશને ઉત્તર ગુણ સમજવા જોઈએ.

પ્રશ્ન ૯૭૯ :—મૂળ-ગુણ અને ઉત્તર ગુણ અન્યોન્ય આશ્રિત છે કે સ્વતંત્ર રૂપે પણ છે? સ્થાયી અને સફળતા પૂર્વક બન્નેમાંથી કોઇએ કનું પાલન કરી શકાય છે? જો કરી શકાતું હોય, તો કોનું અને કેવી રીતે?

ઉત્તર :—મહાવ્રતો વગર સાધુ થઈ જ શકતા નથી. એથી સાધુને તો મૂળગુણ વગર ઉત્તર ગુણ સમજવા નહિ, પરંતુ શ્રાવક, મૂળ અને ઉત્તર બન્નેમાંથી કોઈ એકને પણ સ્વતંત્ર રૂપે પાળી શકે છે. આની સિદ્ધિ માટે નીચે લખેલ પ્રમાણ દૃષ્ટિવ્ય છે (૧) ભગવતી શતક ૧૭ ઉદ્દેશક ૨ "जस्सणं एग पाणाऐ वि दण्डे निक्खित्तो से णं एगंतबालेत्ति वत्तव्वंसिया—" "આની ટીકા—" एकप्राणिन्यपि येन दण्डपरिहारवृत्तो सौ नैकांतेन बालः किं तर्हि? बालपंडितो विरत्यंशसद्भावेन मिश्रत्वात्तस्या!" આ ઉપરોક્ત પાઠ અને ટીકામાં એક પણ પ્રાણીને મારવાનો ત્યાગ કર્યો છે, તેને વ્રત્તિ અંશના સદ્ભાવથી બાલપંડિત અર્થાત્ શ્રાવક કહેલ છે. અહિયાં આંશિક અર્થાત્ કેવળ ઉત્તરગુણ રૂપ પ્રત્યાખ્યાન હોવા છતાં પણ તેને દેશવ્રતિ માનેલ છે.

(૨) ભગવતી શતક ૭ ઉ. ૨ ની નિમ્ન ટીકામાં આચાર્ય અભયદેવસૂરિએ મૂળગુણ વગર ઉત્તર ગુણ બતાવ્યા છે. "देशविरतिपु पुनर्मुलगुणवद्भयो भिन्ना अप्युत्तरगुणिनो लभ्यन्ते।"

(૩) સટીક-ધર્મ સંગ્રહ, પંચાશક, પ્રવચન સારોદ્ધાર વગેરેમાં દરેક વ્રત અર્થાત્ બારમાંથી કોઈ પણ વ્રત સ્વતંત્ર રૂપે અથવા સમ્મિલિત રૂપે (સાથે) ગ્રહણ કરવાનું સ્પષ્ટ વર્ણન છે. અસંયોજિક દ્વિક-ત્રિક યાવત્ બાર સંયોગ સુધી અનેક ભાંગા તથા કરણ યોગની અપેક્ષાએ કરોડો ભાંગા બતાવ્યા છે. એથી મૂળ વગર ઉત્તર અને ઉત્તર વગર મૂળ અને કોઈ પણ વ્રત સ્વતંત્ર રૂપે, આદિથી, મધ્યથી, અંતથી તથા સર્વે અને કોઈ પણ પ્રકારે ધારણ કરી શકે છે. ઉપરોક્ત પ્રમાણોથી મૂલગુણ વગર પણ ઉત્તર ગુણનું પાલન કરી શકાય છે. એથી શ્રાવકના વ્રત પાળવામાં અન્યોન્ય આશ્રિતનો એકાંત નિયમ નથી,

પ્રશ્ન ૯૮૦ :—મૂળ ગુણો અને ઉત્તર ગુણોનો પરસ્પર સંબંધ છે કે નથી? જો છે, તો કયા મૂળ-ગુણોની સાથે કયા ઉત્તર ગુણનો સંબંધ છે? જો સંબંધ નથી, તો કેમ?

ઉત્તર :—ઉત્તર-ગુણ, મૂળ-ગુણના અંશરૂપ હોવાથી તેનાથી સંબંધીત છે જ. બધા ઉત્તર ગુણ અપેક્ષા કૃત બધા મૂળગુણોથી સંબંધીત હોઈ શકે છે, પરંતુ પાળવામાં એક બીજાની એકાન્ત આવશ્યકતા નથી હોતી. એથી આ અપેક્ષાએ સંબંધિત નથી પણ થતા.

પ્રશ્ન ૯૮૧ :—"दिग्व्रतमनर्थदंडव्रतं च भोगोपभोग परिमाण अनुब्रहणाद्गुणाना माख्यान्ति गुणव्रतान्यार्य"—**આચાર્ય સમન્તભદ્રની આ ઉક્તિથી તો આ જ જાણી શકાય છે કે જે અણુવ્રતોના ગુણોમાં વૃદ્ધિ કરે, વિશેષતા પેદા કરે, તે ગુણ વ્રત છે. આથી આ જ ધ્વનિત (અર્થ નીકળે છે) થાય છે કે ૫ અણુવ્રતો લીધા વગરના ગુણ વ્રત કેમાં વિશેષતા પેદા કરશે? આપની આ વિષયમાં શી માન્યતા છે?**

ઉત્તર :—આચાર્ય સમન્ત ભદ્રની વ્યાખ્યા કોઈ અપેક્ષાએ માનવામાં કોઈ વાંધો નથી, પરંતુ એકાન્ત રૂપે સમજવી ન જોઈએ. કેમકે અનેક શાસ્ત્રીય સ્થળોએ દિશાવ્રતાદિ સાતેય વ્રતો તે જ શિક્ષાવ્રત બતાવ્યા છે. એવા સ્થળોએ ગુણ વૃદ્ધિની વ્યાખ્યા કેમ ઘટિત થશે? તથા સમંત-ભદ્રના ઉપરોક્ત કથનમાં 'અણુવ્રત' નો નિર્દેશ નથી. અને આત્મિક ગુણોની વૃદ્ધિ તો ઉત્તરગુણ ધારણ કરવાથી પણ અવશ્ય થાય છે.

પ્રશ્ન ૯૮૨ :—'परिघय इव नगराणि व्रतानि किलपालयंति शीलानि' **આચાર્ય અમૃતચંદ્રના આ કથન વિશે આપની શું સંમતિ છે? શુ નગર વિના જ પહેલા પરિઘિ ખેંચાશે? કે નગર બન્યા પછી તેની વિશેષ રક્ષાના કારણે પરિઘિની આવશ્યકતા થશે? મૂળગુણોના અભાવમાં કેવળ ઉત્તરગુણોને ગ્રહણ કરવાની નિરર્થકતાના વિષયમાં આચાર્યોની શી ધારણા રહી છે?**

ઉત્તર :—આચાર્ય અમૃતચંદ્રની દૃષ્ટાંત સહિતની વ્યાખ્યા પણ કોઈ અપેક્ષાએ ઠીક સમજી શકાય છે, કેમકે દૃષ્ટાંત પ્રાયઃ એક દેશીય હોય છે. જેમ વ્યવહાર સમકિતના ૬૭ બોલોમાં ધર્મરૂપ નગરની સમક્તિરૂપ પરિઘિ બતાવી છે. અહિં દેશ અને સર્વવ્રાત્ત ધર્મરૂપ નગર ન હોવા વાળાને પણ સમક્તિરૂપ પરિઘિ માની છે. અર્થાત્ વ્રતરૂપ નગર બનાવ્યા વગર જ પહેલા પરિઘિ ખેંચી લે છે. એથી આ ઉદાહરણ સર્વાંગી સમજવું ન જોઈએ.

પ્રશ્ન ૯૮૩ :—શું હિંસા, જુઠ, ચોરી, વ્યભિચાર અને પરિગ્રહ ત્યાગની ભાવના જાગૃત થયા વગર, કોઈ વ્યક્તિ કેવળ ઉત્તર ગુણો પાળે તો તે

વાસ્તવિક રૂપે સાર્થક કહી શકાય ? શું ઉત્તર ગુણોનું પાલન કરવામાં મૂળ ગુણોની ઉપેક્ષા કરી શકાય છે?

ઉત્તર :—હિંસાદિ પાપ ત્યાગની ભાવના જાગૃત થયા વિના તો કોઈ પણ મૂળ અને ઉત્તરગુણનું પાલન વાસ્તવિકરૂપે સાર્થક નથી કહી શકાતું. રહી વાત પાળવાની, તે કોઈ મૂળ, કોઈ ઉત્તર, અને કોઈ ઉભયરૂપ ગુણોને શક્ય અનુસારે (યથા શક્ય) પાળે છે. આ બધાને વાસ્તવિક જ સમજવા કેમકે ઉત્તરગુણ પાળનારને મૂળ ગુણની અપેક્ષા (આકાંક્ષા) બની રહે છે. ઉપેક્ષા નહિ. ઉપેક્ષા તો તેને મૂળગુણોની તો શું, મુનિ વિરતિ (સંયમ) ની પણ રહેતી નથી. કારણ વશ વર્તમાનમાં પાળવામાં અસમર્થ છે, એથી કેવળ ઉત્તરગુણનું પાલન પણ વાસ્તવિક જ સમજવું.

પ્રશ્ન ૯૮૪ :—શું આ ધારણા સાચી છે કે મૂળ ગુણને પાળ્યા વગર જ કેવળ ઉત્તરગુણો પાળવાથી મુનિ તો કહેવાઈ શકતો નથી, પરંતુ વ્રતધારી શ્રાવક કહેવાઈ શકે છે? અથવા સાધુ તો નહિ પરંતુ વ્રતધારી શ્રાવક રહી શકે છે? ભાવનાત્મક દૃષ્ટિથી સાધુ માટે મૂળગુણોની અનુપેક્ષા અને વ્રતધારી શ્રાવક માટે તેની ઉપેક્ષા કરવાનું શું કારણ છે? અને સાધુ તથા શ્રાવકમાં સાધનાની દૃષ્ટિએ આવો ભેદ માનવો શું ઉચિત થશે?

ઉત્તર :—કેવળ ઉત્તરગુણને પાળવાવાળા પણ વ્રતધારી શ્રાવક કહી શકાય છે. આ ધારણ સાચી છે.

પ્રશ્ન ૯૮૫ :—ભગવતી સૂત્ર શ. ૭ ઉ. ૨ ના પાઠ—"सव्वथोवा जीवा मूलगुणपच्चक्खाणी उत्तरगुण पच्चक्खाणी असंखेज्जगुणा, अपच्चक्खाणी अणंतगुणा "નો વાસ્તવિક અભિપ્રાય શો લેવો જોઈયે? પ્રાણીઓના પ્રત્યાખ્યાન–અપ્રત્યાખ્યાનની દૃષ્ટિથી અલ્પ–બહુત્વ (ન્યુનાધિકતઃ) સિવાય શું આ અભિપ્રાય પણ નીકળે છે કે મૂળગુણો વગર પણ કેવલ ઉત્તર ગુણોનું પાલન કરવા વાળા રહી શકે છે અને તે પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવક કે છઠ્ઠા ગુણસ્થાનવર્તી મહાવ્રતી સાધુ માની શકાય છે?

ઉક્ત પાઠમાં ઉત્તરગુણીઓને જ અસંખ્યાત ગુણા વધારે બતાવ્યા છે. તેનો આ અભિપ્રાય કેમ ન લેવાય કે બધાથી થોડા કેવળ મૂળ ગુણોને પાળવા વાળા છે. અને તેથી અસંખ્યાત ગુણ અધિક મૂળગુણો સહિત ઉત્તરગુણોને પાળવા વાળા છે? અન્યથા ચતુર્વિધ સંઘની વૈયાવૃત્ય તપસ્યાના રૂપમાં તથા મહાવ્રતી મુનિને સુઝતો આહાર વગેરે દઇને અતિથિ સંવિભાગ વ્રત રૂપે ઉત્તરગુણોને પાળતા થકા શ્રેણિક રાજા અને શ્રી કૃષ્ણજીને અવિરતિ,

३, स्वल्पमपिनोत्से हेयेपां,.................... ॥ १ ॥

પ્રજ્ઞાપના પદ ૨૩ ઉ. ૨ મલય વૃત્તિ.

૪, "अप्रत्याख्यानक्रिया अन्यतर स्याप्यप्रत्याख्यानिनः अन्यत्तरदपि न किंचिदपीत्यर्थः योन प्रत्याख्याति तस्येति भाव:" (પ્રજ્ઞાપના પદ ૨૨ મલય વૃત્તિ)

આ પ્રમાણોથી થોડા પણ પ્રત્યાખ્યાનને રોકવાવાળો બીજો ચોક હટી જાય છે, એથી તે વિરતાવિરત જ ગણાશે.

પ્રશ્ન ૯૮૮ :—જૈન ધર્મના માન્ય ધર્મશાસ્ત્રોમાંથી શું કોઈમાં પણ એવા શ્રાવકનો ઉલ્લેખ છે, જેણે મૂળ ગુણ ગ્રહણ કર્યા વગર જ ઉત્તરગુણો પાળ્યા હોય અને વ્રતધારી શ્રાવક કહેવાયા હોય ?

ઉત્તર :—જે વાત આગમથી સ્પષ્ટ સિદ્ધ છે, તેના માટે ઉદાહરણ હોવું અનિવાર્ય નથી. કેમકે આગમમાં ઘણી વાતોના ઉદાહરણ મળતા નથી, તો શું તે અમાન્ય થશે ? જેમકે—કોણ મરીને લૌકાંતિકમાં ગયો, અથવા કોણ ત્યાંથી આવ્યો, કઇ સ્ત્રી મરીને સર્વાર્થસિદ્ધમાં ગઈ ? આદિના ઉદાહરણ ન મળવા છતાં પણ લૌકાંતિકનું હોવું, સ્ત્રીનું સર્વાર્થસિદ્ધમાં જવું, આગમથી સિદ્ધ મનાય છે. એમ જ અહિં સમજવું. એમાં તો કેવળ ઉત્તર ગુણ ધારણ કરવાવાળાના ગ્રંથોમાં વંકચૂલ, દામનખા, હરિબલ વગેરેના અનેક ઉદાહરણ છે.

પ્રશ્ન ૯૮૯ :—શ્રાવક પ્રતિક્રમણના વર્તમાન કાળમાં પ્રચલિત "એક વ્રતધારી યાવત્ બાર વ્રતધારી" પાઠમાં યાવત્ શબ્દના અર્થ ઉપર ધ્યાન દેતા શું આ અભિપ્રાય ખોટો નથી કે પહેલેથી પાંચ મૂળ અણુવ્રતોમાંથી એક પણ વ્રત લીધા વિના વચ્ચેનું કોઇ ગુણવ્રત કે શિક્ષા-વ્રત લેવા માત્રથી જ કોઈ વ્રતધારી શ્રાવક થઈ જશે ? યાવત્ શબ્દ સાપેક્ષ હોવાના કારણે શું તે પહેલાની અપેક્ષા રાખશે નહિ ?

ઉત્તર :—અહિંયા યાવત્ શબ્દથી કેવળ ઉત્તર ગુણ ધારી પણ સ્પષ્ટ સિદ્ધ થાય છે, કેમકે અહિં એક વ્રત ધારી છે "પ્રથમ વ્રતધારી નહિ" 'એક' શબ્દ બારમાંથી કોઈ એકનું બોધક છે, એથી બારમાંથી કોઈ એક પણ અને બે, ત્રણ યાવત્ બારેય ગ્રહણ કરી શકે છે. જેના ઉપર આંગાદિ પ્રમાણ બતાવી ચૂકયા છીએ.

પ્રશ્ન ૯૯૦ :—ક્ષયોપશમ સમ્યક્ત્વમાં ૪, ૫, ૬ પ્રકૃતિઓનો ક્ષય માન્યો છે. આ ક્ષય કેવી રીતે સમજવો ? ક્ષાયિક સમ્યક્ત્વમાં ૭ પ્રકૃતિના ક્ષયની જેમ કે બીજી રીતે ?

ઉત્તર :–ક્ષયોપશમ સમ્યક્ત્વમમાં જે ૪, ૫ કે ૬ પ્રકૃતિઓનો ક્ષય માન્યો છે, ત્યાં તે પ્રકૃતિઓનો ક્ષય, ક્ષાયિકની જેમ પૂર્ણ સમજવો. આના ૭ ભાંગા નીચે પ્રકારે છે.

ભાંગા	અનંતાનુબંધી ચોક	મિથ્યાત્વ મોહનીય	મિશ્ર મોહનીય	સમક્તિ મોહનીય
૧	ખપાવે	ઉપશમાવે	ઉપશમાવે	ઉપશમાવે
૨	ખપાવે	ખપાવે	ઉપશમાવે	ઉપશમાવે
૩	ખપાવે	ખપાવે	ખપાવે	ઉપશમાવે
૪	ખપાવે	ઉપશમાવે	ઉપશમાવે	વેદે (વિપાકોદય)
૫	ખપાવે	ખપાવે	ઉપશમાવે	વેદે ,,
૬	ખપાવે	ખપાવે	ખપાવે	વેદે ,,
૭	ખપાવે ઉપશમાવે	ઉપશમાવે	ઉપશમાવે	વેદે ,,

આ સાત ભાંગામાં કેવળ સાતમા ભાંગા વાળા જ ફરી પડે છે. (પ્રતિ પાતી થાય છે) શેષ ૬ ભાંગાવાળા પડતા નથી.

શંકા :—ક્ષયોપશમ સમ્યક્ત્વના એક ભવમાં જઘન્ય એક વાર ઉત્કૃષ્ટ પ્રત્યેક હજાર વાર, અધિક ભવમાં જઘન્ય બે વાર ઉત્કૃષ્ટ અસંખ્યાતી વાર થોકડામાં કહે છે અને સમ્યક્ત્વના નવ ભાંગામાંથી પ્રથમના ત્રણ ભાંગા ક્ષયોપશમના માન્યા છે, અને હમણા જવાબમાં તમોએ એજ ત્રણ ભાંગા અપ્રતિપાતી બતાવ્યા, તે કેવી રીતે ? સાતમા ભાંગાને ઉપશમ વેદક કહે છે, તો શું તે પણ ક્ષયોપશમ સમકિતમાં છે ?

સમાધાન :— ક્ષયોપશમ સમ્યક્ત્વ એક ભવમાં ઉત્કૃષ્ટ પ્રત્યેક હજાર વાર આવે છે. આદિ, તમારું કહેવું બરાબર છે. વેદક સમકિત ક્ષયોપશમ સમ્યક્ત્વમાં ગણાય છે. અર્થાત્ સાતે ભાંગાક્ષયો પશમસમકિતમાં ગણાય છે, આ પ્રકારે ગણવાથી કોઈ વાંધો ઉત્પન્ન થતો નથી. અને બોલ પણ બરાબર બેસે છે.

પ્રશ્ન ૯૯૧ :—સમ્યક્ત્વ મોહનીય પ્રકૃતિ કેવી રીતે સમજવી ? તત્વ-ચર્ચામાં શંકા આદિનું ઉત્પન્ન થવું, શું તે સમ્યક્ત્વ મોહનીયનું કારણ નથી ? જો છે, તો પછી વિપાકોદય કેમ નહિ ? સમ્યક્ત્વ મોહનીયનો ઉદય ૭ મા ગુણસ્થાન સુધી કર્મગ્રંથ માને છે અને ક્ષયોપશમમાં આની નિયમા હોવાનો સંભવ છે. પ્રદેશોદયનો અનુભવ કેવી રીતે થઈ શકે ? એથી વિપાકોદયમાં શો વાંધો છે ?

ઉત્તર :—તત્વચર્ચાઓમાં જે શંકા આદિ ઉત્પન્ન થાય છે, તે સમ્યકત્વ મોહનીય છે. અને તેમાં સમકિત મોહનીયનો વિપાકોદય હોય છે. આ વિપાકોદય પહેલા બતાવેલા સાત ભાંગામાંથી પ્રથમના ત્રણ ભાંગા છોડીને શેષ ૪ ભાંગામાં હોય છે.

પ્રશ્ન ૯૯૨ :—હીયમાન અને વર્ધમાન પરિણામમાં અનાકાર ઉપયોગ હોય છે કે નહિ? અનાકાર ઉપયોગમાં મરણ હોય છે કે નહિ?

ઉત્તર :—કેવલીઓને સાકાર અને અનાકાર ઉપયોગની સ્થિતિ પ્રત્યેક સમયની હોય છે. તથા તેના વર્ધમાન પરિણામની સ્થિતિ જ. ઉ. અંતર્મુહૂર્તની છે. એથી અંતર્મુહૂર્તમાં તો તેને સાકાર અને અનાકાર ઉપયોગની પ્રવૃત્તિ કેટલીય વાર થઈ જાય છે, આથી વર્ધમાન-પરિણામમાં અનાકાર ઉપયોગ હોવો સ્પષ્ટ થઇ જાય છે. એમ જ અન્યત્ર હીયમાન પરિણામમાં પણ અનાકાર ઉપયોગ સમજી લેવો.

"सागारो व उवत्तेसिज्झई"—આ પાઠથી મોક્ષે તો સાકાર ઉપયોગમાં જ જાય છે. શેષ ચારેય ગતિમાં જવા વાળા જીવોનું મરણ સાકાર અને અનાકાર બન્નેમાંથી કોઇ પણ ઉપયોગમાં થઇ શકે છે. આ વાત ભગવતી શ. ૧૩ ઉ. ૧, ૨ થી તથા ઠાણા ૨-૪ થી સ્પષ્ટ છે.

પ્રશ્ન ૯૯૩ :—વિપાક સૂત્રનાં અધ્યયન નંદીજી અને વિપાકમાં ૨૦ આવ્યા અને સમવાયાંગ ૫૫ મા. માં ૧૧૦ અધ્યયન કેવી રીતે? શું આ વિરોધ નથી?

ઉત્તર :—જે રીતે વિપાક સૂત્રના ૨૦ અધ્યયન નંદી અને વિપાક સૂત્રમાં બતાવ્યા છે, તે જ રીતે સમવાયાંગ સૂત્રમાં ૧૨ અંગોના વર્ણનની અંતર્ગત વિપાકના વર્ણનમાં ૨૦ અધ્યયન જ વિપાક સૂત્રના બતાવ્યા છે.

ભગવાન મહાવીરની ૯ વાંચનાઓ થઈ હતી, જેમાં કોઈ અન્ય વાચનાના વધારે અધ્યયન હોઈ શકે છે.

ગણધર તો બારેય અંગોનું નિર્માણ-ભગવાનને કેવળજ્ઞાન થયા પછી તરત જ કરી દે છે. **૫૫** મા સમવાયાંગમાં ભગવાન્ મહાવીરે પુણ્ય અને પાપ ફળ-વિપાકના જે પંચાવન અધ્યયન ફરમાવ્યા, તે તો તે ભગવાન્ મહાવીરના જીવનની છેલ્લી રાત્રી હતી, એથી આ ૨૦ અધ્યયનોથી આ ૧૧૦ અલગ છે. તે ૨૦ અધ્યયન તો મૃગાલોઢાદિનું સ્વરૂપ લેઇને ગૌતમ સ્વામીના પૂછવા પર ભગવાને પોતાની આયુની મધ્યમાં અને અલગ-અલગ ગામોમાં પૂછયા અને બતાવ્યા છે. + (આ ૧૧૦ અધ્યયન તો અંતિમ રાત્રે અને એક જ ગામમાં ફરમાવ્યા છે. એથી સ્પષ્ટ રૂપે અલગ છે.)

પુણ્ય અને પાપ ફળના વિપાકની કથા તો અનેક (અગણિત) છે, તેમાંથી જેવો કહેવાનો પ્રસંગ હોય, તે જ તથા તેટલી જ ફરમાવે છે, આમાં વિરોધની કોઈ વાત નથી.

પ્રશ્ન ૯૯૪ :—તીર્થંકરની હાજરીમાં પાંચેય પદ મળે છે કે નહિ ?

ઉત્તર :—તીર્થંકરને કેવળજ્ઞાન થઇને શાસન ચાલુ થયા પછી તીર્થંકરની હાજરી સુધી ૪ પદ તો ત્યાં મળે છે, કેમકે જે ગણધરાદિ હોય છે, તે આચાર્ય અને ઉપાધ્યાય રૂપે હોય છે અને મનાય પણ છે, અને સિદ્ધ, સિદ્ધ ક્ષેત્રમાં હોય જ છે. આ રીતે પાંચેય પદ અવશ્ય મળે છે.

પ્રશ્ન ૯૯૫ :—સલીલાવતી વિજય તથા સમુદ્ર એક-એક હજાર યોજન ઉંડા છે, તો પછી વિજયની નદીઓ સમુદ્રમાં કેવી રીતે મળે છે ? અર્ધ-પુષ્કર દ્વીપની નદીઓ શેમાં મળે છે ?

ઉત્તર :—જે રીતે ભૂમિગત રસ્તે બંધ પાણી આજે પણ જે રીતે જતું દેખાય છે, એ જ રીતે તથા સીધા ભૂમિગત રસ્તે સલિલાવતી વિજયની નદીઓનું પાણી સીતોદા નદીના નીચેના ભાગમાં કે સમુદ્રમાં સીધું જઈ શકે છે.

અર્ધ પુષ્કરની ૧૪ નદીઓ તો કાલોદધિમાં અને ચૌદેય પુષ્કર સમુદ્રમાં જાય છે, એવું ઠાણાંગના ૭ મા ઠાણામાં બતાવ્યું છે. મનુષ્ય ક્ષેત્રની બહાર નદીઓ નથી. આનો વિરોધ પણ આનાથી થતો નથી, કેમકે આ નદીઓ તો મનુષ્ય-ક્ષેત્રની જ છે. મનુષ્ય ક્ષેત્રની ચારેય બાજુ માનુષોત્તર પહાડ છે, તો તે નદીઓ પુષ્કર સમુદ્રમાં કેવી રીતે ગઈ હશે ? આના ઉત્તરમાં આ જ સંભવે છે કે કાં તો તેનો જવાનો રસ્તો હશે, કાં તે નદીઓ ભૂમિના રસ્તે ગઈ હશે.

પ્રશ્ન ૯૯૬ :—મરણના બે ભેદ-સમોહિયા અને અસમોહિયા આવ્યા છે. તેમાં આત્મપ્રદેશ કઈ રીતે નીકળે છે ? આનો વિશેષ ખુલાશો અને મરણનું સ્વરૂપ ફરમાવશોજી ?

ઉત્તર :—મરવા વાળા જીવ જે સ્થળે હોય, તે સ્થળેથી લઈને જ્યાં ઉત્પન્ન થશે, ત્યાં સુધી જાડાઈ અને પહોળાઈ અહિંના શરીર જેટલી, એના જીવ પ્રદેશોની એવી લાઇન સમોહિયા મરણમાં જ થઈ જાય છે. અસમોહિયા મરણમાં બધા પ્રદેશ એક સાથે નીકળી જાય છે. દૂર જાય છે. તો રસ્તામાં તે પ્રદેશોનો આકાર, અહિંના શરીરની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ જેવડો રહે છે. બીલકુલ પાસે જવું હોય તો વાત અલગ છે.

પ્રશ્ન ૯૯૭ :—અરિહંત ભગવાનના ૧૨ ગુણ છે, જેમાં દેવકૃત પણ ભેળા છે, તે કેવી રીતે ?

ઉત્તર :—તીર્થંકર નામ કર્મના પ્રભાવથી દેવ-પ્રતિહાર્ય બનાવે છે. આ તે તીર્થં-કરોની શુભ પ્રકૃતિનો જ પ્રભાવ છે, દેવોનો નહિ. બધા કેવળીઓનું જ્ઞાન સમાન હોવા છતાં પણ આ પ્રતિહાર્ય આદિથી લોકો ઉપર તીર્થંકરોનો પ્રભાવ વધારે પડે છે. લોકો

ઉપરના પ્રભાવના કારણે આ પ્રાતિહાર્ય આદિને પણ ગુણોની ગણનામાં લીધા છે, તીર્થંકરોનો ખાસ આંતરિક ગુણ તો જ્ઞાનાદિ છે. અને પ્રાતિહાર્ય વગેરે તો બાહ્ય (લોક-પ્રભાવક) ગુણ છે.

પ્રશ્ન ૯૯૮ :—ઉપાધ્યાય મ. ૨૫ ગુણ યુક્ત કેવી રીતે હોય છે? હમણાં તો પૂર્વોનું જ્ઞાન પણ નથી.

ઉત્તર :—ઉપાધ્યાયજીના ગુણોમાં જે પૂર્વોનું જ્ઞાન બતાવ્યું છે, તે ઉત્કૃષ્ટ શ્રેણીની અપેક્ષાએ છે. જઘન્ય આચારાંગ અને નિશીથના જ્ઞાન વાળાને પણ ઉપાધ્યાય પદ દઈ શકાય છે. એવું વર્ણન વ્યવહાર સૂત્રના ત્રીજા ઉદ્દેશામાં છે.

પ્રશ્ન ૯૯૯ :—પાતાળ-કળશા નીચે ગયા, તો તે ભવનોની વચ્ચે થઈને ગયા કે કેવી રીતે?

ઉત્તર :—પાતાળ-કળશા નરકના પાથડાઓની વચ્ચે થઈને ગયા છે, પરંતુ ભવનની તિરછાઈમાં પાતાળ-કળશા ભવનોની વચ્ચેથી થઈને જવાનો સંભવ નથી.

પ્રશ્ન ૧૦૦૦ :—જઘન્ય-ઉત્કૃષ્ટ બે ભવ કરવા વાળાઓમાં કેટલા ગમ્મા હોય છે? જઘન્ય, ઉત્કૃષ્ટ અને ઔધિકના કેટલા-કેટલા ગમ્મા હોય છે?

ઉત્તર :—જઘન્ય-ઉત્કૃષ્ટ બે ભવ કરવા વાળાઓના ૭૭૪ ગમ્મા છે, જેમાં ઔધિકના ૨૭૦, જઘન્યના ૨૪૩ અને ઉત્કૃષ્ટ ૨૬૧ ગમ્મા છે.

પ્રશ્ન ૧૦૦૧ :—જઘન્ય ૧, ૨, ૩ યાવત્ ઉત્કૃષ્ટ અને ઔધિકના કેટલા-કેટલા ગમ્મા હોય છે?

ઉત્તર :—જઘન્ય ૧, ૨, ૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા જીવ ઉત્પન્ન થાય છે, તેના ૯૫૦ ગમ્મા છે, જેમાં ઔધિકના ૩૨૬, જઘન્યના ૩૦૫ અને ઉત્કૃષ્ટના ૩૧૯ ગમ્મા છે.

પ્રશ્ન ૧૦૦૨ :—જઘન્ય ૧, ૨, ૩ યાવત્ ઉત્કૃષ્ટ અસંખ્યાતા જીવ ઉત્પન્ન થાય છે, તેમાં જઘન્ય, ઉત્કૃષ્ટ અને ઔધિકના કેટલા-કેટલા ગમ્મા હોય છે?

ઉત્તર :—જઘન્ય ૧, ૨, ૩, ઉત્કૃષ્ટ અસંખ્યાતા જીવ ઉત્પન્ન થાય છે, તેના ૧૭૫૫ ગમ્મા છે, જેમાં ઔધિકના ૫૮૭, જઘન્યના ૫૬૦ અને ઉત્કૃષ્ટના ૬૦૮ ગમ્મા છે.

પ્રશ્ન ૧૦૦૩ :—મનુષ્યમાં ઔદારિકના દંડકોથી જીવ આવે છે, તેના ૮૪ ગમ્મા લીધા છે, તો સંખ્યાતા અને અસંખ્યાતા જીવ કેટલા ગમ્મામાં ઉત્પન્ન થાય, તથા સંખ્યાતા અને અસંખ્યાતાના કયા કયા ગમ્મા છે-૯ ગમ્મામાંથી.

ઉત્તર :—મનુષ્યમાં ઔદારિકના દંડકોથી જીવ આવે છે, તેના ૮૪ ગમ્મા લીધા છે. જેમાં પૃથ્વીકાયના જીવ મનુષ્યમાં ત્રીજા, છઠ્ઠા, અને નવમા ગમ્મામાં સંખ્યાતા સુધી

ઉત્પન્ન થઈ શકે છે, એમ અપ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચૌરેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, આ મનુષ્યમાં ઉપરોક્ત ત્રણ–ત્રણ ગમ્મા ગણવાથી ૨૪ ગમ્મા થયા. અસંજ્ઞી મનુષ્ય કેવળ એક ત્રીજા ગમ્મામાં જ સંખ્યાતા સુધી સમજવું, એમ ૨૫ ગમ્મા થયા અને સંજ્ઞી મનુષ્યના નવેય ગમ્મામાં સંખ્યાતા સુધી ઉત્પન્ન થાય છે. એમ ૩૪ ગમ્મામાં સંખ્યાતા સુધી અને શેષ ૫૦ ગમ્મામાં અસંખ્યાતા ઉત્પન્ન થઈ શકે છે.

નોટ :—શાસ્ત્રકાર ઔધિક ગમ્માને ક્યાંય પણ તોડતા નથી. એથી ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તરમાં ગમ્માની સંખ્યા તે અનુસારે જ બતાવી છે અને થોકડા વાળા બીજી રીતે કહે છે, તે યાદ રહે.

પ્રશ્ન ૧૦૦૪ :—સંજ્ઞી મનુષ્ય પહેલી નરકમાં જાય, તેના ૧૦ નાણુતા બતાવ્યા, જેમાં જઘન્યના ત્રણ ગમ્માામાં ૮ નાણુતા બતાવ્યા અને સમુદ્‌ઘાતની ધારણા કોઈની ત્રણની છે અને કોઈની પાંચની છે, કેમકે જઘન્ય અવગાહના પ્રત્યેક આંગુળની આની છે, તેમાં તેજસ અને વૈક્રિય-સમુદ્‌ઘાત મળી શકે છે?

ઉત્તર :—સંજ્ઞી મનુષ્ય પહેલી નરકમાં જાય, તેના ૮ નાણુત્તા બતાવ્યા છે, જેમાંથી જઘન્ય ત્રણ ગમ્મામાં ૫ નાણુત્તા છે. તેની પ્રત્યેક આંગુલની અવગાહના હોવા છતાં પણ વૈક્રિય અને તૈજસ સમુદ્‌ઘાત યુક્ત પાંચ સમુદ્‌ઘાત ભગવતીના મૂળ પાઠમાં બતાવેલ છે.

પ્રશ્ન ૧૦૦૫ :—અસંજ્ઞી તિર્યંચ પહેલી નરકમાં જાય તો, સંખ્યાતા જાય કે અસંખ્યાતા?

ઉત્તર :—અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પહેલી નરકમાં એક સમયમાં અસંખ્યાતા જઈ શકે છે. ભ. શ. ૨૪ ઉ. ૧ તથા શ. ૧૩ ઉ. ૧ માં આનો ખુલાસો બતાવ્યો છે.

પ્રશ્ન ૧૦૦૬ :—આંગુળના અસંખ્યાતમા ભાગની અવગાહના વાળા તિર્યંચ, નરકમાં નથી જતા. પરંતુ નરકમાં જનાર તિર્યંચની ઋદ્ધિ છે–એવું "શીઘ્ર બોધ"માં છે, તો તે કેવી રીતે?

ઉત્તર :—આંગુળના અસંખ્યાતમા ભાગવાળા તિર્યંચ નરકમાં જઈ શકે છે–એવું ભ. શ. ૨૪ આદિથી સ્પષ્ટ છે. જો, "શીઘ્રબોધ" માં નિષેધ પણ કર્યો હોય, તો તે નિષેધ કરવો બરાબર નથી એમ સમજવું જોઈએ.

પ્રશ્ન ૧૦૦૭ :—અઢી દ્વીપ બહાર વર્ષા થાય કે નહિ? સ્થળચરાદિ શું ખાય છે?

ઉત્તર :—દેવાદિ વર્ષાવી દે તો વાત અલગ છે, બાકી સ્વાભાવિક વૃષ્ટિ મનુષ્ય-ક્ષેત્રની બહાર થતી નથી. જેમકે–અહિં પદ્‌મદ્રહ આદિમાં પાણી ઉત્પન્ન થાય છે, તેમ ત્યાં (મનુષ્ય ક્ષેત્રની બહાર) પણ પૃથ્વીના અનેક સ્થળો ઉપર પાણી ઉત્પન્ન થાય છે,

તે જલસહિત સ્થળોમાં વનસ્પતિ પણ ઉત્પન્ન થાય છે, એવી સંભાવના છે. તે પાણી અને વનસ્પતિ આદિથી સ્થળચરાદિ તિર્યંચોનો નિર્વાહ સંભવે છે.

પ્રશ્ન ૧૦૦૮ :—જ્યોતિષિઓનો ઉદ્યોત ૧૦૦ યોજન ઊંચો અને ૧૮૦૦ યોજન નીચો આવ્યો છે, તો શું શનિશ્ચરના તારાનો પ્રકાશ પણ ઊંચો ૧૦૦ યોજન હોય છે, અને ચંદ્રમા સમભૂમિથી ૮૮૦ યોજન અને સલિલાવતી વિજય સમભૂમિથી ૧૦૦૦ યોજન ઊંચી છે, તો ચંદ્રમાનો પ્રકાશ આખી વિજયમાં પડે છે કે નહિ?

ઉત્તર :—ઊંચે લોકમાં કાળ દ્રવ્ય હોતો નથી, એવો શાસ્ત્રમાં ખુલાશો છે. એથી શનિશ્ચરના તારાનો પ્રકાશ ઊંચો તે વિમાનની ધ્વાજાપતાકા સુધી જ સમજવો, વધારે નહિ. ચંદ્રમાનો પ્રકાશ સંપૂર્ણ સલીલાવતી વિજયમાં સમજવો અર્થાત્ ચંદ્રમાનો પ્રકાશ પણ ઊંચો-નીચો મળીને ૧૯૦૦ યોજન સમજવો જોઈએ.

પ્રશ્ન ૧૦૦૯ :—વેદનીય કર્મની ઉદીરણા પ્રથમથી છઠ્ઠા ગુણ-સુધી અવશ્ય થાય છે કે નહિ? પુલાક-નિગ્રંથમાં ઉદીરણા, આયુષ્ય-વેદનીય છોડીને છ કર્મોની માની છે, તો શું પુલાકમાં કેવળ એક ૭ મું ગુ. જ સંભવે છે? ઉદીરણાનો પૂરો ખુલાશો સૂત્રમાં ક્યાં મળે છે? શેષ નિયંઠોમાં પણ કેટલા-કેટલા ગુ. સંભવે છે? પુલાક-લબ્ધિ માત્ર શક્તિને કહે છે કે લબ્ધિનો પ્રયોગ કરવાથી? લબ્ધિ પ્રયોગથી આવો ભયંકર વિનાશ કરવા છતાં પણ શું નિગ્રંથ રહી શકે છે? લબ્ધિનો પ્રયોગ શું અપ્રમત્ત અવસ્થામાં થાય છે?

ઉત્તર :—પહેલા ગુ. થી છઠ્ઠા ગુ. સુધી વેદનીય કર્મની ઉદીરણા થવી, અવશ્ય સંભવે છે. કેમકે પહેલાથી છઠ્ઠા ગુ. સુધી ત્રીજા ગુ. ને છોડીને ૭ તથા ૮ કર્મોની ઉદીરણા બતાવી છે. જો વેદનીય-કર્મની ઉદીરણાની આવશ્યકતા ન હોત, તો ૭, ૮ તથા ૬ કર્મોની ઉદીરણા બતાવી હોત પરંતુ એવું બતાવ્યું નથી. એથી વેદનીયની ઉદીરણા અવશ્ય સંભવે છે. આ ઉદીરણા આદિ ને જોતાં પુલાકમાં એક સાતમું ગુ. જ લાગે છે કેટલાક પાના અને પુસ્તકોમાં બે ગુ. પણ પુલાકમાં બતાવ્યા છે. ખાસ જ્ઞાની જાણે. ઉદીરણાનું વર્ણન કર્મગ્રંથાદિ ગ્રંથોમાં છે, પરંતુ સૂત્રોમાં જોવામાં આવ્યું નથી.

બકુશ અને પ્રતિસેવનામાં છઠ્ઠું અને સાતમું આ બે ગુ. છે. કષાય કુશીલમાં છઠ્ઠાથી ૧૦ મા સુધી પાંચ ગુ. છે. નિગ્રંથમાં ૧૧ મું અને ૧૨ મું-આ બે ગુ. છે. સ્નાતકમાં ૧૩ મું અને ૧૪ મું આ બે ગુ. છે.

લબ્ધિની શક્તિ માત્રને જ પુલાક જો કહેવાત તો પુલાકની સ્થિતિ અંતર્મુહૂર્તની ન હોઇને વધારે થાત—એવો સંભવ છે. એથી અહિં કોઈ ખાસ કારણવશ લબ્ધિ આદિ કામમાં લાવવાના વિચારાદિ કરવાથી તે પુલાક કહેવાય છે એવું સમજવું. આમાં થોડા સમયનું ચારિત્ર નષ્ટ થાય છે, પરંતુ તેના ભાવ આલોચનાદિથી શુદ્ધ થવાના હોય, અને આ તરત જ તે અવિશુદ્ધ ભાવોની આલોચનાદિ કરીને તે ફરી ચારિત્ર સાધી લ્યે (વિશુદ્ધ બનાવી લે) તો તે કષાય-કુશીલ થઈ જાય છે. જો તરત જ ન ચેતે, તો તે અસંયમી બની જાય છે. પુલાક પણે કાળ કરતા નથી. એથી અહિં અસંયમી બનવાનો અર્થ સંયમથી પડીને અસંયમી થઈ જાય છે—એમ સમજવો.

શંકા :—ભગવતી શ. ૩૫ મા માં એકેન્દ્રિયમાં વેદનીય-આયુષ્યની ઉદીરણા થાય અને ન પણ થાય એમ મૂળમાં આવ્યું છે, તો આ કેવી રીતે છે?

સમાધાન :—ગુણસ્થાનદ્વાર વગેરેથી છઠ્ઠા ગુ. સુધી વેદનીય કર્મની ઉદીરણા "અવશ્ય સંભવે છે" એવું જે પહેલા મેં કહ્યું તે ઠીક નથી. ભગવતી તરફ ધ્યાન ન દેવાથી આ ભૂલ થઇ ગઈ છે. વેદનીય-કર્મ ઉદીરણાની છઠ્ઠા ગુણ. સુધી નિયમા નથી. આ ઘીંગડમલજી સા. નું કહેવું બરાબર છે; જે ભગવતીના ૧૧ મા તથા ૩૫ મા આદિ શતકોથી સ્પષ્ટ થાય છે તથા આ પ્રમાણોથી પુલાકમાં છઠ્ઠા ગુ. હોવાનો કોઇ બાધ નથી દેખાતો.

પ્રશ્ન ૧૦૧૦ :—શું છઠ્ઠા ગુ. ના ચારિત્ર-પર્યવ સાતમા ગુ. ના ચારિત્ર-પર્યવોથી પણ વધારે હોઈ શકે છે? કેમકે જીવ છઠ્ઠા ગુ. માં આવવાની પહેલા જ સાતમું સ્પર્શે છે અને છઠ્ઠામાં ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન ક્રોડ પૂર્વ સુધી રહી શકે છે. તો શું આટલા વર્ષોની પર્યાયના અનુભવથી પણ નવ દીક્ષિતનું સ્થાન વિશેષ હોય છે?

ઉત્તર :—હા, કોઈ એક સાતમા ગુણસ્થાનવર્તી જીવના ચારિત્ર પર્યવોથી છઠ્ઠા ગુણસ્થાન વર્તી જીવના ચારિત્ર-પર્યવ વધારે પણ હોઈ શકે છે.

છઠ્ઠા ગુ. માં દેશોન પૂર્વક્રોડ સુધી રહેવાનું તો કહે જ છે. પરંતુ ભગવતી શ. ૩. ઉ ૩ ના પાઠની ટીકામાં ટીકાકાર કહે છે કે પ્રમત, અપ્રમત ગુ. ને જીવ અંતર્મુહુર્ત માં બદલી દે છે. આ રીતે બન્નેમાંથી દરેકમાં અંતર્મુહૂર્ત રહેતા દેશોન પૂર્વ ક્રોડ સુધી રહી શકે છે એવું પણ કહેવાય છે. સાતમા ગુ. ના અંતર્મુહૂર્તથી છઠ્ઠા ગુ. નું અંતર્મુહૂર્ત મોટું છે.

પ્રશ્ન ૧૦૧૧ :—મનુષ્ય તથા તિર્યંચ પંચેન્દ્રિયના વૈક્રિય શરીરની સ્થિતિ ભગવતી શ. ૮ ઉ. ૯ માં વાયુ-કાયની જેમ અંતર્મુહુર્તની બતાવી તથા જીવાભિગમ સૂત્રમાં મનુષ્યની વૈક્રિયની સ્થિતિ ૪ મુહુર્તની બતાવી, તો આનું શું કારણ છે?

ઉત્તર :—આ વિષયમાં નીચે દીધેલ ગાથા ઉલ્લેખનીય છે.

" भिन्नमुहूत्तो नरएसु, होति तिरियमणुएसु चत्तारि ।
(देवेसु) अद्धमासो, उक्कोस विउव्वणा भणिया ॥ २ ॥

આ પ્રકારે જીવાભિગમની ત્રીજી પ્રતિપત્તિમાં નરકના ત્રીજા ઉદ્દેશાની બીજી ગાથામાં, તિર્યંચ, મનુષ્યના વૈક્રિયની સ્થિતિ ચાર ભિન્ન–અલગ (ખંડિત અંતર) મુહૂર્તની બતાવી છે. અહિં આ ચાર ભિન્ન (અંતર) મુહૂર્તનું પણ એક અંતર્મૂહૂર્ત સમજવું, કેમકે અહિં નરકના વૈક્રિયની સ્થિતિના અંતર્મુહૂર્તથી તિર્યંચ અને મનુષ્યનો અંતર્મુહૂર્ત ચાર ગુણો મોટો બતાવવા માટે એવું બતાવ્યું છે. એથી ભગવતીનો અંતર્મુહૂર્ત અને જીવાભિગમનો ૪ ભિન્ન મુહૂર્ત સમાન જ સમજવો જોઈએ.

પ્રશ્ન ૧૦૧૨ :—શું ચારિત્ર ગ્રહણના સમયે જીવ, પહેલાં કષાય કુશીલ નિયંઠાને જ સ્પર્શે છે અને પછી દોષ સેવન કરવા પર પુલાકાદિ નિયંઠામાં આવે છે, અથવા શરૂઆતમાં જ બકુશ–પ્રતિસેવના આદિ સ્પર્શે છે?

ઉત્તર :—જીવને ચારિત્ર પ્રાપ્તિના સમયે પ્રારંભમાં તો કષાયકુશીલ નિયંઠો જ હોય છે. પછી તેમાં અન્ય નિયંઠા પણ હોઈ શકે છે.

પ્રશ્ન ૧૦૧૩ :—સ્નાતક નિયંઠામાં ત્રણે કલ્પ, સ્થિત, અસ્થિત અને કલ્પાતીત માનેલ છે, તો શું કેવળીમાં પણ સ્થિત તથા અસ્થિત કલ્પ આવશ્યક છે? કલ્પાતીતનો અર્થ શું કલ્પોથી રહિત એવો નથી? આગમ-વિહારિઓ માટે તો કદાચ સૂત્રની મર્યાદા આવશ્યક થતી નહીં હોય?

ઉત્તર :—પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓનો સ્થિત અને મધ્યના બાવીસ અને મહાવિદેહના સાધુઓનો અસ્થિત કલ્પ હોય છે. સ્વયં તીર્થંકર તો દીક્ષાના સમયથી જીવન પર્યંત કલ્પાતીત જ હોય છે. જે કેવળી હોય છે, તે કાં તો બન્ને (સ્થિત અને અસ્થિત) કલ્પના પાળવા વાળા માંથી કે તીર્થંકર (કલ્પાતીત)માંથી હોય છે. એથી સ્નાતકમાં ત્રણ કલ્પ ગણાયા છે. કેવળી હોવા છતાં પણ તે અચેલ, ઉદ્દેશિક, શય્યાતર પિંડાદિ કેટલાય કલ્પ પાળે છે. જેમકે—પ્રભુના માટે બનાવેલ કોલાપાક લાવવાનો પ્રભુએ નિષેધ કર્યો હતો, અર્થાત્ કલ્પાતીત હોવા છતાં પણ તે પોતાના કેવળજ્ઞાન વડે કેટલીય મર્યાદાઓ પાળવી આવશ્યક સમજે છે. સૂત્રની મર્યાદા તેમને બાધ્ય કરતી નથી, પરંતુ કલ્પાતીત માટે જે મર્યાદા પાળવી કેવળજ્ઞાનમાં આવશ્યક સમજે છે, તેનું તે બરાબર પાલન કરે છે. તથા કેટલીક વ્યવહારિક મર્યાદાઓ છદ્મસ્થોના હિત માટે પણ તે આવશ્યક સમજીને પાળે છે. એથી કલ્પાતીત હોવા છતાં પણ કેટલીય બાહ્ય મર્યાદાઓના પાલનાદિ કારણથી તેમનામાં શેષ બે કલ્પ પણ ગણવાનો સંભવ છે.

પ્રશ્ન ૧૦૧૪ :—અસોચ્ચા કેવળી, પ્રતિપાતી સમદષ્ટિ જ હોય છે શું ? અને કેવળ-પર્યાયમાં કેટલો કાળ રહી શકે છે ? અનાદિ કાળનો મિથ્યા-દષ્ટિ પણ અંતર્મુહૂર્તમાં મોક્ષ જઈ શકે છે ?

ઉત્તર :—પ્રતિપાતી સમ્યગ્દષ્ટિ અને અનાદિ મિથ્યાત્વી બંને પ્રકારના જીવ, સમકિત પ્રાપ્ત કરીને અસોચ્ચા કેવળી થઇ, શીઘ્ર (જલ્દી) જ મોક્ષ મેળવી શકે છે. અર્થાત્ અનાદિ મિથ્યાત્વી પ્રથમ સમકિત પ્રાપ્ત કરીને અંતર્મુહૂર્તમાં પણ મોક્ષે જઈ શકે છે. અસોચ્ચા કેવળિઓનું આયુ અલ્પ હોય, તો તે તે જ લિંગથી મોક્ષ ચાલ્યા જાય છે અને આયુ અધિક હોય, તો તે લિંગ પરિવર્તન (સ્વ-લિંગ-સાધુવેષ ધારણ) કરી લ્યે છે.

પ્રશ્ન ૧૦૧૫ :—ભગવતી સૂત્રમાં શીલ-સંપન્નાદના ચાર ભાંગા આવ્યા છે, તેમાં પ્રથમ ભાંગા વાળા સમ્યગ્દષ્ટિ છે, કે મિથ્યાદષ્ટિ ? જો મિથ્યાદષ્ટિ છે, તો આરાધક કેમ અને સમ્યગ્દષ્ટિ છે, તો દેશ આરાધક જ કેમ ? બીજા ભાંગાનો પણ એ જ રીતે ખુલાશો ફરમાવશોજી. જો દ્રવ્ય ચારિત્ર મનાય, તો જ્ઞાન પણ દ્રવ્ય હોઈ શકે છે અને ચોથા ભાંગામાં વિરાધના કોની થાય છે ?

ઉત્તર :—'શ્રુત' શબ્દથી જ્ઞાન અને દર્શનનું અને 'શીલ' શબ્દથી ચારિત્રનું ગ્રહણ બતાવ્યું છે. શીલ હશે અને શ્રુત નહિ હોય, તો કાર્ય-સિદ્ધિ રૂપ સામૂહિક ત્રણ (જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ) વિભાગોમાંથી કેવળ ક્રિયા રૂપી શીલની આરાધના (નિરતિચાર તથા અનુપાલના) સ્વરૂપ તૃતીયાંશને રાખતા થકા, બે અંશો (ભાંગાઓ)થી દૂર રહ્યા. જ્ઞાન અને દર્શન વગર વાસ્તવિક ચારિત્ર તો હોઇ શકતું જ નથી. કેવળ ચારિત્રની ક્રિયાનો આરાધક હોઈ શકે છે. જેમ-અભવ્ય તથા મિથ્યાદષ્ટિ જીવ-જે ગ્રૈવેયકમાં જાય છે, તેમાં નિશ્ચય ચારિત્ર તો હોતું નથી, પરંતુ ચારિત્ર ક્રિયાની સાધના હોય છે, જે ચારિત્ર-ક્રિયાના આરાધક હશે, તે જ ગ્રૈવેયકમાં જશે એમ ક્રિયા રૂપ શીલના દેશારાધક કહેવાથી ખાસ મુક્તિ માર્ગ (પરલોક) ના આરાધક ન સમજવા.

" लोगमिगं तहा परं " ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૧૭ " तेणं भंते ! देवा परलोगस्स आराहग्गा ?...." ઉવવાઈ સૂત્ર. તાપસોને ક્રિયાદિના આરાધક હોવા છતાં પણ પરલોકના આરાધક બતાવ્યા નથી. આ જ રીતે ક્રિયાના આરાધક થઈ શકે છે. આ ભાંગાનો અર્થ ટીકામાં બીજી રીતે કર્યો છે.

પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિને ન પાળે અથવા પ્રાપ્ત જ થયું ન હોય, તેને વિરાધક કહેવાય છે.

બીજા ભાંગાઓમાં ટીકા અને ટબ્બાકારોએ અવિરત સમ્યગ્દૃષ્ટિ બતાવ્યા છે. ચારિત્ર-પ્રાપ્તિના અભાવને પણ વિરાધના ઉપર બતાવી છે, તદનુસારે અહિં ચારિત્ર અપ્રાપ્તિ રૂપ ત્રીજા ભાંગાની વિરાધના સમજવી. ચોથા ભાંગામાં જ્ઞાનાદિ ત્રણની જ અપ્રાપ્તિ રૂપ વિરાધના સમજવી અને પ્રાપ્ત થયા વગર આરાધન થઈ જ શકતી નથી. એથી અહિંયા આરાધનાના અભાવમાં વિરાધના બતાવી છે.

પ્રશ્ન ૧૦૧૬ :—સાતમાથી બારસું ગુ. શુભયોગ પડુચ્ચય માન્યું છે, તો પછી ત્યાં થોકડા-બોલમાં અસત્ય તથા મિશ્ર મનવચનના યોગ કહે છે, તો તે કેવી રીતે?

ઉત્તર :—ભગવતી શ, ઉ. ૧ ની "नह्निनामाऽनामोगः छद्मस्थस्येहकस्य"

આ ટીકાથી કોઈ પણ છદ્મસ્થને અનાભોગ નથી એવી વાત નથી, પરંતુ છે જ. આ પ્રકારે અનાભોગથી તથા છદ્મસ્થતાના કારણે કોઈ વસ્તુ સંબંધી અવાસ્તવિકતા રહી જવાથી અસત્ય અને મિશ્ર મન તથા વચન યોગ તેમાં ઘટી શકે છે. અપ્રમત્તમાં આના સિવાય અન્ય રૂપે ઘટી શકતા નથી.

પ્રશ્ન ૧૦૧૭ :—સકામ અને અકામ નિર્જરા કોને કહે છે? આનો વિશેષ ખુલાશો ક્યાં છે?

ઉત્તર :—કર્મ ક્ષય (આત્મ-વિશુદ્ધિ-નિર્જરા)ની અભિલાષાથી જે નિર્જરા કરે છે (થાય છે) તેને 'સકામ' અને બીજાને 'અકામ' નિર્જરા કહે છે. (ભવ્યત્વના પરિપાક તેમજ સમકિત અભિમુખ થતાં (અપૂર્વકરણ અને અનિવૃત્તિ કરણના) સમયે જીવને કંઈક ઉજ્જવળ બનાવવામાં સહાયક બની જાય, આ વાત નિરાળી (અલગ) છે. અન્યથા વાસ્તવિક સકામ નિર્જરા મિથ્યાત્વીને હોવાનો સંભવ નથી. વાસ્તવિક સકામ નિર્જરા ચોથાથી ૧૪ મા ગુ. સુધી હોય છે. આનો વિશેષ ખુલાશો ક્યાંક હશે, મારા જોવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૧૦૧૮ :—શુક્લપક્ષી સમદૃષ્ટિનો સંસાર-પરિત થવો અનુક્રમે માને છે, આનું શું પ્રમાણ? શુક્લ પક્ષીનો કાળ જો નિયત અર્ધપુદ્ગલ-પરાવર્તન જ છે તો પછી સંસાર-પરિત કરતી વખતે કયો સંસાર ઘટાવે છે? અને એવી માન્યતા પણ છે કે સમકિત પ્રાપ્તિની સાથે જ શુક્લ પક્ષી થાય છે અને સંસાર પરિત મિથ્યાત્વ અવસ્થામાં પણ કરી શકે છે, તો તે કેવી રીતે?

ઉત્તર :—ભગવતી શ. ૧૩ તથા ૨૬ તેમજ દશાશ્રુત સ્કંધના છઠ્ઠા અધ્યયનની ટીકા આદિથી સ્પષ્ટ છે કે જે જીવને અર્ધપુદ્ગલ પરાવર્તનથી કંઈક પણ ન્યૂન સંસાર રહી જાય છે, ત્યારથી તે શુક્લપાક્ષિક ગણાય છે.

કૃષ્ણ–પાક્ષિકનો શુકલ–પાક્ષિક થાય છે, ત્યારે મિથ્યાત્વ અવસ્થામાં જ થાય છે. કોઇક જીવને તો શુકલ–પાક્ષિક થતાં જ શીઘ્ર સમકિત પ્રાપ્ત થઈ જાય છે અને કોઇને વિલંબથી. વિલંબમાં પણ કોઈને એક ભવ પછી, કોઈને બે ભવ પછી યાવત્ કોઇને છેલ્લા ભવમાં પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ થશે શુકલ–પાક્ષિક થયા પછી જ. જે જીવને શુકલ–પાક્ષિક થયા પછી જલ્દી સમકિત આવી ગઈ હશે, તે જીવ તો પ્રતિપાતી થઈને અવશ્ય અનંત-કાયમાં જશે. આવી દશાવાળાનો સંસાર પરિત નથી થયો સમજવો. અસંખ્ય કાળથી વધારે સંસાર–પરિતવાળા સંસારમાં રહેતા નથી અને અનંતકાયમાં જતા નથી. એથી આ સંસાર–પરિત સમકિત પ્રાપ્તિ પછી જ થાય છે. સમકિત વાળાનો તો અનંત સંસાર પણ શેષ માની શકાય છે, પરંતુ પરિત વાળાને નહિ. આ અપેક્ષાએ સંસાર ઘટવો બતાવ્યો છે. ભ. શ. ૩ ઉ. ૧ માં સનત્ કુમાર ઇંદ્ર ભવ સિદ્ધિક છે, ઇત્યાદિ ૧૨ બોલની પૃચ્છામાં સમદૃષ્ટિ પછી જ પરિત–સંસારીનું વર્ણન આવ્યું છે. આથી સ્પષ્ટ છે કે સમકિત પ્રાપ્તિ પછી જ પરિત–સંસારી થાય છે, પહેલા નહિ.

શ. ૨૩ માં આયુકર્મ આશ્રી કૃષ્ણ–પાક્ષિકનો ભાંગો બતાવ્યો છે, તથા મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાનીના ભાંગાને જોતાં સ્પષ્ટ જણાય છે કે મિથ્યાત્વી, સમદૃષ્ટિ થઇને તે જ ભવમાં મોક્ષ જઈ શકે છે, પરંતુ કૃષ્ણ–પાક્ષિક નો શુકલ–પાક્ષિક થઈને તે જ ભવમાં મોક્ષે જઈ શકતો નથી. એથી શુકલ–પાક્ષિક પહેલા જ થાય છે

પ્રશ્ન ૧૦૧૯ :—યત્નાથી સાધુ નદી ઉતરે, તો તેનું પ્રાયશ્ચિત કયા સૂત્રમાં બતાવ્યું છે ?

ઉત્તર :—નદી ઉતરવાના નામથી સ્વતંત્ર પ્રાયશ્ચિત તો મારા જોવામાં આવ્યું નથી પરંતુ નદી ઉતરવાથી અપકાય, વનસ્પતિકાય, અને બેઇન્દ્રિય આદિ ત્રસકાયની જે વિરાધના થાય છે, તેનું પ્રાયશ્ચિત અવશ્ય કરવું જ જોઇએ. યત્ના પૂર્વક ગોચરી ગયેલ સાધુને– "पाणक्कमणे, बीयक्कमणे" આદિ થયું હોય, એવું ધ્યાનમાં ન હોવા છતાં પણ ઇર્યાવહી પડિક્કમણ પ્રાયશ્ચિત રૂપે કરે છે, અર્થાત્ ગૌતમાદિ ગણધર જેવા સાવધાની રાખવાવાળા મહાપુરૂષ દ્રવ્ય વિરાધના ધ્યાનમાં ન હોવા છતાં પણ ઇર્યાવહી પ્રતિક્રમણ–પ્રાયશ્ચિતરૂપે કરીને મિચ્છામિ–દુક્કડં દે છે, તો પછી નદી ઉતરવામાં તો અવશ્ય વિરાધના દેખાય છે, આમાં પ્રાયશ્ચિત કેમ નહિ ? અર્થાત્ છે જ.

એક મહિનામાં ત્રણ અને વર્ષમાં ૧૦ ઉદકલેપ લગાવવામાં સબલ–દોષ લાગે તેમ બતાવેલ છે. મહિનામાં ૨ અને વર્ષમાં ૯ લગાવે તો સબલ–દોષ તો નથી, પરંતુ દોષ તો છે જ. જ્યારે દોષ છે તો પ્રાયશ્ચિત પણ અવશ્ય છે જ. જેમ ગોચરીની પ્રભુ–આજ્ઞા હોવા છતાં ઇર્યાવહી પડિક્કમણરૂપ તથા મિચ્છામિ દુક્કડંરૂપ દંડ છે, તેમજ આવશ્યકતાથી વિધિ અનુસારે નદી ઉતરતા પણ અપકાય, વનસ્પતિકાય આદિની વિરાધનાનો 'નિશીથ' માં વર્ણિત દંડ અવશ્ય સમજવો જોઇએ,

નદીની જેમ અન્ય અનેક વાતોના પ્રાયશ્ચિતનું વર્ણન શાસ્ત્રોમાં સ્વતંત્ર જોવામાં આવતું નથી, પરંતુ મનાય છે. જેમ-પાખી અને ચોમાસીના દિવસે પાખી તથા ચોમાસી પ્રતિક્રમણ ભૂલી જવાનું, નિદ્રાના કારણે રાત્રિપ્રતિક્રમણ ન થયાનું, રાત્રિએ માથું ઢાંકયા વગર બહાર જવાનું, આ જ રીતે પૂંજયા વગર બહાર જવું આદિ અનેક વાતોના પ્રાયશ્ચિતનું વર્ણન ન હોવા છતાં પણ માન્ય છે. તે જ રીતે નદીના પ્રાયશ્ચિતનું વર્ણન સ્વતંત્ર ન દેખાવા છતાં પણ સમજવું જોઈએ.

પ્રશ્ન ૧૦૨૦ :—નિશીથના ૧૨મા ઉ. માં ત્રસ-જીવને બાંધવા-બંધાવવાનું પ્રાયશ્ચિત બતાવ્યું છે, તો તેનો અર્થ શું સમજવો ?

ઉત્તર :—ભાષ્યકાર 'कोलुण' નો અર્થ 'કરૂણા' કરે છે. શબ્દશાસ્ત્રની દૃષ્ટિથી પણ કલુણ, કાલુણ અને કોલુણનો વિકાસ યુક્તિ સંગત બેસે છે. કલુણનો મૂળ અર્થ કરૂણ-ભાવ, દીન ભાવ છે. વિપાક સૂત્રના' પ્રથમ અધ્યયનમાં આંધળા પુરૂષનું વર્ણન કરતા કાલુણથી કરૂણ-વૃત્તિનો જ ઉલ્લેખ કર્યો છે. આંધળા માણસની સ્થિતિ દીન-ભાવની દ્યોતક (ને બતાવનાર) છે. અને તે દીન-ભાવથી જ પોતાની આજીવિકા ચલાવી રહ્યો હતો. "पाइअसद्दमहण्णओ" કોષના ૨૯૧ મા પૃષ્ઠમાં કલુણનું સંસ્કૃત રૂપ દીધું છે. અને તેનો અર્થ દીન તથા દયા-જનક કર્યો છે. તથા "पडियाए" નો પણ વૃત્તિ અર્થ કર્યો છે. જેના માટે "संखडि-पडियाए" 'मेहुण-पडियाए' આદિ, શાસ્ત્રમાં અનેક ઉદાહરણ મળે છે. એથી નિશીથના ૧૨ મા ઉ. ના ત્રસ-પ્રાણીબાંધવા-છોડવારૂપ સૂત્ર પાઠનો આ નિષ્કર્ષ નિકળે છે કે સાધુ શય્યાત્તરને ત્યાં અદીન ભાવે રહે, 'અન્યત્ર (બીજે) કયાંય સ્થાન મળશે નહિ અથવા હું આનું કામ નહિ કરૂં, તો આ કાઢી મુકશે ઇત્યાદિ ભયથી દીન-વૃત્તિ સ્વીકારીને, ભિક્ષુ શય્યાત્તરના કહેવાથી તેના પશુઓને બાંધવા-છોડવા રૂપ ગૃહકાર્ય કરે નહિ, જો એવું કાર્ય કરે તો ચાતુર્માસિક પ્રાયશ્ચિતનું વિધાન કર્યું છે. ભાષ્યકારે ત્રસપ્રાણીની વ્યાખ્યા કરતા વાછરડું આદિ એવો અર્થ કર્યો છે, જેથી સ્પષ્ટ રૂપે શય્યાત્તરની ગૃહ-સ્થિતિનો પરિચય મળે છે. સ્વયં ભાષ્યકાર જ આ સ્થિતિનું નિરૂપણ કરતા કહે છે કે ગૃહસ્થ, ક્ષેત્ર આદિમાં જતો હોય ત્યારે પોતાના ઘરના વાછરડા વગેરેને સંભાળી રાખવાનું સાધુને કહે, ત્યારે મુનિ પોતાનો અદીન-પરિચય દેતો થકો આ પ્રકારનું ગૃહકાર્ય કરવાનો સ્પષ્ટ રૂપે અસ્વીકાર કરે અને કહે કે "તમે મને વાસણ અથવા થાંભલા જેવો સમજી લ્યો." ભાષ્યકારના ઉક્ત કથનનો આ સ્પષ્ટ અભિપ્રાય છે કે સાધુએ મુધા-જીવી હોવું જોઈએ.

નિશીથ સૂત્રના પાઠમાં આવેલ કોલુણ શબ્દને લઈને કેટલાક લોકો એમ કહે છે કે-"સાધુ અનુકંપાને લઈને ત્રસ પ્રાણિઓને બાંધે-છોડે નહિ. તેનું આ કથન શાસ્ત્ર અનુકૂળ સિદ્ધ થતું નથી. જો અનુકંપા નિમિત્તે બાંધવું-છોડવું નિષેધ છે, તો શું દ્વેષવશ

બાંધવું છોડવું શાસ્ત્ર સંમત હોઈ શકે છે? જો દ્વેષવશ બાંધવું-છોડવું ખુલ્લું રહેતું હોય અને અનુકંપાની દ્રષ્ટિએ નિષેધ હોય, તો તો આખી જૈન પરંપરા જ બદલાઈ જાય છે. જો બન્ને દ્રષ્ટિઓથી બાંધવાં-છોડવાનો નિષેધ મનાય, તો "कोलुण पडियाए" પદની સાર્થકતા રહેતી નથી. તે પદ વ્યર્થ થાય છે. અને ત્યારે સૂત્રનું રૂપ "जे भिक्खु अन्नयर तसपाणजाइ" આદિ રૂપે હોવું જોઈતું હતું.

બીજી વાત આ છે કે જો અનુકંપા (દયા) ભાવથી ત્રસ પ્રાણીને બાંધવા-છોડવાનો નિષેધ અભિષ્ટ (ઈચ્છિત) હોત, તો ત્રસ પ્રાણીથી બેઈન્દ્રિય આદિ પ્રાણિઓનું પણ ગ્રહણ થવું જોઈતું હતું. પરંતુ ભાષ્યકારને આ ઈચ્છિત નથી. તેઓએ સ્પષ્ટ રૂપે વાછરડા આદિનું ગ્રહણ કર્યું છે.

જો ત્રણ પ્રાણથી બેઈન્દ્રિય આદિનું ગ્રહણ ઇષ્ટ હોત તો ભિક્ષુ પોતાના જલપાત્રાદિમાં પડીને મુર્ચ્છિત થયેલ માંખી આદિને કપડામાં બાંધીને કેમ રાખે અને મુર્ચ્છા દૂર થયા પછી ઠીક થાય ત્યારે તેને કેમ છોડે? અંતે માખી પણ ત્રસ પ્રાણી છે, અહિં અનુકંપા નિમિત્તે બાંધવાનું પ્રાયશ્ચિત લેવું જોઈશે, જે શાસ્ત્ર સંમત નથી. આ જ રીતે વિક્ષિપ્ત-ચિત્ત આદિ સ્થિતિમાં પોતાના સાથી સાધુને પણ ભિક્ષુ બાંધે છે તથા સારું થઈ જાય ત્યારે છોડે છે. આમાં કોઈ પ્રકારનું પ્રાયશ્ચિત કહેલ નથી. જો અનુકંપા નિમિત્ત બાંધવાનું પ્રાયશ્ચિત હોત, તો અહિં પણ પ્રાયશ્ચિત ગ્રહણ કરવાની પરંપરા હોત.

મૂળ પાઠ ઉપર ઊંડાણથી વિચાર કરાય, તો શું મૂંજનું દોરડું, કાષ્ઠ પાશ, ચર્મપાશ, આદિ સાધુ પોતાની પાસે રાખે છે? આ સ્પષ્ટ છે કે આ વસ્તુઓ સાધુ પાસે હોતી નથી. આ વસ્તુઓ તો ગૃહસ્થના ઘરે જ પશુ વગેરેને બાંધવા માટે હોય છે. એથી શય્યાત્તરને ત્યાં દીન-વૃત્તિથી સાધુ, પશુ આદિને બાંધે કે છોડે નહિ. આ. આ સૂત્રનો સ્પષ્ટ અર્થ છે અને આ જ ભાવનો ભાષ્યકારે નિર્દેશ કર્યો છે.

નિશીથ સૂત્રમાં આવેલ 'કોલુણ' શબ્દનો અર્થ કલુણભાવ-કરૂણ ભાવ છે, અનુકંપા નહિ. અનુકંપા અને કરૂણ ભાવ અલગ-અલગ અર્થ સૂચક છે, સમાનાર્થક નથી. આ જ કારણ છે કે સ્થાનાંગ સૂત્રમાં અનુકંપા અને કારુણિક દાનને અલગ-અલગ માની ને ૧૦ પ્રકારના દાન બતાવ્યા છે જો અનુકંપા અને કારુણ્ય એક જ હોત, તો તેનું અલગ—અલગ નિર્દેશન ન કરત. એથી જ્યાં સ્વાર્થ-બુદ્ધિ અને મોહ-બુદ્ધિ હોય, તે કરૂણભાવનું સ્થાન છે અને જ્યાં નિરપેક્ષ પરદુઃખ નિવારણ રૂપ દયાનો ભાવ હોય, તો તેનો અલગ-અલગ નિર્દેશ ન કરત. એથી જ્યાં સ્વાર્થ બુદ્ધિ અને મોહ-બુદ્ધિ હોય, તે કરૂણ ભાવનું સ્થાન છે. અને જ્યાં નિરપેક્ષ પર દુઃખ નિવારણ રૂપ દયાનો ભાવ હોય, તે અનુકંપાનું સ્થાન છે. ઉક્ત વિવેચનથી આ સ્પષ્ટ થઇ જાય છે કે નિશીથ સૂત્રનો કોલુણ શબ્દ કરૂણ ભાવમાં છે. અનુકંપા ભાવમાં નથી.

અનુકંપા ભાવથી તો જૈનધર્મની બધી પરંપરાઓમાં વિક્ષિપ્તચિત્ત ભિક્ષુ વગેરેને બાંધવા તથા છોડવાની પરંપરા પ્રચલિત છે. તેમાં કોઈ દોષ મનાતો નથી. અને ન તો કોઈ પ્રાયશ્ચિત પણ લેવાય છે. આ જ ભાવને સ્પષ્ટ કરતાં ભાષ્યકારે ઉક્ત સૂત્રોનો ઉપસંહાર કરતા સ્પષ્ટ લખ્યું છે કે જો શય્યાત્તરને ત્યાં પણ વાછરડા વગેરે છોડેલા ભાગીને અગ્નિમાં, પાણીમાં, તથા ખાડા આદિમાં પડીને મરવાની સ્થિતિમાં હોય, તેને અનુકંપા ભાવે બાંધી શકાય છે. એજ રીતે જો ગાઢ બંધનના કારણે દોરડામાં ફસાઈને કોઈ પશુ વગેરે તરફડી રહ્યા હોય અથવા મરી રહ્યા હોય અથવા અગ્નિમાં બળવાની સ્થિતિમાં હોય, તો તે બાંધેલાને છોડી પણ શકાય છે.

પ્રશ્ન ૧૦૨૧ :—શ્રી કેવળી ભગવાન્ સિદ્ધ-શીલા સ્થિત બધા સિદ્ધોની આદિ જોઈ અને બતાવી શકે છે કે નહિ ?

ઉત્તર :—ભગવતી શ. ૮ ઉ. ૨માં તથા નંદી વગેરે સૂત્રોમાં બતાવ્યું છે કે કેવળી ભગવાન સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ જાણે છે અને જુએ છે. કોઈ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ કેવળિઓથી ન જાણેલ અને ન જોયેલ રહેતા નથી. જ્યારે કિંચિત્પર્યાય માત્ર પણ જાણવું-દેખવું શેષ રહેતું નથી, ત્યારેજ તે સર્વજ્ઞ સર્વદર્શી મનાય છે. એથી સ્પષ્ટ છે કે કેવળી, બધા સિદ્ધોની ભૂત, ભવિષ્ય વગેરે બધી પર્યાય જુવે છે, પરંતુ સમય વગેરે એટલો ન હોવાથી બતાવી શકતા નથી.

પ્રશ્ન ૧૦૨૨ :—પુદ્ગલ-પરમાણુઓનું પરિવર્તન પર્યાય રૂપે જ થાય છે કે મૂળરૂપે ? જેમ પૃથ્વી-કાયના પુદ્ગલ અપકાય અને વનસ્પતિ કાયના થઈ શકે છે ? ધાતુના પુદ્ગલ કાષ્ઠાદિ થઇ શકે છે ? સોનાના પુદ્ગલ ચાંદી કે લોઢા રૂપે થઈ શકે છે કે મૂળમાં જ રહે છે ? જો પરિવર્તન થાય છે તો અનંતકાળે કે અલ્પકાળે ?

ઉત્તર :—જે પુદ્ગલ હમણા પૃથ્વી-કાય પણે છે, તેજ પુદ્ગલ કાલાન્તરે અપ, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાયપણે થઈ જાય છે. એમ બધી કાયના પુદ્ગલ પરસ્પર રૂપે સમજી લેવા જોઈએ. ધાતુના પુદ્ગલ અન્ય ધાતુ રૂપે તથા કાષ્ઠાદિ રૂપે બની જાય છે. અનંત કાળથી તો બધા પુદ્ગલોના બધા પ્રકારના રૂપ બની જ જાય છે, પરંતુ રહેશે તો પુદ્ગલના પુદ્ગલ જ. તેની ધર્માસ્તિકાય વગેરે બીજી વસ્તુઓ બનશે નહિ.

પ્રશ્ન ૧૦૨૩ :—શ્રી ઠાણાંગજી સૂત્રના ૫ મા ઠાણામાં પાંચ કારણથી પાંચ મહાનદિઓમાં "उत्तरित्तए वा संतरित्तए वा णाइक्कमइ"—આવો પાઠ છે, જેમાં બતાવેલ પાંચ કારણોથી નદી ઉતરતો સાધુ ભગવાનૂની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે. આવું ફરમાવવાનું રહસ્ય શું છે ? અર્થાત્ પાંચ કારણોથી ઉતરતા થકા સાધુઓને પ્રાયશ્ચિત આવે છે કે નહિ ? જો આવતું હોય, તો કેવી રીતે અને કયું પ્રાયશ્ચિત આવે છે ? પ્રમાણ સહિત લખાવશોજી.

ઉત્તર :—'नाइक्कमइ'નો અર્થ અમુક-અમુક કારણોથી અમુક-અમુક કામ કરતા થકા સાધુ-સાધ્વી, આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. અર્થાત્ તેઓ આજ્ઞામાં જ ગણાય છે, બહાર નહિ. આ રીતે સૂત્રોક્ત કારણોથી નદીમાં ઉતરવું પડે તો ઉતરનાર સાધુ આજ્ઞામાં છે. આજ્ઞા હોવા છતાં પણ તે નદીઓમાં ઉતરવા વાળાને જીવ-વિરાધનાનું પ્રાયશ્ચિત લેવું પડે છે. જેમ વિહાર, ગોચરી, સ્થંડિલ જવું વગેરે ભગવાનની આજ્ઞામાં છે, છતાં પણ 'इरियावहीं पडिक्कम'ના મિચ્છામિ દુક્કડં દે છે. મિચ્છામિ દુક્કડં પણ દશમાંથી એક પ્રાયશ્ચિત્ત છે, તથા એકેન્દ્રિય વગેરે અમુક જીવની વિરાધના થઈ, એમ ખબર પડતાં ઉપવાસ ૧, ૨, ૩, ૪, ૫ વગેરે પ્રાયશ્ચિત સામ્પ્રદાદિક નિયમાનુસારે લેવાય છે. નદીના પાણીમાં પણ લીલફુગ, બેઈન્દ્રિય વગેરે જીવ હોય છે અને પાણી પોતે અપકાય છે જ. તે જીવોની વિરાધના તો અવશ્ય થાય જ છે. નિશીથ સૂત્રમાં એવી વિરાધનાનું ચોમાસી પ્રાયશ્ચિત બતાવ્યું છે. અલ્પ અને વધારે વિરાધનાનો પ્રસંગ જોઈને આચાર્યાદિ છઠ, અઠમ વગેરેનું જે પણ પ્રાયશ્ચિત દે છે, તે લેવું ઉચિત છે.

પ્રશ્ન ૧૦૨૪ :—ઘણા કાળની સાધ્વીજી થોડાકાળના સાધુજી મ. ને વંદણા નમસ્કાર કરે છે? અલ્પકાળના દીક્ષિત સાધુ, ઘણા કાળની સંયમ-પર્યાય વાળી સાધ્વીજીને નમસ્કાર કરતા નથી, આમાં ચારિત્ર પર્યાયને મુખ્ય ન માનીને, પુરૂષ, સ્ત્રી-પર્યાયને વિશેષ માનેલ છે, તો તેનું શું કારણ?

ઉત્તર :—ભગવાનની દૃષ્ટિમાં ચારિત્ર પર્યાયનું બહુ ઊંચું સ્થાન છે "णमोलोए सव्वसाहुणं"આ પદથી ભાવ વંદન તો બધી સાધ્વીઓને પણ બધા સાધુઓના થઈ જાય છે એમ બતાવેલ છે. વાસ્તવિક સાધ્વી તો આ વંદનમાંથી કોઇ બહાર રહેતી નથી. 'પુરૂષ જ્યેષ્ઠ કલ્પ' બતાવીને ભગવાને જે સાધ્વિઓને વ્યવહારિક બાહ્ય વિધિ વંદન સાધુએ ન કરવા, એમ જે બતાવ્યું છે, તે પણ સાધ્વિઓના હિત માટે જ છે. જો કોઈ એમ વિચારશે કે સાધુ-સાધ્વીઓને વંદન કરે તો તેમાં તેમનું શું અહિત થતું હશે? તો વિચારવું જોઇએ કે કંઇક પ્રકૃતિ-તુચ્છતા આદિના કારણે માનની પ્રાપ્તિ થાય છે. તે માનથી સંયમ હાનિ ઈત્યાદિ પુષ્ટ કારણોથી સાધ્વીને સાધુ વડે વ્યવહારિક બાહ્ય વિધિ-વંદન, આચાર્ય, ઉપાધ્યાય વગેરે પદવિઓ દેવાનો નિષેધ કર્યો છે. જેમ, અન્યલિંગ તથા ગૃહસ્થ-લિંગમાં કોઈ કેવળી હોય, તો પણ તે કેવળિઓને વ્યવહારિક બાહ્ય વિધિ વંદન કરવાની, ચારેય સંઘને બીજા કેવળી આજ્ઞા દેતા નથી. તે લિંગમાં મોક્ષ જવા છતાં પણ દેવ, નિર્વાણ-મહોત્સવ વગેરે કરતા નથી તથા તે અન્ય લિંગાદિકેવળી પણ સ્વયં તે લિંગમાં રહે ત્યાં સુધી વ્યાખ્યાનાદિ દેવું, શિષ્ય બનાવવા, વગેરે પ્રવૃત્તિઓ લોકહિત માટે જ રોકે છે. તે જાણે છે કે લોકો તેના વિશુદ્ધ ભાવોને જોઈ શકતા નથી. તેની બાહ્ય ક્રિયાથી જ કેવળજ્ઞાન થયું એમ સમજી લેશે અને પોતે તેની બાહ્ય ઉલ્ટા માર્ગની પ્રવૃત્તિઓ અને પ્રરૂપણાદિ કરવા લાગી જશે. એથી તેઓ ઉપરોક્ત પ્રવૃત્તિઓ રોકે છે. એ જ રીતે સાધ્વિઓના હિત માટે ભગવાને આ

વ્યવહારિક બાહ્ય વિધિ-વંદન અટકાવ્યું, એમ સંભવે છે. આર્ય-સંસ્કૃતિથી પણ આ નિયમ બરાબર લાગે છે.

પ્રશ્ન ૧૦૨૫ :—કારણ દશામાં પાંચ કારણોથી સાધ્વીનો સ્પર્શ કરવા છતાં પણ સાધુને પ્રાયશ્ચિત આવે છે? જો આવતું હોય, તો પ્રમાણ સહિત ખુલાશો લખાવશો જી.

ઉત્તર :—નિર્મળ વિચાર રાખતા હોય અને સૂત્રોક્ત કારણે સાધુ-સાધ્વિઓનો પરસ્પર સંઘટ્ટો થઈ ગયો હોય, પરંતુ જીવ વિરાધનાનું કોઈ કારણ બન્યું ન હોય તો તે સંઘટ્ટાનું કોઈ ખાસ પ્રાયશ્ચિત્ત નથી. જો જીવ વિરાધના થઈ હોય તો તેનું યથાયોગ્ય પ્રાયશ્ચિત લેવું જોઈએ.

પ્રશ્ન ૧૦૨૬ :—૮૪ લાખ જીવા યોનિઓનો ઉલ્લેખ કયા આગમમાં છે? પૃથ્વીકાયના મૂળ ભેદ ૫૦ માનીને વર્ણાદિથી ગુણા કરીને સાત લાખની સંખ્યા પૂરી કરાય છે, પરંતુ મૂળ ભેદ ૫૦ કયા છે? ૫૦ના નામ કયા સૂત્રમાં છે? સ્થળ બતાવશો જી.

ઉત્તર :—૮૪ મા સમવાયાંગમાં "चोरासीइ जोणिप्पमुहसयसहस्सा पण्णत्ता" આ પાઠ છે. આની ટીકામાં પૃથ્વી આદિની ભિન્ન-ભિન્ન યોનિ, સંખ્યા વગેરેનું વર્ણન છે. તથા પ્રજ્ઞાપના પ્રથમ પદમાં પૃથ્વી આદિના ભેદોમાં "तत्थणं जेते पज्जत्तगा एएसिं वन्नादेसेणं गंधा दे. रसा दे. फासा दे. सहस्सग सोविहाणाई संखेज्जाइ जोणिप्पमुह सयसहस्साई" એવો પાઠ છે. આ પાઠથી સંખ્યા પૂર્તિના માર્ગનું દિગ્દર્શન થાય છે. તે અનુસારે ત્યાં જ ટીકામાં જ પણ કંઈક વર્ણન છે. અને પ્રવચન સારોદ્ધારના ૧૫૧ મા દ્વારમાં ૯૮૨-૮૩ અને ૮૪ ગાથામાં પણ આ વિષયક વર્ણન છે. પૃથ્વીકાયના મૂળ ભેદ ૫૦ નહિ, પરંતુ ૩૫૦ માને છે. તેમના નામનિર્દેશ તો જોવામાં આવ્યા નથી, પરંતુ ઉપરોક્ત પ્રમાણોના આધારે પૃથ્વી વગેરેના સામાન્ય ભેદ ૧ લાખની પાછળ ૫૦ માનીને પછી વર્ણાદિ સાથે (૨ હજાર) ગુણા કરવાથી બતાવેલ સંખ્યા થાય છે. આ અપેક્ષાએ લાખની પાછળ ૫૦ લે છે.

પ્રશ્ન ૧૦૨૭ :—નંદી સૂત્રમાં ચંદ્ર પ્રજ્ઞપ્તિ અને સૂર્ય પ્રજ્ઞપ્તિને ઉત્કાલિક કહેલ છે. પરંતુ ઠાણાંગ અધ્યયન ૩ ઉ. ૧ માં ત્રણ પ્રજ્ઞપ્તિ કાલિક કહેલ છે, જેમાં ચંદ્ર પ્રજ્ઞપ્તિ પણ છે?

ઉત્તર :—નંદી સૂત્રમાં ચંદ્ર પ્રજ્ઞપ્તિને કાલિક અને સૂર્ય પ્રજ્ઞપ્તિને ઉત્કાલિક કહેલ છે. પરંતુ બન્નેને ઉત્કાલિક કહેલ નથી. ઠાણાંગમાં બન્નેને કાલિક કહેલ છે, સૂર્ય પ્રજ્ઞપ્તિને અન્યત્ર પણ ઉત્કાલિકમાં લીધેલ છે. ઠાણાંગ અને નંદી બન્નેમાં ત્રણેય પ્રજ્ઞપ્તિને કાલિકમાં લીધેલ છે. કદાચ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિના બદલે સૂર્ય પ્રજ્ઞપ્તિ લખવામાં આવી ગઈ હોય. અન્ય વિશેષ પ્રમાણ આના માટે ધ્યાનમાં નથી.

પ્રશ્ન ૧૦૨૮–ગર્દતોય તુષિત દેવોનો પરિવાર ભગવતી શ. ૬ ઉ. ૫ માં સાત હજાર છે અને ૭૭ મા સમવાયાંગમાં ૭૭ હજાર દેવોનો પરિવાર લખ્યો છે, આની સંગતિ કેવી રીતે થશે?

ઉત્તર :—ગર્દતોયતુષિત દેવોનો જે ૭ હજારનો પરિવાર ભગવતીમાં બતાવ્યો છે તે ખાસ પોતાના જ પરિવારની અપેક્ષાએ સંભવે છે. અને સમવાયાંગમાં જે ૭૭ હજારનો પરિવાર છે, તે સામાનિક, આત્મરક્ષક, પરિષદ વગેરે બધાને મેળવીને સમજવો જોઈએ, કેમકે જ્ઞાતા અધ્યયન ૮ માં લોકાંતિક દેવોની સામાનિક પરિષદ વગેરે અને તેના દેવોનું પણ વર્ણન છે એથી સમવાયાંગમાં વર્ણિત સંખ્યાની સંગતિ પણ બેસે છે.

પ્રશ્ન ૧૦૨૯ :—જળચરની ૧૨॥ લાખ કુલકોડી જીવાભિગમ પ્રતિ. ૩ સૂત્ર ૯૭ માં કહી છે, પરંતુ જીવાભિગમ પ્રતિ. ૩ સૂત્ર ૧૮૮ માં સ્વયંભૂરમણમાં ૧૨॥ લાખ કુલકોડી કેવળ મત્સ્ય–જાતિની જ કહી છે, આની સંગતિ કેવી રીતે થશે?

ઉત્તર :—સૂત્ર ૧૮૮ માં મત્સ્યોની જે ૧૨॥ લાખ કુલકોડી બતાવી છે, તે અહિં મત્સ્ય શબ્દથી જળચર જાતિનું ગ્રહણ સમજવું જોઈએ. જેમ પ્રજ્ઞાપના પદ ૬ સૂત્ર ૧૨૯ માં " मच्छा मणुयाऽसत्तमि पुढविं," અહિંયા મત્સ્ય શબ્દથી બધા જળચરોનું ગ્રહણ થાય છે, તેમ જ ઉપરોક્ત સૂત્રમાં આવેલ મત્સ્ય શબ્દથી જળચર જાતિનું ગ્રહણ સમજવું જોઈએ, તથા જળચરના મત્સ્યોની આકૃતિ આદિથી અનેક ભેદ છે. અન્ય જળચરોની અને આની પરસ્પર આકૃતિ વગેરે મળવાથી અન્ય જળચરોના કુલોનો આમાં સમાવેશ થઈ શકે છે. આ અપેક્ષાએ પણ મત્સ્ય શબ્દથી જળચરની કુલકોડીની સંગતિ બેસી શકે છે.

પ્રશ્ન ૧૦૩૦ :—પન્નવણાના સ્થાન પદ જયોતિષીના વર્ણનમાં ગ્રહોની અણિકા (સેના)નો ઉલ્લેખ છે, પરંતુ ઠાણાંગ અધ્યયન ૭ માં કેવળ ભવનપતિ, વાણવ્યંતર અને વૈમાનિકોની સેના વગેરેનો જ ઉલ્લેખ છે, જયોતિષીઓની સેનાનો નહિં. ઠાણાંગની જેમ જયોતિષીઓની અણિકા (સેના)નો નામ નિર્દેશપૂર્વક પાઠ કયા અંગમાં છે?

ઉત્તર :—ઠાણાંગમાં તો ભવનપતિ અને વૈમાનિકોની અણિકાઓનું વર્ણન છે, વ્યંતર અને જયોતિષિઓની અણિકાઓનું નહિ, અર્થાત્ વાણવ્યંતરોની અણિકાનો પણ ઉલ્લેખ ઠાણાંગમાં નથી. ભગવતી શ. ૧૦ ઉ. ૫ માં ચારેય જાતિના દેવોની અગ્રમહિષિઓ વગેરેનાં વર્ણનમાં અણિકાઓનો ઉલ્લેખ છે. કયાંક ખુલ્લો પાઠ અને કયાંક ભલામણ છે, તથા શ. ૩ ઉ. ૧ થી પણ આ વાત સ્પષ્ટ થાય છે. પ્રજ્ઞાપના (સ્થાન પદ) સિવાય સૂર્ય પ્રજ્ઞપ્તિ વગેરેમાં પણ જયોતિષિઓની અણિકાઓનું વર્ણન છે.

પ્રશ્ન ૧૦૩૧ :—પાંચ મહાવ્રતોના ૧૭૮૨ તણાવા કેવી રીતે હોય છે? અને ૩૩ બોલ કયા કયા છે, તેના નામ નિર્દેશ કરશોજી.

ઉત્તર :—સંયમ રૂપી તંબૂ સાત (પાંચ મહાવ્રતના પાંચ, રાત્રિ ભોજન ત્યાગ રૂપ અને છકાયની યત્ના રૂપ એમ સાત) મોટી દોરી અને ૩૩ નાની દોરી (પહેલા મહાવ્રતની ચાર "सुहुमं वा, बादरं वा, तसं वा, थावरं वा" બીજાની ૪ "कोहा वा, लोहा वा, भया वा, हासा वा" ત્રીજાની ૬ "अप्पं वा, बहुं वा, अणुं वा, थूलं वा, चित्तमंतं वा, अचित्तमंतं वा," ચોથાની ૩ "दिव्वं वा, माणुसं वा, तिरिक्खजोणियं वा," પાંચમાની ૬ "अप्पं साइमं वा," પૃથ્વી આદિ છકાયની યત્ના રૂપ ૬ એમ બધી ૩૩ દોરી થઈ આને ૩ કારણ વડે ગુણવાથી ૯૯ અને તેને ૩ યોગથી ગુણવાથી ૨૯૭ ખુંટિઓ અથવા વાંસ સમજવા. અર્થાત્ પ્રત્યેક દોરીથી ૯-૯ ખુંટિઓ થઈ. દરેક ખુંટીના ૬-૬ તણાવા છે. અર્થાત્ ૨૯૭ ને "दिआ वा, राओ वा, परिसागओ वा, सुत्ते वा, जागरमाणे वा, એમ ૬ થી ગુણવાથી ૨૯૭ × ૬ = ૧૭૮૨ તણાવા થાય છે.

પ્રશ્ન ૧૦૩૨ :—મિથ્યા દષ્ટિઓની આગત કોઈ તો ૩૬૬ ની બતાવે છે અને કોઈ ૩૭૧ ની, બન્નેમાં સાચી કઇ છે? શું અનુત્તર વિમાનના દેવ પણ કોઈ મિથ્યાત્વ લઈને આવી શકે છે? જ્યારે કે, ત્યાં તો એકાંત સમ્યગ્ દૃષ્ટિ જ છે?

ઉત્તર :—અનુત્તર-વિમાનોના કોઇ પણ દેવ મિથ્યાત્વ લઇને અહિંયા આવતા નથી. આ ભગવતી શ. ૧૩ ઉ. ૨ થી સ્પષ્ટ છે. પરંતુ અહિયાં આવ્યા પછી કાળાંતરે કોઈ જીવને અલ્પકાળ સુધી મિથ્યાત્વમાં રહેવું થઈ જાય છે, જેમ-પ્રજ્ઞાપના પદ ૧૫ ઉ. ૨ માં કહ્યું છે કે ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવ ભવિષ્યમાં દ્રવ્ય ઇન્દ્રિઓ કોઈ ૮, કોઈ ૧૬, કોઈ ૨૪ તથા કોઈ સંખ્યાતી અને ભાવ ઇન્દ્રિય કોઈ ૫, કોઈ ૧૦, કોઈ ૧૫ કે કોઈ સંખ્યાતી કરશે, એમ બતાવ્યું છે. ચાર અનુત્તર-વિમાનથી આવેલ જીવ, જે મનુષ્ય છે તે અનન્તર-બીજો મનુષ્યનો ભવ કરશે, ત્યારે દ્રવ્ય ઇન્દ્રિય ૧૬ અને ભાવ ઇન્દ્રિય ૧૦ નો મેળ બેસશે. અન્યથા નહિ. મનુષ્ય સમદૃષ્ટિપણામાં મનુષ્યનું આયુ બાંધતા નથી. એથી ચાર અનુત્તર વિમાનથી આવેલા, મનુષ્યમાં મનુષ્ય-આયુ બંધ સમયે તો મિથ્યાત્વ હોવું સંભવ છે. સર્વાર્થ સિદ્ધનો આવેલ મનુષ્ય, આયુ તો કયાંયનું પણ બાંધતો નથી, પરંતુ ચાર અનુત્તર વિમાનના આવેલા, મનુષ્યની જેમ કોઈ જીવમાં અલ્પકાળ મિથ્યાત્વ રહી જવામાં કોઈ વાંધો નજરમાં આવતો નથી. આ અપેક્ષાએ જો ૩૭૧ ની આગતિ કહે, તો કોઈ વાંધો જણાયો નથી.

પ્રશ્ન ૧૦૩૩ :—જો કોઈ મનુષ્ય બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચોરેન્દ્રિય જીવ-ઘાતની વિરતિ ન કરે, પરંતુ પંચઈન્દ્રિય જીવ ઘાતની વિરતિ કરે, તો શું તે પાંચમા ગુણસ્થાનમાં ગનાય?

ઉત્તર :—ભગવતી શ. ૧૭ ઉ. ૨ તથા ધર્મસંગ્રહ, પંચાશક, પ્રવચન સારોદ્ધાર આદિના અનુસારે શ્રદ્ધા અને સમજપૂર્વક પંચેન્દ્રિય જીવ ઘાતની વિરતિ કરવા વાળાઓમાં ૫ મું ગુણસ્થાન માનવામાં કોઈ વાંધો જાણ્યો નથી.

પ્રશ્ન ૧૦૩૪ :—જન-કલ્યાણનો, ગરીબોના આરામનો અને બેકાર-પીડિતોની સુખ-સુવિધાનો વિચાર કરવો, તેના દુઃખ દૂર કરવા વિચારવું, કયા ધ્યાનમાં છે? શું ધર્મ ધ્યાનમાં છે? કેવી રીતે? કયા ભેદમાં?

ઉત્તર :—પૌદ્ગલિક રૂપે જનકલ્યાણ, ગરીબોના આરામ અને બેકાર-પીડિતોની સુખ-સુવિધાનો વિચાર કરવો, તેના દુઃખ દૂર કરવા વિચારવું, આ ભેદ આર્ત-રૌદ્ર ધ્યાનમાં છે. ધર્મ ધ્યાન તો શ્રુતધર્મ, ચારિત્રધર્મ સહિત છે, એથી આમાં ધર્મ નથી.

પ્રશ્ન ૧૦૩૫ :—ધર્મ ધ્યાનની યોગ્યતા કયા ગુણસ્થાનથી પ્રાપ્ત થાય છે? કયા સંઘયણ વાળાને? હાલ અહિં ધર્મ ધ્યાનનો સદ્ભાવ મનાય કે નહિ? તત્ત્વાર્થ સૂત્રમાં તો પ્રથમના ૩ સંઘયણોમાં જ ધ્યાનની યોગ્યતા માને છે, પછીના સંઘયણમાં નહિ, તો હમણા ધ્યાન રૂપ નિર્જરા નથી થતી શું? પછી તો હમણા સાધુને પણ ધ્યાન નહિ હોય?

ઉત્તર :—ધર્મ ધ્યાનની યોગ્યતા ચોથા ગુ. થી છયે સંઘયણ વાળાઓમાં હોય છે. છયે સંઘયણ વાળા ૭ મા ગુ. સુધી જઈ શકે છે. આ વાત બીજા કર્મ ગ્રંથની ૧૮ મી ગાથાથી સ્પષ્ટ છે. તથા જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં અવસર્પિણીના ૫ મા અને ઉત્સર્પિણીના બીજા આરાના મનુષ્યોમાં છયે સંઘયણ બતાવ્યા છે, ઈત્યાદિ પ્રમાણોથી હમણા અહિંયા ધર્મ-ધ્યાનનો સદ્ભાવ અવશ્ય છે, એમ સમજવું. શુકલ ધ્યાન, અને ઉપશમ શ્રેણી પ્રથમના ૩ સંઘયણોમાં અને ક્ષપક શ્રેણી પ્રથમ સંઘયણમાં હોય છે. આ વાત પણ બીજા કર્મગ્રંથની ૧૮ મી ગાથાથી સ્પષ્ટ છે.

પ્રશ્ન ૧૦૩૬ :—ઉપધાન તપ કોને કહેવાય?

ઉત્તર :—જેના વડે મોક્ષને નજદીક કરાય છે, તેને 'ઉપધાન' કહેવાય છે. અનશનાદિ (૧૨) બારેય પ્રકારના તપનો ઉપધાનમાં સમાવેશ છે. જે સૂત્રકૃતાંગાદિની-" मोक्ष प्रत्युपसामीप्येन दधातीति उपधानम् अनशनादि के तपसि "

આ ટીકાથી સ્પષ્ટ છે.

પ્રશ્ન ૧૦૩૭ :—શિષ્યને જે પ્રથમ સૂત્ર ભણાવાય છે, તે તપનું શું નામ છે? અને દરેક સૂત્રની પાછળ જે આયંબીલ તપ દે છે, તેની સંખ્યા કેટલી છે?

ઉત્તર :—સૂત્ર ભણાવતાં જે આયંબીલ તપ કરાવાય છે, તેને પણ ઉપધાન-તપ કહેવાય છે. આ પ્રવચન સારોદ્ધારની उपसमीपे धीयते क्रियते सूत्रादिकं येन तपसा तदुपधानम्" આ ટીકાથી સ્પષ્ટ છે.

તે આયંબીલ કયા કયા સૂત્રોની કેટલી-કેટલી છે, જેની ધારણા નીચે પ્રકારે છે-

સૂત્ર નામ	**તપ**	**સૂત્ર નામ**	**તપ**
આચારાંગ	૫૦	વિપાક	૨૪
સૂયગડાંગ	૩૦	ઉવવાઇ	૩
ઠાણાંગ	૧૮	રાયપ્પસેણી	૩
સમવાયાંગ	૩	જીવાભિગમ	૩
ભગવતી	૧૮૬	પન્નવણા	૩
જ્ઞાતા ધર્મ કથા	૩૩	જંબૂદ્રીપ પ્રજ્ઞપ્તિ	૧૦
ઉપાસક દશાંગ	૧૪	ચંદ્ર પ્રજ્ઞપ્તિ	૩
અંતગડદશાંગ	૧૨	સૂર્ય પ્રજ્ઞપ્તિ	૩
અનુત્તરોવવાઈ	૭	નિરયા વલિકાદિ પાંચ	૭
પ્રશ્ન વ્યાકરણ	૧૪	નંદી	૩
		અનુયોગ દ્વાર	૮
		ઉત્તરાધ્યયન	૨૯
		દશવૈકાલિક	૧૫
		નિશીથ	૧૦
		શેષ ત્રણેય છેદ સૂત્રોની ભેગી	૨૦

કુલ ૩૧ સૂત્રોની ૫૧૧ આયંબિલ થઇ, એવું ધ્યાનમાં છે.

પ્રશ્ન ૧૦૩૮ :—સંવત્ ૨૦૨૦માં માગશર ક્ષય બતાવ્યો, ગુજરાતી શુક્લ પક્ષ (સુદ)થી મહિનાનો હિસાબ ગણાય, ત્યારે તો માગશર ક્ષય અને કૃષ્ણ પક્ષ (વદ) થી મહિનો ગણે ત્યારે માગશર સુદ અને પોષ વદ ક્ષય થાય છે. બાકીનાં બધા મહિનાઓના નામ બરાબર કાયમ રહે છે. આસોની વૃદ્ધિ હોય તે વર્ષે મહિનાનો ક્ષય અને વૃદ્ધિ તે જ વર્ષમાં હોય છે. કેમકે આ વર્ષોમાં ક્યારેય આસોની વૃદ્ધિ જોઈ નથી. આ વાત કેવી રીતે છે?

ઉત્તર :—શુક્લ પક્ષથી મહિનો માનવા વાળાની ગણિત ગતિથી જ ખાસ મહિનાનો ક્ષય મનાય છે, કૃષ્ણ પક્ષથી મહિનો માનવાથી ક્ષય થતો નથી.

આજના પંચાંગ પ્રાયઃ શુક્લ-પક્ષથી મહિનો માનવાવાળા છે. દુનિયાને બતાવવા તે ભલે કૃષ્ણ પક્ષથી બતાવી દે, પરંતુ તેની પોતાની માન્યતા શુક્લ પક્ષથી જ મહિના માનવાની છે. આ જ કારણે તે પુનમને ૧૫ અને અમાસને ૩૦ લખે છે, તથા પ્રતિ-વર્ષ

ચૈત્ર-શુદ પહેલા બતાવીને પછી વૈશાખાદિ ૧૧ મહિના પછી ચૈત્ર કૃષ્ણ-પક્ષ (વદ) બતાવે છે. આ કેવી રીતે સંગત થશે કે એક મહિનાનો એક પક્ષ પહેલા બતાવે અને તેજ મહિનાનો બીજો પક્ષ ૧૧ મહિના પછી. આ જ માન્યતાથી ક્ષય મહિનાનું કારણ પેદા થાય છે. આગમના હિસાબે ક્ષયમાસ હોતા પણ નથી.

જે વર્ષે ક્ષયમાસ કરે છે, તે વર્ષે બે અધિક મહિના આવે છે અર્થાત્ ક્ષય માસવાળું વર્ષ ૧૩ મહિનાનું જ થશે.

ક્ષય-માસ ન હોવા વાળા વર્ષમાં પણ કેટલીક વાર આસો બે આવી જાય છે. જેમ-વિ. સં. ૧૮૧૪, ૧૯૧૭, ૧૯૩૬, ૧૯૫૫, ૨૦૫૮, ૨૦૭૭ વગેરેમાં આસો બે બતાવે છે, પરંતુ આ વર્ષોમાં ક્ષય-માસ નથી.

પ્રશ્ન ૧૦૩૯ :—વિગ્રહ અને અવિગ્રહ ગતિનો અર્થ શું છે?

ઉત્તર :—"વિગ્રહ ગતિ :' અર્થાત્ વાંકી (વક્ર) ગતિ-એક ગતિમાંથી બીજી ગતિમાં જતા કેટલાંક જીવો વાંકી ગતિથી જાય છે. તેને વિગ્રહ ગતિ અને ઉત્પત્તિ સ્થાને જે સીધા જાય છે, તેને 'અવિગ્રહ' ગતિ કહેવાય છે. સાધારણ રૂપે તો આનો અર્થ આ રીતે છે તથા "વિગ્રહ ગતિ" એક ગતિથી બીજી ગતિમાં જવા વાળી (વક્ર તથા ઋજુ ગતિથી ગત્યાન્તર જવા વાળા) બધા જીવ વિગ્રહ ગતિ અથવા "विग्गहगइया" અને જે ઉત્પત્તિ ક્ષેત્રને પ્રાપ્ત થયેલ અર્થાત્ ત્યાં રહેવા વાળા અવિગ્રહ ગતિ, આ રીતે પણ અર્થ થાય છે. જો ઉપરોક્ત પહેલો જ અર્થ કરવામાં આવે તો, ભગવતી શ. ૧ ઉ. ૭ માં વિગ્રહ અને અવિગ્રહ ગતિઓ નારકી વગેરેના અલ્પ બહુત્વમાં બધા અવિગ્રહ ગતિ વાળા, આદિ ત્રણ ભાંગા બતાવ્યા છે. શ. ૧૪ ઉ. ૫ માં વિગ્રહ ગતિના નારકી અગ્નિની વચ્ચો વચ્ચ થઈને જાય છે અને અવિગ્રહ ગતિ વાળા નહિ, આદિ વર્ણનમાં ત્યાં રહેલા જીવો અવિગ્રહ ગતિને ગ્રહણ કર્યા વગર કેમ બેસશે? એવો જ અર્થ ઠાણાંગ ઠા. ૧૦ મા ૧૦ પ્રકારની "निरयगइ निरयविग्गहगई....जाव सिद्धिविग्गहगइ" સૂ. ૭૪૫ ગતિની ટીકાથી નીકળે છે.

પ્રશ્ન ૧૦૪૦ :—નવદીક્ષિતની વડી દીક્ષા થયા પછી જ આહાર-પાણી સાથે કરવાની પ્રથા છે. જો દીક્ષા દેવાના દિવસથી જ સાથે કરાય તો શું વાંધો છે?

ઉત્તર :—વડી દીક્ષા ન દેવા સુધી સામાયિક ચારિત્ર ગણાય છે, સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રનો કલ્પ ભિન્ન-ભિન્ન છે. કલ્પ ભિન્ન હોવાના કારણે આહાર-પાણીની પણ ભિન્નતા હોય છે. એથી યતનાના બોધ સાથે મહાવ્રતારોપણ વડે બોધિત થવા પર, તે છેદોપસ્થાપનીય ચારિત્રની ગણનામાં આવી જાય છે. અને આની ગણનામાં આવ્યા પછી જ આહાર-પાણી સાથે કરવાના પ્રમાણ શાસ્ત્રમાં મળે છે. બૃહત્કલ્પ ઉ. ૪ સૂ. ૪ ૫ માં પંડગ વગેરે ત્રણને દીક્ષા દેવાનો નિષેધ છે. જો અજાણતા દીક્ષા દઈ દીધી હોય,

તો મુંડિત (માથાનો લોચ) ન કરવો, મુંડિત કરી દીધા હોય તો શિક્ષા (યતનાથી ચાલવું વગેરે સમાચારી) ગ્રહણ ન કરાવવી, શિક્ષા ગ્રહણ કરાવી હોય, તો ઉપસ્થાપિત (મહાવ્રત આરોપણ) ન કરાવવા, ઉપસ્થાપિત કરી દીધા હોય તો "संभुजित्तए" આહાર-પાણી સાથે (એક માંડલે) ન કરવા. જો સાથે કરી લીધા હોય તો "संवसित्तए" સાથે રહેવું નહિ. આ સૂત્રોમાં દીક્ષા દેવાથી લઈને સંવાસ (સાથે રહેવા) સુધીના બોલ અનુક્રમે આવ્યા છે, જેમાં ઉપસ્થાપિત (વડી દીક્ષા) પછી આહાર-પાણી સાથે કરવાનું વિધાન છે. એથી આ સૂત્રથી વડી દીક્ષા પછી જ આહાર-પાણી સાથે કરવા સ્પષ્ટ સિદ્ધ છે અને આ જ વર્ણન ત્રીજા ઠાણાંગના ચોથા ઉ. માં પણ બતાવ્યું છે.

બૃહત્કલ્પ ના ૪ ઉ. માં સાધુના અચેત, અનેષણિક આહાર-પાણી આવવા પર જો વડી દીક્ષા દેવા યોગ્ય નવદીક્ષિત હોય, તો તેને દેવો અન્યથા પરઠી દેવો, એવું વર્ણન છે, જો આહાર-પાણી ભેગા જ હોય, તો પછી તેને દેવામાં શી વિશેષતા રહે છે? અર્થાત્ સાથે આહાર-પાણી કરવાથી સમાન જ ગણાશે એથી આનાથી પણ આ જ સિદ્ધ થાય છે કે વડી દીક્ષા ન થવા સુધી આહાર-પાણી અલગ જ રાખવા જોઈએ.

આ ઉપરોક્ત પ્રમાણોથી વડી દીક્ષા દીધા પછી જ આહાર-પાણી સાથે કરવાનું સિદ્ધ હોવાથી, દીક્ષાના દિવસથી સાથે ન કરવો એ સ્પષ્ટ છે.

પ્રશ્ન ૧૦૪૧ :—શ. ૧ ઉ. ૬ માં સૂક્ષ્મ પાણી નિરંતર પડવાનું વર્ણન છે, દિવસે તો સૂર્યના તાપથી તે ઉપરથી જ નષ્ટ થઈ જાય છે, અને રાત્રે નીચે સુધી આવે છે. આમાં આ શંકા ઉઠે છે કે અગાસે (ઉપરથી ખુલ્લી જગ્યામાં) પૂંજવામાં ઉપરોક્ત અપકાયની વિરાધના થાય છે, તો પછી અગાસે કેમ પૂંજાય છે?

ઉત્તર :—સૂક્ષ્મ પાણી પડવાના કારણે શંકા ઉઠાવતા, જે ન પૂંજવા સંબંધી દલીલ દીધી છે, તે સંગત નથી. કેમકે પ્રવૃત્તિ કરનાર સાધુને ઈર્યાસમિતિમાં સતત્ સાવધાની રાખવાનું વિધાન છે તેના અનુસારે ઈર્યાસમિતિમાં દિવસે જોઈને અને રાત્રે પૂંજીને ચાલવા તથા ઉચ્ચાર પ્રસ્રવણ સમિતિમાં પૂંજ્યા વગર રાત્રે પરઠવું નહિ, એવી ધ્રુવ આજ્ઞા છે.

આ ઉપરોક્ત શાસ્ત્રીય વિધાનમાં નિરંતર સૂક્ષ્મ પાણી પડવાના કારણે પૂંજ્યાનો નિષેધ ન બતાવીને, જ્યારે પણ કામ પડે ત્યારે પૂંજ્યા વગર ન ચાલવા, ન પરઠવા વગેરેનો આદેશ દીધો છે. તથા તે સૂક્ષ્મ પાણી માટે ત્યાં જ ભગવતીમાં શીઘ્ર નષ્ટ થવાનું બતાવેલ છે, તો પછી પૂંજવાથી તેની વિરાધના સંબંધી પ્રશ્ન જ કેમ રહી શકે? જો વિરાધના સંબંધી પ્રશ્ન હોય, તો વાયુકાયની વિરાધના હોવા છતાં પણ ઉભય કાળ પ્રતિલેખન, પૂંજવાં વગેરેની ક્રિયા કરવાની આગમમાં ધ્રુવ આજ્ઞા છે.

સમવાયાંગ અને દશાશ્રુત સ્કંધમાં પૂંજ્યા વગર અને સારી રીતે પૂંજવું, ચાલવું,

બેસવું, સુવું, પરઠવું વગેરે ન કરવાવાળાને અસમાધી દોષના ભાગી બતાવ્યા છે.

આગમમાં પૂંજવા સંબંધી સ્પષ્ટ વર્ણન હોવા છતાં પણ સૂક્ષ્મ પાણીની વિરાધનાના બહાને પૂંજવામાં શંકા કરવી ઉચિત નથી.

પ્રશ્ન ૧૦૪૨ :—ચોમાસાના પ્રારંભ અને સમાપ્તિમાં તો ચોમાસી પ્રતિક્રમણ બેસતી, ઉઠતી ચોમાસી સંબંધી કરાય છે, પરંતુ ફાગણી પૂનમે તો ચોમાસું ઉઠતું-બેસતું જ નથી તો પછી ફાગણી ચોમાસી પ્રતિક્રમણ કેમ કરાય છે?

ઉત્તર :—ચોમાસા, ઉઠવા–બેસવા સંબંધી પ્રશ્નને લઈને ફાગુણી ચોમાસી પ્રતિક્રમણ કરવામાં વાંધો ઉઠાવતા જે દલીલ દીધી છે, તે બરાબર નથી, કેમકે પ્રતિક્રમણ, દોષોનું કરાય છે. ચોમાસું ઉઠવું–બેસવું એ કોઇ દોષ નથી, તો તે સંબંધી પ્રતિક્રમણ કરાય. જ્ઞાનાદિમાં લાગેલા દોષોની નિવૃત્તિ રૂપ જ પ્રતિક્રમણ છે અને તે ભૂતકાળ સંબંધી હોય છે. કાર્તિક ચોમાસી પર તો ચોમાસામાં લાગેલ દોષોનું પ્રતિક્રમણ કરવું ઠીક બેસે છે, પરંતુ અષાઢી ચોમાસીનું કેમ બેસશે? ચોમાસામાં લાગવા વાળા દોષોનું પ્રતિક્રમણ પહેલાં તો થશે નહિં તો પછી તે દિવસે પ્રતિક્રમણ શેનું કરાશે? જો ભૂતકાળ સંબંધી કહો, તો કાર્તિક ચોમાસી પ્રતિક્રમણ પછી ફાગુણી ચોમાસી પ્રતિક્રમણ ન કરવાથી અષાઢ પૂનમ સુધી આઠ મહિના થઇ જશે અને આઠ માસી પ્રતિક્રમણ થશે અને આઠમાસી પ્રતિક્રમણ તો છે નહિ. એથી અષાઢી ચોમાસી પ્રતિક્રમણ ગત ચૈત્રાદિ ચાર મહિના ગણવાથી જ બેસી શકે છે. અને આ ચાર મહિના ગણવાની સંગતિ ત્યારે જ થઈ શકે છે, જ્યારે કે કારતક પછી વચ્ચે ફાગણ ચોમાસી કરાય. એથી ફાગણ ચોમાસી કરવી સ્પષ્ટ સિદ્ધ છે, તથા દિવસ–રાત્રિની અંતે દેવસી, રાયસી, પક્ષની અંતે પાક્ષિક, એમજ ચાર મહિનાના અંતે ચોમાસી અને સંવત્સર (વર્ષ)ના અંતે સંવત્સરી પ્રતિક્રમણ કરાય છે. પ્રતિક્રમણ કરવાનો આ જ ક્રમ છે, તો પછી ફાગણ ચોમાસી પ્રતિક્રમણ ન કરવાનું કારણ સમજાતું નથી.

સૂત્રકૃતાંગ અધ્યયન ૨૩ સૂત્ર ૩ ની દીપિકા અને ટીકામાં 'પૂર્ણમાસી' શબ્દની દીપિકા અને ટીકા કરતા–"पौर्णमासीसूचति सृप्वापि चातुर्मासकतिथिपु" અહિંયા ત્રણ ચોમાસી બતાવી છે, તથા જીવાભિગમની ત્રીજી પ્રતિપત્તિના નંદીશ્વરાધિકારમાં દેવ મહોત્સવ માટે જાય છે, તેમાં અન્યકારણની સાથે "चाउमासिया पडिवएसु" પાઠ છે. તેની ટીકા "चातुर्मासिकेपु" અહિં ટીકામાં બહુવચન આવવાથી ત્રણ ચોમાસી માનેલ છે તથા ઉવવાઇ સૂત્રના શ્રાવકના અધિકારમાં પૌષધના વર્ણનમાં પૂર્ણમાસીનો અર્થ ત્રણ ચોમાસી કર્યો છે. આ ઉપરોક્ત પ્રમાણોથી ત્રણેય ચોમાસી મનાવવી સ્પષ્ટ સિદ્ધ છે.

પ્રશ્ન ૧૦૪૩ :—'नियागपिण्ड' નો અર્થ શું છે?

ઉત્તર :—ગૃહસ્થનું નિમંત્રણ પામીને ક્યારેક પણ આહારાદિ લેવા અને દરરોજ

એક જ ઘેરથી આહાર આદિ લેવા, નિયાગ પિંડ છે. પં. ઘાસીલાલજી મ. કૃત દશવૈકાલિક ટીકા અધ્ય. ૩

"આમંત્રણ કરીને લઈ જાય, તેનું અન્ન વગેરે રોજ લેવું તે નિયાગ. આમંત્રણ વગર કોઈક દિવસે લે તે નિયાગ નથી." દશવૈકાલિક મૂળ નિર્યુક્તિ ભાષ્ય સહિત લેખક-મુનિ માણેક.

(આનું તાત્પર્ય આ છે કે અનામંત્રિત ઘરનું નિત્ય લેવું પણ નિયાગ છે. પૂર્વાચાર્યોની માન્યતા અને પ્રકૃતિ પણ આ જ ઉપરોકત અર્થ અનુસારે હતી તે અનુસાર જ હમણા કેટલાકની છે. એથી આ જ અર્થ ઠીક છે)

ભાષાંતરકાર શાસ્ત્રી જેઠાલાલ હરીભાઈ (મૂર્તિ-પૂજક) ભાવનગરથી પ્રકાશિત ઉત્તરાધ્યયન તથા જવાહિરાચાર્ય વિરચિત સદ્ધર્મ મંડન પૃ. ૫૦૦ માં ઉત્તરાધ્યયનના ૨૦ મા અધ્યયનની ૪૭ મી ગાથામાં આવેલ "नियाग"નો અર્થ હંમેશા એક ઘરનો આહાર લેવો એમ કર્યો છે.

શંકા :—નિયાગનો ઉપરોક્ત અર્થ બતાવ્યો, પરંતુ દશવૈકાલિક અધ્યયન ૩ ગાથા ૨ માં આવેલ નિયાગ શબ્દની ટીકા કરતા "नियागमित्यामन्त्रि तस्य पिण्डस्य ग्रहणं नित्यं नत्वनामन्त्रितस्य" અર્થાત્ જે આમંત્રણ કરે તેને ત્યાંથી જ નિત્ય આહાર લેવો, અનામંત્રિતને ત્યાંથી નહિ. આ રીતે ટીકાકાર કહે છે. એથી કોઈ આમંત્રણ દે, તેને ત્યાંથી નિત્ય આહાર-પાણી લેવા નહિ, પરંતુ બીજાને ત્યાંથી નિત્ય લેવામાં ટીકાનુસારે વાંધો નથી, તો તે કેમ સમજવું?

સમાધાન :—'નિયાગ' શબ્દની ઉપરોકત ટીકાનો અર્થ આ રીતે કરવો કેમ સંગત થાય? કેમ કે આમંત્રિત પિંડ નિત્ય ન લેવો, તો શું ક્યારેક ક્યારેક લઈ શકાય છે? શું આ ઉચિત છે? એથી 'આમંત્રિત' શબ્દની સાથે 'નિત્ય' શબ્દનો સંબંધ જ કેવી રીતે થઈ શકે છે? કેમ કે આમંત્રિતનો તો સર્વથા નિષેધ કર્યો છે. તથા "नत्वाना मंत्रितस्य" આ વાક્યનો અર્થ પણ કેવી રીતે સંગત થશે? અનામંત્રિત તો નિત્ય લેવામાં વાંધો નથી. જો આવો અર્થ કરાય તો 'અનામંત્રિત'ની સાથે 'નિત્ય' શબ્દ લેવાથી જ આવો અર્થ થઈ શકે છે અને નિત્યશબ્દને અનામંત્રિતની સાથે લેવાથી પછી નિયાગ (નિત્ય)ની સાર્થકતા શી રહેશે? એથી આ ટીકાનો ઉપરોકત પ્રકારનો અર્થ સંગત કેમ થશે? મુર્શિદાબાદ વાળી દશવૈકાલિકમાં 'નિયાગ' શબ્દની ટીકા—"नियागमित्यामंत्रितस्य पिण्डस्य ग्रहणं नित्यं नत्वनामंत्रितस्य' આ પ્રકારે છે. આનો અર્થ આમંત્રિત-પિંડ ગ્રહણ ક્યારેય પણ કરવો અને 'नत्' તે જ પિંડ અનામંત્રિતને નિત્ય ગ્રહણ કરવો છે. નિયાગ શબ્દનો અર્થ આ ઉપરોકત ટીકા અનુસારે બરાબર બેસી શકે છે. એથી આ ટીકા અનુ-

કૂળ પ્રતીત થાય છે. જો પ્રથમ ટીકા (આગમોદય સમિતિ વાળી) ઉપર વિચાર કરવામાં આવે તો 'आमंत्रितस्य पिण्डस्य ग्रहणं नियागं भवति' અનામંત્રિત પિંડ ગ્રહણ કરવો નિયાગ છે. "नत्वंनामंत्रितस्य" અનામંત્રિતનો નિયાગ નથી. આ સામાન્ય કહી દીધું છે, અને બીજી ટીકા વાળાઓએ સ્પષ્ટ ખોલી દીધું છે કે તે જ અનામંત્રિત આહાર પણ જો નિત્ય-નિત્ય લેવામાં આવે તો 'નિયાગ' બની જાય છે. એથી પ્રથમ ટીકાનો ઉપરોક્ત સામાન્ય રૂપે અર્થ લેવાથી તો બેસી શકે છે, પરંતુ ઉપરોક્ત તર્કગત આ ટીકાનો અર્થ ઠીક બેસી શકતો નથી. જે ઉપર બતાવી દીધો છે.

એથી નિયાગ શબ્દનો આશય શાસ્ત્ર અને ટીકાદિ જોતાં આમંત્રિત આહાર કદાચિત, (ક્યારેક) લેવો અને અનામંત્રિત નિત્ય લેવો, તે નિયાગ છે. આ ઉપરોકત અર્થ જ બરાબર છે.

નિશીથના ૧૩ મા ઉદ્દેશામાં નિતિયા (નિત્યપિંડ, નિત્યસ્થાન સેવન કરવા વાળા)ને વંદન કરે, પ્રશંસા કરે, તો ચોમાસી પ્રાયશ્ચિત બતાવ્યું છે.

પ્રશ્ન ૧૦૪૪ :—ભગવતી શ. ૩ ઉ. ૩ માં પ્રમત્ત-સંયતિની જઘન્ય સ્થિતિ એક સમયની અને અપ્રમત્તની અંતર્મુહૂર્તની બતાવી છે, તો તે કેવી રીતે ?

ઉત્તર :—કોઈ અપ્રમત સંયતિ પાછા પ્રમત્ત સંયત પણાને પામીને એક સમય રહીને કાળ કરી જાય છે. આ દ્રષ્ટિથી પ્રમત્ત સંયતિની સ્થિતિ એક સમયની માનેલ છે, પરંતુ અપ્રમત્ત પણાને પામીને અંતર્મુહૂર્ત પહેલા મૃત્યુ નથી પામતા, એથી આની અંતર્મુહૂર્તની સ્થિતિ બતાવેલ છે.

પ્રશ્ન ૧૦૪૫ :—વર્ષા થઈ રહી હોય અર્થાત્ તુષાર (બારીક બારીક બુંદો) માત્ર પણ પડતી હોય, મહીકા (ધુંઅર) પડતી હોય, અને મહાવાયુ ચાલતો હોય, તો ભિક્ષા વગેરે લેવા માટે ગમન કરવાની પ્રવૃત્તિ નથી, પરંતુ આચારાંગ અધ્યયન ૧૦ ઉ. ૩ માં તીવ્ર (ઘણી) વર્ષાદિ વર્ષતા સર્વ ભંડોપકરણ લઈને જવાનો નિષેધ છે. આનાથી આ સિદ્ધ થાય છે કે-મંદ વર્ષાદિમાં થોડા ભંડોપકરણ લઈને જઈ શકે છે, તો આગમ અનુસારે ઉપરોક્ત પ્રવૃત્તિની સિદ્ધિ કેમ થશે ?

ઉત્તર :—ઉપર જે આચારાંગનું પ્રમાણ દઈને મંદ વર્ષાદિમાં ભિક્ષાદિ માટે જવાનું બતાવતા, શુદ્ધ પ્રવૃત્તિ ઉપર જે આક્ષેપ કર્યો છે, તે અસંગત છે. ઉપરોક્ત આચારાંગ કથિત સ્થળે "तिव्वदेसियंवासंवासमाणं पेहाए, तिव्वदेसियं महियं सण्णिवयमाणि पेहाए, महावाणणत्रारयं समुध्धुयं पेहाए' આદિ પાઠમાં બધા ભંડોપકરણ લઈને ન જવું, એથી અલ્પ વર્ષાદિમાં ભિક્ષા વગેરે માટે જવું કેમ સિદ્ધ થઈ શકે ? અહિંયા—"तिव्वदेसियं" આદિનો-ઘણી વર્ષાદિ વર્ષતાં સર્વ ભંડોપકરણ લઈને ભિક્ષાદિ માટે ન જવું, જો આવો

અર્થ કરાય, તો મહાવર્ષાદિમાં થોડા અને અલ્પ વર્ષાદિમાં બધા ભંડોપકરણ લઈને, ભિક્ષાદિ નિમિત્તે જવાની સિદ્ધિ થશે. એથી ઉપરોક્ત પાઠનો આ પ્રકારે અર્થ કરવો તે બરાબર બેસતો નથી. આચારાંગના તે પાઠનો અર્થ નિચે પ્રકારે છે.

तिव्वदेसियं ઘણા ક્ષેત્રમાં, वासंवासमाणं વરસાદ વરસતો હોય, पेहाए-જોઇને અર્થાત્ ત્યાં તો નહિ, પરંતુ અન્ય ઘણા ક્ષેત્રમાં વરસાદ વરસતો દેખાતો હોય, ત્યાં આવવાની સંભાવના લાગતી હોય, આવા સમયે બધા ભંડોપકરણ લઈને, ભિક્ષાદિ નિમિત્તે જવું નહિ, કેમકે આગળ અયત્નાનો સંભવ છે-આવો અર્થ જ બરાબર બેસે છે. અન્યથા પ્રથમ તો ત્યાં જ વર્ષાના પ્રસંગે "पेहाए" શબ્દનો અર્થ બરાબર બેસતો નથી. હોયમ દશવૈ. અધ્યયન પાંચમામાં "नचरेज्जवासेवासंते........आठ" અર્થાત્ થોડી પણ વર્ષા, ધૂંઅર, અને મહાવાયુમાં ભિક્ષાદિ નિમિત્તે જવાનો નિષેધ છે. આ શાસ્ત્રીય વિધાનથી પણ વિપરીતતા આવે છે. એથી આચારાંગના પાઠનો ઉપરોક્ત અર્થજ ઠીક છે.

આથી અલ્પ-થોડી વર્ષામાં જવું ક્યારેય પણ સિદ્ધ થતું નથી.

શંકા :—દશવૈ. ની પૂર્વોક્ત ગાથામાં આવેલ "વાસે" શબ્દનો થોડી પણ વર્ષા વરસતી હોય—એવો અર્થ કર્યો છે, પરંતુ વધારે વર્ષાને પણ વર્ષા જ કહેવાય છે. એથી અલ્પ વર્ષામાં જવું નિષેધ નથી થતું, તો પછી કિંચિત્ વર્ષામાં પણ જવું નહિ, આ અર્થ કેવી રીતે થઇ શકે છે!

સમાધાન :—"वासे" શબ્દનો 'અધિક વર્ષા' અર્થ કરવો શાસ્ત્ર સંમત્ત લાગતો નથી, કેમકે આની ટીકા અને ટબ્બા વગેરેમાં વધારે વર્ષા અર્થ નથી. અહિ થોડી પણ વર્ષા (તુસારમાત્ર) પડતી હોય તો જવું નહિ.—એવોજ અર્થ સમજવો.

આ જ અર્થને સિદ્ધ કરવા વાળા નીચેનાં પ્રમાણ દ્રષ્ટવ્ય છે—

૧. ભગવતી શ. ૩ ઉ. ૭ વૈશ્રમણ લોકપાલના અધિકારમાં "वासा" અને "वृष्टि" શબ્દ આવ્યા છે. આની તરતમતા (જુદાઇ) બતાવતા ટીકાકારે (वर्षोऽल्पतरः वृष्टिस्तु महती इति वर्ष वृष्ट्योर्भेद :") આ રીતે બતાવ્યું છે. અહિ "वासा" શબ્દનો અર્થ થોડો (કિંચિત્) કર્યો છે.

(૨) વ્યવહાર ભાષ્ય ઉ. ૭ ભાષ્ય ગાથા ૨૭૮ માં 'વાસ' શબ્દથી ત્રણ પ્રકારની વર્ષા બતાવેલ છે (૧) બુદબુદ વૃષ્ટિ (જોરદાર વૃષ્ટિ જેમાં મોટા ફોરા પડતા હોય) (૨) વર્ષા (સામાન્ય વૃષ્ટિ) (૩) જલસ્પર્શી (જલ-પાણીનો સ્પર્શ માત્ર થતો હોય અર્થાત્ તુષારમાત્ર પડતો હોય) આ ત્રણેય વર્ષામાં ઉપાશ્રયની બહાર જવાનો નિષેધ કર્યો છે.

ઉપરોક્ત પ્રમાણોને જોતાં "वासे" શબ્દનો વિશેષ અર્થ કરીને, અલ્પ વર્ષામાં ભિક્ષાદિ નિમિત્તે જવાનું, સિદ્ધ કરવું, યુક્તિ યુક્ત નથી, એથી થોડા વરસાદમાં પણ ન જવાની પ્રરૂપણા છે, તે જ ઉપરોક્ત પ્રમાણોથી પ્રમાણિત થાય છે, અન્ય નહિ.

પ્રશ્ન ૧૦૪૬:—મહિકા (ધૂંવર–ઝાકળ) પડતી વખતે પ્રતિલેખન, સ્વાધ્યાય, હલનચલન તથા વિશેષ કાય ચેષ્ટા વગેરે ક્રિયાઓ ન કરવાની પ્રવૃત્તિ છે. આનો આધાર શો છે? દશવૈકાલિક અધ્યયન ૫ ગાથા ૮ તથા આચારાંગ અધ્યયન ૧૦ ઉ. ૩ માં તો કેવળ ભિક્ષાદિ નિમિત્તે ગમન કરવાનો નિષેધ કર્યો છે, તો તે કેમ સમજવું ?

ઉત્તર :—ધૂંવર, વર્ષા વગેરેમાં ભિક્ષાદિના માટે જવાથી સંયમનો ઉપઘાત થાય છે; અર્થાત્ જીવ-વિરાધના થાય છે. એથી જવું નિષેધ છે. ધૂંવર અત્યંત બારીક પાણી હોવાથી મકાનની અંદર પણ આવી જાય છે. તે જીવોની વિરાધનાથી અટકવા માટે પ્રતિલેખનવગેરે વિશેષ કાયચેષ્ટાદિ ક્રિયાઓ કરવાનો નિષેધ છે. આ વાત નિમ્નોક્ત પ્રમાણથી સ્પષ્ટ થાય છે.

વ્યવહાર ભાષ્ય ઉ. ૭ ભાષ્ય ગાથા ૨૭૮, ૨૭૯ માં ધૂંવર પડતા ઉચ્છવાસ, ઉન્મેષને છોડીને બાકીની હલન–ચલન આદિ કાય–ચેષ્ટાઓ તથા ભાષા બોલવાની કોઈ પણ ક્રિયાઓ કરે નહિ તથા ૧૦૪૫ મા પ્રશ્નના સમાધાનમાં વર્ષાના જે ત્રણ ભેદ બતાવ્યા છે, તેમાં પણ જો ઉપાશ્રયમાં પાણી ન ટપકતું હોય, તો અનુક્રમથી એક કે ત્રણ, પાંચ અને સાત દિવસ પછી નિરંતર વર્ષાના કારણે બધી અપકાય સ્પષ્ટ હોવાથી, પછી જ્યાં સુધી વર્ષા ચાલુ રહે ત્યાં સુધી તથા વાયુ વડે આકાશમાં વ્યાપેલ તામ્ર વર્ણની સચેત (વ્યવહાર સચેત) રજ, તે પણ નિરંતર ૩ દિવસ ઉપરાંત પડવાથી સર્વ પૃથ્વીકાય–યુક્ત હોવાથી ઉપાશ્રયની અંદર પણ ઉપરોક્ત ધૂંવરમાં કહેલ અનુસારે પ્રતિલેખનાદિ કોઈ પણ ક્રિયા કરવી નહિ. એથી ઉપરોક્ત પ્રમાણથી ધૂંવરાદિમાં વિરાધનાના કારણે હલન–ચલન આદિ કોઈ પણ ક્રિયાઓ નથી કરાતી.

પ્રશ્ન ૧૦૪૭ :—ભિક્ષુની બાર પ્રતિમાઓ તથા એકલ-વિહાર આદિ કોઈ પણ પ્રતિમાઓ ધારણ કરવા વાળાની યોગ્યતાનો માપદંડ શો છે ?

ઉત્તર :—વ્યવહાર ભાષ્ય ઉ. ૧, દશાશ્રુત સ્કંધ અધ્યયન ૭ ની ટીકા વગેરેમાં જ. ૨૯ ની વય અને કમથી કમ ૨૯ વર્ષની દીક્ષા તથા જઘન્ય ૯ મા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ, ઉત્કૃષ્ટ કંઈક ઓછું દશ પૂર્વનાં જ્ઞાનવાળા અને પ્રથમના ત્રણેયમાંથી કોઈ પણ સંહનન વાળા ધારણ કરી શકે છે, એમ બતાવ્યું છે.

ઠાણાંગ ઠાણા ૮ માં શ્રદ્ધાદિ ૮ ગુણવાળા જ એકલવિહાર પ્રતિમા ધારણ કરી શકે છે. એવું મૂળપાઠમાં વર્ણન છે.

હરિભદ્ર–સૂરિ કૃત 'પંચાશક' નામક ગ્રંથના ૧૮ મા પંચાશકમાં પણ સવિસ્તાર વર્ણન છે.

સામાન્ય રૂપે આ ઉપરોક્ત નિયમ બતાવ્યો છે. આગમ–વિહારિઓની ઉપસ્થિતિમાં જેમ ઉચિત સમજે છે, તેમ જ આજ્ઞાપ્રદાન કરી શકે છે.

પ્રશ્ન ૧૦૪૮ :—જિન નામનો બંધ ક્યાં સુધી થાય છે તથા બધી ગતિઓમાં થાય છે કે નહિ ? તથા આનો નિકાચિત બંધ થયા પછી પણ બંધ ચાલુ રહે છે શું ?

ઉત્તર :—જિનનામનો બંધ ચોથા ગુણસ્થાનથી ૮ મા ગુણસ્થાનના સાતેય ભાગોમાંથી છઠ્ઠા ભાગ સુધી થઈ શકે છે. તિર્યંચ ગતિમાં તીર્થંકર નામનો બંધ થતો નથી, શેષ ૩ જાતિઓમાં થાય છે, કેમકે નિકાચિત જિન-નામ બંધ પછી તિર્યંચ ગતિમાં જતા જ નથી. આવો બંધ થયા પછી દેવ કે નરકમાં જાય છે.

નિકાચિત બંધ પછી પણ જિન-નામનો બંધ ચાલૂ રહે છે, કેમકે નિકાચિત બંધ પછી તે મનુષ્ય, દેવ કે નરક ગતિમાં જાય છે, તો ત્યાં પણ તેનો બંધ ચાલૂ રહે છે. આ વાત પ્રજ્ઞાપના પદ ૨૦ તથા ૫ માં કર્મ-ગ્રંથાદિથી સ્પષ્ટ છે. જિન-નામનો નિરંતર બંધ અનુત્તર વિમાનની અપેક્ષાએ ૩૩ સાગરોપમ સુધી થવાનો ૫ મા કર્મગ્રંથની ૬૨ મી ગાથામાં બતાવ્યું છે.

પ્રશ્ન ૧૦૪૯ :—કિશમિશ (નાની દ્રાક્ષ), અંગુર, ઈલાયચી, કાળા અને સફેદ તીખા, બદામ, પિસ્તા, ચારોળીની અખંડ મજ્જા, પકાવ્યા વગરના ટમેટા, વઘારેલી કાકડી, મોગરી આદિ, સેકેલા ભુટ્ટાના દાણા એમજ ઘઉં, ચણા, જુવાર, બાજરો વગેરેનો સેકેલો પોંક, કેળા, બરફ વગેરે એવી કેટલીય વસ્તુઓને કોઈ સચેત અને કોઈ અચેત માને છે તે કેમ ?

ઉત્તર :—કિશમિશની અંદર બીજ હોવાથી તેને સચેત સમજવી જોઈએ. કેમકે જે ફળ છે, તેની પરિપક્વ અવસ્થામાં બીજ અવશ્ય હોય છે, બીજ વગરનું ફળ હોવાનો સંભવ નથી. પ્રજ્ઞાપનાના પ્રથમ પદમાં વૃક્ષોને ફળોની અપેક્ષાએ "एगट्ठियाय वहुवीयगाय" બતાવ્યા છે, પરંતુ બીયા વગરના ફળ બતાવ્યા નથી. તથા "वल्लि" ના ભેદોમાં પણ બીજવાળા જ ફળ દેખાય છે. તો પછી એને અબીયા કેમ સમજાય ?

ભગવતી સૂત્ર શ. ૨૨ ના છઠ્ઠા "वल्लि" વર્ગમાં પ્રજ્ઞાપના અનુસારે વલ્લિના નામોમાં કિશમિશનું પણ નામ છે અને આના મૂળથી લઈને બીજ પર્યંત દશ ઉ. બતાવીને વિવરણ કર્યું છે, આમાં બીજનો અલગ ઉદ્દેશો બતાવ્યો છે. આમાં મૂળ પાઠથી જ બીજ સિદ્ધ છે. તથા જીવાજીવાભિગમ સૂત્રમાં પણ બાદર વનસ્પતિની અંતર્ગત પ્રત્યેક વનસ્પતિના ભેદો માટે પન્નવણાની જ ભલામણ દિધી છે. તેથી પણ "वल्लि" અને 'વલય' નું સ્વરૂપ તે જ રીતે સ્પષ્ટ થાય છે.

ઠાણાંગ ઠાણા ૨, ઉ. ૧ (સૂ. ૭૩) ની ટીકામાં કિશમિશને સ્પષ્ટ રૂપે સચેત બતાવી છે.

શંકા :—કોષમાં આનું નામ 'અબીયા' પણ આવ્યું છે. આથી આમાં બીજ ન હોવું સિદ્ધ છે, તો પછી આને સચેત કેમ મનાય ?

સમાધાન :—કોષમાં આને જે ‘અબીજા’ કહેલ છે, તે અલ્પ-સૂક્ષ્મ બીજની અપેક્ષાએ સમજવું. પરંતુ ‘અ’ નિષેધાર્થક નથી. અનેક સ્થળો ઉપર આવા ઉદાહરણ મળે છે, જેમ-ભગવતી શ. ૧ ઉ. ૮ માં બે સમાન પુરૂષોથી ‘સવીર્ય’નું જીતવું અને ‘અવીર્ય’નું હારવું, એમ જ અજ્ઞાની, અચેલ, અનુદરાકન્યા, અલોમિક એડક (?) ઈત્યાદિ શબ્દોમાં ‘અ’ (ન) અલ્પ, સૂક્ષ્મ, કુત્સિત આદિ અર્થમાં છે. એમ જ અહિં સમજવું, કેમકે આમાં પ્રત્યક્ષ બીજ મળે છે. શાક, ખીર, આદિની ઉકાળેલી કિશમિશમાં જોવાથી પ્રત્યક્ષ દેખાય છે. એથી આને સચેત સમજવું. જ્યારે કિશમિશ બીજના કારણે સચેત છે, તો પછી અંગૂરનું તો કહેવું જ શું ? કેમકે અંગૂરને જ સુકાવાથી કિશમિશ (દ્રાક્ષ) કહે છે.

ઈલાયચી, ઉકળેલી અને ઉકળ્યા વગરની બન્ને આવે છે. એમ સાંભળ્યું છે, તો તેના અચેતનો પૂરો નિર્ણય ન હોવાથી અર્થાત્ શંકાસ્પદ હોવાના કારણે અકલ્પનિય સમજીને લેવી નહિ. કાળા અને સફેદ તીખા બન્ને એક જ ડાળ ઉપર થાય છે. ડાળ ઉપર આનો રંગ લાલ હોય છે. તેમાંથી તેને સમય ઉપર તોડીને સુકાવી દે છે, તે સુકાવાથી કાળી થઈ જાય છે તથા ડાળ ઉપર વધારે દિવસ રહી જવાથી, તે સ્વાભાવિક નીચે પડી જાય છે. વધારે પાકી જવાના કારણે સુકાઈ જવાથી તેની છાલ ઉતરી જવાથી તે સફેદ બની જાય છે, પરંતુ બન્ને ય ઉકળેલા હોતા નથી. પોતાના જ બગીચામાં તિખા પેદા કરવાવાળા એક મુસલમાન ભાઈ વડે આ વાતની જાણ થઈ છે. એથી આને સચેત સમજવા જોઈએ.

બદામ, પિસ્તા, ચારોળી વગેરેની અખંડ મજ્જા પણ સચેત છે, કેમકે મજ્જા જ ખાસ બીજ છે. ઉપર તો નાળિયેરની કાચળીની જેમ આની પણ છાલો છે.

પન્નવણા પ્રથમ પદમાં આંબળાને ‘બહુબીયા’ માનેલ છે. તેની ગોટલી એક હોવા છતાં પણ અંદરથી જે કાળા દાણા નિકળે છે, તેને બીજ માનીને ‘બહુબીયા’ કહેલ છે એમ જ આને પણ બીજ માનીને સચેત સમજવા જોઈએ.

પકાવ્યા વગર ટમેટા, કાકડી, મોગરી, ભુટ્ટા, વગેરેને પણ મિશ્રતાના કારણે અકલ્પનીય સમજવા. આચારાંગ અધ્યયન ૧૦, દશવૈ. અધ્ય. ૫ આદિમાં પણ આ વસ્તુઓને પૂરી સેકેલી કે સીજેલી ન હોઈ, પુરો સ્પર્શ ન લાગવાના કારણે મિશ્ર સમજીને છોડવા યોગ્ય બતાવી છે.

કેળા પણ બીજ હોવાથી સચેત છે. આના માટે નીચે દીધેલા પ્રમાણ દ્રષ્ટવ્ય છે.

(૧) પ્રજ્ઞાપના પદ ૧ માં પ્રત્યેક વનસ્પતિના ભેદોની અંતર્ગત ‘वलय’ જાતિમાં કદલી (કેળા)નું વર્ણન છે. ત્યાં તાલાદિ, જે પણ ભેદ બતાવ્યા છે, તે બીજ યુક્ત ફળ-

(२) ભગવતી શ. ૨૨ માં 'તાલ' વર્ગના ભેદોમાં કદલીનું નામ પણ છે અને આના મૂળથી લઈને બીજ પર્યંત દશ ભેદોના ૧૦ ઉ. બતાવ્યા છે. તેમાં જીવ ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે વગેરે દ્વાર બતાવ્યા છે. જેમાં મૂળાદિ પાંચ દેવ ઉત્પન્ન થતા નથી, અને પ્રવાલથી બીજ પર્યંત ૫ માં દેવ ઉત્પન્ન થાય છે. આદિ વર્ણન છે. અહિં મૂળ પાઠથી કેળામાં બીજ અને તેમાં જીવોત્પત્તિ સ્પષ્ટ રૂપે બતાવી છે. તથા કેળામાં પ્રત્યક્ષ રૂપે બીજ જોવામાં પણ આવે છે. ધ્યાન પૂર્વક જોવાથી કોઈમાં નાના અને કોઈમાં મોટા દેખાય છે. ઈત્યાદિ પ્રમાણોથી કેળા સચેત સિદ્ધ થાય છે.

કોંકણના કેળાના વિષયમાં ખોજ કરવાથી જાણવામાં આવ્યું છે કે એક જાતિના કેળાને આઠ દિવસ તડકામાં સુકાવીને, પછી આઠ દિવસ છાયામાં સુકવીને અને પછી છાલ ઉતારીને ઘીની આંગળી લગાવી દે છે, પરંતુ ચાસણી પકવ નથી એથી આને પણ સચેત સમજવા.

પાણીના બર્ફને પણ સચેત જ સમજવો જોઈએ, કેમકે તે કેવળ પાણીનો જ બને છે. જો ગરમ પાણીનો બનતો હોય, તો પણ બરફ તો અત્યંત ઠંડો થવા પર જ થશે. અને અત્યંત ઠંડો થવા પર અપ્કાયના જીવ પાછા ઉત્પન્ન થઈ જાય છે. જેમ ૩, ૪, અને ૫ પહોર પછી, વર્ષા વગેરે ત્રણ કાળમાં, શીત (ઠંડી) વગેરેની તરતમતાથી ગરમ પાણી પાછું સચેત થવું બતાવ્યું છે. અહિંયા મશીન વડે શીઘ્ર ઠંડુ થવાથી જલ્દી ઉત્પન્ન થઈ જાય છે, એથી સચેત સમજવો.

પ્રશ્ન ૧૦૫૦ :—અહો રાત્રી અને તિથિમાં શું ભેદ છે?

ઉત્તર :—સૂર્યથી બનેલી અહોરાત્રિ અને ચંદ્રથી બનેલ તિથિ હોય છે. ચંદ્ર મંડળના ૬૨ ભાગ હોય છે, જેમાંથી ૨ ભાગ તો સદા નિત્ય રાહુના વિમાનથી અનાવૃત્ત અને શેષ ૬૦ ભાગ આવૃત્ત-અનાવૃત્ત થતા રહે છે. જેટલા સમયમાં ચંદ્ર મંડળના ૬૨ યા ૬૧ (બાસઠીયા એકસઠ) ભાગની એક તિથિ થાય છે. એક તિથિ ૨૯ મુહૂર્ત અને એક મુહૂર્તના ૬૨ યા ૩૨ ભાગની હોય છે. ૩૦॥ અહોરાત્રિની ૩૧ તિથિઓ થાય છે. આ રીતે તિથિ અને અહોરાત્રિમાં ભેદ સમજવો જોઈએ.

પ્રશ્ન ૧૦૫૧ :—કર્મ-પ્રકૃતિનો અબાધા કાળ એક (ઉત્કૃષ્ટ) રૂપે જ બતાવ્યો છે. તેથી કમ (જઘન્ય) પણ થાય કે નહિ? ઓછો થાય તો તેના આયુનો અબાધા કાળ કેટલો છે? અને તેનું વર્ણન સૂત્રમાં કેમ નથી?

કર્મ-પ્રકૃતિનો અબાધા કાળ ઓછો અથવા જઘન્ય પણ હોય છે, અને તે નિમ્નોક્ત પ્રકારે સમજવો—

પ્રજ્ઞાપના પદ ૨૩ ઉ. ૨ ની ટીકામાં જેટલા કોડા-કોટિ સાગરોપમની સ્થિતિ હોય, તેટલાં સો વર્ષનો અબાધા કાળ છે. તથા એક ક્રોડાંક્રોડની અંદર જે પ્રકૃતિની સ્થિતિ હોય તેનો અબાધા-કાળ આયુ કર્મને છોડીને અંતર્મુહૂર્તનો છે.

પાંચમા કર્મ-ગ્રંથની ૩૨ મી ગાથા અને અર્થમાં જ. અંતર્મુહૂર્ત તથા ઉત્કૃષ્ટ ઉપરોક્ત પ્રકારે બતાવ્યું છે. કર્મ પ્રકૃતિની ઉ. સ્થિતિમાંથી આંગુળના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશપ્રમાણ જેટલા સમયની સ્થિતિ કમ થવા પર, એક સમયનો અબાધા કાળ ઓછો થાય છે. આ રીતે અબાધા કાળ ઓછો કરવાની રીત બતાવી છે.

આયુષ્ય કર્મનો અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્તનો, ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વનો ત્રીજો ભાગ, તથા મૃત્યુના જેટલા સમય પહેલા આયુષ્ય બાંધે, તેટલો જ અબાધા-કાળ સમજી લેવો. નરકાદિનું જેટલું આયુ બતાવ્યું છે, તેથી જેટલી બંધ સ્થિતિ વધારે છે, તેટલો જ અબાધા-કાળ સ્પષ્ટ થઈ જવાથી સૂત્રકારે બતાવ્યો નથી, એમ સંભવ છે.

પ્રશ્ન ૧૦૫૨ :—કયા અવધિ જ્ઞાની પરમાણુને જુવે છે?

ઉત્તર :—સંપૂર્ણ લોકને જાણવાવાળા અવધિજ્ઞાની તો સ્કંધોને જ જાણે છે, આગળ (અલોકમાં) જેમ જેમ અવધિજ્ઞાન વધે છે તેમ-તેમ સૂક્ષ્મત્તર સ્કંધોને જાણે છે, યાવત્ પરમ અવધિજ્ઞાની પરમાણુને પણ જાણે છે.

પ્રશ્ન ૧૦૫૩ :—નંદી સૂત્રમાં દ્રવ્યથી અવધિજ્ઞાની જઘન્યથી અનંત રૂપી દ્રવ્ય (અનંત પ્રદેશી સ્કંધ) જાણે છે અને ઉત્કૃષ્ટ સર્વ રૂપી દ્રવ્યોને જાણે છે. સર્વ રૂપી દ્રવ્યમાં પરમાણુ પણ ભેગા છે. અહિં જઘન્યમાં પરમાણુ ન લઈને અનંત-પ્રદેશી સ્કંધ લીધા છે, તો આનું શું કારણ?

ઉત્તર :—અહીંયા જઘન્ય દ્રવ્યની અપેક્ષા ન સમજીને અવધિજ્ઞાનની અપેક્ષાએ સમજવું અર્થાત્ નાનાથી નાના અવધિજ્ઞાનીની આ નાની શક્તિ બતાવી છે, પછી અવધિજ્ઞાન જેટલું વધારે હોય છે, તેટલી જ આનાથી સૂક્ષ્મ પુદ્ગલ જોવાની શક્તિ વધે છે.

પ્રશ્ન ૧૦૫૪ :—'મનો દ્રવ્ય-વર્ગણા-લબ્ધિ'નો શો અર્થ છે, તથા તે કોને હોય છે?

ઉત્તર :—જે મનની વાતને જાણે, તેને મનોદ્રવ્ય વર્ગણાલબ્ધિ કહે છે અને આ વિશેષ અવધિજ્ઞાન વાળાને જ હોય છે, તે દેવોમાં તો સમ્યગ્દૃષ્ટિ વૈમાનિક સિવાય હોતી નથી. ભગવતી શ. ૫ ઉ. ૪ માં આનું વર્ણન છે.

પ્રશ્ન ૧૦૫૫ :—રાજ-પિંડનો શો અર્થ છે? અર્થાત્ રાજપિંડ કોને સમજવો જોઈયે?

ઉત્તર :—રાજાની નિમ્નોક્ત વસ્તુઓને રાજ-પિંડ કહે છે. અશનાદિ ૪, વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદપ્રોંછન એમ ૮ પ્રકારના રાજપિંડ કહેવાય છે. અહિંયા રાજપિંડ મોટા રાજાઓના આહારાદિ સમજવા, પરંતુ જાગીરદાર નહિ. રાજપિંડ ગ્રહણમાં-કોઈ મોટા માણસ આવતા-જતા હોય તો થોભવું પડે-જેથી સ્વાધ્યાય વગેરેમાં વાંધો પડે,

ઉત્તર :—પ્રત્યાખ્યાની મુનિ કાળ કરીને પહેલા મુર્છિત આદિ થઈને આહાર કરે અને પછી અમુર્છિતાદિ રૂપે, અર્થાત્ પહેલા મુર્છિત અને પછી અમુર્છિત રૂપથી આ બન્નેય મૃત્યુ પછીની ધારણામાં છે.

પ્રશ્ન ૧૦૭૩ :—દેવોની શુક્લ-લેશ્યાની સ્થિતિ ૩૩ સાગરોપમ અંતર્મુહૂર્ત અધિક અને નરકની કૃષ્ણ લેશ્યાની સ્થિતિ ૩૩ સાગરોપમની કહી, આનું કારણ શું છે?

ઉત્તર :—નારક અને દેવ-ભવમાં દ્રવ્ય-લેશ્યાનું પરિવર્તન થતું નથી. જીવનપર્યંત તે જ રહે છે. ૩૩ સાગરોપમની સ્થિતિ તો તે દેવ ભવની અને દેવ-ભવમાં આવવાથી અંતર્મુહૂર્ત પહેલા અને દેવભવથી ગયા પછી અંતર્મુહૂર્ત સુધી તે જ લેશ્યા રહે છે. એથી ૩૩ સાગરોપમ અંતર્મુહૂર્ત વધારે બતાવી છે, અર્થાત્ દેવભવની અપેક્ષાએ તો ૩૩ સાગરોપમ અને પૂર્વોત્તર ભવની અપેક્ષાએ અંતર્મુહૂર્ત અધિક સમજવી. નારકની કૃષ્ણ-લેશ્યાની સ્થિતિ ૩૩ સાગરોપમ બતાવી, તે કેવળ તદ્ભવની અપેક્ષાએ જ બતાવી છે, એમ સમજવું. પૂર્વોત્તર ભવની અપેક્ષાએ તો ત્યાં પણ તેટલી જ હોય છે.

પ્રશ્ન ૧૦૭૪ :—ઉત્તરાધ્યયન સૂત્ર ૧૮ ગાથા ૨૯ મી માં ક્ષત્રિય-રાજઋષિશ્વરને કયું જ્ઞાન થયું સમજવું જોઈયે? ટીકા વાળા જાતિસ્મરણ કહે છે. મારા ખ્યાલમાં શ્રુત કે અવધિજ્ઞાન હોવું જોઇયે.

ઉત્તર :—પાછલા મનુષ્યભવમાં શીખેલ પૂર્વો આદિનું શ્રુતજ્ઞાન જાતિસ્મરણથી સ્મૃતિમાં આવી જાય છે. આ જ વાત ક્ષત્રિય રાજઋષિશ્વર માટે થવી સંભવે છે.

પ્રશ્ન ૧૦૭૫ :—ભગવતી શ. ૧૩ અને ૧૪ માં નવ ગ્રૈવેયકમાં ત્રણ દૃષ્ટિ બતાવી છે, તો શું કારણ છે?

ઉત્તર :—અનેક સ્થળો ઉપર નવગ્રૈવેયકમાં મિશ્ર-દૃષ્ટિ વગર બે જ દૃષ્ટિ બતાવી છે. આ વાતમાં આચાર્યોનો મતભેદ પણ જાણ્યો નથી. અહિં ભલામણ દેવામાં જે પાઠ સંકોચ્યો છે, તેમાં આનો ખુલાશો કરવો આવશ્યક હતો, પરંતુ તે રહી ગયો. આ અશુદ્ધિ ભલામણ દેતા અને લિપિ કરતા રહી ગઈ, એમ પ્રતીત થાય છે.

(કાળાંતરમાં બહુશ્રુત શ્રમણ શ્રેષ્ઠે પણ ત્રણ દૃષ્ટિ હોવાનો સ્વીકાર કર્યો હતો અને આ જ માન્યતા વધારે ઉપયુક્ત લાગે છે—ડોશી.

પ્રશ્ન ૧૦૭૬ :—તેજો-લેશ્યા મનુષ્ય, તિર્યંચ, પૃથ્વી, પાણી, અને વનસ્પતિમાં ઉત્પન્ન થઈ શકે છે? ગમ્માના થોકડાથી વિરોધ તો નથી આવતો?

ઉત્તર :—તેજો-લેશ્યાવાળા મનુષ્ય, તિર્યંચ, તેજોલેશ્યામાં કાળ કરીને પૃથ્વી, [illegible] વનસ્પતિમાં ઉત્પન્ન થતા નથી. જો ઉત્પન્ન થવું મનાય તો આગમથી વિરોધ આવે છે.

પ્રશ્ન ૧૦૭૭ :—ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫ મા અધ્યયનની ૧૨ મી ગાથાનો શબ્દાર્થ અને ભાવાર્થ બરાબર છે શું ?

ઉત્તર :—ઉત્તરાધ્યયનના ૧૫ માં અધ્યયનની ૧૨ મી ગાથાનો જે શબ્દાર્થ શ્રીમાન્ પં. ઘેવરચંદ્રજી સા. બાંઠિયા (વીરપુત્ર) એ કર્યો છે, તે બરાબર લાગે છે.

ભાવાર્થ :—ગૃહસ્થને ત્યાંથી જે કંઈ–આહાર–પાણી અને અનેક પ્રકારના ખાદિમ, સ્વાદિમ, પ્રાપ્ત કરીને જે બાળવૃદ્ધાદિ સાધુઓ ઉપર અનુકંપા (ઉપકાર) કરે છે, મન, વચન, અને કાયાને, વશમાં રાખે છે, તે ભિક્ષુ છે, તો કોઈ આ ગાથાનો અર્થ નિમ્ન પ્રકારે પણ કરે છે—

"જે કાંઈ આહારાદિક ગૃહસ્થીઓ પાસેથી પામીને જે સાધુ તે દાતારોનો (त्रिविहेण) ત્રિવિધે કરી (नाणुकंपे) ઉપકાર ન કરે એટલે સાધુ સુધાજીવી હોવાથી તેમનો સાંસારિક ઉપકાર કરવાનું ઇચ્છે નહિ. (स) તે (मण वय काय संवुडे) મન, વચન, અને કાયાએ કરી સારી રીતે સંવર પાળવાવાળા સંતો (भिक्खू) ભિક્ષુ કહેવાય છે.

પ્રશ્ન ૧૦૭૮ :—સિદ્ધોના સ્વભાવ પર્યાયનો પલટો કેવી રીતે થાય છે ?

ઉત્તર :—જે શક્તિના નિમિત્તથી દ્રવ્ય સદા એક સમાન રહે અને જેની પર્યાય હંમેશા બદલતી રહે, તેને દ્રવ્યત્વ ગુણ કહે છે. આ ગુણ બધા દ્રવ્યોમાં મળે છે. સિદ્ધ પણ જીવદ્રવ્ય છે. એથી સિદ્ધોમાં દ્રવ્યત્વ ગુણ હોવાથી પર્યાય પણ નિરંતર પલટાતી (બદલાતી) રહે છે. અર્થાત્ ષડગુણ હાનિ–વૃદ્ધિ રૂપ અગુરૂલઘુ પર્યાયની પ્રવૃત્તિ બધા દ્રવ્યોમાં હોવાથી સિદ્ધોને પણ હોય છે, એમ સમજવું જોઈયે.

પ્રશ્ન ૧૦૭૯ :—અલોકમાં સ્વભાવ અને વિભાવ–પર્યાય છે કે નહિ? જો છે, તો કેવી રીતે સમજવું ?

ઉત્તર :—અગુરૂલઘુ ગુણના વિકાર રૂપ સ્વભાવ પર્યાય બધા દ્રવ્યોમાં હોવાનાં કારણે આ અગુરૂલઘુ રૂપ સ્વભાવ પર્યાય અલોકાકાશમાં પણ સમજી લેવી અને વિભાવ પર્યાય તો કેવળ જીવ અને પુદ્ગલોમાં જ હોય છે. એથી અલોકાકાશમાં નથી.

પ્રશ્ન ૧૦૮૦ :—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાયની સ્વભાવ પર્યાયનો પલટો કેવી રીતે થાય છે? પટ્ગુણ હાનિ–વૃદ્ધિ કેવી રીતે થાય છે? આનો ઉદાહરણ સહિત ખુલાશો કરશો જી.

ઉત્તર :—ધર્માસ્તિકાય આદિ ત્રણેય પર્યાયનુ પલટવું આગમ પ્રમાણથી જ માની શકાય છે. જેમ કહેલ પણ છે કે—

" सुक्ष्मा उवाग्गोचरा प्रतिक्षगं वर्तमाना आगमा प्रमाण्यादभ्यु पगम्या " અગુરૂલઘુ તથા પર્યાયની હાનિવૃદ્ધિ ઉપર પૂર્વાચાર્યોએ જલકલ્લોલનું ઉદાહરણ નિમ્ન પ્રકારે દિધેલ છે—

ઉત્તર :—મૂળ-ગુણ-ઉત્તરગુણના પ્રતિસેવી સાધુ મહાવિદેહમાં દરેક સમયે હોય છે. પુલાક અને નિગ્રંથ સિવાય શેષ નિયંઠા દરેક સમયે હોય છે, એમ સમજવું જોઈએ.

પ્રશ્ન ૧૦૮૪ :—ધર્મરૂચિ અણગારના ધર્મ-ગુરૂજીને કયું જ્ઞાન હતું, કે જેથી તે તેના ઉત્પન્ન થવા આદિની વાત જાણી શકયા?

ઉત્તર :—"धम्मघोसा थेरा पुव्वगए उवओगं गच्छंति...." આ પાઠથી સ્પષ્ટ છે કે ધર્મઘોષ સ્થવિરે પૂર્વોના જ્ઞાનમાં ઉપયોગ લગાવી બધુ વૃતાંત જાણ્યું હતું.

પ્રશ્ન ૧૦૮૫ :—સર્વાર્થસિદ્ધના દેવતાના ભવનોમાં એક જ દેવતા રહે છે કે અનેક?

ઉત્તર :—સર્વાર્થસિદ્ધના ભવનોમાં અનેક દેવ હોવાથી જ ત્યાંના દેવોની સંખ્યા-પૂર્તિનો હિસાબ બેસી શકે છે, અન્યથા નહિં. એથી પ્રત્યેક ભવનમાં અનેક દેવ હોવાનો સંભવ છે.

પ્રશ્ન ૧૦૮૬ :—શ્રાવક, અભયદાન, અનુકંપાદાન વગેરે જે પણ દે છે, તે કયા વ્રતમાં સમજવા?

ઉત્તર :—વ્રતની દ્રષ્ટિથી મુખ્યરૂપે પ્રથમ વ્રતમાં અને ગૌણ રૂપે ઉપભોગ-પરિભોગાદિ વ્રતમાં સમજવાં જોઈયે. પુણ્ય બંધના કારણમાં પણ આવી શકે છે.

પ્રશ્ન ૧૦૮૭ :—૯૮ બોલના અલ્પ બહુત્વના ૪૨, ૪૩, ૪૪ બોલ એકાંત "सण्णी" સંજ્ઞી કહ્યા, તો એક તિર્યંચણીના અસંખ્યાતા પુત્ર કેમ થાય? અને અસંજ્ઞી કહે તો ૪૯ મો અસંખ્યાતમો બોલ કેવી રીતે બેસે? કારણ કે તિર્યંચણીથી દેવતા અસંખ્યાત ગુણા છે અને આ ત્રણેય બોલ તેના પછી આવ્યા છે.

ઉત્તર :—સ્ત્રી અને પુરૂષ વેદ વાળા તિર્યંચોને વચ્ચે-વચ્ચે નપુંસકવેદનો ઉદય હોઇ શકે. નપુંસક વેદનો ઉદય અનેક સ્ત્રી-પુરૂષોને હોવાના કારણે, તે સ્ત્રી અને પુરૂષ હોવા છતાં પણ તે ઉદયની અપેક્ષાએ નપુંસક ગણાય છે. તિર્યંચમાં આ વાત વિશેષ રૂપે છે. એથી સંજ્ઞી તિર્યંચની અપેક્ષાએ આ બોલ બેસે છે.

પ્રશ્ન ૧૦૮૮ :—આત્માની શાશ્વતતાના સંબંધમાં—

પાંચ તત્ત્વ-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આદિ જૈન દર્શન અનુસારે પણ સજીવ છે. એથી આનાથી સજીવ આત્માની ઉત્પત્તિ થાય છે. આ અમાન્ય કેવી રીતે? તથા આ પાંચ તત્ત્વોના વિનષ્ટ થઈ જવા પર આત્માનો પણ સદ્ભાવ કેવી રીતે રહે છે? આ રીતે આત્મા સાદિસાન્ત પણ સિદ્ધ કરી શકાય છે.

કેટલાક ઉદાહરણ—જેમ-બે વિદ્યાર્થીઓ એક સાથે સમાન શ્રમ

કરવા છતાં પણ એક થોડાક પરિશ્રમથી જ સફળ થઈ જાય છે અને બીજો કંઈ પણ પ્રાપ્ત કરી શકતો નથી. તથા એક નવજાત શિશુ જન્મ લેતાં જ સ્તન-પાન કરેછે. તેનું ઉદાહરણ દેવાય છે. આ વિશે મારો વિચાર આ છે કે- પ્રથમ ઉદાહરણમાં માતા-પિતાના રજ-વીર્યના અંશ જ કમજોર વિદ્યાર્થીઓ માં એવા રહ્યા હોય કે જેથી તેના બૌદ્ધિક વિકાસના તંતુ પૂર્ણ થઈ શક્યા નહિ. તથા નવ જાત શિશુ પોતાના મોઢાથી માતાના સ્તનને સ્પર્શ કરે છે. જેથી, સ્તનમાંથી દૂધ નીકળવા લાગે છે અને આ જ રીતે સ્તનને દબાવવાથી દૂધ મળતું રહે છે. પૂર્વ કાળમાં આત્માનો સદ્ભાવ આથી સિદ્ધ કરાય છે. આના સિવાય કેટલાક વ્યવસાયીઓના ઉદાહરણ પણ પ્રસ્તુત કરાય છે. એક વ્યવસાયી વધારે પરિશ્રમ કરવા છતાં પણ ધનાઢ્ય બની શકતો નથી. આ વિશે મારો વિચાર છે કે વધારે પરિશ્રમ કરવા વાળાની ધન કમાવવાની યોજના કંઇક દોષ પૂર્ણ હશે. નીચ-ઊંચ ગોત્રને પણ કહીને આત્માના પૂર્વ ભવની સિદ્ધિ કરાય છે, પરંતુ નીચ-ઊંચ ગોત્રમાં જન્મ, એ તો સમાજ અને જાતિની વિષમતાઓ સમાજ વડે નિર્મિત છે.

પરલોકની સિદ્ધિનો પ્રશ્ન પણ આ જ વિશે છે—

પરલોક, આ લોકની જેમ પ્રત્યક્ષ ન હોવાથી પ્રમાણિક કેવી રીતે મનાય ? પરલોકસ્થ આત્માઓ પોતાના સંબંધિઓને પોતાના પ્રિયજનો રૂપ પુણ્ય-પાપના શુભાશુભ કર્મ-ફળોથી સાવધાન કેમ કરતા નથી ? જેથી તે પોતાના પ્રિયજનોને નરકની નારકીય યાતનાઓથી બચાવીને દેવલોકની સન્મુખ કરી શકે ?

ઉત્તર :— જે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ રૂપ પાંચ મહાભૂત માને છે, તે આમાં જીવ (આત્મા) માનતા નથી. જૈન દર્શન આકાશને નિર્જીવ અને શેષ ચારેયમાં જીવ માને છે. જે ભૂતોમાં જીવ (ચેતના) માનતા જ નથી, તો એવી સ્થિતિમાં તેમાં જીવ ઉત્પન્ન જ કેમ થશે ? જૈન માન્યતાથી ચારેયમાં જીવ પહેલાથી જ છે. તો પછી તેનાથી નવીન જીવોત્પત્તિ થઈ, આ તો મનાય જ કેવી રીતે ? અર્થાત્ તે જીવ જ હતા, નવા જીવ ઉત્પન્ન થવાનો કોઈ પ્રશ્ન જ નથી રહ્યો. હા, તે ભવને છોડીને અન્ય ભવોમાં જીવ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ પહેલાના જીવનો નાશ અને નવા જીવની ઉત્પત્તિ ક્યારેય પણ થઈ શકતી નથી. નાશ અને ઉત્પત્તિ શરીરના તે-તે આકારોની જ થાય છે. અનેક જીવોનો એક જીવ અને એકના અનેક જીવ ક્યારેય પણ થઈ શકતા નથી. પૃથ્વી આદિ બધા ભૂતોંથી થોડા-થોડા જીવ આવીને તેની એક આત્મા થઈ શકતી નથી. એથી ભૂતોં આદિથી આત્મા થવી અમાન્ય કરી છે. પૃથ્વી આદિ ષટ્કાયમાં અનેક જીવ છે. તેનું કાય-પરિવર્તન થતું જ રહે છે.

તત્વ પૃથક થવાને જ ભૂતોંનો વિનાશ માનતા હશે? અલગ-અલગ ભૂત (જીવ) તો રહે જ છે.

આત્મા અમૂર્ત છે, તેનો નાશ ક્યારેય પણ થતો નથી. જેમ-મકાન નાશ થવા છતાં પણ તેના આકાશનો નાશ થતો નથી. તેમ જ કાયનો નાશ થવા છતાં જીવ (ચેતના) નો નાશ થતો નથી.

જે પદાર્થને જાણવા વાળો છે, તે જ જીવ છે અર્થાત્ જ્ઞાન શક્તિને જ જીવ માનેલ છે. જીવનું ધ્યાન ક્યાંય બીજે હોય અને શરીર ત્યાં જ હોવા છતાં પણ તેને જ્ઞાન થતું નથી કે આ શું છે, શું કહી રહ્યો છે આદિ. જીવ કાનથી શબ્દનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, પરંતુ રૂપાદિનું નહિ. નેત્રોથી રૂપનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, પરંતુ શબ્દ, ગંધાદિનું નહિ. આ જ રીતે નાસિકા આદિ શેષ ઇન્દ્રિયોંથી પણ ગંધાદિ એક-એકનું જ જ્ઞાન પ્રાપ્ત કરે છે, પરંતુ જીવને તો શબ્દ આદિ પાંચેયનું જ્ઞાન થાય છે. એથી શરીર અને ઇન્દ્રિયોથી આત્મા ભિન્ન પદાર્થ છે. જેમ કહ્યું પણ છે કે—

છે ઇન્દ્રિય પ્રત્યેક ને, નિજ-નિજ વિષયનું જ્ઞાન ।
પાંચ ઇન્દ્રિયના વિષયનું, પણ આત્માને ભાન ॥ ૧ ॥

મારૂં શરીર સારૂં, દુબળું, જાડું, વગેરે કહે છે, તો આ શબ્દોંથી પણ શરીરથી ભિન્નતાનો આત્માને બોધ થાય છે. કોઈ દુબળા શરીરમાં બુદ્ધિ વધારે અને સ્થૂળ (જાડા)માં થોડી હોય છે. આથી પણ શરીરથી જીવની ભિન્નતા પ્રગટ થાય છે. જેમકે કહ્યું પણ છે કે-

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ ।
દેહ હોય જો આત્મા, ઘટે ન એમ વિકલ્પ ॥ ૧ ॥

આત્માની શંકા કરવા વાળો સ્વયં આત્મા જ છે. અન્ય નહિ. જેમ-કહ્યું પણ છે કે—

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ ।
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ ॥ ૧ ॥

સાપ આદિમાં ક્રોધાદિની તારતમ્યતા, બીલાડી ઢેઢગરોળી આદિમાં કપટ અને હિંસાદિના ભાવ તથા સદાચારીના અસદાચારી અને અસદાચારીના સદાચારી સંતાન આદિ, આ વિચિત્રતાઓ પૂર્વ-જન્મના સંસ્કારોના કારણે દેખાય છે. જેમકે-કહ્યું પણ છે કે—

ક્રોધાદિ તારતમ્યતા, સર્પાદિકની માંય ।
પૂર્વ જન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય ॥ ૧ ॥

પૂર, ભુકંપ, જવાળામુખી, ટ્રેન, મોટર, હવાઈ-જહાજ, વિદ્યુતપાત, ઇલેકટ્રીક, આદિની દુર્ઘટનાઓમાં પણ કર્મ અનુસારે અંતર રહ્યા કરે છે. અમુક જીવના જન્મ પછી ઘરનું સંપન્ન-નિર્ધન થઈ જવું, તથા આંધળા બહેરા મુંગા, કોઢ આદિ રોગિઓંના દશ્યથી પણ પૂર્વ સંચિત કર્મનું હોવું સિદ્ધ થાય છે. જેમ કહ્યું પણ છે કે—

સંપત વિપત સુખી દુખી, મુઢ ચતુર સુજાણ ।
નાટક કર્મના જાણિયે, જગ નાના વિધાન ॥ ૧ ॥

મનુષ્યની અપેક્ષા પશુ, પક્ષી, કીડી, પતંગ વગેરે આકાર-પ્રકારથી ભિન્ન હોવાથી આને પણ પરલોકમાં ગણ્યા છે. તિર્યંચ લોક તો મનુષ્ય લોકની જેમ પ્રત્યક્ષ પણ દેખાય છે. આ એક પરલોકની પ્રત્યક્ષતાથી અન્ય નરકાદિ પરલોકની પણ પ્રતીતિ થાય છે. સંક્ષેપમાં આ જ કહેવું છે કે કોઈ પણ દ્રવ્યનો કયારેય નાશ થતો નથી, કેવળ પર્યાય (અવસ્થા-હાલત)માં જ પરિવર્તન થાય છે. જેમ કે-કહ્યું પણ છે કે—

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય ।
બાળાદિ વય ત્રણનું, જ્ઞાન એકને થાય ॥ ૧ ॥

કયારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ ।
ચેતન પામે નાશ તો કેમાં ભળે તપાસ ॥ ૧ ॥

નારક પરતંત્ર છે. તેમાં અહિયા આવવાની શક્તિ પણ નથી. અને જો હોય તો આવવા પણ કોણ દે? દેવ, સુખોમાં વ્યસ્ત રહે છે, આવવાનો વિચાર કરતા-કરતા જ અહિનું અલ્પ આયુ પૂર્ણ થઈ જાય છે. તથા ત્યાંનો નવો પ્રેમ જોડાયેલ હોય છે. ઇત્યાદિ કારણોથી પ્રાયઃ આવતા નથી, પરંતુ લોક તો પ્રત્યક્ષ તથા અનુભવ સિદ્ધ પણ છે.

કોઈ-કોઇની પાસે આ યુગમાં પણ દેવ આવે છે, જેમકે-શ્રી ચુનીલાલજી મ. સા. તથા મહાસતી શ્રી પાનકુંવરજી આદિના પાસે આવ્યા પણ હતા. વર્તમાન યુગમાં પણ કોઈ કોઇ જીવને બાલ્યકાળમાં જ જાતિ સ્મરણ થયું સાંભળવામાં આવે છે, જેથી તેણે પોતાના પાછલા ભવની વાત (દાટેલ-ધનાદિ) બતાવેલ આથી પણ પરભવની સિદ્ધિ થાય છે.

આચારાંગનું પહેલું અધ્યયન, સૂત્રકૃતાંગનુ ૧-૧૨ અને ૧૭ મું અધ્યયન, રાયપ્પસેણીના જીવ વિષયક પ્રશ્નોત્તર, આ બધા ટીકાયુક્ત કે ટીકાનું ભાષાંતર હોય, તો તથા નંદી સૂત્રની જીવ વિષયક ટીકા તથા દ્રવ્ય સંગ્રહ, જીવવિચાર, પ્રમાણ નય તત્વ લોકાલંકાર, સ્યાદ્વાદ-મંજરી, પ્રમેયકમલ-માર્તંડ, નય ચક્ર વગેરે ગ્રંથ પણ આના માટે જોવા લાભપ્રદ પ્રતીત થાય છે.

પ્રશ્ન ૧૦૮૯ :—અર્ધ-પુદ્ગલ-પરાવર્તન કોને કહે છે?

ઉત્તર :—ઔદારિક, વૈક્રિય વગેરે ૭ પુદ્ગલ પરાવર્તન ભગવતી સૂત્ર શ. ૧૨-૩-૪ માં બતાવ્યા છે. દરેક પુદ્ગલ પરાવર્તનમાં અનંતકાળ-અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી અવશ્ય લાગી જાય છે, પરંતુ બધાથી વધારે કાળ વૈક્રિય પુદ્ગલ-પરાવર્તન થવામાં લાગે છે. જેટલો કાળ વૈક્રિય પુદ્ગલ પરાવર્તનમાં લાગે છે, તેના અર્ધા કાળને અર્ધ પુદ્ગલ પરાવર્તન કહે છે. આ અર્ધપુદ્ગલ-પરાવર્તનની પણ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી થાય છે.

પ્રશ્ન ૧૦૯૦ :—જંબૂદ્વીપનું પરિમાણ શાશ્વત યોજનથી છે કે અશાશ્વતથી? જો શાશ્વતથી છે, તો ભરત ક્ષેત્રની ગંગા સિંધુ કઈ સમજવી જોઇયે? બધી શાશ્વત છે અને સમુદ્રમાં મળતા સમયે ૬૨॥ યોજનનો પટ કહ્યો છે. શાશ્વતથી ૨॥ લાખ કોસ થાય છે, તો આવડો પટ તો દેખાતો નથી અને નાના ખંડોને સાધવા સેનાપતિએ ચર્મ-રત્ન વડે પાર કરી હતી, તો કયાં તો ચર્મ-રત્ન અને કયાં આજના સાધન? જો આને ન માનીયે, તો ક્ષુલ્લક ખંડોમાં બબ્બર જે નયવનાદિ દેશ તો સેનાપતિએ જ સાધ્યા છે, ઈત્યાદિ શંકાઓનું સમાધાન કરવાની કૃપા કરશોજી.

ઉત્તર :—જંબુદ્વીપ અને ગંગા-સિન્ધુ નદીનું પરિમાણ શાશ્વત યોજનથી જ બતાવ્યું છે, આ નદીઓ સમુદ્રમાં જ્યાં મળી છે, ત્યાંનો પટ તો ૬૨॥ યોજનનો છે, પરંતુ અહિંયા એવડો નથી.

પ્રમાણ આંગુલથી ૬૨॥ યોજનના ૨॥ લાખ કોશ ઉત્સેધ આંગુળથી થાય છે, હમણાના કોસોથી નહિ. હમણાના કોસ તો ઉત્સેધ આંગુળના કોસથી મોટા છે. અર્ધ પાંચમા આરાના મનુષ્યોના કોસ ઉત્સેધ આંગુળના સમજવા જોઇએ.

ખાસ ગંગા અને સિંધુ કયાં છે, આની પૂરી જાણકારી મને નથી. તેનો પટ તો નાના સમુદ્રની જેમ દેખાતો હશે. જેમ-એક જ નામના અનેક ગામ, દ્વીપ, સમુદ્ર, મનુષ્ય વગેરે મળે છે, તેમજ ક્ષુલ્લક ખંડોમાં પણ, સિંહલ, બબ્બર વગેરે નામ વાળા દેશ હોવામાં કોઈ વાંધો દેખાતો નથી.

પ્રશ્ન ૧૦૯૧ :—નવ નિધાનથી ચક્રવર્તીને બધી વસ્તુઓ મળે છે, તો નિધાનની આરાધના તો પાછળથી કરે છે, બીજી વાત, સેનાપતિ, ગાથાપતિ અને પુરોહિત, ચક્રવર્તીના નગરમાં ઉત્પન્ન થાય તેમ લખ્યું છે. તેની નિધાનમાં પણ ઉત્પત્તિ લખી છે. આ વાત કેવી રીતે સમજવી? એમ જ ચક્રાદિ રત્નોનું સ્થળ, આયુધ શાળા, તથા શ્રીધર લખ્યું છે, આનો પણ ખુલાશો લખાવશો જી.

ઉત્તર :—સેનાપતિ વગેરે પંચેન્દ્રિય રત્ન અને ચક્રાદિ એકેન્દ્રિય રત્ન નિધાનમાં ઉત્પન્ન નથી થતા, પરંતુ સર્વ રત્ન નામના ચોથા નિધાનના પુસ્તકોમાં જે ચક્રવર્તીના ૧૪ રત્ન ઉત્પન્ન થાય છે, તેનું સ્વરૂપ (ઉત્પત્તિ સ્થાન, લક્ષણ, ગુણ) વગેરેનું વર્ણન વિસ્તૃત રૂપે બતાવેલ હોય છે. શેષ નિધાનોના પુસ્તકોમાં પણ અલગ-અલગ વસ્તુઓનું સારી રીતે વર્ણન દીધેલ હોય છે. એટલે ચક્રવર્તીની ઉપયોગી બધી વસ્તુઓનું સ્વરૂપ જાણવા-ઓળખવા આદિના બધા સાધન તેમાં ઉપલબ્ધ રહે છે, એમ સમજવું.

પ્રશ્ન ૧૦૯૨ :—પ્રથમ ભરત ચક્રવર્તીને સ્થળે-સ્થળે અઠમ કરવાની વિધિ કોણ બતાવે છે? આ અવસર્પિણીમાં પહેલા કોઈ ચક્રવર્તી તો થયા નથી?

ઉત્તર :—ચક્રવર્તીને બે હજાર દેવતાઓ અંગ સેવક હોય છે અને તે સ્વયં અતિ-નિર્મળ બુદ્ધિવાળા હોવાના કારણે જ્યાં તેને અઠમાદિ કરવાનો રિવાજ હોય છે, ત્યાં કોઈ પણ ભૂલ વગર તેવી જ બુદ્ધિ (વિચાર ધારા) ઉત્પન્ન થઈ જાય છે. એથી તેને કોઈના દ્વારા વિધિ જાણવાની આવશ્યકતા જ રહેતી નથી.

પ્રશ્ન ૧૦૯૩ :—શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૩૪ મા અધ્યયનમાં નામ અને ગોત્રની સ્થિતિ જઘન્ય ૮ મુહૂર્તની કહેલ છે, તો તે કઈ અપેક્ષાથી છે?

ઉત્તર :—યશોકીર્તિનામ અને ઉચ્ચગોત્રની અપેક્ષાએ નામ અને ગોત્ર કર્મની જઘન્ય સ્થિતિ ૮ મુહૂર્તની ઉત્તરાધ્યયનના ૩૩ મા અધ્યયનમાં બતાવી છે. આનું સ્પષ્ટી-કરણ પન્નવણા પદ ૨૩ ઉદ્દેશા ૨ થી થાય છે. નામ અને ગોત્ર કર્મની પ્રકૃત્તિઓની અપેક્ષાએ બધાથી ઓછી જઘન્ય સ્થિતિ આ બે પ્રકૃત્તિઓની જ બતાવી છે.

પ્રશ્ન ૧૦૯૪ :—તીર્થંકર અને કેવળી સંવત્સરીનો ઉપવાસ કરે છે કે નહિ?

ઉત્તર :—તીર્થંકર અને કેવળી સંવત્સરી સિવાય બીજા સમયે પણ ઉપવાસ કરે છે, સંથારો કરે છે, છદ્મસ્થો માટે (મને પરિસહ સહન કરતા જોઈને અન્ય છદ્મસ્થ પણ સહન કરશે-ઠાણાંગ ઠા. ૫ ઉ. ૧) પરિસહ પણ સહન કરે છે. રાતે વિહાર આદિ પણ કરતા નથી. આચાર રક્ષા કરે છે. તેમના માટે બનાવેલ આહારનો પણ તે કેવલ-[illegible] તેમ નિષેધ જ કરે છે. ઇત્યાદિ વાતો તે સંયમ-વ્યવહાર અને મર્યાદાની રક્ષા માટે કરે છે, તેમ જ તેઓ સંવત્સરીના ઉપવાસ પણ કરે છે, એવી સંભાવના છે.

પ્રશ્ન ૧૦૯૫ :—શ્રાવક, નિરપરાધી નિર્પેક્ષ કીડીને મારી નાંખે છે, તો શું તેનું અહિંસા વ્રત ભાંગી જાય છે?

ઉત્તર : [illegible] વ્રતના ધારક શ્રાવક આવી પ્રવૃત્તિ કરે તો તેનું વ્રત ભાંગી જાય છે.

પ્રશ્ન ૧૦૯૬ :—શ્રાવક લાંબા માર્ગ પાણી ખેતરમાં વહાવે છે. અને ખેતર પાસ કેટલું પાણી નિષ્પ્રયોજન નષ્ટ કરે છે. તેના વ્રતમાં દોષ લાગે છે કે [illegible] ? જો લાગે છે, તો કયા વ્રતમાં અને કેટલો દોષ લાગે છે?

ઉત્તર :—[illegible] આઠમું વ્રત ધારણ કર્યું હોય, તો તેને જાણી જોઈને નિષ્પ્રયોજન [illegible] કરે છે, તો તેને આઠમા વ્રતમાં દોષ લાગે છે અને અનાચાર સુધી [illegible] અનર્થદંડથી પણ આગળ વધી જાય છે.

પ્રશ્ન ૧૦૯૭ :—સંત-મુનિરાજ નિષ્પ્રયોજન એકેન્દ્રિય વગેરે જીવોની હિંસા ઈચ્છાપૂર્વક કરી શકે છે શું? નિષ્પ્રયોજન હિંસા કરવા વાળા મુનિનું પહેલું વ્રત ભાંગે છે કે નહિ?

ઉત્તર :—મુનિ, હિંસા કરી શકતા નથી. જો કરતા હોય, તો મુખ્ય રૂપે પહેલાનો અને ગૌણ રૂપે અન્ય વ્રતોનો ભંગ થાય છે.

પ્રશ્ન ૧૦૯૮ :—સંત, સપ્રયોજન હિંસા કરી શકે છે કે નહિ? જો કરી શકે છે, તો કયા પ્રયોજનથી?

ઉત્તર :—સંત-મુનિરાજ સંપૂર્ણ હિંસાના ત્યાગી હોવાથી સપ્રયોજન પણ ઇચ્છ પૂર્વક હિંસા કરી શકતા નથી. જો કરે, તો વ્રત ભંગ થાય છે. એટલે શાસ્ત્રકારોએ ક્રૂર હિંસાદિ દોષોનું પ્રાયશ્ચિત ન કરવાવાળા પુલાક વગેરે નિગ્રંથોને વિરાધક બતાવ્યા છે.

નીચે દીધેલ વિવરણથી આ પ્રસંગમાં વધારે સ્પષ્ટીકરણ થઈ જશે—

હિંસાની ઇચ્છા ન હોવા છતાં પણ સંયમ રક્ષાર્થે, નિર્મળતા, અપ્રતિબંધતા મા સ્વાધ્યાય આદિ સાધારણ યોગ પ્રવૃત્તિ કરવી, પૂંજન, પ્રતિલેખન, વિહાર, નદી ઉતરવં પાણીમાં પડેલા સાધુ-સાધ્વીને બહાર કાઢવા અને અશક્ય પરિહાર રૂપ જે મળ મૂત્રાદિને ત્યાગ, વર્ષતા પાણી અને ધૂંવર આદિમાં કરવો ઈત્યાદિ કાર્યોને વિધિપૂર્વક કરવા છત પણ, જે એકેન્દ્રિય વગેરે જીવોની વિરાધના થાય છે, તેનું પણ તે વિધાન અનુસા પ્રાયશ્ચિત ગ્રહણ કરે છે. અને તેમાં પણ વિવશતાનો અનુભવ કરે છે. જેમકે-ઉચ્ચ સંયમ ગૌતમ વગેરે અણગારોએ પણ ભિક્ષા લીધા પછી હિંસાની આશંકા માત્રથી જ પ્રાય શ્ચિત રૂપ ઈર્યાપથિક પ્રતિક્રમણ કર્યું છે. પરન્તુ વરસતા પાણી, ધુંવર આદિમાં ભિક્ષ વિહાર, ધર્મોપદેશ વગેરે શક્ય-પરિહાર રૂપ કાર્યો માટે તો તેઓ જવાનું રોકી જ દે છે (જતા જ નથી). આથી સ્પષ્ટ છે કે સાધુ ઇચ્છા પૂર્વક હિંસાદિ પાપ રૂપ કાર્ય કર શકતા નથી.

પ્રશ્ન ૧૦૯૯ :—અપવાદની પરિભાષા શી છે?

ઉત્તર :—મુખ્ય વિધિમાં કોઈ ખાસ શાસ્ત્રોક્ત પ્રસંગો ઉપર જે છુટ બતાવી છે, તેને અપવાદ કહે છે.

પ્રશ્ન ૧૧૦૦ :—અપવાદનું સેવન કઈ અવસ્થામાં થઈ શકે છે?

ઉત્તર :—મળ-મૂત્ર ત્યાગ આદિ રૂપ જે અશક્ય-પરિહાર શાસ્ત્રોક્ત કાર્ય છે, તેમ જ અપવાદનો આશ્રય છે, અન્યત્ર નહિ.

પ્રશ્ન ૧૧૦૧ :—ધર્મ પ્રચાર કરવા માટે જાણી જોઇને મુનિરાજ એકેન્દ્રિય વગેરે જીવોની હિંસા કરી શકે છે કે નહિ?

ઉત્તર :—ધર્મ પ્રચાર માટે જાણી-જોઈને મુનિ એકેન્દ્રિય વગેરે જીવોની હિંસા કરી શકતા નથી.

પ્રશ્ન ૧૧૦૨ :—ધર્મ પ્રચાર માટે સંત-મુનિરાજ આકાશ-વાણી-રેડિયો પ્રસારણમાં બોલી શકે છે કે નહિ?

ઉત્તર :—આકાશવાણી પ્રસાર વગેરે ધ્વનિ-વર્ધક યંત્રોમાં બોલવું મુનિ-કલ્પથી વિરુદ્ધ છે.

પ્રશ્ન ૧૧૦૩ :—ધર્મ-પ્રચાર માટે સંત-મુનિરાજ, ટ્રેન, મોટર, સાયકલ, હવાઈજહાજ, ટ્રામ વગેરે સાધનોને કામમાં લઈ શકે છે શું ?

ઉત્તર :—ધર્મ-પ્રચાર માટે મુનિ, ટ્રેન વગેરે પ્રશ્ન-કથિત કોઈ પણ સાધનને કામમાં લઈ શકતા નથી.

પ્રશ્ન ૧૧૦૪ :—ધર્મ પ્રચાર માટે રબરના પૈડાની ગાડી, જેમાં મશીન ન હોય, પરંતુ મનુષ્ય ખેંચીને લઈ જતા હોય, તેનો મુનિરાજ ઉપયોગ કરી શકે છે શું ?

ઉત્તર :—ધર્મ પ્રચાર માટે મનુષ્ય વડે ખેંચવામાં આવતી મશીન વગરની રબરના પૈડાની ગાડીનો પણ મુનિ ઉપયોગ કરી શકતા નથી.

પ્રશ્ન ૧૧૦૫ :—મનુષ્ય અને તિર્યંચ, ગર્ભમાં વૈક્રિય કરે છે, અને ગર્ભમાં સંગ્રામ કરી શકે છે શું ?

ઉત્તર :—ભગવતી સૂત્ર શ. ૧ ઉ. ૭ થી સ્પષ્ટ છે કે ગર્ભમાં રહેલ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ, ચતુરંગિણી સેના વૈક્રિય કરીને શત્રુની સાથે સંગ્રામ કરી શકે છે. તથા ભગવતી સૂત્ર શતક ૨ ઉ. ૩ થી સ્પષ્ટ છે કે-મનુષ્ય તિર્યંચ-બન્નેય ગર્ભમાં વૈક્રિય કરી શકે છે.

પ્રશ્ન ૧૧૦૬ :—છાસમાંથી કાઢીને અલગ પાત્રમાં રાખવા પર માખણમાં અન્તર્મુહૂર્તમાં જીવોની ઉત્પત્તિ થઈ જાય છે એમ કેટલાક કહે છે, તો તે બરાબર છે શું ?

ઉત્તર :—મિથ્યાત્વના અસંખ્ય પ્રકાર હોય છે. બીલકુલ હળવા મિથ્યાત્વ અ ભવ્યત્વના પરિપાક વાળા તથાવિધ સામગ્રીજન્ય યોગ્યતાના આધારે અનુકંપા આદિ પ્રકૃષ્ટ માત્રા અને સમકિતાભિમુખવાળાઓ સિવાય, મિથ્યાત્વીને સકામનિર્જરા થવાને સંભવ નથી.

સેનપ્રશ્ન ૧૭ માં મિથ્યાત્વીની જે સકામ નિર્જરા સ્વીકારી છે ત્યાં પણ એ જીવોની અપેક્ષા જ સમજવી. આવા જીવો તો અન્ય મિથ્યાત્વી જીવોની અપેક્ષાએ ઘણ અલ્પ હોય છે, તેથી તેને નગણ્ય કરીને સમ્યગ્દૃષ્ટિ જીવોને જ સકામ નિર્જરા થવી બતાવી છે.

પ્રશ્ન ૧૧૦૮ :—અગ્યારમા ગુણસ્થાનમાં વર્ધમાન આદિ ત્રણેય પરિણામોમાંથી કેટલા હોય છે?

ઉત્તર :—ભગવતી શ. ૨૫ ઉ. ૬ માં નિર્ગ્રંથના અવસ્થિત પરિણામની સ્થિતિ જ એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની બતાવી છે. એથી અગ્યારમા ગુણ સ્થાનમાં એક અવસ્થિત પરિણામ જ હોવો સંભવ છે.

પ્રશ્ન ૧૧૦૯ :—સમ્યક્ત્વના અતિચારોમાં પર-પાખંડી પ્રશંસા અને પર-પાખંડ સંસ્તવ આવ્યું છે, અહિંયા પૂછવું આ છે કે પાખંડની સા 'પર' વિશેષણ છે, આથી પ્રશ્ન થાય છે કે શું 'સ્વ પાખંડ' પણ હોય છે 'પર' શબ્દ 'સ્વ'ની અપેક્ષા રાખે છે, સ્વ પાખંડી પણ હોય છે. આથી "પર" વિશેષણ લગાવીને તેના સંગ ત્યાગનું વિધાન થયું છે. હવે પ્રશ્ન થાય છે કે સ્વ પાખંડી કોણ છે?

જો પર પાખંડીના સ્થળે અન્ય તીર્થી, મિથ્યાત્વી કે સામાન્ય રૂપથી 'પાખંડી' શબ્દ હોત, તો શું વાંધો હતો? આનંદ પ્રકરણમાં 'अण्णउत्थिय' આવ્યું જ છે.

ઉત્તર :—પાસંડ (પાખંડ) શબ્દનો અર્થ અનુયોગદ્વારની ટીકામાં વ્રત પણ બતાવ્યો છે. એથી પાખંડ શબ્દથી સર્વજ્ઞ પ્રણીત સિવાય ૩૬૩ મતાવલંબી આવી જાય છે. સ્વ પાખંડીમાં પ્રભુ આજ્ઞાવર્તી સમજવા જોઈએ.

પ્રશ્ન ૧૧૧૦ :—જ્યોતિષીના બે ઈન્દ્ર-૧ ચંદ્ર અને ૨ સૂર્ય, પરંતુ ચંદ્ર અને સૂર્ય તો અનેક છે-ચલ અને અચલ. ત્યારે આ બે ઈન્દ્ર કયા છે? બાકીના ચંદ્ર અને સૂર્ય કઇ શ્રેણીના છે?

ઉત્તર :—એમ તો બધા ચંદ્ર અને સૂર્ય ઇન્દ્ર છે, પરંતુ જાતિ માત્રનો આશ્રય લઈને જ્યોતિષિઓના બે ઇન્દ્ર-ચંદ્ર અને સૂર્ય બતાવ્યા છે. એવો ભાવ ઠાણાંગ સૂત્રના બીજા ઠાણાના ૩ ઉ. ની ટીકાથી નિકળે છે.

પ્રશ્ન ૧૧૧૧ :—દેવલોકમાં જે પાણી છે, તે અપકાયમય છે, પરંતુ ત્યાં અપકાય આવી ક્યાંથી? કેમકે ત્યાં વર્ષા તો થતી નથી, તો પછી પાણીની આવક ક્યાંથી થાય છે? ત્યાં જે વસ્ત્ર છે, તે વનસ્પતિના બનેલ છે શું?

ઉત્તર :—જે રીતે મનુષ્ય ક્ષેત્રના પદ્મ, મહાપદ્મ વગેરે દ્રહોમાં અને બહારના સમુદ્રોમાં અપકાયના જીવ અને પુદ્ગલોનો ચયોપચય થઈને પોતાની મેળે જ (આપોઆપ) અપકાય પેદા થતી રહે છે, તે જ રીતે દેવલોકમાં પણ વરસાદ વગર અપકાયની ઉત્પત્તિ થાય છે. વૈક્રિય વસ્ત્રો સિવાય જે ત્યાં સ્વાભાવિક વસ્ત્ર છે, તે પૃથ્વીકાયના છે.

પ્રશ્ન ૧૧૧૨ :—જાતિસ્મરણ જ્ઞાન મિથ્યાદૃષ્ટિને પણ થઈ શકે છે શું?

ઉત્તર :—જાતિસ્મરણ, મતિજ્ઞાનનો ભેદ છે, એથી મિથ્યા દ્રષ્ટિને પણ થઇ શકે છે. સમ્યગ્-દૃષ્ટિનું જાતિસ્મરણ, મતિજ્ઞાનમાં અને મિથ્યાદૃષ્ટિનું મતિઅજ્ઞાનમાં છે.

પ્રશ્ન ૧૧૧૩ :—અપવાદની પરિભાષા શી છે?

ઉત્તર :—મૂળ નિયમની રક્ષા માટે સંકટ આવવા પર અન્ય માર્ગ ગ્રહણ કરવો-અપવાદ છે. જેમ-સાધુએ નદી ઉતરવી આદિ. (બૃહત્કલ્પનિર્યુક્તિ ગાથા ૩૧૯, સ્યાદ્વાદ મંજરીની કારિકા ૧૧ ટીકા) જૈન સિદ્ધાંત પ્ર. પૃ. ૨૫.

પ્રશ્ન ૧૧૧૪ :—અપવાદમાં કાર્ય કરવા વાળાઓને શું પ્રાયશ્ચિત આવે છે?

ઉત્તર :—અપવાદ વિભિન્ન પ્રકારના હોય છે. અને તેના પ્રાયશ્ચિત પણ અલગ-અલગ પ્રકારના હોય છે, તથા કોઈ કોઈ અપવાદનું પ્રાયશ્ચિત પણ હોતું નથી.

પ્રશ્ન ૧૧૧૫ :—ધ્વનિવર્ધક-યંત્રની અપવાદની સ્થિતિ શી હોઈ શકે છે?

ઉત્તર :—ઠાણાંગના ૧૦ મા ઠાણામાં અને ભગવતી સૂત્રના શ. ૨૫ ના ઉ. ૭ માં દોષ આવવાના ૧૦ માર્ગ બતાવ્યા છે. અપવાદનો સમાવેશ "આપત્તિ" નામના પાંચમા દોષ માર્ગમાં થાય છે, અન્ય માર્ગમાં નહિ. એથી આપત્તિ વગર અપવાદનું સેવન ન હોવું જોઇએ. ધ્વનિવર્ધક યંત્રમાં બોલવું, અપવાદની અંતર્ગત માનવું યોગ્ય લાગતું નથી.

પ્રશ્ન ૧૧૧૬ :—ધ્વનિ-વર્ધક-યંત્રમાં બોલવા વાળાને શું પ્રાયશ્ચિત આવે છે?

ઉત્તર :—"अकरणाए अब्भुट्ठित्तए" વ્યવહાર સૂત્ર પ્રથમ ઉ. ના આ પાઠથી ભવિષ્યમાં તે કાર્યને ન કરવા માટે પ્રસ્તુત વ્યક્તિ પ્રાયશ્ચિત કરે, એવું આનાથી સ્પષ્ટ થાય છે.

ધ્વનિવર્ધક-યંત્રમાં ભવિષ્યમાં ન બોલવાના વિચાર વાળા ગુરુ-ચોમાસી દંડની સ્વીકૃતિથી તે દોષનું પ્રાયશ્ચિત કરી શકે છે. નિશીથ સૂત્રના ૧૨ મા ઉદ્દેશામાં પૃથ્વીકાયાદિ પાંચેયની પણ થોડી વિરાધનાનું લઘુ-ચોમાસી પ્રાયશ્ચિત બતાવ્યું છે, પરંતુ આ પ્રસંગમાં તો અનેક કાયની વિરાધના વિશેષ રૂપે પ્રતીત થાય છે, એથી ગુરૂ-ચોમાસીનું પ્રાયશ્ચિત સંગત લાગે છે.

પ્રશ્ન ૧૧૧૭ :—અપવાદનું પ્રાયશ્ચિત હોય છે અને નથી પણ હોતું, આને શાસ્ત્રીય સ્થળ પૂર્વક ઉદાહરણ વડે બતાવશો જી.

ઉત્તર :—અપવાદ ભિન્નભિન્ન પ્રકારના હોય છે. એમાંથી કેટલાકનું પ્રાયશ્ચિત હોય છે અને કેટલાકનું નહિ. વિવરણ નીચે પ્રકારે છે—

(૧) દશવૈકાલિક અધ્યયન ૬ ગાથા ૬૦ માં ગૃહસ્થને ત્યાં બેસવાનો (ઉત્સર્ગમાં) નિષેધ હોવા છતાં પણ સાધુને ત્રણ કારણે બેસવું બતાવેલ છે (અપવાદ) (૨) સાધુને સ્ત્રી સંઘટ્ટો ઊત્સર્ગમાં નિષેધ છે, પરંતુ સર્પડંશના કાળે સ્થવીર-કલ્પી માટે ઉપચારાર્થે, સ્ત્રી સંઘટ્ટો થઈ જાય તો પ્રાયશ્ચિત બતાવેલ નથી (અપવાદ) વ્યવહાર ઉ. ૫ અંતિમ સૂત્ર.

(૩) પોતાના અનધ્યયન કાળમાં સ્વાધ્યાય કરવા પર સાધુસાધ્વીને ચોમાસી પ્રાયશ્ચિતનું વિધાન (ઉત્સર્ગમાં) છે. નિશીથ ઉ. ૧૯ અપવાદમાં સાધુ સાધ્વીને અને સાધ્વી, સાધુને પરસ્પર વાચના દઈ લઈ શકે છે. (વ્યવહાર ઉ. ૯)

(૪) પહેલા પહોરના અશનાદિ કે વિલેપનાદિ ચોથા પહોરમાં કામમાં લેવાનું ચોમાસી પ્રાયશ્ચિત (ઉત્સર્ગ) બૃહત્કલ્પ ઉ. ૪ અને નિશીથ ઉ. ૧૩ માં બતાવ્યું છે, પરંતુ ખાસ કારણમાં ચોથા પહોરમાં આહારાદિ કામમાં લઈ શકાય છે. (અપવાદ) બુહત્કલ્પ ઉ. ૫.

પ્રાયશ્ચિત વાળા અપવાદોના ઉદાહરણ—

(૧) સામાન્ય રૂપે સાધુ માટે ચામડીનું છેદન-ભેદન નિષેધ છે, પરંતુ જે સાધુ-સાધ્વી પોતાના શરીરના વ્રણ (ગુમડું, ફોડલી વગેરે) ને છેદન કરે, પરૂ આદિ કાઢે, ધોવે, દવા લગાવે, આ અપવાદ છે. છતાં પણ આનું પ્રાયશ્ચિત છે. (નિશીથ ઉ. ૩) ઉપરોક્ત બાબતો પરસ્પર સાધુથી કરાવે તો પણ પ્રાયશ્ચિત છે. (નિશીથ ઉ. ૪)

આ જ વાતો-વિભૂષા માટે કરે તો અને ગૃહસ્થોથી કરાવે તો ચોમાસી દંડ બતાવ્યો છે. (નિશીથ ઉ. ૧૫) તાત્પર્ય આ છે કે-ઉ. ૩-૪ માં સાધુ સ્વયં કે અન્ય સાધુથી કરાવવા પર માસિક દંડનો ભાગી થાય છે. વિભૂષા માટે કરે, કરાવે તો અને ગૃહસ્થો પાસેથી કરાવે તો ચોમાસી દંડના ભાગી થાય છે.

(૨) ઉપાશ્રયમાં ઠંડા કે ગરમ પાણીના ઘડા પડ્યા હોય, તો ઉત્સર્ગમાં રહેવું નિષેધ છે, પરંતુ બીજો ઉપાશ્રય ન મળે તો ૧-૨ રાત તે (પાણી વાળા) ઉપાશ્રયમાં રહી શકે છે, તેનું પ્રાયશ્ચિત નથી, પરંતુ તેથી વધારે જેટલા પણ દિવસ રહે, તેટલા જ દિવસોનો છેદ કે પ્રાયશ્ચિત આવે છે. સકારણ રોકાય તો પણ આ પ્રાયશ્ચિત આવે છે.

એજ રીતે જે મકાનમાં દારૂના ઘડા હોય, કે સંપૂર્ણ રાત્રિ અગ્નિ કે દીપક જલતો હોય, તે મકાનમાં રહે તો પણ ઉક્ત રીતે પ્રાયશ્ચિત સમજવું જોઈએ (બૃહત્કલ્પ ઉ. ૨) વગેરે, આ રીતે અનેક ઉદાહરણ દઈ શકાય છે.

પ્રશ્ન ૧૧૧૮ :—ત્રસકાયનો જંગમ દેવ અધિપતિ છે, એટલે જંગમકાય કહે છે. ૨૫ બોલના થોકડામાં આવું લખ્યું છે, એથી પૂછવાનું છે કે જંગમ-દેવ કોને કહે છે? તે વૈમાનિક છે કે અન્ય જાતિના? કારણ આ છે કે ચારેય ગતિના ત્રસ જીવોને જંગમ કહે છે, તો આધપતિ જંગમ દેવ કઈ જાતિના છે?

ઉત્તર :—ઠાણાંગ સૂત્રના ૫ મા સ્થાનમાં પ્રથમઉદ્દેશામાં પાંચ સ્થાવર કાયના ઈન્દ્ર ઈન્દ્રાદિ પાંચ સ્વામી બતાવ્યા છે. ત્રસ નહિ. ત્રસકાયના સ્વામી જંગમ દેવ કહે છે, તથા થોકડાઓના પુસ્તકોમાં પણ લખે છે, પરંતુ સૂત્રમાં આ વાત મ. શ્રી ના વાંચવામાં આવી નથી.

જંગમનો અર્થ ચાલવાવાળા પ્રાણી થાય છે, એથી ત્રસકાયને જંગમ કહે છે.

પ્રશ્ન ૧૧૧૯ :—ક્ષાયિક સમ્યક્ત્વ વાળા કેટલા ભવ કરે છે?

ઉત્તર :—ક્ષાયિક સમ્યક્ત્વ મનુષ્ય ભવમાં પ્રાપ્ત થાય છે. (પૂર્વ) પરભવનું આયુ બાંધ્યા પહેલા જ જો ક્ષાયિક-સમ્યક્ત્વ આવી ગયું હોય, તો તે મનુષ્ય તે જ ભવમાં મોક્ષ જશે, (ભગવતી શ. ૧ ઉ. ૮ ની ટીકા) જો નરક કે દેવનું આયુ પહેલા બંધાયેલ હોય, તો તે સમકિતની પ્રાપ્તિ વાળા ભવ સહિત ત્રીજા ભવમાં મોક્ષ જશે. અર્થાત્ વચ્ચમાં દેવ કે નરકનું જે આયુ બાંધ્યું છે તે ભોગવીને મનુષ્ય થઇને મોક્ષ જશે. (ચોથી નરક સુધીનું આયુ બાંધ્યું હોય, તો ક્ષાયિક-સમકિત પ્રાપ્ત થઈ શકે છે, આગળની નરકનું બાંધેલ હોય તો નહિ.) તિર્યંચમાં કેવળ અસંખ્ય વર્ષના સ્થળચરનું અને મનુષ્યમાં ૩૦ અકર્મ-ભૂમિનું આયુ બાંધેલ હોય, તો ક્ષાયિક-સમકિત પ્રાપ્ત થઈ શકે છે. શેષ મનુષ્ય-તિર્યંચના આયુ બંધાય તો નહિ. અસંખ્ય વર્ષના સ્થળચર અને ૩૦ અકર્મ-ભૂમિનું આયુ બાંધવા પર તે ભવ સહિત ચોથા ભવમાં મોક્ષ જશે, કેમકે યુગલિયા મરીને દેવમાં જ જશે, પછી મનુષ્ય થઈને મોક્ષ જશે. એથી સમકિત પ્રાપ્તિના ભવ સહિત ચાર ભવથી વધારે થઈ શકતા નથી. આ વાત ચોથા કર્મ-ગ્રંથની ૨૫ મી ગાથાની ટીકાથી સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન ૧૧૨૦ :—નાની સફેદ એલાયચીને અચેત અને લીલી એલાયચીને સચેત સમજવી તે ક્યાં સુધી બરાબર છે?

ઉત્તર :—સફેદ એલાયચી પણ ઉકળેલી અને ઉકળ્યા વગરની બન્ને પ્રકારની આવે છે, એમ સાંભળ્યું છે. એથી તેમાં બધી જ અચેત હોય, એવી પૂર્ણ નિઃશંકતા નથી. એટલે તેને અકલ્પનીક સમજીને મુનિએ ન લેવી જોઇએ.

પ્રશ્ન ૧૧૨૧ :—શ્રી અનાથી મુનિએ કોની પાસે દીક્ષા અંગીકાર કરી, અને કોના શાસનમાં? જે સમયે શ્રેણિક રાજાએ શ્રી અનાથી મુનિ પાસે સમ્યક્ત્વ ગ્રહણ કર્યું, તે સમયે પ્રભુ મહાવીર કેવળ–અવસ્થામાં હતા કે છદ્મસ્થ અવસ્થામાં?

ઉત્તર:—શ્રી અનાથી મુનિના ગુરુનું નામ તો જોવામાં આવ્યું નથી. ધારણા તેમજ ઢાળો ઇત્યાદિથી શ્રી અનાથી મુનિ, પ્રભુ મહાવીરના શાસનમાં થયા, એમ પ્રતીત થાય છે. આના ઉપરથી આ પણ સિદ્ધ થાય છે કે જે સમયે શ્રેણિક રાજાએ સમ્યક્ત્વ ગ્રહણ કર્યું, ત્યારે ભગવાન્ મહાવીર કેવળી હતા.

પ્રશ્ન ૧૧૨૨ :—ભગવાન્ મહાવીરને વંદન–નમસ્કાર કરવા જતા સમયે રાજા–મહારાજાઓ કોરંટ ફૂલોની માળા છત્રના ઉપર લગાવે છે કે ગળામાં પહેરતા હતા?

ઉત્તર :—કોરંટ જાતિના ફૂલોની માળા છત્ર ઉપર લગાવતા હતા.

પ્રશ્ન ૧૧૨૩ :—જે વ્યક્તિને અન્ય દેવને પૂજવાનો ત્યાગ છે, તેને દીવાળી ઉપર લક્ષ્મી પૂજન વગેરેમાં દોષ લાગે છે કે નહિ? જો લાગે છે તો દીવાળી-પૂજન કેવી રીતે કરવું જોઈયે? ચોપડા–પૂજન વગેરે પણ કરવા જોઇયે કે નહિ?

ઉત્તર :—લક્ષ્મી નામની દેવી પણ છે અને લક્ષ્મી ધનને પણ કહે છે. અન્ય દેવ પૂજવાના ત્યાગ વાળા, ત્યાગની રક્ષા માટે લક્ષ્મી નામની દેવીની પૂજા પણ કરી શકતા નથી, પરંતુ આમાં રાજા, માતા–પિતા વગેરે ૬ આગાર બતાવ્યા છે. કોઈ પ્રસંગે તેની આજ્ઞા વગેરેના દબાણથી, પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ પૂજન કરવું પડે, તો ત્યાગનો ભંગ થતો નથી અને જો કોઇ, આ આગારો, ન રાખતાં ત્યાગ કરે, તો તેની વિશેષતા છે.

ચોપડા અને રૂપિયા આદિનું પૂજન પણ લૌકિકપરંપરાની રૂઢીથી લોકો, મંગળ રૂપે માને છે, પરંતુ શાસ્ત્રકાર તો પંચ પરમેષ્ઠી મંત્રને સર્વ મંગળોમાં પ્રથમ, શ્રેષ્ઠ એવં પાપ–નાશક બતાવે છે. એથી દૃઢ ધર્મી વ્યક્તિ તો તે પૂજનના સમયે પણ આ મંત્રોના પ્રમોદ ભાવે જાપને જ દિવ્ય–પૂજન સમજે છે.

પ્રશ્ન ૧૧૨૪ :—કેવળીને વંદણા કયા પદથી થાય છે?

(૨૫) તૈજસ્ શરીર (૨૬) કાર્મણ શરીર (૨૭) વજ્રઋષભ નારાચ સંઘયણ (૨૮) સુસ્વર નામ (૨૯) દુઃસ્વર નામ (૩૦–૩૧) સાતા–અસાતા વેદનીય (૩૨) મનુષ્યાયુ (૩૩) સૌભાગ્ય નામ (૩૪) આદેય નામ (૩૫) યશ નામ (૩૬) ત્રસ નામ (૩૭) બાદર નામ (૩૮) પર્યાપ્તિ નામ (૩૯) પંચેન્દ્રિય જાતિ (૪૦) મનુષ્ય ગતિ (૪૧) જિન નામ અને (૪૨) ઉચ્ચગોત્ર.

ઉપર બતાવેલ ૪૨ પ્રકૃતિઓમાંથી અનુક્રમથી ૨૯ પ્રકૃતિઓ છોડીને બાકીની ૧૩ પ્રકૃતિઓનો ઉદય ચૌદમા ગુણ સ્થાનમાં ઘણા જીવોની અપેક્ષાથી હોય છે. અને એક એક જીવની અપેક્ષાથી એક વેદનીયનો ઉદય હોવાથી ૧૨ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

પ્રશ્ન ૧૧૨૯ :—સાધ્વીને કેવળજ્ઞાન થયા બાદ નિયંઠામાં કહ્યા પ્રમાણે છદ્મસ્થ સાધુને વંદણા કરવામાં આવે છે કે નહિ? જો સાધુને ખબર પડે કે સાધ્વીને કેવળજ્ઞાન થયું છે તો તે કેવળજ્ઞાની સાધ્વીને વંદન કરવામાં આવે છે?

ઉત્તર :—સ્થિત તથા અસ્થિત કલ્પ એ બધાયે નિયંઠા (નિગ્રન્થ)માં છે. એટલે પુરુષ જ્યેષ્ઠ કલ્પાનુસાર છદ્મસ્થ સાધુએ કેવળી સાધ્વી પ્રત્યે વ્યાવહારિક વિનય સુચારુ રૂપે ચલાવવા માટે હાથ જોડવા, માથું નમાવવું વગેરે વિનય–પ્રવૃત્તિ કરે છે "एवायरियं उवचिट्ठइज्जा अणंतनाणोवगओ वि संतो" દશવૈકાલિક અ.૯ ઉ. ૧ ગાથા ૧૧ના આ પાઠથી પણ કેવળી, છદ્મસ્થોને વંદન કરે એવો અર્થ ફલિત થાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીના દોહામાં પણ એમજ કહ્યું છે કે—

> જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
> ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.

દ્રવ્યરૂપે વિધિવંદન કેવળજ્ઞાનવાળી સાધ્વીને પણ છદ્મસ્થ સાધુ કરતા નથી.

પ્રશ્ન ૧૧૩૦ :—ગૌતમ ગણધર જાતિથી બ્રાહ્મણ હતા કે રાજપુત?

ઉત્તર :—ગૌતમસ્વામીની જાતિ બ્રાહ્મણ હતી એવું આવશ્યક નિર્યુક્તિ વગેરેમાં બતાવેલ છે.

પ્રશ્ન ૧૧૩૧ :—સાધુ સાધ્વી રજોહરણ વિના કેટલે દૂર જઈ શકે?

ઉત્તર :—સાધુ સાધ્વીએ પોતાના હાથથી પાંચ હાથ ઉપરાંત, રજોહરણ વગર ન જવું જોઈએ, નિશીથ સૂત્રના ૫ મા ઉદ્દેશાના અર્થથી એવું સ્પષ્ટ પ્રતિત થાય છે.

પ્રશ્ન ૧૧૩૨—: પર્યુપણના દિવસોમાં પ્રભાત ફેરી કાઢવી એ શું શાસ્ત્ર-સંમત છે? તે ઉચિત છે કે અનુચિત? સાધુસાધ્વી આ બાબતમાં 'હા' કે 'ના' કંઇ કહેતા નથી. જો અનુચિત હોય તો નિષેધ કરવામાં શો વાંધો છે?

ઉત્તર :—પર્યુષણ આદિ કોઈપણ ધાર્મિક પર્વ નિમિત્તે પ્રભાતફેરી કાઢવી તે સૂત્રાનુકૂલ નથી, સૂત્ર વિરુદ્ધ છે. પહેલાં આવી પ્રથા ન હતી. સાધુ સાધ્વીઓએ આવાં કાર્યો રોકવા જોઈએ.

પ્રશ્ન ૧૧૩૩ :—ભગવાન મલ્લિનાથ સ્ત્રી-લિંગી હતા અને તીર્થંકર દીક્ષિત થયા પછી તો નગ્ન રહે છે. એટલે સ્ત્રી-લિંગ અવસ્થામાં નગ્ન રહેવું એ કેમ સંભવિત હોઈ શકે? એમ કહેવામાં આવે છે કે, તેઓ રાત્રીએ સાધ્વી-પરિષદમાં નિવાસ કરે છે. તો દિવસે પણ નગ્ન અવસ્થા કેવી રીતે સંભવિત છે?

" सर्वं अवसर्पिणी दुष्पमारक–मनुष्य–स्वरूप–वद्‌भावनीयं नवरं " नसिज्झति " सकल कर्मक्षयतलक्षणां सिद्धिं न प्राप्नुवन्ति चरणधर्म–प्रवृत्त्य भावात् ! "

પ્રશ્ન ૧૧૩૫ :—સંવત્સરી પર્વ-ભાદ્રપદ શુકલ પંચમીએ જ મનાવવાનું કારણ શું છે? આ પરંપરા કોણે અને કયારથી ચલાવી છે? શું ચોવીસે તીર્થંકરોના સમયમાં આ પર્વ એજ દિવસે મનાવવાનો કોઈ, ક્યાંય ઉલ્લેખ છે?

ઉત્તર :—૭૦ મા સમવાયાંગની ટીકા નિશીથ–ચૂર્ણિકા ૧૦ મા ઉદ્દેશા વગેરે અનેક જગ્યાએ ભાદરવા સુદ પાંચમે જ સંવત્સરી પર્વ કરવાનું વિધાન છે. આ પર્વનો કોઈએ પણ નવો પ્રારંભ નથી કર્યો, આ પર્વ અનાદિથી ચાલ્યું આવે છે. બીજા દિવસોની અપેક્ષાએ ભાદરવા સુદ પાંચમે અનેક સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના પરભવના આયુષ્યનો બંધ થાય છે. એમ આવશ્યકની ટીકામાં બતાવ્યું છે. ઇત્યાદિ કારણોથી આ પર્વ અનાદિથી ભાદરવા સુદ પાંચમનું જ જ્ઞાનિઓએ વર્ણન કરેલું છે.

પ્રશ્ન ૧૧૩૬ :—૧૧ મું ગુણસ્થાન અકષાયી કેવી રીતે હોઇ શકે? કારણ કે આ માત્ર 'ઉપશાન્ત–મોહનીય ગુણસ્થાન' કહેવાય છે તેથી તેની સત્તામાં કષાય તો વિદ્યમાન છે જ! ફરીથી પ્રથમ ગુણ સ્થાનમાં પહોંચી જનારને નિશ્ચય કે વ્યવહારમાં અકષાયી કેવી રીતે કહી શકાય?

ઉત્તર :—પ્રદેશ અને વિપાક એમ બન્ને પ્રકારના કષાયનો ઉદય ૧૧ મા ગુણસ્થાનમાં નથી થતો. ઉદયના અભાવથી જ પ્રભુએ આ ગુણસ્થાનને ઋજુસૂત્ર નયથી અકષાયી કહ્યું છે. પરંતુ સત્તાની અપેક્ષાથી નહીં. વર્તમાનમાં ઉદયભાવની અપેક્ષાથી આ કથન જ્ઞાનીઓનું છે.

[જેવી રીતે માટીથી રહિત સર્વથા વિશુદ્ધ પાણી પણ સ્વચ્છ હોય છે. અને માટીનો અંશ નીચે જઈને નીતરેલ પાણી પણ સ્વચ્છ થાય છે. એજ પ્રમાણે જેની કષાય ક્ષીણ થઈ ચુકી છે. તે ક્ષીણમોહી વીતરાગના ભાવ અને ઉપશાંત મોહી વીતરાગના ભાવ પણ સ્વચ્છ હોય છે. ભાવમાં કોઇમાં પણ કષાયનો અંશ નથી. એટલે અકષાયી છે. ડોશી]

પ્રશ્ન ૧૧૩૭ :—૧૩ મા ગુણસ્થાનમાં જે ઇર્યાપથિક–ક્રિયા લાગે છે, તેના બંધ, વેદ અને નિર્જરામાં માત્ર ત્રણ સમયમાં જ ઉપરના ત્રણેય કાર્યો થાય છે. એ કેવી રીતે? કારણ કે બંધની પછી વેદના અને નિર્જરા બન્ને એક એક સમયમાં કેવી રીતે હોય? સમય તો અતિ સુક્ષ્મ હોય છે. તેથી તે અનુભવ પૂર્વક થાય છે, કે સ્વાભાવિક થયા કરે છે?

ઉત્તર :—ઇર્યાપથિક-વગેરે કોઇપણ પ્રકૃતિનો બંધ યોગ્યતાનુસાર સ્વયમેવ જીવ-શક્તિમાં થયા કરે છે. કોઈ પણ જીવ કોઈ પણ પ્રકૃતિનો બંધ ઇચ્છા પૂર્વક નથી કરતો.

સં. ૧૩મા ગુણ સ્થાનમાં કેવળજ્ઞાન થવાથી તે પોતાના ઈર્યાપથિક-બંધને પણ જાણે છે. પરંતુ બંધ તો અનાયાસ જ થાય છે.

પ્રશ્ન ૧૧૩૮ :—સંસારી અવ્રતી જીવ દાન-પુણ્ય કરીને અથવા પાપ-આરંભ કરીને જે ગતિમાં ગયો હોય તેને ચૌદ રજ્જુલોકની આશ્રવ-ક્રિયા લાગે છે. તો તેને માત્ર પાપાશ્રવ જ લાગે છે કે પુણ્યાશ્રવ પણ થાય છે? જેવી રીતે કોઈ વ્યક્તિ અસ્ત્ર-શસ્ત્ર બનાવીને અહીં મૂકી જાય છે. પછી તે હથિયારથી થનારી આરંભ જન્ય આશ્રવક્રિયા તેને લાગે છે. એ જ પ્રકારે કોઈએ ચેદશાળા-ધર્મસ્થાનક વગેરે બનાવ્યા. તો તેના મૃત્યુ પછી જે વ્યક્તિ આરોગ્ય લાભ લે. કે ધર્મધ્યાન કરે તેનું પુણ્ય પણ તે વ્યક્તિને થાય છે? જો થાય છે. તો તે કેવી રીતે?

ઉત્તર :—જિન કલ્પી મુનિ ઔષધ વગેરેનું સેવન કરતાં નથી એ વાત બરાબર છે. પરંતુ ભગવાન મહાવીર સ્વામિ જિનકલ્પી ન હતા. તેઓ કલ્પાતીત હતા. પોતાના જ્ઞાનમાં જે પુદ્ગલોની સ્પર્શના થનારી દેખતાં હતાં તેને તેઓ ગ્રહણ કરતાં હતા. વેદનીય–કર્મની ઉદીરણા કરવા માટે તેમણે બીજોરા–પાક લીધો ન હતો. અપ્રમત્ત જીવ વેદનીય કર્મની ઉદીરણા કરતાં જ નથી. પરંતુ જે પુદ્ગલોનું ગ્રહણ અવશ્યંભાવિ હોય છે, તેને તેઓ ગ્રહણ કરી લે છે.

પ્રશ્ન ૧૧૪૧ :—ભરત ચક્રવર્તિ, મહારાજા કૃષ્ણ અને શ્રેણિક રાજાની અયોધ્યા,–દ્વારિકા, અને રાજગ્રહી નગરીમાં ક્રમશઃ જે છન્નુ કરોડ, ૫૬ કરોડ તથા ૬૫ કરોડની સેના અનુક્રમે બતાવી છે, તેનો સમાવેશ ૪૮ ગાઉ લાંબી અને ૩૬ ગાઉ પહોળી નગરીમાં કેવી રીતે થઈ શકે? સેનાની સાથે સાધારણ જન સંખ્યા પણ હોય છે જ, એ નગરીઓ તો વર્તમાન ભારતના એક નગર સમાન જ છે. જ્યારે સંપૂર્ણ ભારત વર્ષમાં પણ આટલી સંખ્યા નથી તો ઉપરોક્ત સંખ્યા કેવી રીતે સમજવી?

ઉત્તર :—ચક્રવર્તી વગેરેની સેનાની જે સંખ્યા બતાવી છે, તે માત્ર એક જ નગરી સમજવી નહીં. પરંતુ બહારના ક્ષેત્રોમાં પણ સમજવી જોઇએ. જેમકે ભરત ચક્રવર્તીએ ખંડ સાધીને પાછા ફરતી વખતે નગર પ્રવેશની પહેલા સેના વગેરેનું બધું વર્ણન આપ્યું છે. પરંતુ નગર પ્રવેશમાં સેના પ્રવેશનો નિષેધ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં આ પ્રમાણે છે. "तं चेव सव्वं जहा हेट्ठा नवरिं णव महाणिहिओ चत्तारि सेणाओ णं पविसंति सेसो। सो चेवगमो"–પાઠથી સ્પષ્ટ બતાવ્યું છે. એ જ પ્રમાણે વાસુદેવ આદિની સેનાને માટે સમજવું જોઈએ. આજે પણ એક સમ્રાટ અથવા રાજ્યની સેના જુદા જુદા સ્થળે રાખવામાં આવે છે. એવી જ રીતે તે યુગમાં રાખવામાં આવતી હતી.

પ્રશ્ન ૧૧૪૨ :—કોઈ સાધુ કોઇ ગૃહસ્થને કહે કે તમે અમુક સંસ્થા કે સામગ્રી ખાતામાં આટલા રૂપિયા દાનમાં દો, તમારે દેવા જ પડશે. લડાઈ, ઝઘડા, તથા લગ્ન વગેરેમાં આટલું ખર્ચ થાય છે. સરકાર ભિન્ન–ભિન્ન પ્રકારના કરના રૂપમાં વસૂલ કરે છે, ત્યારે શું કરો છો? અને અહીંયાં આપવાની તમારી શક્તિ નથી શું? ત્યારે ગૃહસ્થ કહે કે, સારૂં મહારાજ, આટલી રકમ આપું છું. આ સાંભળી સાધુ કહે છે, કે નહીં, નહીં. આટલી રકમથી કામ નહીં ચાલે, મેં જેટલી રકમ કહી એટલી રકમ આપવી પડશે. સાધુના આ પ્રમાણે કહેવાથી ગૃહસ્થ વિચારે છે કે સાધુએ કહ્યું, અને જો હું નહીં આપું તો કદાચ નુકશાન તો નહીં થાય? આવી બીકથી તે દાન કરે તો તે દાનને અભયદાનમાં ન ગણી શકાય?

કોઈ સાધુ ઉપદેશ આપે કે ખાદીના વસ્ત્ર, ઝારી, ઘડિયાળ, આદિ પદાર્થોના ભંડારમાં દાન આપો, કેમકે આ પદાર્થો જરૂરિયાતવાળાને આપીશું અને આ નિમિત્તે તપશ્ચર્યા, કાચા પાણીનો ત્યાગ, ચૌવીહાર, અને સામાયિક આદિ વ્રત કરાવીશું. જેથી ધર્મની વૃદ્ધિ થશે. અને તમને ધર્મવૃદ્ધિનો લાભ મળશે. સાધુ પોતે આવા પદાર્થો ગૃહસ્થોને આપીને ત્યાગ-પ્રત્યાખ્યાન કરાવે છે. ઉપરોક્ત પ્રકારનું દાન દેવાવાળાને શું ફળ થાય છે? આ વસ્તુઓ આપીને ત્યાગ-પ્રત્યાખ્યાન કરાવનાર સાધુને શું ફળ અને એ વસ્તુઓને લેનાર સામાયિક આદિ તપ કરનારને શું ફળ મળે? આ ત્રણેય બાબત વિષે આપશ્રી પ્રમાણ સાથે ફરમાવશો. શું સાધુઓને આ પ્રકારે પરીગ્રહ રાખવો, રખાવવો, તથા રાખનારને ભલું જાણવું વગેરે દોષ નથી લાગતા? શું આ ધર્મ-પ્રચાર તેમજ વ્રત-નિયમ વધારવાનો ઉચિત ઉપાય છે?

ઉત્તર :—કોઈ પણ પ્રકારે ધનનો સંગ્રહ કરાવવો અને ગૃહસ્થોને વસ્તુઓ આપવી વગેરે સાધુને માટે કલ્પનીય નથી. આમ કરનાર સાધુ પોતાના વ્રતને દોષીત કરે છે.

કોમળ, કઠોર, દબાણ કરવું, વગેરે કોઈ પણ પ્રકારની ભાષામાં સાધુએ આવી પ્રવૃત્તિઓ કરવી જોઈએ નહી. સદ્બોધ, તપ, ત્યાગથી જે ધર્મનો પ્રચાર થાય છે તે જ સાચો પ્રચાર છે. અને સાચી ધર્મવૃદ્ધિ છે. ભય, લજ્જા, ગર્વ વગેરે વિચારોથી જે આપશે તે વિચાર અનુસાર તે દાન ગણાશે. આપનાર અને અપાવનારને પુણ્ય પ્રકૃતિનો બંધ તો થઈ શકે છે. પરંતુ તે પ્રવૃત્તિ સમાજ વર્ગને શોભા આપનારી નથી.

પ્રશ્ન ૧૧૮૩ :—કેટલા તીર્થંકરો બ્રહ્મચારી રહ્યા? શ્રી વાસુપૂજ્યજી બ્રહ્મચારી હતા કે નહીં?

ઉત્તર :—મલ્લિનાથ અને અરિષ્ટનેમી આ બે તીર્થંકરોએ લગ્ન કર્યાં ન હતા, વાસુપૂજ્યજીએ લગ્ન કર્યાં હતા.

પ્રશ્ન ૧૧૮૪ :—શ્રેણિકનો જીવ શ્રી પદ્મનાભ રૂપે ક્યારે જન્મ લેશે?

ઉત્તર :—આવતી ઉત્સર્પિણીના ત્રીજા આરાના ૩ વર્ષ અને ૮ાા મહિના વીત્યા [illegible] જન્મ લેશે.

પ્રશ્ન ૧૧૮૫ :—૪ થા ગુણસ્થાનની સ્થિતિ ૬૬ સાગરોપમથી કંઈક અધિક કયા આચાર્યો કહી છે? કોઈ આચાર્ય ૩૩ સાગરોપમથી કંઈક અધિક માને છે. સમ્યગ્-દૃષ્ટિની સ્થિતિ ૬૬ સાગરોપમથી ઝાઝેરી અધિક માને છે તો આટલી સ્થિતિ ભોગવનાર સમ્યગ્દૃષ્ટિ વચમાં અવિરતિ [illegible] હોય છે?

ઉત્તર :—૪ થા ગુણ સ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૩૩ સાગરોપમથી કાંઇક વધારે કહે છે, તે પક્ષ વધારે પ્રબળ સાબિત થાય છે. અને જેઓ ૬૬ સાગરોપમથી કાંઇક વધારે કહે છે તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય ૧૨ મા દેવલોકના ૩ ભવ કરવાનું કહે છે.

પ્રશ્ન ૧૧૪૬ :—તિર્યંચ-પંચેન્દ્રિય શ્રાવકના ૧૧ વ્રત માન્યા છે, પરંતુ ...મ ચરિત્રમાં જટાયુને ૧૨ વ્રતધારી કહે છે, એ કેવી રીતે ? શું તિર્યંચ ...ચેન્દ્રિયને ૧૨ વ્રત હોઈ શકે છે?

ઉત્તર :—વિક્રમની ૧૯ મી કે ૨૦ મી શતાબ્દિમાં હાથી અને સાંઢ દ્વારા સાધુને ...હાર પ્રતિલાભ્યાની વાત મેવાડમાં સાંભળી છે, આ પ્રકારે ક્યારેક ૧૧ વ્રતધારી તિર્યંચ ...વકને સાધુને આહાર આપવાનો પ્રસંગ મળી જાય, તો તેને બારેય વ્રતો હોઈ શકે છે. ...વો અવસર તીર્યંચ શ્રાવકને ખાસ કરીને મળતો નથી. ક્યારેક અપવાદરૂપે અવસર ...ળી પણ જાય તો તેને ગૌણ કરીને સાધારણ રીતે શ્રાવકના ૧૧ વ્રત ગણાય છે, જો ...ા અપવાદને અથવા દાનની ભાવના અને અનુમોદનાને સામેલ ગણે તો તીર્યંચ શ્રાવકના ...૨ વ્રત હોઈ શકે છે.

પ્રશ્ન ૧૧૪૭ :—ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૬ ગાથા ૧૦૭ માં ...ઉકાય અને વાયુકાયને ત્રસકાયના જીવોની યોનીમાં કહ્યા છે. તો તે કઇ ...અપેક્ષાએ ?

ઉત્તર :—અહીંયા ત્રસનો અર્થ ગતિ કરવાનો છે. તેઉકાય અને વાયુકાયને સ્થાવર ...ામ-કર્મનો ઉદય હોવા છતાં પણ ગમન કરવાની અપેક્ષાએ તેને ત્રસ કહ્યા છે. લાકડાના ...ંયોગથી તેઉકાય બળતી બળતી ચાલી જાય છે. અને હવા પણ દૂર સુધી ચાલી જાય ...ે, એટલે ગતિની અપેક્ષાથી તેમને ત્રસ કહ્યા છે.

પ્રશ્ન ૧૧૪૮ :—દેવ અને નારકીઓના વૈક્રિય શરીરના ચ્યવન પછી શું ...ાય છે ? દેવોના વસ્ત્ર અને અલંકાર શાશ્વત છે, કે અશાશ્વત ?

ઉત્તર :—દેવ અને નારકીના ચ્યવન પછી તેમના વૈક્રિય શરીર કપુર, અત્તર, સ્પિરીટ ...ગેરેથી પણ ઘણી જલ્દીથી જ્યાં ત્યાં વિખરાઈ જાય છે. ચ્યવન પછી તેમના શરીરના ...અવયવો દેખાતા નથી, દેવોને જે સ્વાભાવિક વસ્ત્ર અને અલંકાર છે તે તો શાશ્વત છે. ...પરંતુ વૈક્રિયી કરીને બનાવેલા વસ્ત્રો અને અલંકાર પંદર દિવસથી વધારે રહી શકતા નથી.

પ્રશ્ન ૧૧૪૯ :—આચારાંગમાં સાધુને નાવની વચમાં (આગળ-પાછળ ...નહીં) બેસવાનું વિધાન છે. તે કયા કારણથી ?

ઉત્તર :—સાધુ-સાધ્વીને નાવના અગ્ર ભાગ પર બેસવાનો નિષેધ છે. ત્યાં બેસવાથી નિર્યામકને ઉપદ્રવ થવાની સંભાવના રહે છે. નાવમાં બેસનારા લોકોની આગળ પાછળ બેસવાના નિષેધનું કારણ એ છે કે તે લોકોની સાથે અનેક પ્રવૃત્તિઓમાં ક્લેશ થવાની સંભાવના રહે છે. આથી તે સ્થાનોનો નિષેધ કર્યો છે. અનેક શુદ્ધ પ્રતિઓમાં નાવની પાછળ બેસવાનો નિષેધ નથી.

પ્રશ્ન ૧૧૫૦ :—સાધુને ઊતરવા-ચડવા તથા પડવાનો પ્રસંગ આવી જાય તો વૃક્ષ, વેલ વગેરે જે કાંઈ હાથમાં આવે તેની સહાયતા લઈને શરીરને બચાવે તો તેમાં હિંસા થાય તો તેમણે શું સંથારો કરવો ?

ઉત્તર :—લાંબો રસ્તો પસંદ કરીને જવું જોઈએ, પરંતુ વૃક્ષાદિનો આધાર લઈને જવું જોઈએ નહીં. એવા વિષમ માર્ગે જવાથી કર્મબંધ થાય છે. માટે ભગવાને સાધુ-સાધ્વીઓને એવા રસ્તા પર જવાનો નિષેધ કર્યો છે, નિશીથ સૂત્રના ૧૨ મા ઉદ્દેશામાં સચિત્ત વૃક્ષ પર ચડવું, ચડવાની અનુમોદના કરવી, વનસ્પતિકાયની થોડી પણ વિરાધના કરવી તથા વનસ્પતિથી ભરેલા હાથથી આહાર વગેરે લેવો તેને માટે લઘુ ચોમાસી પ્રાયશ્ચિત કહ્યું છે. તેથી વૃક્ષાદિને પકડીને ઉતરવાની પ્રભુએ આજ્ઞા આપી નથી. બલકે નિષેધ કર્યો છે.

પ્રશ્ન ૧૧૫૧ :—હિંસાથી તૈયાર કરેલ ઉન અને રેશમના વસ્ત્ર ગ્રહણ કરવા એ, સાધુ માટે કેવી રીતે કલ્પતા છે ?

ઉત્તર :—જે રીતે ત્રસ અને સ્થાવરની હિંસાથી આહાર, પાણી, વસ્ત્ર, પાત્રાદિ અનેક વસ્તુઓ તૈયાર થાય છે. અને સાધુ તેને કલ્પાનુસાર લે પણ છે. પરંતુ તે વસ્તુઓ આધાકર્મ આદિ દોષોથી રહિત હોવી જોઈએ. એ જ રીતે ઉનના વસ્ત્રો કલ્પે છે. રેશમના વસ્ત્ર વિભૂષાનું કાર્ય છે. તેથી તે ન લેવા જોઈએ. પરંતુ જો બીજા વસ્ત્રો ન મળે તો લેવા કલ્પે છે.

પ્રશ્ન ૧૧૫૨ :—ઠાણાંગ સૂત્ર ઠા. ૩ ના પ્રશ્ન ૧૩૮ માં લખ્યુ છે કે દેવો બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કર્યા વિના વિકુર્વણ કરી શકે છે ?

ઉત્તર :—દેવ અને નારકીનું જે ભવ ધારણીય શરીર છે. તેનાથી બહારના પુદ્‌ગલો લીધા વિના જ વિકુર્વણ સમજવું, તથા વિભુષા કરવી તેને પણ વિકુર્વણા કહે છે. તેમાં બહારના પુદ્‌ગલ લીધા વિના કેશ, નખ વગેરે વ્યવસ્થિત કરવા તેને પણ વિકુર્વણા સમજવી. અથવા બહારના પુદ્‌ગલ લીધા વિના જ ગિરગિટની ક્રિયામાં લાલ રંગ વગેરેનું હોવું. તથા સર્પાદિની ફેણ બનાવવી વગેરેને પણ વિકુર્વણ સમજી લેવું.

પ્રશ્ન ૧૧૫૩ :—ભિક્ષુની ૧૨ પડિમા કેટલા સમયમાં પૂરી થાય છે?

ઉત્તર :—ભિક્ષુની ૧૨ પડિમાં માગસરથી અષાઢ સુધી આઠ મહિનામાં પુરી થાય છે. આ પ્રમાણે પ્રાચીન ધારણા તથા પૂજ્ય આત્મારામજી મહારાજસાહેબના દશાશ્રુત સ્કંધ, તેમજ અન્ય અનેક પુસ્તકોમાં છે. અને એજ બરાબર લાગે છે. પરંતુ ટીકાકારે પહેલી પડિમા ૧ માસની, બીજી બે માસની યાવત્ સાતમી સાત માસની બતાવી છે. એટલુંજ પ્રતિકર્મ (જે જે પડિમાઓનો જેટલો જેટલો સમય છે. એટલા એટલા સમય સુધી) આહાર, ઉપધિ, વગેરે વડે પડિમા તુલ્ય અભ્યાસનો સમય બતાવીને સાત પડિમાઓનો સમય નવ વર્ષ બતાવેલ છે. પ્રતિકર્મ (સાધના) અને પડિમા એ બન્નેને ચાતુર્માસમાં કરવાનો નિષેધ હોવાથી નવ વર્ષ લાગે છે. બાકીની પાંચ પડિમાઓના કાળમાં કોઈ મતભેદ હોવાનું જાણ્યું નથી.

પ્રશ્ન ૧૧૫૪ :—સૂર્યના માંડલા કેવા પ્રકારના હોય છે? અને તે કયા પ્રકારે ગતિ કરે છે?

ઉત્તર :—સૂર્યના માંડલા ગોળ બતાવ્યા છે. જે આકાશ પર સૂર્ય ભ્રમણ કરે છે તે જ આકાશને માંડલું કહે છે. પરન્તુ સડક વગેરેની જેમ કોઈ માંડલું બનેલ–બનાવેલ વસ્તુ નથી. ૩૦ મુહુર્તમાં બે સૂર્ય મળીને એક માંડલું પૂરૂં કરી દે છે. બે સૂર્યના સામેલ રૂપે ૧૮૪ માંડલા હોય છે. દરેક માંડલાને બબ્બે યોજનનું અંતર છે. આ રીતનું વર્ણન ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ અને જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં છે.

પ્રશ્ન ૧૧૫૫ :—ઉત્તરાધ્યયનસૂત્રની ૩૩ મા અધ્યયનની ૧૬ મી, ૧૭ મી તથા ૧૮ મી ગાથાનો અર્થ શો છે?

ઉત્તર :—પ્રશ્નકથિત ગાથાઓનો અર્થ આ પ્રમાણે છે.

તે મૂલ પ્રકૃતિઓ અને ઉત્તર પ્રકૃતિઓ કહી, હવે આગળ તેનાં પ્રદેશાગ્ર (પરમાણુઓના પરિણામરૂપ દ્રવ્ય) ક્ષેત્ર, કાળ અને ભાવસ્વરૂપનું વર્ણન કરવામાં આવશે, જે ધ્યાનપૂર્વક સાંભળો.

એક જીવના એક સમયમાં બંધાતા બધાં કર્મોનાં પ્રદેશાગ્ર અનંત છે. તે અભવ્ય જીવોથી અનંત ગુણા અને સિદ્ધોના અનંતમા ભાગે છે.

સઘળા જીવો છયે દિશાઓમાં રહેલ જ્ઞાનાવરણીય આદિ કર્મવર્ગણાઓને ગ્રહણ કરે છે. તે આત્માના બધા પ્રદેશોની સાથે પ્રકૃતિસ્થિતિ વગેરે સર્વપ્રકારથી બાંધે છે.

પ્રશ્ન ૧૧૫૬ :—પ્રદેશકર્મ કેવા પ્રકારે ભોગવાય છે?

ઉત્તર :—કોઈપણ પ્રકારનું ફળ, અનુભવ કરાવ્યા વગર જ કર્મ પુદ્ગલ આત્મ પ્રદેશોથી અલગ થઈ જાય છે. એજ પ્રદેશકર્મ કહેવાય છે. તે ફલનો અનુભવ તો કરાવતા જ નથી, તેથી તેને ભોગવવા માટે બીજો કોઈપણ પ્રકાર નથી.

જે કોઈ કર્મપ્રકૃતિનો અબાધાકાળ પૂર્ણ થઈ ગયો હોય, પરંતુ ત્યાં તે પ્રકૃતિના વિપાકોદયનું સ્થાન ન હોય, તો તે પ્રકૃતિના પુદ્‌ગલ (પ્રદેશ) ફળ આપ્યા વિના જ જીવ પ્રદેશોથી અલગ થઇ જાય છે. જેમકે–દેવગતિમાં નપુંસક વેદ, ત્રીજા દેવલોકથી અનુત્તર વિમાન સુધી સ્ત્રી અને નપુંસક વેદ, નરકગતિમાં સ્ત્રી તથા પુરુષ વેદ, એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતે, ઉપરાંત આનુપૂર્વી નામ તથા પ્રત્યેક ગતિમાં પોતાની ગતિ ઉપરાંત અન્યગતિના, ઇત્યાદિ પ્રકૃતિઓનાં તે તે સ્થાનો પર વિપાકોદય ન થતાં પ્રસંગ આવતા પ્રદેશોદય જ હોય છે ઇત્યાદિ પ્રકારથી પ્રદેશોદય ભોગવવામાં આવે છે.

પ્રશ્ન ૧૧૫૭ :—દર્શનાવરણીય કર્મનું આવરણ શું છે?

ઉત્તર :—દેખવામાં જે વસ્તુઓ બાધક બને છે તેને દર્શનાવરણીય કર્મ કહે છે, જેમકે નિદ્રા વગેરે, તેને હઠાવવાનો ઉપાય નિદ્રા વગેરેને ઓછી કરવી.

પ્રશ્ન ૧૧૫૮ :—નિગોદમાં રહેલા તથા સૂક્ષ્મ જીવો પ્રત્યે, જીવોની સાથે માતાપણે, પિતાપણે, તથા પુત્રાદિપણે સંબંધ કર્યો છે?

ઉત્તર :—અવ્યવહાર રાશિના તથા અલ્પકાળથી વ્યવહાર-રાશિમાં આવેલા જીવોને છોડીને બાકીના બધા જીવોને પરસ્પર સંબંધ થઈ ચૂકયો છે.

પ્રશ્ન ૧૧૫૯ :—વ્યવહાર રાશિ અને અવ્યવહાર-રાશિ માનવી, શું યોગ્ય છે?

ઉત્તર :—વ્યવહાર અને અવ્યવહાર રાશિ માનવી એ જીવાભિગમ તથા પન્નવણાની ટીકા તથા ભગવતીના ૨૮ મા શતકના મૂલ પાઠથી સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન ૧૧૬૦ :—ભગવતી ભાગ—૧ પ્રશ્ન ૬૦ માં લખ્યું છે કે નારકીના જીવ જે આહાર કરે છે, તે વર્ણથી કાળો, નીલો, દુર્ગંધી, કડવો અને કર્કશ પદાર્થવાળો છે એવો આહાર મિથ્યાત્વી જીવો કરતાં હશે. પરંતુ તીર્થંકર નામ કર્મ બાંધેલો જીવ પણ શું એ અશુભ પુદ્‌ગલોનો આહાર કરે છે?

ઉત્તર :—નરકમાં અશુભ પુદ્‌ગલો ખૂબ છે. પરંતુ શુભ પુદ્‌ગલોનો એકાંત નિષેધ નથી. જેમકે કોલસાની ખાણમાં પણ હીરા નીકળે છે. શુભ પ્રકૃતિના પ્રભાવથી અશુભ પુદ્‌ગલો પણ શુભ બની શકે છે. જેમકે ગાય, વગેરેથી ઘાસ વગેરેનું દૂધ બને છે. એ જ પ્રમાણે ભાવિ તીર્થંકરોને પણ શુભ પુદ્‌ગલોનો સંયોગ મળી જાય છે.

પ્રશ્ન ૧૧૬૧ :—જીવ રોમ આહાર કરે છે. આ રોમ આહાર બેઇન્દ્રિય જીવો નો પૂરેપૂરો કરે છે, એવો ભગવતી ભાગ-૧ શ૦ ૧, ઉ. ૧, પૃષ્ટ

૭૨ માં ઉલ્લેખ છે. પરંતુ નારકીના જીવોના અધિકારમાં અસંખ્યાતમા ભાગનો આહાર કરવાનું લખ્યું છે. જો આ પણ રોમ આહાર છે. તો તે કઈ અપેક્ષાએ છે?

ઉત્તર :—અહીંયા ભગવતીના પહેલા ભાગના ૭૨મા પૃષ્ઠના ૩૫મા નંબરની ત્રીજી પંક્તિનો આ પાઠ છે.—"सेसं तहेव जाव अणंत भागं आसायंति"—એઈન્દ્રિયોનો આ આહાર તો નરકના જેવો જ બતાવ્યો છે. તેનો વધારે ખુલાસો પન્નવણાના ૨૮મા પદનો પહેલો ઉદ્દેશો જોવાથી પણ થઈ જાય છે. આગળ ભગવતી ૭૨મા પૃષ્ટના ૩૬મા નંબરથી બીજા પ્રકારના એઈન્દ્રિય જીવોના આહારની પૃચ્છાનું વર્ણન ચાલે છે. એમ તો નારકીઓને પણ "ते सव्वे अपरिसेसिए आहारिति।" એવો પાઠ પન્નવણાના ૨૮મા પદના પહેલા ઉદ્દેશામાં આવેલો છે.

પ્રશ્ન ૧૧૬૨ :—ભગવાનના સમવસરણમાં અભવ્ય જાય છે કે નહિ?

ઉત્તર :—પોતાની ઈચ્છા, ભક્તિ, અભિરુચિ. વગેરેથી તો ભગવાનના સમવસરણમાં અભવ્ય જીવ જતો નથી. પરંતુ જીત–વ્યવહાર અને સ્વામીની આજ્ઞા વગેરેથી જાય છે.

પ્રશ્ન ૧૧૬૩ :—ચક્રવર્તીના સાત એકેન્દ્રિય રત્નો ચાલીને ગુફાનું દ્વાર કેવી રીતે ખોલે છે?

ઉત્તર :—સર્વ પ્રથમ તો ચક્રવર્તી, ગુફાના દેવનો અઠ્ઠમ કરે છે. ત્યારબાદ સેનાપતિ અઠ્ઠમ કરીને તથા ગુફાના દ્વારની પૂજા કરીને દંડ–રત્નથી દ્વાર ખોલે છે. સાત એકેન્દ્રિય રત્નો ચાલીને દ્વાર ખોલતા નથી.

પ્રશ્ન ૧૧૬૪ :—ઠાણાંગ સૂત્રમાં ચાર પ્રકારના અભિનય આવ્યા છે. તો એનો આશય શો?

ઉત્તર :—શરીરની ચેષ્ટા વગેરેથી હૃદયનો ભાવ વ્યક્ત કરવો તેને અભિનય કહે છે. તેનું વિશેષ વિધાન ભરત આદિ સંગીત શાસ્ત્રોમાં છે.

પ્રશ્ન ૧૧૬૫ :—૨૪ તીર્થંકરોમાંથી ભગવાન વાસુપુજ્યજી, મલ્લિનાથજી, અરિષ્ટનેમિજી, પાર્શ્વનાથજી, અને મહાવીર સ્વામીજીએ કુમાર અવસ્થામાં રહીને સંયમ ગ્રહણ કર્યો, તો તે કેવી રીતે? તેમાંના છેલ્લા બે તીર્થંકરોએ તો લગ્ન કર્યા હતા?

ઉત્તર :—અહીંયા કુમાર અવસ્થાનો અર્થ રાજ્યનો અધિકાર પ્રાપ્ત કર્યા વગર દીક્ષા ધારણ કરી હતી એમ સમજવો જોઈએ પરંતુ લગ્ન કર્યા હતા એમ સમજવું જોઈએ નહી.

પ્રશ્ન ૧૧૬૬ :–છ બોલમાં એક બોલ એ છે કે છદ્મસ્થ, આકાશ દેખી શકતા નથી. જ્યારે આકાશ તો પ્રત્યક્ષ દેખાય છે, તો આમ કેમ?

ઉત્તર :—આકાશ અરૂપી છે. તેથી છદ્મસ્થ [illegible] નથી. ધુમ્મસ, વાદળ વગેરે અત્યંત નજીકથી દેખાતા નથી. [illegible] તેની અંદર સર્વત્ર એવા પુદ્ગલો ભરેલા છે [illegible] દેખાતા નથી. [illegible] તેની છાયા દેખાય છે. જો કદાચ દૂર આકાશ [illegible] તો ત્યાં પણ તેની જ છાયા દેખાશે, કારણકે આવી છાયા આપનાર પુદ્ગલો લોકમાં સર્વત્ર ભરેલા છે તેથી [illegible] પુદ્ગલોના સમજવા. ખાસ આકાશ તો છદ્મસ્થોને દેખાતો નથી.

પ્રશ્ન ૧૧૬૭ :—અઢીદ્વીપ બહાર કયા આરાના ભાવ વર્તે છે?

ઉત્તર :—અઢી દ્વીપની બહાર જ્યોતિષીઓના વિમાન સ્થિર છે. તેથી ત્યાં દિવસ, રાત્રી, પક્ષ, માસ વગેરે કાળનું વર્તન નથી. એટલા માટે ત્યાં ખાસ કોઈ પણ આરા જેવું પ્રવર્તન નથી. ત્યાં સ્વાભાવિક વર્ષા, ગર્જારવ, વીજળી, વાદળ, અગ્નિ, મનુષ્યનો જન્મ અને મૃત્યું વગેરે નથી. ત્યાં જે તીર્યંચ છે, તેમનું આયુષ્ય અન્તમુહુર્તથી લઈને કરોડ પૂર્વ સુધીનું હોય છે. તીર્યંચ યુગલિયા ત્યાં હોતા નથી. ત્યાંના તીર્યંચોનું આયુષ્ય ચોથા આરા જેવું છે.

પ્રશ્ન ૧૧૬૮ :—જ્યોતિષી દેવ તો અસંખ્ય છે. પરંતુ ઈન્દ્ર તો માત્ર બે જ છે, તો તે કેવી રીતે?

ઉત્તર :—એમ તો બધા જ ચંદ્ર અને સૂર્ય ઈન્દ્રો છે. પરંતુ જાતિ માત્રનો આશ્રય લઈને જ્યોતિષીઓના બે ઈન્દ્ર-ચંદ્ર અને સૂર્ય બતાવેલ છે. એવો ભાવ સ્થાનાંગના બીજા ઠાણાના ત્રીજા ઉદ્દેશાની ટીકાથી નીકળે છે.

પ્રશ્ન ૧૧૬૯ :—'સમ્યગ્દર્શન' તારીખ ૫-૭-૫૭ના પૃષ્ઠ ૨૭૩માં લખ્યું છે કે સ્ત્રીને અરિહંતની પદવી આવતી નથી. તો તેનો શો આશય છે? શું સ્ત્રીને કેવલજ્ઞાન નથી થતું? સ્ત્રી કેવલજ્ઞાન થયા બાદ ઉપદેશ નથી આપતી?

ઉત્તર :—સ્ત્રીઓને કેવલજ્ઞાન થાય છે. અને ઉપદેશ પણ આપે છે. પરંતુ સાધારણ રીતે તેઓ તીર્થંકર થતી નથી. અનન્ત કાળમાં ક્યારેક સ્ત્રી તીર્થંકર થાય છે. પરંતુ તે આશ્ચર્યભુત હોવાથી નગણ્ય ગણાય છે. 'आश्चर्य भूतत्वान्नगण्यते" એવો આશય પ્રતિત થાય છે.

પ્રશ્ન ૧૧૭૦ :—એકેન્દ્રિય જીવ શ્વાસ કેવી રીતે લે છે?

ઉત્તર :—ભગવતી શ. ૨. ઉ. ૧ માં ગૌતમ સ્વામીએ પૂછ્યું છે કે, "હે ભગવંત! બે ઇન્દ્રીયથી પંચેન્દ્રીય સુધીના જીવોના અંદર અને બહારથી ઉશ્વાસ અને નિશ્વાસને તો હું જાણું છું અને દેખું છું, પરંતુ પૃથ્વી આદિ એકેન્દ્રીય જીવોના ઉશ્વાસ વગેરે હું

જાણતો દેખતો નથી, તો શું તે જીવોને ઉશ્વાસ નિશ્વાસ છે? તેના જવાબમાં ભગવાને કહ્યું. હા. આથી સ્પષ્ટ છે કે એકેન્દ્રીય જીવોને પણ શ્વાસ અને ઉચ્છવાસ તો છે. પરંતુ સાધારણ રીતે તે દેખી શકતા નથી, તેમના શ્વાસોશ્વાસના પુદ્ગલ-યાવત્ આઠ સ્પર્શ વાળા છે.

પ્રશ્ન ૧૧૭૧ :—અવધિજ્ઞાનવાળા બીજાઓના મનની વાત કેવી રીતે જાણી શકે છે?

ઉત્તર :—જઘન્ય ક્ષેત્રથી લોકનો સંખ્યાતમો ભાગ અને કાળથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ જાણનાર અવધિજ્ઞાની ને પણ બીજાઓના મનની વાત જાણવાની લબ્ધી થાય છે, તે મનોદ્રવ્ય વર્ગણાની લબ્ધીથી તેઓ બીજાઓના મનની વાત જાણી લે છે.

પ્રશ્ન ૧૧૭૨ :—અસંયતિ ભવ્ય દ્રવ્ય-દેવ જઘન્ય ભવનપતિ અને ઉત્કૃષ્ટ ઉપરના ગ્રૈવેયકમાં કેવી રીતે જઈ શકે છે? તેમને અસંયતિ કેમ કહેવા ?

ઉત્તર :—અસંયત-ચારિત્રના પરિણામથી રહિત, ભવ્યદેવ થવા યોગ્ય ભવ્ય દ્રવ્યદેવ બાહ્ય, શ્રમણ ગુણોના ધારક, સમસ્ત સાધુ-સમાચારી અને અનુષ્ઠાન યુક્ત દ્રવ્ય લિંગના ધારક એવા ભવ્ય તથા અભવ્ય, મિથ્યાદષ્ટિ જીવો જ ત્યાં જાણવા. એવા જીવો સાધુ-ક્રિયાને કારણે નવગ્રૈવેયક સુધી જઈ શકે છે.

પ્રશ્ન ૧૧૭૩ :—એકેન્દ્રિયને એક જ ઇન્દ્રિ હોય છે, છતાં પણ તેમને ક્રોધ, માન, માયા, અને લોભ કેવી રીતે થાય છે?

ઉત્તર :—એકેન્દ્રિય જીવોને પણ સારા અને ખરાબ એમ બન્ને પ્રકારના અધ્યવસાય થાય છે. તથા જીવોના ક્રોધાદિ, અભ્યસ્ત તેમજ ચિર પરિચિત છે. બાહ્ય ઇન્દ્રિયોની સહાયતા વગર પણ તેમનો ઉદય થઈ શકે છે. તો પછી સ્પર્શ-ઇન્દ્રિયની સહાયતા મળતાં ઉદય થાય તો તેમાં આશ્ચર્ય શું છે? હા, વિશેષ ઇન્દ્રિયો અને મનની સહાયતાથી કષાય અધિક પ્રબળ તથા પ્રગટ થઈ શકે છે. અને ઓછી ઇન્દ્રિયોના સંયોગથી ઓછું પરંતુ કષાય આત્મા જ્યાં સુધી હોય ત્યાં સુધી તો અવસ્ય હશે જ, એકેન્દ્રિયની ચેતના-શક્તિ ઓછી હોવાથી કષાયનો ઉદય પણ મંદ જેવો હોય છે. પરંતુ કેવળી તો તે પણ જાણે છે. તેથી તે જીવોમાં કષાયનો ઉદય બતાવ્યો છે.

પ્રશ્ન ૧૧૭૪ :—કેવળજ્ઞાન થયા પછી તપસ્યા કરવાની જરૂર છે શું ?

ઉત્તર :—શાસનમાં તપની પ્રણાલિકા ચાલુ રાખવા, તેને આદરણીય બનાવવા તથા તપ પ્રત્યે મુમુક્ષુ જીવોનું લક્ષ્ય આકર્ષિત કરવા તપ એ કર્મક્ષય કરવાનું ખાસ સાધન છે, એ બતાવવા વગેરે કારણોથી કેવળજ્ઞાન થયા પછી પ્રભુ પણ તપ કરે છે. ખાસ તો પુદ્ગલોની સ્પર્શના જ્ઞાનથી દેખે છે તે પ્રકારે કરી લે છે.

પ્રશ્ન ૧૧૮૨ :—કહ્યું છે કે, ''કીચડથી ભરેલું વસ્ત્ર મુશ્કેલીથી સાફ થાય છે, જ્યારે ગાડીનું ખંજન સરળતાથી ધોઈ શકાય છે. એ કેવી રીતે?

ઉત્તર :—ભાદરવાના લીલા ઘાસના છાણ મિશ્રિત કાદવનો રંગ વસ્ત્રમાં બેસે છે. તે રંગ ગાડીના ખંજનથી પણ ઉતરવામાં કઠણ હોય છે.

પ્રશ્ન ૧૧૮૩ :—આયુષ્યકર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહુર્તની અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ અને પૂર્વ કરોડનો ત્રીજો ભાગ અધિક કેવી રીતે સમજવી ?

ઉત્તર :—અંતર્મુહુર્તથી ૩૩ સાગરોપમ સુધી તો આયુષ્ય કર્મની સ્થિતિ હોય જ અને કરોડ પૂર્વના આયુષ્યવાળા જલ્દીમાં જલ્દી ત્રીજો ભાગ બાકી રહેતા આવતા ભવનું આયુષ્ય બાંધી શકે છે. તેથી આ અપેક્ષાએ ૩૩ સાગરોપમની ઉપર કરોડ પૂર્વનો ત્રીજો ભાગ અધિક બતાવ્યો છે.

પ્રશ્ન ૧૧૮૪ :—નામ અને ગૌત્ર કર્મની સ્થિતિ જઘન્ય અંતરમુહુર્તની કયા આશયથી કહી છે? જ્યારે ઘણા જીવો અંતરમુહુર્તમાં મૃત્યુ પામે છે. તો તેમના નામ કર્મ અને ગોત્ર કર્મ શું નથી રહેતા?

ઉત્તર :—નામ અને ગોત્ર કર્મની સ્થિતિ જઘન્ય અંતર મુહુર્તની નથી. પરંતુ તે કર્મોની જઘન્ય સ્થિતિ આઠ મુહુર્તની બતાવી છે. આ કર્મનો બંધ પહેલા ગુણ-સ્થાન પછી દશમા ગુણ સ્થાનક સુધી નિરંતર હોય છે. આગળ તેનો બંધ તો રોકાઈ જાય છે. પરંતુ ઉદય ચાલુ રહે છે. તે કર્મોના ઉદયનો અન્ત ચૌદમા ગુણ સ્થાનના અંતમાં જ હોય છે. આ કર્મોનો બંધ મંદ થતાં થતાં ૧૦મા ગુણસ્થાનમાં ૮ મુહુર્ત રહે છે, પરંતુ પૂર્વે બંધાયેલ નામ અને ગોત્ર કર્મ સત્તામાં ખૂબ રહે છે. તેનો અંત થયા બાદ જ જીવ સિદ્ધ જ થાય. સંસારી જીવ નામ તથા ગોત્રકર્મથી રહીત હોતા નથી.

નો બાદર છે. તેનાથી બાદર (વનસ્પતિ આશ્રી) અનંત ગુણા અને તેનાથી પણ સુક્ષ્મ (વનસ્પતિ આદિ) અસંખ્યગુણા સમજવા જોઈએ.

પ્રશ્ન ૧૧૮૬ :—પ્રથમ સમયમાં ઉત્પન્ન થવાથી આત્મા અપ્રદેશીય અને એક સમયથી અધિક નારકી સપ્રદેશી કેવી રીતે ? આત્મા જે સમયે પરલોકમાં જાય છે, તેના પહેલા સમય સુધી શું તે અપ્રદેશીય રહે છે ?

ઉત્તર :—જેને એક પ્રદેશ હોય, તેને અપ્રદેશી કહે છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે. તેથી તે હંમેશા સપ્રદેશી ગણાય છે. પરન્તુ અહિંયા કાળની અપેક્ષાએ પ્રશ્ન કર્યો છે, એટલા માટે જીવની એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં આવવામાં એક સમય જ થયો હોય, આવી સ્થિતિમાં તે અવસ્થા આશ્રી કાળની અપેક્ષાએ અપ્રદેશી અને એકથી વધારે સમય થયો હોય અથવા તે અવસ્થા અનાદિ હોય, તો તેને સપ્રદેશી કહે છે. જેમકે-કોઇ મનુષ્ય મરીને નરકમાં ગયો, તેને નરક પર્યાય પ્રાપ્ત થયાને એક સમય થયો હોય, તે, તે પર્યાય આશ્રી કાળની અપેક્ષાએ અપ્રદેશી અને અધિક સમયની અપેક્ષાએ સપ્રદેશી કહેલ છે એ પ્રમાણે અન્યાન્ય પર્યાયોની અપેક્ષા છે.

પ્રશ્ન ૧૧૮૭ :—છ આંગળનો એક પગ કેવી રીતે સમજવો ?

ઉત્તર :—જે સમયે જેવો મનુષ્ય હોય છે તેના અંગુલથી તેના પગ છ આંગળા પહોળા બતાવ્યા છે.

પ્રશ્ન ૧૧૮૮ :—કેશી-ગૌતમ પૃચ્છામાં આવ્યું છે કે-હવામાં વજન નથી પરંતુ તે કેમ માનવું કે તેમાં વજન નથી?

ઉત્તર :—રાજા પ્રદેશી અને કેશી મહારાજની પૃચ્છામાં જે હવામાં વજન બતાવ્યું નથી તે વ્યવહાર-નયની અપેક્ષાથી સમજવું.

પ્રશ્ન ૧૧૮૯ :—દેવ અને નારકી, અવ્રતી અને અપચ્ચખાણી કેમ છે ? અભવી પણ અપચ્ચખાણી છે શું ?

ઉત્તર :—દેવ અને નારકીને અપ્રત્યાખ્યાની કષાય હઠતી નથી. તે હઠયા વગર વ્રત-પ્રત્યાખ્યાન આવતા નથી. તેથી તેને અવ્રતી અને અપ્રત્યાખ્યાની કહ્યા છે.

અભવ્યને તો અનંતાનુબંધી કષાય હોવાથી તેને સમકિત પણ હોતું નથી તો પછી પ્રત્યાખ્યાન આવવાની વાત જ ક્યાં ?

પ્રશ્ન ૧૧૯૦ :—ભગવાન મહાવીરસ્વામી રાજગૃહી નગરીમાં જ વધારે વખત કેમ રહ્યા ? તેમને રાજગૃહી પર મોહ હતો શું ?

ઉત્તર :—ભગવાન મહાવીર વીતરાગી હતા. તેમનો મોહ કોઈના ઉપર પણ ન હતો. જ્યાં અધિક ઉપકારનું કારણ તથા ક્ષેત્ર-સ્પર્શના હોય ત્યાં વધારે સમય બિરાજે છે.

ઉત્તર :—આ બાબતમાં ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮મા અધ્યયનની ૧૨ મી ગાથામાં પુદ્ગલોના લક્ષણ બતાવ્યા છે. અલોકમાં પુદ્ગલ નથી તેથી ત્યાં પ્રકાશ કે અંધકાર નથી. ત્યાં તો માત્ર આકાશ છે.

પ્રશ્ન ૧૨૮૨ :—"સાઠ ભક્ત અનશનનું છેદન કરી સંથારો કર્યો" આ શબ્દોનો શો આશય છે ?

ઉત્તર :—સંથારો કરનાર તો જાવજીવનો સંથારો કરે છે, પરન્તુ જેટલા દિવસ સંથારો ચાલે તેટલા દિવસનો સંથારો પ્રભુ કહે છે. એટલે ૬૦ ભક્તનો આશય ૩૦ દિવસનો સંથારો આવ્યો એમ સમજવું. (આપણી ગણતરીએ ૨૯ દિવસ)

પ્રશ્ન ૧૨૮૩ —દેશથી મરણાંતિક સમુદ્ઘાત-આહાર લઈને ઉત્પન્ન થવી. સર્વથી મરણાંતિક સમુદ્ઘાત ઉત્પન્ન થતાં આહાર લેવો. આ કેવી રીતે સમજવું ? અમારી ધારણા તો એ છે કે આહાર લીધા પછી ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન ૧૨૦૬ :—જ્યોતિષી અવધિજ્ઞાનમાં જ. ઉ. સંખ્યાતા જ કેમ આવ્યું કે તેઓ સંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખી શકે છે. જ. તથા ઉ. એક જ કેમ આવ્યું ?

ઉત્તર :—જ્યોતિષીઓની જઘન્ય સ્થિતિ, પલ્યોપમના આઠમા ભાગની, ઉત્કૃષ્ટ એક લાખ વર્ષથી અધિક એક પલ્યોપમની છે, પલ્યોપમના સંખ્યાતમા ભાગથી, અનેક પલ્યોપમની સ્થિતિવાળા દેવોને અવધિજ્ઞાનમાં સંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખવાની શક્તિ જ હોય છે, તેથી જ્યોતિષ દેવ જ. ઉ. સંખ્યાત દ્વીપ, સમુદ્ર જ દેખી શકે છે. પરન્તુ ત્યાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સંખ્યાતામાં ભેદ અવશ્ય સમજવો.

પ્રશ્ન ૧૨૦૭ :—અઢીદ્વીપની બહાર વરસાદ થતો નથી, તો ત્યાંના તીર્યંચો શેનો આહાર કરે છે ?

ઉત્તર :—અઢી દ્વીપની બહાર અનેક જગ્યાએ પૃથ્વીમાંથી પાણી નીકળે છે તેનાથી તથા કેટલીક જગ્યાઓ પર પૃથ્વીની સરસતાને કારણે વનસ્પતિ પેદા થાય છે. તેથી તે તીર્યંચોને આહારમાં ખાસ કઠિનતા જણાતી નથી.

પ્રશ્ન ૧૨૦૮ :—જંબુદ્વીપના માનચિત્રમાં હિંદુસ્થાનનું નામ જ નથી, તેનું શું કારણ ?

ઉત્તર :—'હિંદુસ્તાન' આદિ નામોનું પ્રસંગોપાત પરિવર્તન થતું રહે છે. તેથી શાસ્ત્રકાર તેને કેમ બતાવે ? ભારતવર્ષનું નામ તો શાસ્ત્ર તથા માનચિત્રમાં બતાવ્યું જ છે.

પ્રશ્ન ૧૨૦૯ :—આપણા જીવે કેટલા તીર્થંકર અને કેવળીઓનાં વ્યાખ્યાન સાંભળ્યા ?

ઉત્તર :—અનંત તીર્થંકર અને કેવળીઓના વ્યાખ્યાન આ જીવે સાંભળ્યા છે, એવું આગમથી સંભવિત જણાય છે.

પ્રશ્ન ૧૨૧૦ :—સૌધર્મ-ઈશાન દેવલોકમાં વિમાન ૫૦૦-૫૦૦ યોજનના ઉંચા છે. આ યોજન ચાર હજાર ગાઉનું સમજવું કે ચાર ગાઉનું ?

ઉત્તર :—વિમાનની ઉંચાઈ વગેરે શાશ્વત (૪૦૦૦ ગાઉ) યોજનથી સમજવી.

પ્રશ્ન ૧૨૧૧ : પરમાધામી દેવ પહેલી નરકમાં રહે છે કે ત્રીજી નરક સુધી ? તેમની દેવીઓ ક્યાં રહે છે ? તેનો ખુલાસો ક્યા સૂત્રમાં છે ?

ઉત્તર :—અસુરકુમાર દેવોના નિવાસ સ્થાન પહેલી નરકમાં છે. એવું પન્નવણાના બીજા પદમાં અને ભગવતી શતક ૩, ઉદ્દેશો ૮ થી સ્પષ્ટ થાય છે. પરમાધામી દેવ અસુરકુમાર જાતિના છે. તેથી તેમનું તથા તેમની દેવીઓનું નિવાસસ્થાન ત્યાં જ સમજવું જોઈએ. તેમનું ગમન-આગમન ત્રીજી નરક સુધી બતાવ્યું છે.

પ્રશ્ન ૧૨૧૨ :—સૂક્ષ્મજીવ અગ્નિમાં બળે નહિ, પાણીમાં ડુબે નહિ, મારવાથી મરે નહિ. તેમનામાં તથા અપર્યાપ્તામાં શું અંતર છે? શું સૂક્ષ્મ જીવોને આયુષ્યકર્મ નથી બંધાતું? જો તેમનું આયુષ્ય છે તો તે કેટલું?

ઉત્તર :—સૂક્ષ્મ જીવ તો તે ભવમાં સૂક્ષ્મ જ રહે છે, પરંતુ કેટલાક સમય પછી અપર્યાપ્તમાંથી પર્યાપ્ત, એ જ ભવમાં થઈ શકે છે. સૂક્ષ્મ જીવોના શરીર અતિ સૂક્ષ્મ હોવાથી, બીજાં શસ્ત્રો તેમને આઘાત પહોંચાડી શકતા નથી, તેમનું જ૦ ઉ૦ આયુષ્ય અંતર્મુહૂર્તનું પન્નવણા સૂત્રના ચોથા પદમાં બતાવ્યું છે.

પ્રશ્ન ૧૨૧૩ સમુચ્છિંમ અને પર્યાપ્તિમાં શો ફેર છે?

ઉત્તર :—દેવ, નારકી, સ્ત્રી અને પુરુષના સંયોગથી ઉત્પન્ન થનારાને બાકી રાખીને, બાકીના બધા સંસારી જીવો સંમૂર્છિમ કહેવાય છે. અપર્યાપ્તા તો એ બધામાં હોય છે.

ઉત્તર :—ઉપાદાન કારણમાં, કાર્યરૂપે પરિણત થવાની શક્તિ અવશ્ય હોય છે. પરંતુ તેના વગર નિમિત્ત કારણ (સાધન પ્રાપ્ત કર્યા) માત્ર પોતે જ પોતાની શક્તિનો વિકાસ કરીને, કાર્યરૂપે પરિણત થઈ શકતું નથી. ઉપાદાનમાં નિમિત્તની ઉપયોગિતા એ જ છે કે, તે ઉપાદાનની પોતાની શક્તિના વિકાસમાં સહકારી બનીને તેને કાર્યરૂપે પરિણત થવામાં સહયોગ આપે છે.

જેમકે—બીજ ઉપાદાન કારણ છે, વૃક્ષરૂપમાં પરિણત થવું તે તેની શક્તિ છે, તથા હવા, પાણી, ખાડો વગેરે તેનાં નિમિત્ત કારણો છે. હવા, પાણી તથા ખાડા વગેરેનો ઉપયોગ એજ છે કે, તેઓ બીજની વૃક્ષ બનવાની શક્તિના વિકાસમાં સહકારી બને, તેને વૃક્ષ બનવાની શક્તિના વિકાસમાં સહકારી બને, તેને વૃક્ષ રૂપે પરિણત થવામાં સહયોગ આપે.

પ્રશ્ન ૧૨૧૭ :—ઉપાદાનનું નિમિત્ત સહકારી કારણ છે, એ શું બરાબર છે!

ઉત્તર :—ઉપાદાનનું નિમિત્ત, સહકારી કારણ અવશ્ય છે. પરન્તુ તુલ્ય સહકારી કારણ નથી. અર્થાત્ ઉપાદાનની પોતાની શક્તિ, કાર્યની સમાપ્તિમાં જેટલો સહયોગ આપે છે એટલો નિમિત્ત કારણ આપતો નથી. જેમકે—તીવ્ર બુદ્ધિવાળો બાલક ઉપાદાન કારણ છે, તીવ્ર બુદ્ધિ તેની શક્તિ છે, તથા અધ્યાપક, નિમિત્ત કારણ છે. અહિં બાળકની તીવ્ર બુદ્ધિ તેને વિદ્વાન બનાવવામાં જેટલી સહકારી છે તેટલો સહકારી અધ્યાપક નથી.

પ્રશ્ન ૧૨૧૮ :—એક દ્રવ્ય બીજા દ્રવ્ય પર પ્રભાવ પાડે છે કે નહિં ?

ઉત્તર :—જે દ્રવ્ય સમર્થ હોય અર્થાત્ જે દ્રવ્યની શક્તિ પૂરેપૂરી વિકસિત હોય છે, તેના પર બીજા સ્થુલ દ્રવ્યો અસર કરતા નથી. પરન્તુ જે દ્રવ્યની શક્તિ ઢંકાયેલી હોય છે તેના પર બીજા શકિતશાળી દ્રવ્ય, સૂક્ષ્મ ઉપરાંત સ્થુલ, અસર પણ કરે છે. જેમકે પાકો ઘડો સમર્થ દ્રવ્ય છે, તેના પર પાણી તે ઘડાને ભીંજવવા સિવાય બીજી કોઈ અસર કરતું નથી. પરન્તુ કાચો ઘડો અસમર્થ દ્રવ્ય છે તેના પર પાણી ઘણી અસર કરે છે. અર્થાત્ તેને ગાળી નાખે છે. જીવ દ્રવ્યની બાબતમાં પણ આ જ વાત છે. જ્યાં સુધી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બનવા સમર્થ ન બને ત્યાં સુધી તેના પર અજીવ દ્રવ્ય સૂક્ષ્મ અને સ્થૂલ બંને પ્રકારની અસર કરે છે. તેને બાંધી શકે છે, તેના પર સવાર થઈ શકે છે, દુઃખ દઈ શકે છે. ધક્કો આપી શકે છે. છેવટે પરવશ પણ બનાવી દે છે. પરન્તુ તે જીવ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની જાય પછી કોઈ અસર કરી શકતા નથી.

પ્રશ્ન ૧૨૧૯ :—મહાવ્રત અને અણુવ્રત ધારણ કરવાથી માત્ર શુભ ભાવનો લાભ મળે છે કે નિર્જરાનો લાભ મળે છે?

પ્રશ્ન ૧૨૩૨ :—આનંદ શ્રાવકે શરદ ઋતુનું ઘી ખાતા હતા, તેનું શું કારણ ?

ઉત્તર :—હમેશાં પ્રાતઃ કાળના સમયને પણ 'શરદઋતુ' કહે છે એટલે સવારના તાજા માખણનું તપાવેલું તાજું ઘી શરદઋતુનું હોય છે, એવી ધારણા છે.

પ્રશ્ન ૧૨૩૩ :—અનંતનો શો અર્થ ?

ઉત્તર :—ઉત્કૃષ્ટ અસંખ્યાતાથી આગળની સંખ્યાને "અનંત" કહે છે. તેનો અંત અસંખ્ય વર્ષના આયુષ્યમાં પણ આવી શકતો નથી.

પ્રશ્ન ૧૨૩૪ :—બે ખમાસમણા તથા બે નમોત્થુણં આપે છે, તો તેનું શું કારણ?

ઉત્તર :—જેવી રીતે, રાજાને નિવેદન કરનાર, પ્રથમ નમસ્કાર કરીને પછી નિવેદન કરે છે અને પછી નમસ્કાર કરીને પાછો જાય છે, તેવીજ રીતે ગુરૂને નિવેદન કરતા પહેલાં અને પછી વંદન સ્વરૂપ બે ખમાસમણ આપવા બતાવ્યા છે. પહેલું નમોત્થુણં સિદ્ધોને અને બીજું અરિહંતોને કહેવામાં આવે છે.

પ્રશ્ન ૧૨૩૫ :—"પુરુપાન્તર" કોને કહે છે ?

ઉત્તર :—આહાર, વસ્ત્ર, પાત્ર, મકાન વગેરેને બીજો પુરૂષ પોતાના ઉપયોગને માટે અપનાવી લ્યે તેને "पुरिसंतर कड"

પ્રશ્ન ૧૨૩૬ :—"અસોચ્ચાકેવળી" કોને કહે છે?

ઉત્તર :—કેવળી આદિ કોઈ પણ પાસેથી ધર્મનું સ્વરૂપ સાંભળ્યા વગર જ ધર્મ પ્રાપ્ત કરે છે અથવા કેવળી બની જાય છે તેને 'અસોચ્ચા કેવળી કહે છે.'

પ્રશ્ન ૧૨૩૭ :—પંડિત મરણમાં આરાધક 'સર્વ વિરત-દેશ વિરત' જ છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ તેમાં ગણ્યા છે?

ઉત્તર :—પંડિત મરણ તો સર્વ વિરતી અથવા દેશવિરતીનું જ ગણ્યું છે. અવતી સમ્યગ્દૃષ્ટિ જીવના મૃત્યુ પ્રસંગે પણ જો ભાવવિરતી-હિંસાદિ ત્યાગ આવી જાય તો તેને અવતી ન માનતાં, વ્રતી માને છે અને તેનું પંડિતમરણ પણ થઈ શકે છે. પરન્તુ વિરતી (વ્રતી) ના અભાવમાં નહિ.

પ્રશ્ન ૧૨૩૮ :—પંડિત મરણમાં સંલેખનાની નિયમા છે કે ભજના?

ઉત્તર:—પંડિત મરણમાં સંલેખનાની ભજના છે.

પ્રશ્ન ૧૨૩૯ :—મોક્ષ પ્રાપ્તિનો ઉત્કૃષ્ટ કાળ ૧૫ (૭-૮) ભવ, કયા પ્રકારના પંડિત મરણવાળા માટે માનેલ છે-એક ભવ કે બધા ભવ આશ્રી ?

ઉત્તર :—વાસુદેવ અને પ્રતિ વાસુદેવ નિદાનવાળા જ હોય છે. તીર્થંકર અને બળદેવ, નિદાન વગરના અને ચક્રવર્તી બંનેય પ્રકારના હોય છે.

પ્રશ્ન ૧૨૪૪ :—નિદાનના ઉદયમાં તો સમ્યક્ત્વગુણની પ્રાપ્તિ થતી નથી, પરંતુ ક્ષય થયા બાદ, સૌમાં હોય છે, તો વાસુદેવ તથા પ્રતિ વાસુદેવમાં કેમ નથી થતી ? નિદ્ધત (નિવારી શકાય) તથા નિકાચિત (ભોગવ્યા વિના ન છૂટે) બંધ તો સૌમાં હોઈ શકે છે ?

ઉત્તર :—અતિ તીવ્રરસના નિદાનવાળાને તો નિદાન કર્યા પછી પણ આજીવન સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી, અને જે નિદાન ભવ પ્રત્યય અને તીવ્ર રસનું હોય છે તે નિદાનવાળાને આજીવન વ્રત પ્રાપ્ત થતું નથી. જેમકે-વાસુદેવ, નિદાનવાળા ચક્રવર્તી વગેરે તથા જે નિદાન વસ્તુ પ્રત્યય તથા મંદ રસનું હોય છે તે નિદાન કર્યા પછી વ્રત પ્રાપ્તિ થઈ શકે છે. જેમકે-દ્રૌપદીને.

પ્રશ્ન ૧૨૪૫ :—પાપાનુબંધી પુણ્ય વિગેરે ચૌભંગી, નિકાચિત બંધમાં જ માની છે કે નિદ્ધત આદિ બધા બંધોમાં છે ?

ઉત્તર :—જે પ્રકૃતિ, કોઈપણ જાતના પરિવર્તન વિના, પોતાનું ફળ અવશ્ય બતાવી દે અર્થાત્ બીજા કરણોથી અયોગ્ય હોય, તેને નિકાચિત કહે છે. તેથી પુણ્યાનુબંધી પુણ્ય વગેરે પણ પુણ્ય તથા પાપનો અનુબંધ કરાવનાર થાય, તો નિકાચિત સમજવું, બીજાને નહિં.

પ્રશ્ન ૧૨૪૬ :—ક્ષાયોપશમિક સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમ, દેવના બે ભવની અપેક્ષાએ માનેલ છે કે અધિક ભવની અપેક્ષાએ ? ૨૨ સાગરોપમના ત્રણ ભવ લઈએ, તો ૧૧ ના ૬ ભવ, ૬ ના ૧૧ અને ૩ ના ૨૨ પણ લઈ શકાય છે શું ?

ઉત્તર :—ક્ષાયોપશમ સમકિતવાળો જીવ, કોઈ દેવભવમાં ૩૩ સાગરોપમની સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે, અને કોઈમાં પ્રત્યેક પલ્યોપમની સ્થિતિ પણ, પરન્તુ બધા દેવો અને મનુષ્યોના ભવોને મેળવીને ૧૫ ભવના ૬૬ સાગરોપમથી કાંઈક વધારેથી વિશેષ વધારે ન હોઈ શકે, તેમાં અધિક હોવાનો પ્રસંગ હોય, તો ક્યાંક વચમાં જ અલ્પકાળને માટે તેને મિથ્યાત્વ આવી જશે.

પ્રશ્ન ૧૨૪૭ :—ચોથા ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ તો દેવના ભવની ૩૩ સાગરોપમની જ રહેશે કે ૨૨ સાગરોપમના ૩ ભવ પણ લેવાશે ?

ઉત્તર :—ચોથા ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૩૩ સાગરોપમથી અધિક કહે છે, તે પણ વિશેષ પ્રબળ જણાય છે, જેઓ ૬૬ સાગરોપમથી અધિક કહે છે તેઓ અવિરતી સમ્યગ્દૃષ્ટિ મનુષ્યના ૧૨ મા દેવલોકના ત્રણ ભવ કરવાનું કહે છે.

પ્રશ્ન ૧૨૪૮ :—પુણ્યને સાવદ્ય, નિરવદ્ય કે મિશ્ર, શું સમજવું ?

ઉત્તર :—પુણ્યનોબંધ જે કાર્યોથી થાય છે તે કાર્ય ત્રણેય પ્રકારનું જણાય છે. તેથી તે કાર્યોની અપેક્ષાથી જો ગણે, તો પુણ્ય સાવદ્ય આદિ ત્રણેય પ્રકારનું હોઈ શકે છે.

પ્રશ્ન ૧૨૪૯ :–શ્રીદેવીના કમલના વર્ણનમાં જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિના ચોથા વક્ષસ્કારમાં પદ્મહ્રદના વર્ણનમાં શ્રી દેવીનું તથા તેના પરિવારનું વર્ણન છે ત્યાં કમલના વર્ણનમાં મૂલકંદનું વર્ણન કર્યું છે.

कमलान्यत्र न वनस्पति परिणामानि किन्तु पृथिवीकाय परिणामरूपा कमलाकार वृक्षास्तेन तेषामिमौ (मूल कन्दौ) न विरुद्धाविति, ત્યારબાદ सेकेणट्ठेणंની ટીકામાં લખે છે કે- वानस्पतितानि पद्म ह्रदाकाराणि पद्मानि बहूनिसन्ति, नतु केवलं पार्थिवानि " તો વનસ્પતિ સંબંધી કમલ આપણે માનીયે છીએ કે નહિ ?

ઉત્તર :—પદ્મહ્રદના ૧, ૨૦, ૫૦, ૧, ૨૦, એટલા કમલ તો પૃથ્વીકાયના છે, અને તે શાશ્વત છે આસપાસમાં વનસ્પતિના કમલો પણ હોય છે, તે અશાશ્વત છે.

પ્રશ્ન ૧૨૫૦ :—તેરાપંથી દયા દાન, પુણ્ય વગેરેનો નિષેધ કયા શબ્દોને લઈને કરે છે ?

ઉત્તર :—તેઓ કહે છે કે જીવને બચાવીએ તો તે બચેલો જીવ જે કાંઈપણ કરશે તેની અનુમોદના રૂપ-પાપ તે બચાવનારને લાગશે. એટલા માટે તેઓ મારનારને એક પાપ અને બચાવનારને ૧૮ પાપ લાગવાનું પણ કહે છે. જીવોનું જીવિત રહેવું અને મરવાનું નહીં, પરંતુ તરી જવાનું ઇચ્છવું, એમ કહે છે. વનસ્પતિ વગેરે જીવોની હિંસાનો [illegible] ત્યાગ કરે છે. તેમાં તેઓ કહે છે કે, અમે જીવોને બચાવવાને માટે ત્યાગ [illegible] નથી. અમારા ત્યાગમાં જીવોને બચાવવાનો ઉદ્દેશ નથી. જીવોનું જીવિત રહેવું અને [illegible]. તે તેમના કર્મને આધીન છે. અમે તો કેવળ અમારા પાપ છોડવાને માટે જ ત્યાગ [illegible] જીવોને નહીં મારીને પોતાનું પાપ ટાળવું એજ દયા છે, વગેરે શબ્દોથી [illegible] નિષેધ કરે છે.

[illegible] સાધુઓમાં તેરાપંથી સાધુઓ ઉપરાંત બીજાઓને તેઓ સાધુ માનતા નથી. [illegible] સંસારી જીવોને તેઓ અસંયતિ કહે છે. અને અસંયતિને દાન [illegible] અધર્મદાન, કર્માદાન, નર્કાદિ દુર્ગતિનું કારણ બતાવીને દાનનો [illegible]

પ્રશ્ન ૧૨૫૧ :—વાડામાં આગ લાગી હોય અને શ્રાવક બાજુમાં ન હોય તો પશુઓની અનુકંપાને માટે સાધુ તેના બંધનોને કાપીને વાડામાંથી તે પશુઓને બહાર કાઢી શકે છે કે નહીં ?

ઉત્તર :—આવી પરિસ્થિતિમાં સાધુ, પશુઓને બહાર કાઢી શકે છે. તેનો ખુલાસો નિશીથના બારમા ઉદ્દેશાના ભાષ્યમાં છે.

પ્રશ્ન ૧૨૫૨ :—છદ્મસ્થ ભગવાનથી ભૂલ થતી નથી તો પછી ઉપદેશ કેમ નથી દેતા ?

ઉત્તર :—તીર્થંકર, કેવળી થયા પછી જ તેમની આપેલી ત્રિપદીથી વિશેષ ક્ષયોપશમવાળાપુરુષ દૃષ્ટિવાદની રચના રચી શકે છે અને દૃષ્ટિવાદની રચના રચવાથી તેમને ગણધરપદની પ્રાપ્તિ થાય છે; તથા ચારતીર્થની સ્થાપના પણ ત્યારે જ થાય છે. પૂર્ણજ્ઞાનના અભાવે તેઓ તીર્થ સ્થાપિત કરતા નથી પરંતુ આ વાત ઉપરથી તેઓની ભૂલ છે. એવી મિથ્યા કલ્પના કરીને આ જ કારણે તેઓ ઉપદેશ આપતા નથી, એવું બતાવવું અસંગત જણાય છે. કારણ કે દિક્ષા લીધા પછી છદ્મસ્થ તીર્થંકરોની પણ ભૂલ થતી નથી. આ વાત ભગવતી સૂત્રના પચીસમા શતક પરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે તથા મહાવીર સ્વામી ભૂલ્યા નથી એ આચારાંગ સૂત્રના નવમા અધ્યયનથી સ્પષ્ટ છે.

પ્રશ્ન ૧૨૫૩ :—જે પ્રમાણે ગોશાળાની-ભગવાને શીતલેશ્યા વડે રક્ષા કરી, તે જ પ્રમાણે અન્ય તીર્થંકરો તથા મુનિઓએ પણ રક્ષા કરી હશે ! પ્રમાણ સાથે સમજાવશો ?

ઉત્તર :—જે પ્રમાણે ગૌશાલકની રક્ષા ભગવાને કરી એ જ પ્રકારે અનેકની રક્ષા તીર્થંકરો તથા મુનિઓએ પહેલાં કરી છે. ઉદાહરણ તો પ્રસંગ આવતા ગણધર ફરમાવે છે. ઉદાહરણ ન હોવા છતાં પણ અનેક વાતો માનવા યોગ્ય હોય છે, જેમકે લોકાંતિક દેવોમાંથી તથા સૂક્ષ્મ પૃથ્વીકાય વગેરેમાંથી કોઈના આવ્યાનું તથા તેમાં ઉત્પન્ન થયાનું ઉદાહરણ મળતું નથી તોપણ તેમાંથી આવવું તથા તેમાં ઉત્પન્ન થવું માનવામાં આવે છે, એજ પ્રમાણે શ્રાવકોને દાન દેવાથી સંસાર પરિત કર્યાનું પણ ઉદાહરણ વિના જ માની-લેવામાં આવે છે. તેથી અહીં બીજું ઉદાહરણ ન મળતાં પણ માનવું જોઈએ. અહીં તો જ્વલંત ઉદાહરણ એ છે કે, કેવળી થયા પછી ભગવાને ફરમાવ્યું કે મેં અનુકંપા કરીને ગોશાલકનું રક્ષણ કર્યું. જો મોહ અથવા ભૂલ વગેરેથી કરત તો કેવળી એવું શા માટે કહેત તથા બીજાઓને એવું કરવાનો નિષેધ પણ કરી દેત એટલે ગૌશાલકને જે બચાવ્યો તે કેવળી અભિમત છે, એમ સમજવું.

પ્રશ્ન ૧૨૫૪ :—સસલાંની દયા કરવાવાળા હાથીની કથા, કેવળ ગ્રંથકાર જ કહે છે કે શાસ્ત્રકાર પણ કહે છે ?

ઉત્તર :—તેની વાત તો જ્ઞાતાસૂત્રનાં પ્રથમ અધ્યયનનાં મૂળ પાઠમાં છે. એજ પ્રમાણે લગ્નનાં પ્રસંગે જીવોની રક્ષા માટે ભગવાન નેમીનાથનું પાછા ફરવું, ઉત્તરાધ્યયનનાં ૨૨ મા અધ્યયનમાં છે, તથા ધર્મરૂચિ અણગારે કડવી તુંબીનો આહાર કર્યો તે પણ જ્ઞાતાસૂત્રનાં સોળમા અધ્યયનના મૂળ પાઠમાં બતાવ્યું છે. ઇત્યાદિ અનેક શાસ્ત્રીય વાતો જોતા જીવોની રક્ષા કરવી એ ધર્માનુકૂળ છે. સંક્ષેપમાં આ ઉત્તર છે. વધારે માટે સિદ્ધાંતસાર, સદ્ધર્મ-મંડન, અનુકંપા વિચાર વગેરે જોવા.

પ્રશ્ન ૧૨૫૫ :—જે તીર્થંકરોને કેવળી વંદના, વિનય પ્રવૃત્તિ કરે છે, એ માટે આપે ઉત્તરાધ્યયનની કથાનું પ્રમાણ આપ્યું છે. તો તે કઈ કથા છે, તથા કયું અધ્યયન કે કયું પૃષ્ઠ છે?

ઉત્તર :—ઉત્તરાધ્યયનનાં દશમા અધ્યયનનો મૂળપાઠ શરૂ થતા પહેલા જ ટીકાકારે જે સાલ, મહાસાલ, ગાંગલી વગેરેની કથા આપી છે. તેથી કેવળી, તીર્થંકરોને શીર ઝુકાવવું, પ્રદક્ષિણારુપ વિનય પ્રવૃત્તિ કરે છે, એવું સિદ્ધ થાય છે. "એવાયરિયં ઉવચિટ્ઠએજ્જા અણંત નાણોવગઓવિસંતો" દશવૈકાલિક અધ્યયન નવ, ઉદ્દેશો એક, ગાથા અગિયારના આ પાઠથી કેવળી છદ્મસ્તોને વંદન કરે એવો અર્થ ધ્વનિત થાય છે. તથા રાજચંદ્રજીનાં દુહામાં પણ કહ્યું છે કે—

> "જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળ જ્ઞાન ।
> ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન" ॥

પ્રસંગોપાત છદ્મસ્થોને પણ કેવળી ભગવંત મસ્તક નમાવવારૂપ વિનય પ્રવૃત્તિ કરે છે. તો પછી તીર્થંકરોની વિનય ભક્તિ કરે તેમાં આશ્ચર્ય જ શું!

પ્રશ્ન ૧૨૫૬ :—મલ્લિનાથ ભગવાને સ્ત્રી-ગોત્ર કયા ગુણસ્થાનમાં બાંધ્યું? પહેલા ગુણસ્થાનમાં તો નપુંસક વેદનો બંધ પડે છે. અને બીજામાં ૨૧ પ્રકૃતિઓનો બંધ કરે છે. ત્યાં સ્ત્રીવેદનો બંધ હોય છે. છઠ્ઠા ગુણ-સ્થાનમાં માત્ર ૧૩ પ્રકૃતિઓનો બંધ થાય છે તો મલ્લિનાથ ભગવાન તો છઠ્ઠા ગુણસ્થાનમાં હતા. જ્યાં સ્ત્રી વેદ સંભવિત નથી લાગતું?

ઉત્તર :—મલ્લિનાથ ભગવાનનો જીવ મહાબળ—અણગારનાં સમયમાં સ્ત્રી—નામ-ગોત્ર કર્મનો બંધ થયો તે વખતે પહેલા અથવા બીજા ગુણસ્થાનકમાં બંધ થયો એમ સમજવું જોઈએ. મિથ્યાત્વ અને અનન્તાનુબંધીના નિમિત્તથી સ્ત્રી નામ કર્મનો બંધ થાય છે. આ પ્રકારના ભાવ જ્ઞાતાધર્મ કથાંગના આઠમા અધ્યયનની નીચેની ટીકાથી સ્પષ્ટ થાય છે.

"तत्काले च मिथ्यात्वं सास्वादनं वा अनुभूतवान, स्त्रीनाम कर्मणो मिथ्यात्वानन्तानु-बंधी प्रत्ययत्वात" આ પહેલા અથવા બીજા ગુણસ્થાન સંબંધી ભાવ સાધુ થયા પછી તપસ્યામાં માયા કરવાથી થયું છે, અને ત્યારે જ સ્ત્રીનામ કર્મનો બંધ થયો છે.

પ્રશ્ન ૧૨૫૭ :—ઉપશમ શ્રેણીવાળા પતન પામીને એકવાર, બે વાર અથવા કેટલી વાર ફરી ક્ષપક-શ્રેણી પ્રાપ્ત કરી શકે છે?

ઉત્તર :—જીવને ઉપશમ-શ્રેણી ચારવારથી વધારે વાર પ્રાપ્ત થતી નથી. પાંચમીવાર ક્ષપક-શ્રેણી જ પ્રાપ્ત કરશે. તે સાથે આ વાત પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે એક ભવમાં બેવારથી વધારેવાર શ્રેણી પ્રાપ્ત થતી નથી.

પ્રશ્ન ૧૨૫૮ :—સામાન્ય કેવળી અને તીર્થંકરોમાં કેટલી પ્રકૃતિયો સત્તામાં રહે છે. તેનામાં અંતર કેટલું છે અર્થાત્ કોનામાં ઓછી અને કોનામાં વધારે હોય છે. અને ઉદયમાં બંનેમાં કેટલી રહે છે?

ઉત્તર :—સયોગી કેવળીઓમાં જે પંચાશી પ્રકૃતિઓની સત્તા બતાવી છે, એ જ ૮૫ પ્રકૃત્તિઓની સત્તા તીર્થંકર કેવળીઓમાં અને જિનનામ વગર ૮૪ પ્રકૃત્તિઓની સત્તા સામાન્ય કેવળીઓમાં હોય છે.

સયોગી કેવળીઓમાં જે બાવન પ્રકૃત્તિઓનો ઉદય બતાવ્યો છે. તેમાંથી "જિન" નામ વિના ૪૧ પ્રકૃત્તિઓનો ઉદય સામાન્ય કેવળીઓમાં અને ન્યુગ્રોધઆદિ ૫ સંસ્થાન, અશુભ-વિહાયોગતિ, અને દુઃસ્વર એ સાત પ્રકૃત્તિઓ છોડીને બાકીની પાંત્રીસ પ્રકૃત્તિઓનો ઉદય તીર્થંકર કેવળીઓમાં હોય છે.

પ્રશ્ન ૧૨૫૯ :—અનન્તાનુબંધીની જે કષાય ઉદયમાં હોય છે, તો બધી પ્રવૃત્તિઓ વિભાગ અંશ કર્મોને ખેંચે છે કે નહીં?

ઉત્તર :—અનન્તાનુબંધીના ઉદયમાં આહારિકદ્વિક અને જિનનામ વિના બાકીની પ્રકૃત્તિઓનો બંધ થઇ શકે છે.

પ્રશ્ન ૧૨૬૦ :—કાર્મણ શરીરનો અર્થ શું છે? અને તે ફળ કેવી રીતે બતાવે છે તથા તેનું કાર્ય શું છે?

ઉત્તર :—સ્થાનાંગ, જીવાભિગમ, કર્મગ્રંથ, અનુયોગદ્વાર વગેરેમાં કાર્મણ શરીરનું સ્વરૂપ નીચે પ્રકારે છે.

[અ] જે કર્મપરમાણુ આત્મ પ્રદેશોની સાથે ક્ષીરનીર સમાન અનુગત થઈને શરીર રૂપે પરિણત થાય છે, તેને કાર્મણશરીર કહે છે.

[બ] "कर्मणो जात कार्मणं"—કર્મપરમાણુઓથી બનેલું શરીર કાર્મણ શરીર કહેવાય છે.

કર્મ વર્ગણાના દ્રવ્યોને ગ્રહીને કર્મરૂપે પરિણત કરે છે, તે કાર્મણ શરીરનું કાર્ય છે.

આ, બધા કર્મોનું ઉત્પત્તિ સ્થાન તથા બધા શરીરોનું કારણભૂત તથા બીજભૂત છે, તથા સંસારી જીવોને ગતિ-અંતર (ભવાન્તર) ગમનમાં સમર્થ કારણ હોય છે.

પ્રશ્ન ૧૨૬૧ :—સમ્યગ્દૃષ્ટિનો અર્ધ પુદ્ગલ પરાવર્તનો કાળ બતાવ્યો છે, તે અર્ધ પુદ્ગલ, ઔદારિક આદિ પુદ્ગલ પરાવર્તનોમાંથી કોનો સમજવો ?

ઉત્તર :—બાકીનાં બધા પુદ્ગલ પરાવર્તનોથી વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનો કાળ વધારે છે. તેથી શાસ્ત્રોમાં જ્યાં જ્યાં અર્ધ પુદ્ગલ તથા અર્ધ (૨½) પુદ્ગલ પરાવર્તનનું વર્ણન છે, ત્યાં વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનો હિસાબ જ સમજવો જોઈએ.

પ્રશ્ન ૧૨૬૨ :—અકામ-નિર્જરામાં કર્મોના પુદ્ગલ નિર્જર્યા પછી પાછળ કર્મરૂપે લાગતા નથી એવું કથન છે તો તેનું પ્રમાણ શું છે. તથા મિથ્યાત્વમાં ગયા પછી પણ ઉપરોક્ત ક્રમ જ ચાલુ રહે છે કે નિર્જરેલાં પુદ્ગલ પાછળ લાગવા લાગી જાય છે.

ઉત્તર :—જે કર્મ પુદ્ગલોની નિર્જરા સમ્યગ્દૃષ્ટિપણામાં થઈ હોય તે પુદ્ગલ ફરીથી કર્મરૂપે એ જીવને મિથ્યાત્વ આદિ કોઈપણ અવસ્થા પ્રાપ્ત થતાં પણ લાગતા નથી એવું મહાસતીજી શ્રી પાનકુંવરજી તથા શ્રી ઈન્દ્રમલજી પાસેથી સાંભળ્યું છે. તેનું વર્ણન ઘણું કરીને દિગમ્બર ગ્રંથોમાં હશે કવિ બનારસીદાસની નીચેની કવિતા આ વાતને સ્પષ્ટ કરે છે.

> "જ્ઞાનીજનનો ભોગ નિર્જરા હેતુ છે ।
> અજ્ઞાનીનો ભોગ બંધ ફળ હેતુ છે ॥
> આ અચરજની વાત હૈયે આવતી નથી ।
> પૂછે કોઈ શિષ્ય ગુરુ સમજાવશે" ॥

શ્વેતામ્બર ગ્રંથોમાં પણ એવું વર્ણન ક્યાંક હશે પરંતુ મારા ધ્યાનમાં નથી, હા "द्वात्रिंशद् द्वात्रिंशिका" (૧૫ મી), યોગબિન્દુ, દર્શનશુદ્ધિ વગેરે ગ્રંથોમાં વર્ણન આવેલ છે કે સમકિત પ્રાપ્ત થયા પછી મિથ્યાત્વ અવસ્થા પ્રાપ્ત થયા છતાં પણ અંતઃકોટીથી અધિક કર્મોનો બંધ થતો નથી.

નોટ :-આ શાસ્ત્રકારોનો મત છે. કર્મગ્રંથકાર તો સ્થિતિબંધ થવાનું બતાવે છે. પરન્તુ તેમના મતથી પણ સારું પરિણામ હોવાને કારણે તે પ્રકારનાં રસનો અભાવ તો રહે જ છે, એવું અભિધાન-રાજેન્દ્ર કોષ ભાગ સાત પ્રશ્ન ૫૦૫માં બતાવ્યું છે.

પ્રશ્ન ૧૨૬૩ :—રૂપી અજીવના ૫૩૦ ભેદ કેવી રીતે સમજવા ? જે વર્ણવાળા છે તેનામાં ગંધ આદિ કોઈ ને કોઈ હશે જ, અને ગંધવાળામાં વર્ણાદિ હશે, તો તેને ભિન્ન ભિન્ન કેમ સમજવા ?

ઉત્તર :—ભગવતી શતક ૨૦ ઉ૦ ૫ પ્રમાણે બાદર અનંતપ્રદેશી સ્કંધ, જઘન્ય એક વર્ણ, એક ગંધ, એક રસ અને અવિરોધી ચાર સ્પર્શવાળા અને ઉત્કૃષ્ટ બધાય

વર્ણાદિવાળા હોય છે. એટલા માટે તે સ્કંધોના વર્ણ, ગંધ, રસ વગેરેની પરસ્પર મિશ્રતા બતાવવાથી ૫૩૦ ભેદ થાય છે. જેમકે કોઈ કાળા વર્ણવાળો સ્કંધ સુગંધયુક્ત અને કોઈ દુર્ગન્ધયુક્ત હોય છે. એ જ પ્રમાણે તીખા રસ વાળો યાવત કોઈ મીઠા રસ વાળો હોય છે. એ જ કાળા વર્ણવાળો કોઈ પુરો સ્કંધ કર્કશ સ્પર્શવાળો હોય છે જેનામાં સુંવાળા-પણું (મૃદુતા) નથી હોતું; અને કોઈ પૂરા સુંવાળાપણાવાળો સ્કંધ હોય તેનામાં કર્કશ સ્પર્શ નથી હોતો, બાકીના ૬ સ્પર્શોનું પણ એ જ પ્રકારે સમજવું અને સંસ્થાનની બાબતમાં પણ સમજવું. કાળા વર્ણના સ્કંધ ૨૦ પ્રકારના હોય છે. આ પ્રકારે અમુક વર્ણ-રસ અને સંસ્થાનવાળા સ્કંધ તો ૨૦-૨૦ પ્રકારના અને ગંધ તથા સ્પર્શવાળા ૨૩-૨૩ પ્રકારના હોવાથી ૫૩૦ ભેદ થાય છે.

પ્રશ્ન ૧૨૬૪ :—કર્મોનાં બંધન તથા ક્ષયોપશમ, આત્માના બધા પ્રદેશો પર એક સરખા હોય છે કે ન્યૂનાધિક? જો એક સરખા હોય, તો આંખથી જ તે કેમ દેખાય છે? અન્ય સ્થાનેથી કેમ દેખાતા નથી? જો વિષમ હોય, તો તે કયા પ્રમાણથી?

ઉત્તર :—કર્મોનું બંધન તથા ક્ષયોપશમ આત્માના બધા પ્રદેશો પર એકાન્ત સમાન સમજવું નહિ. આ બાબત "अंतगयं (पुरओ अंतगयं, मग्गओ अंतगयं, पासओ अंतगयं) मज्झगयं" અવધિજ્ઞાન આદિથી સ્પષ્ટ થાય છે.

સાધારણ રીતે, બધા આત્મ પ્રદેશો પર ચક્ષુદર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોવા છતાં પણ, જોવાનું સાધન જે જીવોને માત્ર આંખો જ પ્રાપ્ત થઈ છે, તેવા જીવો આંખોથી જ દેખશે, અન્ય સ્થાનેથી નહિ દેખે, જીવ-પ્રદેશોનું પરિવર્તન તો થતું જ રહે છે. જે જીવ-પ્રદેશ તે નેત્રોના સ્થાન પર આવશે તો તેનાથી દેખાશે અને જે જીવ પ્રદેશ ત્યાંથી હઠતા જશે, તેનાથી દેખાશે નહિ, કારણ કે, તેનામાં જોવાના ઉપકરણો નેત્ર જ છે. યોગ-નિરોધની પહેલાં દરેક જીવોના પ્રદેશોનું પરિવર્તન પોતપોતાની અવગાહનામાં થયા કરે છે.

ચક્ષુ તથા અચક્ષુ દર્શનાવરણીયનો વિશેષ ક્ષયોપશમ સંભિન્ન શ્રોતલબ્ધિવાળાને હોવાથી, તે શરીરના સઘળા ભાગો વડે જોવા-સાંભળવાનું વગેરે કરી શકે છે. પરન્તુ સામાન્ય ક્ષયોપશમવાળા આવું કરી શકતા નથી.

પ્રશ્ન ૧૨૬૫ :—જે પ્રકૃત્તિઓનો ઉદય જ્યાં થાય છે, તે ત્યાં હંમેશા રહે છે, કે ક્યારેક રહે છે? વિપાકનો અર્થ શો સમજવો? જીવને તેનો અનુભવ થાય તેને જ વિપાક કહે છે કે બીજી રીતે? જેમકે જે સમયે નિદ્રા આવતી નથી તે સમયે પણ તેનો ઉદય રહે છે કે નહિ?

ઉત્તર :—પોતપોતાના ઉદય સ્થાન સુધી ધ્રુવ-ઉદયી પ્રકૃતિઓનો હંમેશા ઉદય રહે છે અને અધ્રુવ-ઉદયીનો ઉદય ક્યારેક રહે છે અને ક્યારેક નથી રહેતો. જેમકે

દર્શનાવરણીય કર્મની ૯ પ્રકૃત્તિઓ છે. જેમાંથી ચક્ષુદર્શનાવર્ણનીય વગેરે ચાર ધ્રુવ-ઉદયી પ્રકૃત્તિઓનો ઉદય પોતાના ઉદય સ્થાન [૧૨ મું ગુણસ્થાન] સુધી નિરન્તર રહે છે. અને ૫ નિંદ્રા અધ્રુવ-ઉદયી છે, તેનું ઉદય સ્થાન વિદ્યમાન રહેતું હોવા છતાં ક્યારેક કોઇ જીવને એક પણ નિદ્રાનો ઉદય હોતો નથી અને ક્યારેક હોય છે, તો પણ પાંચમાંથી એકનો જ ઉદય હોય છે. કારણ કે તે ઉદય પરસ્પર વિરોધી છે. આ વાત છઠ્ઠા કર્મગ્રંથની આઠમી ગાથામાં સ્પષ્ટ થાય છે.

કર્મનો રસ [વિપાક] ભોગવવો તેને જ વિપાક-ઉદય [વિપાકોદય] કહે છે. વિપાકોદય હોવા છતાં પણ પ્રગટ અનુભવ તો કોઈ જીવને, કોઇ પ્રકૃતિનો હોય છે. અને કોઇને નથી પણ હોતે. નિદ્રાનો અનુભવ નહીં થનાર વ્યક્તિને પણ કોઇકને સૂક્ષ્મ (મંદ) નિદ્રાનો ઉદય હોય છે. અને કોઇને નહીં. મંદોદય હોવાથી તેને ખબર પડતી નથી. જેમકે દેવ અને નારકીને પ્રકટ નિદ્રા દેખાતી નથી. પરન્તુ તેઓનામાં નિદ્રા અને પ્રચલા એ બે નિદ્રાનો ઉદય હોવો એ ઉદયની ૬૨ માર્ગણામાં બતાવ્યું છે.

પ્રશ્ન ૧૨૬૬ :—તીર્થંકર, કેવલી-સમુદઘાત કરે છે કે નહી ?

ઉત્તર :—છઠ્ઠા કર્મ ગ્રંથની ૨૮ મી ગાથાના અર્થમાં તીર્થંકરની કેવલી-સમુદઘાત માની છે, પરન્તુ વિશેષ ટબાર્થવાળા પન્નવણા સૂત્રમાં ૩૬ મા પદના અર્થથી તીર્થંકરોની કેવલી સમુદઘાતનો નિષેધ સિદ્ધ થાય છે અને ધારણા પણ એ જ છે.

પ્રશ્ન ૧૨૬૭ :—ક્ષાયિક-સમકિત, મનુષ્યો સિવાય બીજી ગતિઓમાં નથી આવતું, તો તે કયા આધારે છે. તથા મનુષ્ય, ક્ષાયિક-સમકિત આવ્યા પછી આયુષ્ય બાંધે છે કે નહીં તેનો પ્રમાણ સહિત ખુલાશો કરશો ?

ઉત્તર :—ક્ષાયિક-સમકિત મનુષ્યગતિમાં જ પ્રાપ્ત થાય છે અને પહેલાં આયુષ્ય ન બાંધ્યું હોય તો તે મનુષ્ય એ જ ભવમાં મોક્ષ જાય છે. તેનો ખુલાસો ભગવતી શ. ૧ ઉ. ૮ ની ટીકા અને ચોથા કર્મગ્રંથની ૨૫ મી ગાથાની ટીકા તથા અર્થથી સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન ૧૨૬૮ :—આંગુલના અસંખ્યાતમા ભાગવાળા તિર્યંચને ગર્ભ રહે છે. કે નહીં તથા તેઓ એક બીજાને દેખે છે કે નહીં ? જો દેખે છે તો તે ચક્ષુ ઇન્દ્રિયનો વિષય કેવી રીતે હોઈ શકે?

ઉત્તર :—આંગળનાં અસંખ્યાતમા ભાગવાળા તિર્યંચને ગર્ભ રહેવાનું તથા એક બીજાને દેખવાનું સંભવિત લાગતું નથી.

પ્રશ્ન ૧૨૬૯ :—ક્ષયોપશમ-સમ્યક્ત્વની ૬૬ સાગરોપમથી અધિક સ્થિતિ છે. તો તે ક્ષયોપશમના સાત ભાંગામાંથી કયા ભાંગાની છે, તથા ઉપશમ તો અંતર મુહૂર્તથી વધારે રહેતો નથી, તો ૬૬ સાગરોપમ સુધી

કેમ રહે? અને ઉપશમમાં પ્રદેશ તથા વિપાક ઉદયનો ઉપશમ હોય છે કે નહી?

ઉત્તર :—૭ પ્રકૃત્તિઓનો ઉપશમ અને એક સમકિત મોહનીયના ઉદયરૂપ સાતમા ભાંગાની સ્થિતિ ૬૬ સાગરોપમથી વધારે હોવાનો સંભવ છે. સાતેય પ્રકૃતિઓને ઉપશમાવવા રૂપ જે સમકિત છે, તેની સ્થિતિ અંતર્મૂહુર્તની હોય છે. અને તેમાં સાતેય પ્રકૃત્તિઓનો વિપાક અને પ્રદેશ ઉદય હોતો નથી.

સાતમા ભાંગામાં છ પ્રકૃત્તિનો વિપાક અને પ્રદેશ-ઉદય બંધ રહે છે. અને સમકિત-મોહનીયનો ચાલુ રહે છે. મિથ્યાત્વના દલીયામાંથી ચોઠાણિયા, ત્રણ ઠાણિયા અને બે ઠાણિયા રસના દળિયાને હઠાવીને બાકીના એક ઠાણિયા રસના ત્રીજા પુંજરૂપ દળિયાના ઉદયને સમકિત મોહનીય કહે છે. તથા મિથ્યાત્વના ચાર ઠાણિયા આદિ રસનો ઉદય હઠવાને લીધે આ ભાંગાને ક્ષયોપશમમાં લીધો છે. એમ લાગે છે.

પ્રશ્ન ૧૨૭૦ :—ઋતુ-બદ્ધ-શેષ કાળમાં પીઢ ફલક કામમાં લેવાનો નિષેધ જ્ઞાતા સૂત્રનાં પાંચમા અધ્યયનમાં નીચે મુજબ કર્યો છે, તો શું સમજવું?

" ओसन्नो-ओसन्न विहारी एवं पासत्थे २ कुसीले २ पमत्ते संसत्ते उउबद्ध पीढ फलग-सेज्जा-संथारए पमत्ते या वि विहरइ "

ઉત્તર :—આ પાઠના આવા પ્રકારનો ભાવ પ્રદર્શિત કરવો એ સિદ્ધાંત અનુકૂળ નથી, આ પ્રકરણમાં મંડુક રાજા જૈન શ્રમણ ઉપયોગી પ્રવૃત્તિઓથી પરિચિત છે. એવું નીચેના પાઠથી જણાય છે.

" अहापवित्तेणं ओसहभेसज्जेणं...., फासुअं एसणिज्जं पीढ-फलगसेज्जा-संथारगं "

તેમણે શૈલક રાજર્ષિને, યોગ્ય ચિકિત્સાની સાથે પીઠ, ફલક વગેરે લેવા માટે વિનંતિ કરી. શૈલક રાજર્ષિએ તેમની વિનંતી મુજબ રથશાળામાં પધારીને પીઠ-ફલક વગેરે ગ્રહણ પણ કર્યું. તેમની સાથે ૫૦૦ મુનિઓ પણ હતા, તે બધાએ નિર્દોષ પીઠ, ફલક વગેરે ગ્રહણ કર્યાં.

આ પાઠનો ભાવાર્થ સ્પષ્ટ રીતે બતાવે છે કે શેષ કાળમાં પીઠ ફલક વગેરે લેવાનું સાધુઓ માટે શાસ્ત્રાનુસાર છે. જો એમ ન હોત તો મંડુક શા માટે વિનંતિ કરત અને તેમની વિનંતિથી મુનિ શા માટે ગ્રહણ કરત? આ પ્રવૃત્તિ અનુકૂળ હતી એટલે જ ગ્રહણ કર્યું. પાસત્થા વગેરેની શંકા પણ તે સમય સુધી નિર્મૂળ છે. કેમકે સેલગ તે સમયે પાસત્થા ન હતા.

ઉપાસક દશાંગ સૂત્રનાં ૭મા અધ્યયનમાં સકડાલ શ્રાવકે ભગવાન મહાવીરને પોતાને ત્યાં પધારીને પીઠ-ફલક વગેરે ગ્રહણ કરવાની વિનંતિ કરી હતી. ભગવાને તેની તે વિનંતિ સ્વીકારીને પીઠ-ફલક આદિ લીધા હતા.

ભગવાને પણ મુનિઓ માટે જ આ વસ્તુઓ ગ્રહણ કરી કારણ કે તેઓ તો આઠ મહાપ્રાતિહાર્ય યુક્ત હોય છે. આ વર્ણન પણ શેષકાળમાં પીઠ-ફલક વગેરે લેવાનું શાસ્ત્રાનુકૂલ જ બતાવે છે.

વ્યવહાર સૂત્રનાં આઠમા ઉદ્દેશામાં શેષકાળ, ચાતુર્માસ અને સ્થવિર વાસ માટે સેજ્જા [પાટલા] સંથાર આદિ ગ્રહણ કરવાનું વિધાન છે. નિશીથ સૂત્રમાં બતાવ્યું છે કે સેજ્જા સંથાર પર્યુષણ [સંવત્સરી] ઉપરાંત **"બે વાર આજ્ઞા લીધા વગર"** રાખે અને ચોમાસા માટે લાવેલાં સેજ્જા સંથારક ચોમાસાની સમાપ્તિની દશ રાત્રી પછી **"બીજી વાર આજ્ઞા લીધા વગર"** રાખે તો પ્રાયશ્ચિત બતાવ્યું છે. આ વર્ણનથી પણ સ્પષ્ટ છે કે ઋતુ-બદ્ધ કાળમાં પણ મુનિ પીઠ-ફલક વગેરેનું સેવન કરી શકે છે.

પ્રશ્ન ૧૨૭૧ :—પ્રજ્ઞાપના સૂત્રમાં બાદર તેજસ્કાયનાં ઉપપાતના વિષયમાં 'दोसु उड्ढकवाडेसु'—પાઠ છે. તો તે કપાટ કેવા છે, કેટલાં લાંબા, પહોળા છે ?

ઉત્તર :—"दोसु उड्ढकवाडेसु तिरियलोयतट्टेय" આ પાઠનો ભાવ મહારાજશ્રીનાં [illegible] આ લાખ યોજનનાં જે સમપ્રદેશ (મનુષ્યક્ષેત્ર) છે. [illegible] [illegible] તિરછી ભૂમિમાં પર્વાદિ ચારે દિશામાં નિષ્કુ લોકના કિનારા [illegible] અને અઢારસો યોજનની જાડાઈ હોવી. સંપૂર્ણ મનુષ્ય [illegible] લોકાન્ત સુધી સમજવું. (એ ઉપરોક્ત અર્થ [illegible] મળી આવે છે. પહેલા નયથી તો સંપૂર્ણ [illegible] આ કથન કીધું છે, વ્યવહાર નયથી તો [illegible] આચાર્યોના આમ્નાયનાં અનુસાર કરતાં જ તે [illegible] આવે છે.

[illegible] સ્થાવર કાયને ઉપપાતની અપે- [illegible] તો શું તેઓ આગંતુક (બાદ વાળા) [illegible]

[illegible]

[illegible]

કરોડ પણ કહી શકાય છે. તથા તેથી આગળ અસંખ્ય વર્ષ સુધીના પણ હોઈ શકે છે. તેથી જ્યાં જેવો પ્રસંગ હોય ત્યાં તેવું સમજવું જોઈએ.

પ્રશ્ન ૧૨૭૪ :—સિદ્ધશિલાને "સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોની સુખકારી"નું વિશેષણ આપ્યું છે. પૃથ્વીકાય હોવા છતાં તેઓ સર્વ જીવોના સુખકારી કેવી રીતે હોઈ શકે છે?

ઉત્તર :—સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોને ઉપદ્રવકારી ન હોવાથી સિદ્ધશિલાને સુખ આપવાવાળી બતાવી છે. ત્યાં ઉત્પન્ન થનારા સર્વ જીવોની આ પૃથ્વી સુખકારી છે. કારણ કે ત્યાં ઠંડી વગેરે દુઃખનો અભાવ છે. અર્થાત્ ત્યાં ઠંડી વગેરે દુઃખનું કારણ ન હોવાથી તેને થી કોઈને સુખ આપનારી બતાવી છે.

પ્રશ્ન ૧૨૭૫ :—ભાવ મન રૂપી છે કે અરૂપી? જો અરૂપી હોય તો સિદ્ધ ભગવાનને પણ હોવું જોઈએ. પરન્તુ તેમને તો નથી?

ઉત્તર :—ભગવતી સૂત્રના શ. ૧૩ ઉ. ૭ માં મનને આત્માથી અન્ય, રૂપી, અચિત, અજીવ સ્વરૂપ વગેરે બતાવ્યું છે. તથા ૧૨ મા શતકના ૫ મા ઉ. માં મનને ચારસ્પર્શવાળું રૂપી બતાવ્યું છે. એ જ ઉદ્દેશામાં લેશ્યા સંબંધી પ્રશ્નના ઉત્તરમાં લેશ્યાના ભેદ કરીને ભાવલેશ્યાને અરૂપી અને દ્રવ્ય લેશ્યાને આઠ સ્પર્શવાળી રૂપી બતાવી છે. જો આ અંતર મનના ભેદોમાં પણ હોત તો અવશ્ય ભેદ કરવાનું ફરમાવત, પરંતુ એમ ન કહેતા માત્ર રૂપી જ બતાવી છે. પન્નવણા તથા નંદીની ટીકામાં દ્રવ્યમન [મનના ગ્રહણ કરેલા પુદ્ગલ] ભાવમન વગર પણ હોઈ શકે છે. પરંતુ ભાવમન [તે ગ્રહણ કરેલા પુદ્ગલોથી મનન કરવું] દ્રવ્યમન વગર હોઈ શકતું નથી એવું બતાવ્યું છે. ઈત્યાદિ પ્રમાણોથી બંનેના ભાવમન પણ રૂપી હોવાનું સમજાય છે.

પ્રશ્ન ૧૨૭૬ :—ભાવલેશ્યાને કયા આધારે અરૂપી બતાવી છે?

ઉત્તર :—કૃષ્ણાદિ દ્રવ્યોના સંબંધથી થનાર આત્માના પરિણામ વિશેષને ભાવલેશ્યા કહે છે. ભાવલેશ્યા પરિણામ સ્વરૂપ હોવાથી અરૂપી બતાવી છે.

પ્રશ્ન ૧૨૭૭ :—દશવૈકાલિક અધ્યયન ૮. ગાથા ૬૧ નો અર્થ ગુણોનું પાલન કરવાનું કહ્યું છે કે શ્રદ્ધાનું પાલન કરવાનું કહ્યું છે?

ઉત્તર :—પૂછેલાં પ્રશ્નની ગાથાનો અર્થ નીચે પ્રમાણે સમજવો.

જે શ્રદ્ધાથી તથા વૈરાગ્યભાવથી ઉત્તમ ભાવિકોએ સ્વીકાર કર્યો છે, તે જ શ્રદ્ધા તથા પૂર્ણ વૈરાગ્યથી મહાપુરુષોએ બતાવેલા ઉત્તમ ગુણોમાં અનુરક્ત થઈને સાધુઓએ સંયમધર્મનું યથાર્થ પાલન કરવું જોઈએ. અર્થાત્ એ જ શ્રદ્ધાથી ગુણોનું પાલન કરવાનું બતાવ્યું છે.

પ્રશ્ન ૧૨૭૮ :—શ્રી અમોલક ઋષિજી મહારાજ કૃત પન્નવણાના પૃષ્ઠ ૨૬૦ મા ત્રસકાયના પર્યાપ્તથી અપર્યાપ્તા અસંખ્ય ગુણુ બતાવ્યા છે, જ્યારે અમદાવાદ વાળા પન્નવણાના પૃષ્ઠ ૩૬૯ માં ત્રસકાયના પર્યાપ્તથી અપર્યાપ્તા સંખ્યાત ગુણુ બતાવ્યા છે, આ બંનેમાંથી સાચો અર્થ કયો છે?

ઉત્તર :—ત્રસકાયના પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યગુણા છે. તેથી જેઓ અસંખ્યગુણા કહે છે તે જ બરાબર છે.

—પ્રશ્ન ૧૨૭૯ :—મરણના અંતિમ સમયમાં કેવળ સમુદઘાત કયારે થાય છે, અંત મુંહુર્ત બાકી રહે ત્યારે થાય છે કે તે પહેલાં થઈ શકે છે?

ઉત્તર :—કેવલી-સમુદઘાત મરણાંતના અંતર્મુહુર્ત પહેલાં જ થાય છે, અધિક પહેલાં નહિ. આ બાબત સયોગી ભવસ્થ કેવલી અનાહારકનું જે અંતર જીવાભિગમમાં બતાવ્યું છે, તેથી સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન ૧૨૮૦ :—મિશ્ર સમકિતની સ્પષ્ટ વ્યાખ્યા શી હોઈ શકે છે? આઠમી ગાથાનો અર્થ શો છે?

ઉત્તર :—જેવી રીતે નાલિકેર દ્વીપના મનુષ્યોને અન્ન ઉપર અત્યંત આદર તથા અપ્રીતિ નથી થતી એવી જ રીતે મિશ્ર-મોહનીય કર્મના ઉદયથી જિન વચનો ઉપર આભ્યંતર રૂચી રૂપ રાગ, અને આભ્યન્તર અરૂચિ રૂપ દ્વેષ એ બંને થતા નથી.

તેમાં મિથ્યાત્વના દળીયાનાં ચૌઠાણિયા અને તિઠાણિયાનો રસ ન રહેતાં બેઠાણિયા રહે છે. (સમકિત મોહનીયમાં તો બે ઠાણિયા રસ પણ હઠી જઇને માત્ર એક ઠાણિયા રસ જ રહે છે.) જુદા જુદા શ્વાસોશ્વાસ રૂપ અંતર્મૂહુર્તની તેની સ્થિતિ હોય છે. તેમાં જીવ મરણ પામતો નથી અને આયુષ્ય કર્મ પણ બાંધતો નથી. આ મિશ્ર ગુણ સ્થાનરૂપ મિશ્ર સમકિત સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તામાં જ હોય છે. સમકિત પ્રાપ્ત થયા પછી જ મિશ્રસમકિત પ્રાપ્ત થાય છે, તેથી મિશ્રવાળો જીવ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળની અંદર અવશ્ય મોક્ષમાં જાય છે.

પ્રશ્ન ૧૨૮૧ :—સૂત્રકૃતાંગ સૂત્રના બીજા અધ્યયનથી ત્રીજા શતકની આઠમી ગાથાનો અર્થ શું છે?

ઉત્તર :—પૂછેલા પ્રશ્નની ગાથાનો અર્થ આ પ્રમાણે છે. આ મૃત્યુલોકમાં અન્ય વસ્તુઓની વાત જ શી છે? સમસ્ત સુખોનું સ્થાન પોતાના જીવનને જ પહેલા દેખો. આ જીવન અનિત્ય છે અને અવીચિમરણથી દરેક ક્ષણે વિનાશી છે. સમસ્ત આયુષ્ય ક્ષીણ થતાં અથવા અધ્યવસાન [અત્યંત હર્ષ અને વિષાદને કારણે ખૂબ ચિંતા કરવી] નિમિત્ત સ્વરૂપ ઉપક્રમને કારણે કોઈ [સોપક્રમવાળા] શતાયુ પુરુષ પણ યુવાવસ્થામાં [આયુષ્ય સમાપ્તિ પહેલાં આયુષ્યના ત્રીજા ભાગમાં] જ મરી જાય છે. અથવા નિરૂપક્રમ-

વાળા પણ સહજ આયુષ્યની સમાપ્તિ થતાં ચાલ્યા જાય છે, આ આયુષ્ય સાગરોપમની અપેક્ષાએ કોઈ વિસાતમાં નથી, એટલા માટે આ આયુષ્ય થોડા દિવસના નિવાસ સમાન છે એમ સમજો. આયુષ્યની આવી અવસ્થામાં ક્ષુદ્ર (લઘુ) પ્રકૃતિનો જીવ જ શબ્દાદિ વિષયોમાં આસક્ત થાય છે, અને આસક્ત થઈને નરક વગેરે દુઃખનાં સ્થાનોને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન ૧૨૮૨ :—સૂત્રકૃતાંગ સૂત્રના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા અધ્યયનની ચોથી, આઠમી તથા દશમી ગાથાનો અર્થ શો છે?

ઉત્તર :—તે ગાથાઓનો અર્થ નીચે પ્રમાણે ધ્યાનમાં આવ્યો છે.

તીર્થંકર, સર્વજ્ઞ તથા સર્વ ભવ્ય જીવો મોક્ષમાં ચાલ્યા જશે તેથી સર્વ ભવ્ય જીવોનો વિચ્છેદ થશે અર્થાત્ આ જગત ભવ્ય વગરનું બની જશે. બધા પ્રાણીઓ વિસદૃશ છે તથા સદૃશ છે. બધા પ્રાણીઓ કર્મ-બન્ધનથી બંધાયેલાં જ રહેશે. તીર્થંકર હંમેશા શાશ્વત રહેશે વગેરે એકાંત વાક્ય બોલવું જોઈએ નહિ, કેમકે આ પ્રમાણે બોલવાથી દર્શનનો અનાચાર થાય છે. ॥ ૪ ॥

જે સાધુ આધાકર્મી આહાર, વસ્ત્ર, વસતિ વગેરે ભોગવે છે, તેઓ પરસ્પર પાપકર્મથી લેપાયેલાં જ છે, અથવા લેપાયેલાં નથી. એ પ્રકારનું એકાન્ત વચન ન બોલે.

તાત્પર્ય—(૧) છદ્મસ્થતાને કારણે આધાકર્મી આહારાદિ ભોગવવાવાળાના આંતરિક ભાવોનું જ્ઞાન ન હોવાથી નિશ્ચયકારી ભાષા બોલવાનો નિષેધ કર્યો છે, શુદ્ધિનું પૂરું ધ્યાન રાખવા છતાં પણ જૈનમુનિની અજાણમાં આધાકર્મી આહાર વગેરે ભોગવવામાં આવી ગયા હોય તે મુનિને તથા (૨) પ્રથમ તીર્થંકરના સાધુ વર્ગ સિવાય અન્ય તીર્થંકરોનાં સાધુવર્ગમાં જેના માટે આહારઆદિ કરવામાં આવ્યા હોય, તેમને છોડીને બાકીનાં મુનિઓના કામમાં આવ્યા હોય તેમને અને (૩) અન-એષણીય આહારાદિ આવવાથી છેદોપસ્થાપનીય ચારિત્ર દેવા યોગ્ય નવદીક્ષિતને દેવાનું વિધાન હોવાથી તેને દેવાથી, તે આહારને કામમાં લેતો હોય તો તેને—એ બધાને કર્મનો બંધ થયો એમ કેમ કહી શકાય? આવી પરિસ્થિતિમાં તેમને "તે સંબંધીનું કર્મ બંધન ન થયું હોવા છતાં પણ કર્મ બંધન થયું એમ કહેવું તથા ઉપરોક્ત પ્રકારના મુનિઓ સિવાય જેઓએ આધાકર્મી આહારાદિ જાણી બૂઝીને ભોગવ્યા હોય તેમને તે સંબંધી કર્મબંધ થયો હોવા છતાં પણ કર્મબંધ નથી થયો એમ કહેવું તે અનાચિર્ણ દોષ બતાવ્યો છે. આ ગાથામાં વ્યવહારિક સંબંધી અનાચારનું વર્ણન કરવામાં આવ્યું છે." ॥ ૮ ॥

આ જે ઔદારિક, આહારક અને કાર્મણ આદિ શરીર છે તે બધા એક જ છે અથવા એકાન્ત રૂપે તે ભિન્નભિન્ન છે, તે બંનેને એકાન્તરૂપે વચન ન કહેવું જોઈએ, કારણ કે એ પાંચે શરીર કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે, તેમજ બધા પદાર્થોમાં બધી



ઉત્તર :—સ્વાધ્યાયને માટે આવો નિયમ લાગુ કરવામાં આવતો નથી.

પ્રશ્ન ૧૩૦૬ :—એકેન્દ્રિયને સ્પર્શ કરવામાં પ્રાયશ્ચિત બતાવ્યું છે, તો બે ઇન્દ્રિય વગેરે જીવોનો સ્પર્શ થઈ જાય તો પ્રાયશ્ચિત કેમ બતાવ્યું નથી? જો એકેન્દ્રિય જીવોના મૃત્યુને ન જાણવાની આશંકાથી જ પ્રાયશ્ચિતનું વિધાન છે, તો દંડ પણ શંકાયુક્ત પ્રકારે હોવો જોઈએ, નિશ્ચયાત્મક નહિ?

ઉત્તર :—પૃથ્વી, પાણી, અગ્નિ, કોમળ લીલોતરી, ફુલ વગેરે અનેક એકેન્દ્રિય જીવોના સ્પર્શથી, અનેક જીવોની વિરાધના થઈ જાય છે, પરન્તુ બેઇન્દ્રિય આદિ જીવોના સ્પર્શથી વિરાધના થાય છે એવો એકાન્ત નિયમ નથી. હાં, જો કદાચ બેઇન્દ્રિ આદિ મરી જાય અથવા તેઓને ખાસ તકલીફ (પીડા) પહોંચે તો તેનો પણ દંડ (પ્રાયશ્ચિત) આવે છે, હવે રહી બાબત ધાન્યની કણ વગેરે પગ નીચે દબાય તેની; તો તેઓ દબાવાથી મરે, કે ન પણ મરે, પરન્તુ પગ નીચે દબાવાથી તે એકેન્દ્રિય જીવોને બહુજ પીડા થાય છે. ભગવાને, ભગવતી શ.૧૯ ઉ.૩માં, વૃદ્ધનુ દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે. તેથી તે એકેન્દ્રિય જીવોને પીડા થતી હોવાને કારણે, પ્રાયશ્ચિત લેવું અનિવાર્ય છે. આ બાબત શંકાયુક્ત નથી.

પ્રશ્ન ૧૩૦૭ :—કેવળજ્ઞાની. સમુદ્ઘાત કરે છે કે સ્વાભાવિક હોય છે? માનવીના કર્તવ્યને અસંખ્યાત સમય લાગે છે, જો તેને સ્વાભાવિક માનવામાં આવે. તો શાને હોવી જોઈએ. કર્મોની આ પ્રકારની સમુદ્ઘાત સ્વાભાવિક મની અસંગત લાગે છે?

ઉત્તર : [illegible] આદિ [illegible]ની શક્તિની અપેક્ષાએ તો, કેવળીને સમુદ્ઘાત કરવાનું [illegible], [illegible] હસ્ત, પાદ આદિની પ્રવૃત્તિથી નહિં. હસ્ત, પાદ વગેરેની પ્રવૃત્તિના [illegible] લાગે છે, આંતરંગ ઉત્થાન આદિ શક્તિનું કાર્ય તો [illegible] [illegible] કરી શકે છે. તેથી આઠ સમયમાં કરવામાં હરકત નથી.

પ્રશ્ન ૧૩૦૯ :—ભવનપતિ દેવોમાં, અપર્યાપ્ત અવસ્થામાં કેટલા ગુણ-સ્થાનક હોય છે?

ઉત્તર :—ભવનપતિ દેવોના અપર્યાપ્તમાં, કોઈમાં પ્રથમ, કોઈમાં બીજું અને કોઈમાં ચોથું–આ રીતે ૩ ગુણ સ્થાનક હોય છે.

પ્રશ્ન ૧૩૧૦ :—ભવનપતિ દેવોમાં, અપર્યાપ્ત અવસ્થામાં કેટલા પ્રાણ હોય છે? તેમને મન, વચન અને શ્વાસોશ્વાસ હોતા નથી, તેઓ શ્વાસો-શ્વાસ લીધા વગર કેવી રીતે જીવી શકે છે?

ઉત્તર :—વાટે વહેતા ભવનપતિમાં એક આયુષ્ય–બલપ્રાણ હોય છે, કોઈ કાયબળ પ્રાણ સાથે બે બલપ્રાણ વાટે વહેતામાં માને છે, શરીર પર્યાપ્તિ પૂર્ણ થતાં કાયબલ પ્રાણ સાથે બે પ્રાણ હોય છે. ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થતાં, પાંચ ઇન્દ્રિયોના પાંચ પ્રાણ વધવાથી સાત પ્રાણ થઈ જાય છે. શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થતાં શ્વાસોશ્વાસ સહિત આઠ પ્રાણ હોય છે. ભાષા અને મન–પર્યાપ્તિ પૂર્ણ થતાં, પર્યાપ્ત થઈ જાય છે. તેથી દશેય પ્રાણો હોય છે. ચોથી પર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં, સઘળા જીવો, શ્વાસોશ્વાસ વગર જીવિત રહે છે.

પ્રશ્ન ૧૩૧૧ :—તિલોક પ્રજ્ઞપ્તિની ૨૮૨ મી ગાથામાં ક્ષયોપશમને છોડીને છ સમકિત નરકમાં બતાવી છે, તો તે કેવી રીતે?

ઉત્તર :—તિલોક પ્રજ્ઞપ્તિ તો જોવામાં આવી નથી પરંતુ બીજે સ્થળે સાતેય સમકિત નરકમાં બતાવી છે, કોઈને પણ બાકી રાખી નથી.

પ્રશ્ન ૧૩૧૨ :—નારાયણ, પ્રતિનારાયણ, બળભદ્ર અને ચક્રવર્તિ નરક-માંથી નીકળીને થતા નથી, તો પણ ચક્રવર્તીની આગતિ ૮૨ બોલની બતાવી, તો તે કેવી રીતે?

ઉત્તર :—પ્રજ્ઞાપના પદ ૨૦ નાં પ્રમાણથી પ્રથમ નરકમાંથી નીકળીને ચક્રવર્તી તથા પહેલી અને બીજી નરકમાંથી નીકળીને વાસુદેવ (નારાયણ) અને બળભદ્ર થઈ શકે છે.

પ્રશ્ન ૧૩૧૩ :—પંદર પરમાધામી દેવ શું અસુર કુમાર જાતિના છે?

ઉત્તર :—પંદર પરમાધામી અસુરકુમાર જાતિના જ દેવ છે.

પ્રશ્ન ૧૩૧૪ :—"[illegible]"—કોઈ ધર્મ સાથે સંબંધ રાખનારી કથાઓ સાંભળીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તો નારકીના જીવોને ધર્મકથા સાંભળવાનો યોગ કેવી રીતે મળે છે?

ઉત્તર :—પ્રજ્ઞાપના પદ ૨૦ નાં પ્રમાણથી સ્પષ્ટ થાય છે કે દેવોના નિમિત્તથી નારકીના જીવોને પણ ધર્મ સાંભળવાનો અવસર મળે છે.

પ્રશ્ન ૧૩૧૫ :— અણિમા વગેરે ઋદ્ધિ કોને કહે છે?

ઉત્તર :—આઠ ઋદ્ધિના સ્તવનમાં નીચે પ્રમાણે બતાવવામાં આવ્યું છે.

"प्रथमा ऋद्धि अणिमा नाम, नान्हो रूप करे सूक्ष्म काम ।
कमल नाल में पेसी जाय, चक्री केरा सुख भुगताय ॥१॥
दूजी महिमा ऋद्धि अभिराम, मेरु थकी मोटो तनु थाय ।
विष्णुकुमार तणी परे होय, सुर-नर देख डरे बहु कोय ॥२॥
लघिमा वायु परे तनु थाय, गरिमा वज्र सो शरीर बनाय ।
इन्द्रादिक नहीं सके उठाय, चौथी गरिमा नाम कहाय ॥३॥
प्राप्ति पंचमी ऋद्धि की बात, फेरे भू बैठा मेरु पर हाथ ।
प्रा काम्य छठी ऋद्धि गुण एह, जल पर भू पर ज्युं फिरे जेह ॥४॥
ईशित्व सप्तमी ऋद्धि का नाम, तीर्थंकर ऋद्धि करे सुख धाम ।
अष्टमी वशित्व जग वश थाय, सुर नर पूजे तेहना पाय ॥५॥
अष्ट सिद्धि प्रभु नामे मले, प्रभु नामे लक्ष्मी अविचले ।
प्रभु नामे हुवे मंगल माल, मुनिराम कहे सब टले जंजाल ॥६॥

પ્રશ્ન-૧૩૧૬ :—બધા ભવનોમાં ચૈત્ય-વૃક્ષ નિશ્ચયથી જીવોની ઉત્પત્તિ અને તેમના વિનાશનું કારણ હોય છે, તો તે કેવી રીતે ?

ઉત્તર :—ચૈત્ય-વૃક્ષોની કોમળતા તથા પ્રફુલ્લતાથી દેવદેવીઓને તે સંબંધી થતું મૃત્યુ તથા ઉત્પત્તિનું જ્ઞાન થઈ શકે છે. પરંતુ ચૈત્ય-વૃક્ષો પોતે જીવોની ઉત્પત્તિ અને વિનાશનું કારણ છે, એમ સમજવું જોઈએ નહીં.

પ્રશ્ન-૧૩૧૭ :—" सम्मत्त रयणजुत्ता, निब्भरभत्तीय णिच्चमच्चंति । कम्मखवणनिमित्त देवा, जिणणाहपडिमाओ ॥ ५४ ॥ **તો પછી માનવીઓએ મોક્ષને અર્થે જિન પ્રતિમાનું પૂજન કેમ ન કરવું જોઈએ ?**

ઉત્તર :—તેમની માન્યતાઅનુસાર તેઓ ત્રિલોકપ્રજ્ઞપ્તિમાં કહે છે. પરંતુ તે શાસ્ત્ર-સંગત નથી. આનંદ વગેરે શ્રાવકોના વર્ણનમાં આ પૂજા વગેરેનું વર્ણન નથી તથા સાધુઓને પણ દર્શન કરવાની આજ્ઞા તથા દર્શન ન કરતા પ્રાયશ્ચિત લેવાનું પણ કહ્યું નથી તેથી આ વાત તેઓએ વ્યક્તિગત માન્યતા અનુસાર રચેલી હોય એમ જણાય છે. આગમ પ્રમાણથી તે પ્રમાણિક નથી.

પ્રશ્ન ૧૩૧૮ :—આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કન્ધમાં કહ્યું છે કે " जाणमाणोवि ण जाणत्तिवयें " **। તો શું આ કાયરતા શીખવતું નથી ? ઉલ્ટું એ હોવું આવશ્યક હતું કે** " जाणमाणोवि ण वदिज्जामी "

એ પ્રમાણે કહી શકાય છે. તેથી આ પાઠ કયા પ્રાણિઓને ઉદ્દેશીને કહે-વામાં આવ્યો છે?

ઉત્તર :—"जाणंवा णो जाणंति वएज्जा" પાઠનો અર્થ જાણવા છતાં પણ હું જાણું છું એમ ન કહે અર્થાત્ મૌન જ રહે એ અર્થ જ બરાબર સંગત છે. આવો અર્થ કરવાથી જ આ આલાવાના શબ્દો સાથે બરાબર મેળ બેસે છે.

પ્રશ્ન ૧૩૧૯ :—ખૂબ ગરમી અને ખૂબ ઠંડી લાગવા છતાં પણ અનાજ નિર્જીવ બનતું નથી તો પછી માત્ર સ્પર્શથી જ નિર્જીવ થઈ જાય છે, એવી કલ્પના કરવી કયાં સુધી ઉચિત છે?

ઉત્તર :—ખૂબ ગરમી, ખૂબ ઠંડી અને સ્પર્શથી પણ કોઈ કણ નિર્જીવ બની શકે છે. નિર્જીવ બનવાનો એકાંત નિષેધ નહીં કરવો જોઈએ. કદાચિત કોઈ નિર્જીવ ન પણ થાય. તો પણ પીડા તો જરૂર થાય છે. તેથી પ્રાયશ્ચિત લેવું અનિવાર્ય થઈ પડે છે.

પ્રશ્ન ૧૩૨૦ :—ભગવતી સૂત્રમાં કહ્યું છે કે છ મહિનામાં નિમિત્ત ઘાયલ મરે તો પ્રાણાતિપાત ક્રિયા લાગે છે, તો જેનું આયુષ્ય સ્વભાવિક ઓછું હોય અને નિમિત્ત મળી જાય તો શું પ્રાણાતિપાતક્રિયા ન લાગે?

ઉત્તર :—છ મહિનામાં મરવાથી જે પાંચમી ક્રિયા બતાવી છે, તે વ્યવહારનયથી સમજવી જોઈએ, પરંતુ ખરી રીતે તો એમ સમજવું જોઈએ કે તે પ્રહાર કરતી વખતે મરી જાય તો પાંચમી ક્રિયા લાગે છે. આ પ્રકારનું સ્પષ્ટિકરણ ભગવતી શ. ૧, ઉ. ૮ની ટીકામાં આપ્યું છે.

પ્રશ્ન ૧૩૨૧ :—નાસ્તિક વ્યક્તિ માને છે કે શરીરનાં વિનાશની સાથે આત્માનો પણ વિનાશ થઈ જાય છે. તપ, જપ કરવાની કોઈ જરૂર નથી. જો કે રાજપ્રશ્નીય સૂત્રમાં તેનું થોડુંક સમાધાન છે. પરંતુ તે માત્ર દૃષ્ટાંત રૂપે છે. જો આત્માનો વિનાશ થવો માનવામાં આવે તો ક્યા ક્યા દોષ લાગે છે?

ઉત્તર :—શરીરના અનેક પરમાણુઓ વિનાશ કરવાથી ચેતનાની અવસ્થા સ્વયં ઉત્પન્ન છે. તેથી તેમાંથી ચેતનની ઉત્પત્તિ થવી શક્ય નથી તેમજ તેનો નાશ થવો તે પણ શક્ય નથી.

દેહ, ઇન્દ્રિય [illegible]
[illegible]
[illegible]
[illegible]
અર્થાત્ [illegible] નથી.

પ્રશ્ન ૧૩૨૬ :—કર્મ અને ગ્રહ શી વસ્તુ છે? તેમનો પરસ્પર શો સંબંધ છે અને શું અંતર છે? જ્યોતિષ જાણનારા કર્મોની દશા જાણીને ગ્રહોના ફળ બતાવે છે શું? જેમની જન્મ પત્રિકા બરાબર બનેલી હોય અને તે જ્યોતિષ વિદ્યામાં પ્રવીણ હોય તે સુખ-દુઃખ-લાભ-અલાભ ને એટલે સુધી કે આયુષ્ય પણ બરાબર બતાવી શકે છે, આ કઈ રીતે સંભવિત છે?

ઉત્તર :—કર્મ એ ચાર સ્પર્શી પુદ્ગલ છે. મિથ્યાત્વ રૂપ પોતાના ભાવોથી જ તે પુદ્ગલ, જીવના પ્રદેશોની સાથે સંબંધિત થઈને, યોગ્યતાનુસાર અનુભાગ બતાવીને પુનઃ અલગ પણ થઈ જાય છે. તે ગ્રહ જ્યોતિષ દેવ છે. કર્મોનો સંબંધ જેવી રીતે અન્ય સંસારી જીવો સાથે છે તેવી જ રીતે ગ્રહરૂપ જ્યોતિષી દેવોની સાથે પણ છે. બીજો કોઈ ખાસ સંબંધ જાણવામાં નથી.

જેમ નેત્ર આદિ અંગ પોતે કાંઈ સમજતું નથી, પરન્તુ તેના ફરકવાથી શુભ, અશુભ, લાભ-અલાભ વગેરેનું અનુમાન બુદ્ધિમાનોએ કર્યું છે. અને વિશેષ જ્ઞાનીઓએ તો તદ્રૂપ મેળ પણ મેળવ્યો છે, એજ પ્રમાણે છીંક, જાનવરોની બોલી, શસ્ત્રાદિનું ખૂંચન, વિજળી, ધુમ્મસ, માછલી, સમુદ્રમત્સ્ય, વાંદરાનું હસવું, પ્રકાશના ચિહ્નો, ભૂકંપ, આકાશે પક્ષનું ફરવું, વગેરે વસ્તુઓ ઉપરથી શુભાશુભ આદિ ફળ બતાવ્યા છે. તેના પરથી સાધારણ જ્યોતિષી ફલાદેશ આપે છે. જેવું કર્મ ઉદયમાં આવ્યું હોય તેવો સંયોગ મળે છે, નહિ તો કોઈ પણ પ્રકારે તેમના પર પ્રતિબંધ લાગી જાય.

પ્રશ્ન ૧૩૨૭ :—પૂર્વના તીર્થંકરોના સમયમાં લોગસ્સ કેવો હતો?

ઉત્તર :—મહાવિદેહ ક્ષેત્રની જે કોઈ વિજયમાં, જે તીર્થંકરનું શાસન ચાલતું હોય તે તીર્થંકરના નામનો લોગસ્સ હોય છે. ભરત અને ઐરવત ક્ષેત્રમાં વર્તમાન ચોવીશીમાં, ઋષભ એ ઇત્યાદિ જેટલા તીર્થંકર થયા હોય એટલા તીર્થંકરોના નામનો લોગસ્સ હોય છે.

પ્રશ્ન ૧૩૨૮ :—સાધુ-સાધ્વીને કેટલા પાત્રો રાખવાનું કલ્પે છે? આ મર્યાદા કયા શાસ્ત્રના મૂલપાઠમાં કે અર્થમાં છે? વધારે પાત્રા રાખવા એ શું કલ્પની બહાર છે? અધિક રાખે તો પ્રાયશ્ચિત્તનું કારણ બને છે?

ઉત્તર :—જિનકલ્પી પ્રતિમાધારી વગેરે વિશિષ્ટ અભિગ્રહધારી સાધુ સિવાય, સ્થવિર કલ્પી સાધુ-સાધ્વીને માટે ચૌદ ઉપકરણ છે. કે જેનો નિશીથ [illegible] અર્થમાં, પણ પાત્ર (પાત્ર-પાત્રી) બતાવ્યા છે. [illegible] માં [illegible] [illegible] અર્થમાં [illegible] છે. [illegible] "[illegible]" [illegible] [illegible] છે. [illegible] નિશીથ સૂત્રમાં તે માટે [illegible] પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે.

પ્રશ્ન ૧૩૨૬ :—સાધુઓએ સાબુ, સોડાનો ઉપયોગ ન કરવો જોઈએ તે કયે સ્થળે આવ્યું છે, તથા ઉપયોગ કરે તો શું નુકસાન થાય? એકવાર સાબુ. સોડાથી વસ્ત્ર ધોવાય તો તેને વારંવાર ધોવા પડતા નથી, તેથી સમય બચે છે અને બચેલો તે સમય જ્ઞાન ધ્યાનમાં વધારે આપી શકાય?

ઉત્તર :—સાબુ. સોડા વગેરેથી કપડાં ધોવા તેમાં વિભૂષાનું કારણ દેખાય છે. સાધુને વિભૂષા કરવાનું દશવૈકાલિકના છઠ્ઠા અધ્યયનમાં નિષેધ છે અને એમ કરવું તે ચીકણા કર્મબંધનું કારણ બતાવ્યું છે. નિશીથમાં તે માટે ચોમાસી પ્રાયશ્ચિત કહ્યું છે.

ગામડાંનાં લોકોમાં તેમજ શોક વખતે નાગરિકોમાં પણ તેનો ઉપયોગ વર્જિત હોય છે. સાબુ. સોડામાં ખારની મુખ્યતા છે. ખારને ઠાણાંગના ૬ મા ઠાણામાં શસ્ત્ર (હિંસાનું સાધન) બતાવ્યું છે તેથી ત્યાગી-વૈરાગી સાધુવર્ગ દ્વારા તેનો ઉપયોગ કેમ

એક જ રજોહરણ રાખવાનું કહ્યું છે. પરઠવવા જતી વખતે બીજો રજોહરણ રાખવાની કોઈ જરૂર નથી.

પ્રશ્ન ૧૩૩૧ :—જ્યારે જૈન શાસ્ત્રમાં સ્પષ્ટ છે કે, કેવળ અષાઢ અને પોષ માસ જ વધે છે (અધિક માસ) આવી સ્થિતિમાં તો ૪૯ મે દિવસે સંવત્સરી કરવી ખાસ જરૂરી છે અને ૭૦ મે દિવસે ચોમાસી પ્રતિક્રમણ કરવું પણ એટલું જ જરૂરનું છે.

ઉત્તર :—જ્યાં સુધી જૈન સિદ્ધાન્તાનુસાર પૂરું પંચાંગ તૈયાર ન થાય, ત્યાં સુધી માત્ર પોષ અને અષાઢને અધિક માસ માનીને, ચાલવાથી અનેક મુશ્કેલીઓ ઉભી થશે. જેમકે-કોઈ વખત સિદ્ધાન્ત-અનુસાર પોષ વધ્યો અને લૌકિક-અનુસાર ચૈત્રથી લઈને અષાઢ સુધીના મહિનાઓમાંથી કોઈ મહિનો વધે, તો આવી સ્થિતિમાં હોળી-ચોમાસી ચૈત્રી પૂર્ણિમાએ કરવી પડશે. જો લૌકિક અનુસાર શ્રાવણ, ભાદ્રપદ અને આસોમાંથી કોઈ મહિનો વધે, તો હોળી ચોમાસી-ચૈત્ર-પૂર્ણિમાએ, અષાઢી ચોમાસી શ્રાવણ પૂર્ણિમાએ અને સંવત્સરી પર્વ આસોમાં મનાવવું પડશે.

કદાચ સિદ્ધાન્તાનુસાર, અષાઢ વધે અને લૌકિક અનુસાર ચૈત્ર, વૈશાખ અને જ્યેષ્ઠમાંથી કોઈ મહિનો વધે, તો અષાઢી ચોમાસી લૌકિક જ્યેષ્ઠ પૂર્ણિમાએ કરવી પડશે. તે વખતે સંવત્સરી મનાવવાની સ્થિતિ કેવી રહેશે તે પણ વિચારવા જેવું છે. જો લૌકિક અનુસાર શ્રાવણ, ભાદ્રપદ અને આસોમાંથી કોઈ મહિનો વધે, તો અષાઢી ચોમાસી લૌકિક શ્રાવણની અને સંવત્સરી આસોમાં મનાવવી પડશે.

ક્યારેક સિદ્ધાન્તાનુસાર પોષ અધિક થશે અને લૌકિક અનુસાર કોઈપણ મહિનો અધિક નહિં હોય, તો હોળી ચાતુર્માસ ચૈત્રી પૂર્ણિમાએ, અષાઢી ચોમાસી શ્રાવણ પૂર્ણિમાએ અને સંવત્સરી આસોમાસમાં આવશે. તેમજ સિદ્ધાન્ત અનુસાર અષાઢ અધિક આવશે અને લૌકિકમાં કોઈ પણ માસ અધિક નહિં થાય તો અષાઢી ચોમાસી શ્રાવણ પૂર્ણિમાએ અને સંવત્સરી આસોમાં થશે.

સિદ્ધાન્તાનુસાર કોઈવાર અધિક માસ ન હોય અને લૌકિક અનુસાર અધિક માસ હોય, તો આવી પરિસ્થિતિમાં ચોમાસી અને સંવત્સરી મનાવવામાં કેવી સ્થિતિ ઉત્પન્ન થશે!

૪૯ મા દિવસે સંવત્સરી કરવાનો ઉલ્લેખ [illegible] કોઈ સિદ્ધાંતમાં જોવામાં આવતો નથી. અને [illegible] પણ તેનો [illegible] જોવામાં આવતું છે. ૫૦ દિવસનું [illegible] પર્યુષણ સૂત્રમાં છે પરંતુ કેવલીગમ્ય છે [illegible] સાંવત્સરિક પ્રતિક્રમણ [illegible] ૫૦ દિવસ [illegible] જ કરે છે. જેમકે [illegible] ૫૦ દિવસ જ [illegible] દિવસે [illegible] અધિક ચોમાસીનું પ્રતિક્રમણ [illegible] પરંતુ [illegible] ઉચિત નથી. કેવલીગમ્ય સંવત્સરી [illegible] ૫૦ દિવસ [illegible].

આવી સ્થિતિમાં દર વર્ષે ૭૦ દિવસ જ કેવી રીતે કાયમ રહેશે તેનો વિચાર કરવો પણ જરૂરી છે.

પ્રશ્ન ૧૩૩૨ :—શુભ ક્રિયા અને અશુભ ક્રિયા બંને લાગે છે કે માત્ર અશુભ ક્રિયા જ લાગે છે? કોઇએ ધર્મ ધ્યાન કરવા માટે ઉપાશ્રય બનાવ્યો તેમાં જે હિંસા થઈ તેની પાપરૂપ ક્રિયા તથા ધર્મ ધ્યાન થાય છે તેની શુભક્રિયા લાગવી જોઈએ, મૃત્યુ સમયે મકાન વગેરેનો મમત્વ ન છોડયો તો તેની પરભવમાં પણ શુભ અને અશુભ બંને ક્રિયાઓ લાગે છે કે નહીં?

ઉત્તર :—શુભ અને અશુભ બંને પ્રકારના કર્મ મિશ્ર પક્ષનાં કાર્યમાં બંધાય છે પરંતુ મૃત્યુ પછી અવ્રત આશ્રયી પાછળની જે ક્રિયા લાગે છે તે પાપની લાગે છે, પુણ્યની નહી. આ વાત ભગવતી શ. ૫, ઉ. ૬ ની ટીકામાં બતાવી છે.

પ્રશ્ન ૧૩૩૩ :—સમ્યક્ત્વમાં મનુષ્યનાં આયુષ્યનો બંધ માનવામાં આવે તો કઈ કઈ હરકત ઉત્પન્ન થાય છે?

ઉત્તર :—દેવ અને નારકી તો સમ્યક્ દૃષ્ટિપણામાં મનુષ્યનું જ આયુષ્ય બાંધે છે. પરંતુ તીર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય સમ્યક્ દૃષ્ટિપણામાં કેવળ એક વૈમાનિક દેવનું આયુષ્ય બાંધે છે. આ વાત ભગવતી શ. ૩૦ માં સ્પષ્ટ છે.

પ્રશ્ન ૧૩૩૪ :—શંખ, પુષ્કલી[પોખલી] વગેરે શ્રાવકોએ ભોજન કરીને પૌષધવ્રત અંગીકાર કર્યું કે પૌષધ અંગીકાર કર્યા પછી ભોજન કર્યું?

ઉત્તર :—ઉપરના શ્રાવકોએ પૌષધમાં (દયા રૂપ પૌષધ) માં ભોજન કર્યું, એવું ભગવતી શ. ૧૨, ઉ. ૧ થી સ્પષ્ટ છે.

પ્રશ્ન ૧૩૩૫ :—શ્રાવકને માટે સર્વથા વનસ્પતિ, કાચું પાણી તથા સ્નાનનો ત્યાગ કયા શાસ્ત્રમાં છે?

ઉત્તર :—વનસ્પતિના સમારંભનાં ત્યાગી શ્રાવકથી પૃથ્વી ખોદતાં વૃક્ષનાં મૂળ છેદાઈ જાય તો તેના વ્રતનું ઉલ્લંઘન થતું નથી વગેરે વર્ણન, ભગવતી શ. ૭, ઉ. ૧માં છે. આથી સ્પષ્ટ થાય છે કે પૃથ્વી ખોદનાર કોઈ કોઈ શ્રાવક પણ વનસ્પતિનાં સમારંભનાં ત્યાગી હોય છે. તો પછી બીજા શ્રાવકો વનસ્પતિ, કાચું પાણી તથા સ્નાનના ત્યાગી હોય તેનું તો કહેવું જ શું! જ્ઞાતા ધર્મ કથા અધ્યયન ૧૩ માં જેવી રીતે નંદમણિયાર શેઠનો જીવ દેડકાના ભવમાં જીવનપર્યંત છઠ્ઠ છઠ્ઠની તપસ્યા સ્વીકારીને પણ પારણામાં પ્રાસુક જળ વગેરે ગ્રહણ કરતા હતા, એવી જ રીતે અનેક શ્રાવક સંપૂર્ણ સચિત્ત વસ્તુઓના ખાનપાનના ત્યાગી હોય છે.

પ્રતિમા ધારણ કરતા પહેલાં જો કોઈ શ્રાવકને સ્નાનાદિનો ત્યાગ ન હોય અને તે પ્રતિમા ધારણ કરે તો તેને પાંચમી પ્રતિમામાં સ્નાન અને રાત્રિ ભોજનનો, છઠ્ઠી

પ્રતિમામાં બ્રહ્મચર્યનો અને રાત્રીમાં સચિત્ત ખાનપાનનો ત્યાગ અવશ્ય કરે છે. આ વાત દશા શ્રુત સ્કંધના છઠ્ઠા અધ્યયનમાં છે.

પ્રશ્ન ૧૩૩૬:—છ અણગારોને અર્થાત્ ત્રણ સંઘાડાઓને શું ક્યાંય પણ આહાર ન મળ્યો કે જેથી તેઓ દેવકી મહારાણીને ત્યાં પધાર્યા? ને સમયે પુછગાછ કરીને ગોચરી જવાનો રીવાજ નહતો શું?

ઉત્તર:—ત્રણે સંઘાડાના મુનિઓએ ગોચરી કરવા માટે પ્રભુની આજ્ઞા મેળવી લીધી હતી એજ પ્રમાણે આજ્ઞા લેવાનો રિવાજ પણ હતો. મહોલ્લાના નામ લેવાની કોઈ જરૂરત ન હતી, કારણ કે અનેક સાધુઓના પ્રસંગમાં સૌની એકી ગોચરી જવાથી [illegible] વ્યવસ્થા જળવાતી ન હતી અને સમય પણ વધારે લાગી જતો. અનેક મુનિઓને અનેક પ્રકારના અભિગ્રહ તથા આયંબિલ આદિ વિવિધ પ્રકારની તપસ્યા હોવાથી અવ્યવસ્થા થવાની સંભાવના રહે છે તેથી આવા પ્રસંગો પર તો સેવા ઉપરાંત એક-એક મુનિ અથવા બે-બે અથવા ત્રણ-ત્રણ મુનિઓના સંઘાડાની વ્યવસ્થા હોય અને તેઓ જ પોતાના સંઘાડાના આહારપાણી વગેરેની વ્યવસ્થા રાખે તો એવા પ્રસંગ ઉપર આહારપાણી વિના કોઈને કારણે એકબીજાએ ફરેલા અથવા વગર ફરેલા ઘરોની સૂચના કરવાની કોઈ જરૂરત રહેતી નથી, જ્યાં જે મુનિને મુનિવિધિથી ભિક્ષા મળે તે મુનિ ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરે છે. ત્રણે સંઘાડાના મુનિ અન્યત્ર ભિક્ષા લેતા લેતા દેવકી મહારાણીને ત્યાં પણ પહોંચી ગયા હતા. એજ મુનિવરો ફરી પધાર્યા છે, એવું જાણવાથી દેવકીને શંકા થઈ. બીજા બીજા મુનિઓ પધાર્યા છે એવું જાણવામાં આવ્યું હોત તો દેવકીને શંકા થાત નહીં.

પ્રશ્ન ૧૩૩૭:—શ્રી નમસ્કાર મંત્રનાં પહેલાં અને પછી બીજ અક્ષર મુકવામાં આવે છે. તેમજ લોગસ્સનો પણ કલ્પ છે તો શું તે મૂળ પાઠનાં સ્મરણથી કર્મ કાપવામાં અધિક લાભ છે? જો કહેવામાં આવે કે સાંસારિક કાર્યોની સિદ્ધિ માટે આચાર્યોએ બનાવેલ છે, તો એમ કહેવું એ મિથ્યાત્વનું કાર્ય છે. પ્રશ્ન એ છે કે મિથ્યાત્વ લાગનારી પ્રવૃત્તિઓનું વિધાન આચાર્યોએ કેમ કર્યું?

ઉત્તર:—નમસ્કાર મંત્ર વગેરેની આગળ અને પાછળ બીજાક્ષર લગાવવાની કોઈ જરૂર નથી. ને લગાવવાથી કર્મ કાપવામાં અધિક લાભનો કોઈ આધાર પણ નથી. એજ પ્રમાણે લોગસ્સ વિગેરેના કલ્પ વિષે પણ સમજવું જોઈએ.

આ મંત્રોની સાધના સાંસારિક કાર્યોની સિદ્ધિ માટે કરાય છે [illegible] પ્રવૃત્તિ મિથ્યાત્વ માનવામાં આવે છે. [illegible] લૌકિક [illegible] મિથ્યાત્વની [illegible] છે. [illegible] મિથ્યાત્વ [illegible] એ [illegible] કરેલ છે.

પ્રશ્ન ૧૩૩૮ :—ભાવી તીર્થંકરોને નમસ્કાર કરવો જોઈએ કે નહીં ?

ઉત્તર :—કૃષ્ણ વાસુદેવ અને શ્રેણિક નરેશ વગેરેનો ભવિષ્યમાં તીર્થંકર થવાનો ખુલાસો થઈ જતા પણ તેમને કોઈપણ સાધુસાધ્વી વગેરે વંદણા કરી ન હતી. આ પ્રમાણથી સ્પષ્ટ છે કે ભાવિ તીર્થંકરોને પહેલાં નમસ્કાર કરવામાં આવતો નથી.

પ્રશ્ન ૧૩૩૯ :—ગ્રહણ વખતે જે અસજ્ઝાય રાખવામાં આવે છે તે ગ્રહણ છૂટું પડયા પછી પણ કેમ રાખવામાં આવે છે? ગ્રહણ પહેલાં કેમ નહીં? અન્ય મતાવલમ્બી સુતક લાગવાથી કેટલાક લોકો ભોજન વગેરે બંધ કરી દે છે? આ સૂતક શું છે?

ઉત્તર :—જૈન સિદ્ધાંતમાં ગ્રહણનું સૂતક બતાવ્યું નથી અને અસજ્ઝાય પણ ગ્રહણ થતાં પહેલાં બતાવી નથી. પરન્તુ ગ્રહણનાં સમયમાં અને સમાપ્તિમાં કેટલાક સમય સુધી આકાશમાં ઉપદ્રવ રહ્યો છે. તેથી તે સમયે અસજ્ઝાય રાખવામાં આવે છે.

પ્રશ્ન ૧૩૪૦ :—કેટલીક પૂર્ણિમા તથા વદ એકમની અસજ્ઝાય રાખવામાં આવે છે. તો બાકીની પૂર્ણિમાઓ અને પડવાઓ (એકમ) ને કેમ માનવામાં આવતી નથી?

તથા દશ વૈકાલિકનાં પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં મદિરાપાન કરનાર વેષધારીને ચોર, કપટી જૂઠો, ગુણ શૂન્ય, નિરંતર અસાધુ, દુર્મતિ, વિરાધક વગેરે કહ્યો છે. આ બધા પ્રમાણોથી સ્પષ્ટ છે કે શાસ્ત્રકારે માંસ અને મદિરાનો સર્વથા નિષેધ કર્યો છે.

પ્રશ્ન ૧૩૪૩ :—સ્વપ્ન કયા ઉદયથી આવે છે? તેરાપંથી અને સ્થાનકવાસી માન્યતામાં આ વિષયમાં શો મતભેદ છે?

ઉત્તર :—સ્વપ્ન દર્શન જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનાં ક્ષયોપશમથી થતું હોવાં છતાં પણ મુનિદર્શન વગેરેથી સંબંધીત શુભસ્વપ્ન મોહનીય કર્મના ક્ષયોપશમથી તથા વિકાર સંબંધી વગેરે અશુભસ્વપ્ન મોહનીય કર્મનાં ઉદયથી થાય છે. તેરાપંથીઓ, ભગવાન મહાવીરે ભૂલ કરવી અને પ્રમાદનું સેવન કરવું, સ્વપ્નની મદદથી પણ સિદ્ધ કરવા માંગે છે. પરન્તુ તેમનું કથન ન્યાયદૃષ્ટિથી સિદ્ધ થઈ શકતું નથી. તેનું વિશેષ સ્પષ્ટીકરણ સદ્ધર્મ મંડન પ્રશ્ન–૩૨૦–૩૨૧ અને ૩૩૧ માં કર્યું છે.

પ્રશ્ન ૧૩૪૪ :—ભગવતી સૂત્રમાં તીર્યંચયોનિને માતૃસ્થાન કયા આશયથી કહ્યું છે?

ઉત્તર :—તીર્યંચ યોની ઘણા જીવોનું આશ્રય-સ્થાન હોવાથી બધા જીવોની જનના સમાન છે.

અહિંયા ગૌતમ સ્વામિએ એવો પ્રશ્ન પૂછ્યો છે કે હે ભગવંત! જીવોએ કઈ ગતિમાં પાપકર્મનું ઉપાર્જન કર્યું હતું અને કઈ ગતિમાં પાપનું સમાચરણ [પાપ કર્મના હેતુભૂત પાપક્રિયાનું આચરણ] કર્યું હતું! ઉત્તરમાં ભગવાને આઠ વિકલ્પ બતાવ્યા, જેમાં પહેલો વિકલ્પ બધા જીવો તિર્યંચયોનીમાં હતા અને ત્યાં જ તેઓએ પાપકર્મનું ઉપાર્જન અને સમાચરણ કર્યું હતું. આ પ્રથમ વિકલ્પની ઉપર જે ટીકા છે, તેમાં નીચે પ્રમાણે ભાવ દર્શાવેલ છે. અમુક સમયમાં જે તીર્યંચ ગતિ સિવાય બાકીની નરક આદિ ત્રણ ગતિમાં જીવ હતા અને તેઓ કેટલાંક સમય પછી કેટલાક મોક્ષમાં અને કેટલાક બધા તે તીર્યંચ ગતિમાં આવ્યા ગયા હોય અને કાલ-ક્રમાગત ત્રણ ગતિનાં બધે જીવો તીર્યંચ ગતિમાંથી આવ્યા હોય એવા પ્રસંગમાં તે બધા જીવો તીર્યંચયોનીમાં હતા એમ કહેવાય છે. તેમણે ત્યાં નરક ગતિ વગેરેના હેતુભૂત પાપકર્મનું ઉપાર્જન અને સમાચરણ કર્યું [illegible] પહેલા શતકના બીજા ઉદ્દેશામાં [ચતુર્ગતિમાં] [illegible] છે. તીર્યંચ ગતિમાં રહેલા સર્વ જીવો [illegible] પણ [illegible] નથી, [illegible] [illegible] હોઈ શકતો નથી.

પ્રશ્ન ૧૩૪૫ :—કર્મ ક્યાં બંધાય અને ક્યાં ભોગવાય તે બાબતના [illegible] એમ આવ્યું છે કે, તીર્યંચ, નરક અને દેવમાં, તો તે કેવી રીતે હોઈ શકે? જ્યારે નરકનો જીવ દેવલોકમાં અને દેવલોકમાંથી નરકમાં ઉત્પન્ન થતો નથી?

તથા તે મિથ્યાત્વ સન્મુખ છે અને શીઘ્ર મિથ્યાત્વમાં જશે. તેથી તેમાં ઉપરના બે સમવસરણ બતાવ્યા છે. વિકલેન્દ્રિયને લઈને જ સમ્યક્ત્વ અને જ્ઞાનમાં વર્જીને બે સમવસરણ કહ્યા છે તે બરાબર છે.

પ્રશ્ન ૧૩૪૮ :—અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય કેટલી કર્મ પ્રકૃતિઓનો બંધ કરે છે?

ઉત્તર :—અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય અને એકેન્દ્રિયના જીવ ૧૪ કર્મ પ્રકૃતિઓને વેદે (ભોગવે) છે—જ્ઞાનાવરણીયથી લઈને અંતરાય સુધી ૮ કર્મની ૮ પ્રકૃતિ, ૯ શ્રોતેન્દ્રિયનું આવરણ અર્થાત્ શ્રોતેન્દ્રિયના અભાવનું દુઃખ ભોગવે છે. ૧૦ ચક્ષુઇન્દ્રિય-આવરણ ૧૧ ઘ્રાણેન્દ્રિય આવરણ ૧૨ રસેન્દ્રિય આવરણ ૧૩ સ્પર્શેન્દ્રિયનું આવરણ અને ૧૪ પુરુષવેદ-આવરણ, સ્પર્શ ઇન્દ્રિય અને નપુંસક વેદ તેને છે પરન્તુ તેનો અભાવ બતાવ્યો નથી.

પ્રશ્ન ૧૩૪૯ :—શર્કરા પ્રભા (પૃથ્વી-નરક) પૂર્વના છેડાથી મનુષ્ય-ક્ષેત્રમાં ઉત્પન્ન થવાની સમશ્રેણી નથી, એ કયા આશયથી કહ્યું?

ઉત્તર :—રત્ન પ્રભા પૃથ્વી તો આ જ છે, અર્થાત્ આપણે રત્નપ્રભા પૃથ્વીની ઉપરના ભાગમાં (છત ઉપર જ) રહીએ છીએ. તેથી આ પૃથ્વીના બધા છેડાથી એકેન્દ્રિય જીવોને મનુષ્ય ક્ષેત્રમાં ઉત્પન્ન થવા માટે સમ (બરાબર સીધામાં) શ્રેણી (પંક્તિ, લાઈન) હોય છે. પરન્તુ શર્કરાદિ પ્રભા પૃથ્વીઓ તો નીચે આવેલી છે તેના પૂર્વાદિ છેડાઓથી એકેન્દ્રિય જીવોને મનુષ્યક્ષેત્રમાં આવવા માટે સમશ્રેણી લાગુ નથી. તેથી સમશ્રેણીનો નિષેધ બતાવ્યો છે.

પ્રશ્ન ૧૩૫૦ :—આકાશના એક દેશમાં એકેન્દ્રિયના પર્યાપ્તા તથા અપર્યાપ્તા છે. રત્નપ્રભા અને સિદ્ધ શીલાની અપેક્ષાએ કયા આશયથી કહ્યું? શું આખાયે દેશમાં નથી? (ભગવતી પૃ. ૩૦૫૪)

ઉત્તર :—પૃ. ૩૦૫૪ ના [illegible]

છે, ત્યારે ભગવાન વર્ષીદાન આપીને દીક્ષા લ્યે છે. તથા બધા દેવ લોકની અપેક્ષાએ પાંચમા દેવલોકનું ક્ષેત્ર વિશાળ છે. તેથી તેને મોટું માન્યું છે.

પ્રશ્ન ૧૩૬૦ :—પ્રત્યેક તીર્થંકરની સાથે હજારો વ્યક્તિ દીક્ષા લે છે, કિન્તુ ભગવાન મહાવીર સ્વામીએ એકલા જ દીક્ષા કેમ લીધી?

ઉત્તર :—દીક્ષા અંગીકાર કરવી, પ્રત્યેક વ્યક્તિની પોતાની બાબત છે. તે સમયે કોઇની ઇચ્છા થાત તો તે, ભગવાનની સાથે દીક્ષા લઈ શકત તેમાં ભગવાનની કોઈ રૂકાવટ ન હતી. કોઈ પણ વ્યક્તિની ઇચ્છા એ સમયે દીક્ષા લેવાની ન થઈ, તેથી ભગવાને એકલા જ દીક્ષા લીધી.

પ્રશ્ન ૧૩૬૧ :—સમવાયાંગ સૂત્ર સમવાય ૧૧ મું સૂત્ર પાઠ આ પ્રમાણે છે. "लोगंताओ इक्कारसएहिं एक्कारेहिं जोयणेहिं आबाहाए जोइसंते पन्नते" તેમાં 'લોકાન્ત' શબ્દનો અર્થ શું છે? જ્યોતિપ-અન્ત, જ્યોતિપ ચક્રનો અન્ત ભાગ લોકાન્તથી ૧૧૧૧ યોજન કયા હિસાબથી બેસે છે?

ઉત્તર :—સમભૂમિ ભાગથી ૭૯૦ યોજન ઉપરથી જ્યોતિષી દેવોના વિમાન શરૂ થાય છે. અને ૯૦૦ યોજનની ઉંચાઈ સુધી છે. કુલ ૧૧૦ યોજનની ઉંચાઈમાં જ્યોતિષીઓના વિમાન આવેલાં છે. ત્યાં તિર્છા લોકની લંબાઈ પહોળાઈ એક રજ્જુ પરિમાણ છે. જેમાંથી ચારે તરફ ૧૧૧૧ યોજન કિનારાનો ભાગ છોડીને જ્યોતિષીઓના વિમાન આવેલાં છે. અર્થાત્ તીર્છા લોકના ૧૧૧૧ યોજન અંતિમ ભાગમાં જ્યોતિષીઓના વિમાન નથી. અહિં **જોઈ સંતે**નો અર્થ એ છે કે જ્યોતિષીઓના જે છેલ્લા બે વિમાન છે તેનાથી આગળ ચારે તરફ ૧૧૧૧ યોજન ઉપર તિર્છા લોકનો અન્ત છે. તે ૧૧૧૧ યોજન અંતિમ ભાગમાં લોક સ્વભાવથી જ જ્યોતિષ દેવોના વિમાન નથી.

પ્રશ્ન ૧૩૬૨ :—નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ શું છે?

ઉત્તર :—વસ્તુના મૂળ સ્વરૂપને નિશ્ચય અને તેને અનુકુળ પોષક બાહ્ય શુદ્ધ સાધનોને વ્યવહાર કહે છે.

પ્રશ્ન ૧૩૬૩ :—નિશ્ચય મોક્ષ માર્ગ નિર્વિકલ્પ અને વ્યવહાર મોક્ષ માર્ગ સવિકલ્પ આશ્રવ સહિત છે?

ઉત્તર :—જો કે નિશ્ચય મોક્ષ માર્ગ નિર્વિકલ્પ છે. અને વ્યવહાર મોક્ષ માર્ગ સવિકલ્પ તથા પુણ્યાશ્રવ સહિત છે. તથાપિ આવશ્યકતા બંનેની છે. જેમ કે—

"निश्चय वाणी सांभळी, साधन तजवां नोय ।
निश्चय राखी लक्षमां, साधन करवां सोय ॥
नय निश्चय एकांतथी, आमां नथी कहेल ।
एकांते व्यवहार नहीं, बन्ने साथ रहेल ॥

उपादाननुं नाम लई, ए जे तजे निमित्त।
पामे नहीं सिद्धत्व ने, रहे भ्रान्तिमां स्थित॥
अथवा निश्चय नय ग्रहे, मात्र शब्दनी मांय।
लोपे सद् व्यवहारने, साधन रहित थाय॥
त्याग विराग न चित्तमां, थाय न तेने ज्ञान।
अटके त्याग विरागमां, ते भूले निज भान॥"

તપ-સંયમથી ઉત્પન્ન થતાં પુણ્યાસ્રવની અપેક્ષાથી મુક્તિ માર્ગમાં સાધક પણ બને છે, જેમ કે મનુષ્યભવ, વજ્રઋષભ નારાચ સંઘયણ વગેરે.

પ્રશ્ન ૧૩૬૪ :—શું વ્યવહાર મોક્ષ માર્ગથી મુક્તિ છે?

ઉત્તર :—અપેક્ષાથી વ્યવહાર મોક્ષમાર્ગ મુક્તિનો હેતુ હોય છે. જેમ કે ઉત્તરાધ્યયન અધ્યયન ૨૮ ગાથા ૨૫ માં ક્રિયા રુચિને મોક્ષ માર્ગનો હેતુ કહેલ છે તથા ભગવતી શતક-૨, ઉદ્દેશક-૫ તથા ઠાણાંગ ઠા-૩ થી મુનિ સેવાનું ફળ પરંપરાથી ઠેઠ મોક્ષ સુધીનું બતાવ્યું છે ઇત્યાદિ અનેક પ્રમાણ છે.

પ્રશ્ન ૧૩૬૫ :—શું દ્રવ્ય પોતપોતાનામાં સ્વતંત્ર છે? શું એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ સહાયતા કરી શકે છે? અને જો કરી શકે છે તો કેવી રીતે?

ઉત્તર :—નિશ્ચયનયથી દ્રવ્ય પોતપોતાનામાં સ્વતંત્ર છે પરન્તુ વ્યવહારથી પરતંત્ર પણ હોય છે. તથા એક બીજાને અનુકૂલ તેમ જ પ્રતિકૂલ રૂપથી સહાયતા પણ કરી શકે છે. જેમ કે દુષ્ટ કર્મોના સંયોગથી નર, નારક આદિ રૂપ ધારણ કરે છે. ક્રોધથી લાલ બને છે, ભય [illegible] છે. મૂઢ બને છે. [illegible] જાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્ય ઉપર અસર કરે છે ત્યારે જ આત્માને [illegible], [illegible] દેખાડ્યું છે.

[illegible] સંયમ સાધનામાં તથા શુભયોગ સ્વાધ્યાય, સેવા, [illegible] વગેરેમાં સહાયક બને છે.

[illegible] દ્રવ્યોને છોડીને [illegible], [illegible], [illegible] વગેરે [illegible] છે. [illegible] પદ-પદાર્થ [illegible] દ્રવ્યોની ભિન્ન ભિન્ન [illegible] છે. [illegible] દ્રવ્ય એક બીજાને સહાયક હોય છે.

પ્રશ્ન ૧૩૬૬ :—દેખાતી જેટલી પણ વસ્તુઓ છે તે પ્રયોગ પરિણત અને મિશ્ર પરિણત જ છે, કે વિસ્રસા પરિણત પણ છે? આપણને પૃથ્વી, પાણી, આદિ સ્થાવર તથા ત્રસ, [illegible], [illegible], [illegible] વગેરે [illegible] [illegible] પરિણત પુદ્ગલ દેખાય છે. [illegible]

મુક્ત દેખીયે છીએ એવી જ રીતે વિસ્રસા પણ દેખાય છે અને પકડમાં આવે છે શું ?

ઉત્તર :—વિસ્રસા પરિણત પુદ્ગલોમાંથી કેટલાક પુદ્ગલ દેખાય છે. જેમ કે તડકો, છાંયડો, વાદલ, વાદલરૂપ વૃક્ષ, ઇન્દ્ર ધનુષ્ય, ઉદક-મત્સ્ય, જલકુંડ, વાયુકુંડ, વગેરે અનેક વિસ્રસા પરિણત પુદ્ગલ પણ દેખાય છે.

પ્રશ્ન ૧૩૬૭ :—અજીવનો ઉદયભાવ હોવો, એ પ્રજ્ઞાપના સૂત્ર પદ ૫ સૂત્ર ૧ ની ટીકામાં લખ્યું છે. ગોંડલ સંપ્રદાયના પૂજ્ય શ્રી પુરુષોત્તમજી મહારાજે પણ કેટલાક વરસ પહેલાં, એમજ કહ્યું હતું, શું આ બરોબર છે?

ઉત્તર :—અજીવનો ઉદયભાવ હોવાનું જે પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે તેનો આશય એ છે કે, કર્મના ઉદયથી અજીવમાં (જીવ દ્વારા ગૃહિત અજીવ-જડરૂપ શરીરાદિ) થનાર ઔદારિક આદિ શરીર, નામ કર્મના ઉદયથી, પુદ્ગલ દ્રવ્યરૂપ અજીવમાં નિષ્પન્ન થવાથી અજીવોદય નિષ્પન્ન કહેવાય છે. જીવોદય નિષ્પન્ન તો સીધો જીવ પર અસર કરે છે. જેમ કે—નારક આદિ પર્યાય, અજીવોદય નિષ્પન્ન સીધો જીવ પર અસર નથી કરતો. પરન્તુ જીવાશ્રિત શરીર વગેરે પર અસર કરે છે. જેમ કે-શરીરનો ગૌરવર્ણ થવો, કાળો વર્ણ થવો. એ જ પ્રકારે શરીરમાં ગંધ વગેરે ઉત્પન્ન થવા.

જે પુદ્ગલ જીવ આશ્રિત નથી, પણ કેવળ જડરૂપ જ છે, તેનામાં ઉદય ભાવ હોતો નથી, પરન્તુ [illegible] ભાવનું [illegible], કર્મના ઉદયથી જ માનવામાં આવેલ છે. આનું [illegible] પાન ૨૧૪ માં નવા ભાગની આ. ૪ પૃષ્ઠ ૩૨ ના [illegible]

" [illegible] "

આ અપેક્ષાથી સિદ્ધગતિને પાંચમી ગતિ કહી શકાય છે. [illegible]

" [illegible] "

પ્રશ્ન ૧૩૭૦ :—ઉત્તર ભરતમાં તીર્થંકર આદિ હોય છે કે નહિ? જો ન હોય તો કેમ?

ઉત્તર :—દક્ષિણ ભરતમાં જે તીર્થંકરોનું શાસન હોય છે તેમનું જ શાસન ઉત્તર ભરતમાં પણ હોવાનું સંભવિત છે. ઉત્તર ભરતમાં તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, (પ્રતિવાસુદેવ) જન્મતા નથી, જન્મે છે ફક્ત દક્ષિણ ભરતના મધ્ય ખંડમાં જ તથા તીર્થંકર આ ખંડમાં જ વિચરે છે. જે તીર્થંકર, ચક્રવર્તી પણ હોય છે તે ચક્રવર્તી અવસ્થામાં ખંડ સાધવા માટે ઉત્તર ભરતમાં જાય છે.

[illegible]

પ્રશ્ન ૧૩૭૧ :—[illegible]

ઉત્તર :—[illegible]

જોઈએ. કદાચ આવું પણ ન બન્યું, તો પાક્ષિકપર્વને દિવસે વૈરાગ્ય ભાવનાની વૃદ્ધિ કરી, સૂક્ષ્મ બુદ્ધિએ, અતિચારોનું નિરીક્ષણ કરીને, દોષોનો ત્યાગ કરી દેવો જોઈએ. કદાચ આમ પણ ન બની શક્યું, તો ચૌમાસી પ્રતિક્રમણ વખતે, એ પણ ન બન્યું તો છેવટે સંવત્સરી પર્વને દિવસે ઉત્તરોત્તર વૈરાગ્યની વૃદ્ધિ કરી પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થવું જોઈએ.

પ્રતિક્રમણ તો દેવસી આદિ પાંચ બતાવ્યા છે. તેથી સંવત્સરી પર અવશ્ય પ્રાયશ્ચિત લઈ લેવું જોઈએ. વ્યક્તિગત દોષોને તો સાધકનો આત્મા અને જ્ઞાની જ જાણી શકે છે. તેથી થયેલા દોષોની શુદ્ધિ તેના પોતાના આત્માપર અવલંબિત છે. પરન્તુ પ્રસિદ્ધ દોષોને અનેક માણસો જાણે છે એટલા માટે તેનું પ્રાયશ્ચિત સંવત્સરી સુધીમાં અવશ્ય લઈ લેવું જોઈએ.

પ્રશ્ન ૧૩૭૨ :—સાંભળ્યું છે કે, જેટલા તીર્થંકરો નામ કર્મના બંધવાળા છે એટલા વર્તમાનમાં ગર્ભજ મનુષ્ય પણ નથી. શું આ વાત સાચી છે?

ઉત્તર :—તીર્થંકરનો વિરહ (અંતર)લોકમાં કદી પણ પડતો નથી. લોકમાં ક્યારેય પણ ૨૦ તીર્થંકરોથી ઓછા તીર્થંકર હોતા નથી. તીર્થંકરોની દીક્ષાપર્યાય એક લાખ પૂર્વથી વધારે હોતી નથી. તીર્થંકર, નરક કે વૈમાનિક દેવમાંથી જ આવેલા હોય છે. વૈમાનિક દેવની સ્થિતિ એક પલ્યોપમથી ઓછી હોતી નથી. એક પલ્યોપમના કરોડ પૂર્વ અસંખ્ય હોય છે. તેથી એક પલ્યોપમમાં અસંખ્ય તીર્થંકરોના શાસન વ્યતીત થઈ જાય છે, તે અસંખ્ય તીર્થંકરો નરક કે દેવગતિમાંથી જ આવે છે. જેમકે–આજે કોઈ જીવ વૈમાનિક દેવોમાં જાય. તે તો એક પલ્યોપમ પહેલાં ત્યાંથી ચ્યવશે નહિં અને એક, એક કરોડ પૂર્વમાં એક–એક તીર્થંકર પણ વૈમાનિકથી આવેલ હશે, તો પણ એક પલ્યોપમ સુધી અસંખ્ય થઈ જશે, અને....ગર્ભજ મનુષ્ય તો સંખ્યાતાથી અધિક કદાપિ હોતા જ નથી. તેથી તીર્થંકર નામ–કર્મના બંધવાળા જીવ, ગર્ભજ મનુષ્યથી નિરંતર અધિક જ હશે.

પ્રશ્ન ૧૩૭૩ :—વિપાકસૂત્ર સ્કંધ, એમાં વર્ણવેલ દશેય પ્રાણી કાળ કરીને કઈ ગતિમાં ગયા? તેમાંથી કોઈ સીધા મોક્ષગતિમાં ગયા છે શું? જો નથી ગયા, તો પાંચમા અધ્યયનમાં 'जाव सिद्धे' કહ્યું, તો તેનો શો અર્થ? નંદીની હુંડીમાં સુખ વિપાકનું વર્ણન કરતાં, देवलोग गमणाइ, सुहपरंपराओ सुकुल....**તેથી તો સર્વેનું દેવલોક ગમન સિદ્ધ થાય છે.**

ઉત્તર :—વિપાકસૂત્ર સ્કંધ ૨ માં, દશ પ્રાણીઓમાંથી પ્રથમના ૩ અને દશમા–આ ચારનું વર્ણન સમાન છે તથા બાકીના છયે જીવો એ જ ભવમાં મોક્ષ ગયા છે, એવી કેટલાકની ધારણા છે. ટીકામાં આનો કોઈ ખાસ ખુલાસો નથી માત્ર " एत्र मुत्तराणि नत्रा- प्यनुगन्तव्यानीति " આવી ટીકા આપી છે, એથી તો દશેયનું સમાન વર્ણન માલમ પડે

છે, પરન્તુ વિપાકસૂત્રના મૂળ પાઠની અપેક્ષાએ તો પ્રથમ પક્ષવાળી વાત બરાબર પ્રતીત થાય છે. પં. શ્રી ઘાસીલાલજી મ.ના બનાવેલ વિપાકસૂત્રની ટીકામાં [illegible] જન્મમાં જ મોક્ષ થવાનું સ્પષ્ટરૂપે બતાવેલ છે. નંદીસૂત્રમાં [illegible] જે પાઠ છે તે [illegible] તેમને માટે તે પાઠ નથી. [illegible]

પ્રશ્ન ૧૩૭૪ :—ઠાણાંગ ૧૦ માં, "સિદ્ધ વિગ્રહ ગતિ"નો ઉલ્લેખ છે, તે કઈ રીતે સંગત છે? સિદ્ધ ભગવાનની તો ઋજુગતિ જ હોય છે. પછી આ વિગ્રહ ગતિ કેવી રીતે સમજવી?

ઉત્તર :—વિગ્રહ અને અવિગ્રહ ગતિનો પ્રસિદ્ધ અર્થ [illegible] અર્થ પણ થાય છે.

વિગ્રહગતિ—એક ગતિમાંથી બીજી ગતિમાં જવાના (વક્ર [illegible]) [illegible] વિગ્રહ ગતિ [illegible] અવિગ્રહ ગતિ [illegible] ઠાણાંગ ૧૦ [illegible] પ્રતીત થાય છે.

પ્રશ્ન ૧૩૭૫ :—વિનયના ૭ ભેદોમાં "લોકોપચાર વિનય"નો અર્થ તથા ભાવ શું?

ઉત્તર :—ઉવવાઈસૂત્ર, ઠાણાંગ ૭ (સૂ. ૫૮૫) ની ટીકામાં "[illegible]" [illegible] વિનય [illegible]

[illegible]

પ્રશ્ન [illegible]

[illegible]

ગાથા ૨૦ "કુશીલલિંગં ઇહ ધારઇત્તા...." ૪૩ નિ. અ. ૨. આયં [illegible] અયંસિ લોએ વિસમેવ ગરહિએ" ઉત્ત. અ. ૧૭, ગાથા ૨૦ તથા "[illegible] જેણ જાણંતિ તારિસં."

દશ વૈકાલિક અ. ૫ ઉ. ૨ ગાથા ૪૦ પ્રમાણે તે નિંદનીય બની જાય છે. તેના અસહ્ય દુષ્કૃતને કારણે લોકો તેને નિંદે, દંડ આપે, તે સ્વાભાવિક જ છે, તેને અનધિકાર સમજવું નહિ. જ્યારે તે સાધુ પોતાના અધિકારોને છોડે છે ત્યારે જ ગૃહસ્થો દ્વારા વાસ્તવિક રીતે દંડને પાત્ર બને છે, આવી સ્થિતિમાં જો તેને અનધિકાર બતાવે તો દોષ ઢાંકનાર અને દોષપાત્રનો બચાવ કરનાર થાય છે.

દેવ તથા શ્રાવકોએ વિપરીત પ્રવૃત્તિ કરનારની નિંદા કરી તેમ જ માર પણ આપ્યો તેનાં કેટલાક ઉદાહરણ....

(૧) ૨૨ મા પરિસહ ઉપર આપેલી આષાઢાચાર્યની કથામાં દેવે રાજાનું (શ્રાવક) રૂપ ધારણ કરીને આહાર વહોરવાની વિનંતી કરી, યાવત્ પાત્રામાં આભૂષણ મળવાથી અત્યંત કઠોર શબ્દોમાં તેની નિર્ભર્ત્સના (નિંદા) કરી.

(૨) બલભદ્રનૃપ જેઓ શ્રાવક હતા તેમણે ત્રીજા નિન્હવ પર કોપ કરીને તેમને બંધાવ્યા તથા મારવાનો હુકમ કર્યો.

(૩) શુલ્કપાલ (દાણી) શ્રાવકોએ ચોથા નિન્હવ પર મારપીટ કરી.

(૪) મણિનાગ નામના દેવે પાંચમા નિન્હવ પર મુદ્ગર ઉપાડ્યું અને ક્રોધિત થઈને બોલ્યો....

ઉપરોક્ત ઉદાહરણો પરથી સ્પષ્ટ થાય છે કે, દુરાચારીઓને શ્રાવક વગેરે દંડ આપી શકે છે. નિન્હવોની કથા ઉત્ત. અ. ૩, સ્થાનાંગ ઠા. ૭ (સૂત્ર ૫૭૮)ની ટીકા તથા ઉવવાઈ આદિ સૂત્રમાં છે.

વ્યવહારસૂત્રના પ્રથમ ઉદ્દેશાના ઉપાંતમાં આલોચના દેવડાવવા યોગ્ય અન્યનો સંયોગ ન મળતાં, સમભાવવાળા સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થની પાસે પણ આલોચના કરવી, યાવત્ પ્રાયશ્ચિત સ્વીકારવું–બતાવ્યું છે.

પ્રશ્ન ૧૩૭૭ :—બત્રીસ સૂત્રોના મૂળથી ૪૭ દોષોમાં "પાઓઅર", "પરિવર્તિત" તથા "પાહુડિયા" દોષ ક્યાં આવેલ છે?

ઉત્તર :—ઉદ્ગમના ૧૬ દોષોમાંનો ૬ઠો દોષ 'પાહુડં' (પ્રાભૃત) મહેમાન આઘું-પાછું કરીને આપે, સાતમા "પાઉકરણ" (પ્રાદુષ્કરણ) અંધારામાં અજવાળું કરીને આપે. આ બંનેય દોષો પ્રશ્ન વ્યાકરણના અંતિમ અધ્યયનમાં છે. દશમા "પરિયટ્ટિય" (પરિ-

પ્રતિત) દોષ નિશીથના ૧૪ મા ઉદ્દેશકમાં, પ્રશ્નવ્યાકરણમાં ૧૮ મા ઉ.માં તથા ૧૯મા ઉ.માં, 'પિંડ'ના વર્ણનમાં આવેલ છે.

પ્રશ્ન ૧૩૭૮ :—ઉત્પાદનના ૧૬ દોષોમાં નિમિત્ત તથા આજીવિકા સિવાયના ૧૪ બોલ જણાતા નથી?

ઉત્તર :—મૂળ કર્મ વગેરે ઉત્પાદનના ૧૪ દોષ નિશીથના ૧૩ મા ઉ.ના અંતમાં બતાવ્યા છે. મૂળ-કર્મ-દોષ [illegible] હોવાથી, [illegible] બતાવ્યો હોય.

પ્રશ્ન ૧૩૭૯ :—એષણાના ૧૦ માંથી "છર્દિત" નથી?

ઉત્તર :—છર્દિત દોષનું સ્થાન પ્રશ્ન વ્યાકરણ દશમા અધ્યયનમાં 'પરિશાટ' (પરિસાડ) [illegible] [illegible] [illegible] બતાવેલ છે.

પ્રશ્ન ૧૩૮૦ :—આહારમાં લાગનારા દોષોમાં આચારાંગના ૬ દોષ છે. તેમાંથી ૩ રાગરૂપ, ૪ સધાર સેવી, ૬ પ્રમાણોપેત કયાં છે?

ઉત્તર :—આચારાંગના ૬ દોષોમાંથી ત્રીજો 'સધાર' દોષનો [illegible] આચારાંગના અ. ૧ ના ઉ. ૫ માંના [illegible] સૂત્ર "[illegible]" [illegible] [illegible] છે. તથા ૭ મા ઉદ્દેશાના પ્રથમ સૂત્ર "[illegible]" [illegible] સૂત્રમાં '[illegible]'નું વર્ણન છે.

પ્રશ્ન ૧૩૮૧ :—પ્રશ્ન વ્યાકરણ નિશીથ ઉત્તરાધ્યયન, સ્થાનાંગ, દશાશ્રુતસ્કંધ તથા બૃહત્કલ્પમાં બતાવેલા દોષોનો ખુલાસો તથા આધાર બતાવશો?

ઉત્તર :—પ્રશ્ન વ્યાકરણમાં [illegible] [illegible] [illegible].

(૧) [illegible]

(૨) [illegible]

(૩) [illegible]

(૪) [illegible]

[illegible]

૨–'કંતાર ભક્ત'–અટવી વાસીઓના ભાગ ઉ. ૯ આ ઉદ્દેશામાં તો દ્વારપાલ, પશુ વગેરે અનેકોમાંથી ભાગ લેવાનો નિષેધ કર્યો છે. તો અહિંયા પણ કેવળ અટવી-વાસિયોના ભાગનો નિષેધ જ કેમ કરે છે?

૩–'વણીમગ્ગપિંડ, અનાહપિંડ' સાધુને માટે બનાવેલ આહાર પાણી લેવાનો નિષેધ છે. ઉ. ૮ નાં અન્તમાં આ દોષ અન્યત્ર પણ બતાવ્યો છે.

૪–'પાસત્થા, ઓસન્ના' વગેરેનો આહાર લેવાનો પ્રતિબંધ છે.

૫–દુર્ગંચ્છનીય કુળોનો આહાર વસ્ત્રાદિ લેવા નિષિદ્ધ છે. ઉ. –૧૬

૬–'સાગારિયં પિંડં' શય્યાત્તરના આહારાદિ સૂત્ર–૪૬ 'સાગારિય નિસાણં' અને તેની દલાલીથી આહાર લેવાનો નિષેધ છે. સૂત્ર–૪૯ નિ. ઉ. ૩, ૨ [હવે પછી ઉત્તરાધ્યયન સૂત્રના પ્રમાણો]

(૧) 'સન્નાઈ પિંડં'–અ. ૧૭ ગાથા ૧૯.

(૨) 'અકારણં' છ કારણ વિના આહાર કરે તો કારણ દોષ અ. ૨૬ ગાથા ૩૨, ૩૩.

સ્થાનાંગ સ્થા. ૯ માં શ્રી શ્રેણિક મહારાજના વર્ણનમાં–"પાહુણ ભત્તે ઈવા" પાઠ છે. બીજા દોષ વાળો પાઠ તો ધ્યાનમાં આવ્યો નથી પરંતુ આમિષનો નિષેધ અન્યત્ર આચારાંગ આદિ સૂત્રોમાં છે જ [હવે દશા શ્રુત સ્કંધ].

૧–૨ "णो गुव्विणीए, णो वालवच्छाए" અ. ૭ 'અભિધાન રાજેન્દ્ર'માં તો 'गुव्विणीए'નો અર્થ ગર્ભવતીનાં હાથનો આહાર–એવો અર્થ કર્યો છે. 'જિનકલ્પી અને પડિમાધારી સાધુ તો સ્ત્રીને ગર્ભવતી જાણીને તેના હાથનું લેવાનું છોડી દે છે અને ગચ્છ વાસીઓ ૮ મા ૯ મા મહિનામાં લેવામાં છોડી દે છે એવો–અર્થ કર્યો છે.

'પારિયાસિએ–કાલ પ્રમાણ (ત્રણ પહોર)નાં ઉપરનું તથા વાસી રાખીને ખાવાનો નિષેધ છે.

પ્રશ્ન ૧૩૮૨ :—મિથ્યાત્વનાં ૨૫ પ્રકાર કયા સૂત્રમાં છે?

ઉત્તર :—મિથ્યાત્વનાં ૧૦થી વધારે ભેદ એક સાથે સૂત્રના મૂલ પાઠમાં જોવામાં આવ્યા નથી. ૧૦ ભેદો સિવાય સૂત્રોનાં જુદા જુદા સ્થાને પર નીચે પ્રમાણે ધ્યાનમાં આવેલ છે.

"મિચ્છત્તાભિણિવેસેહિય"... આદિ પાઠ ભગવતી શ. ૬, ઉ. ૨૩ માં છે. આ અભિનિવેશ મિથ્યાત્વ છે.

"અકિરિયા, અવિણય, અણ્ણાણે" આ ત્રણ પ્રકારનાં મિથ્યાત્વ અને તેના ભેદ-પ્રભેદ સ્થાનાંગ સ્થાન–૩, ઉ–૩ માં બતાવેલ છે. અનાભોગ મિથ્યાત્વનો સમાવેશ ઉપર બતાવેલ 'અન્નાણ' મિથ્યાત્વમાં થાય છે. સંશય મિથ્યાત્વનો સમાવેશ જે શંકાદિ સમકિતનાં અતિચાર ઉપાસક દશાંગમાં બતાવ્યા છે. તેમાં થાય છે. ન્યૂન, અધિક અને વિપરીત

એ ત્રણ ભેદ સ્થાનાંગ ઠાણુ ૨-ના પ્રથમ ઉ. માં બતાવેલ મિથ્યાત્વ ક્રિયાના બે ભેદમાં આવી જાય છે.

“અભિગ્ગહિય કુદિટ્ઠી” (ઉ. અ. ૨૮) આ શબ્દો પરથી અભિગ્રહિક અનભિગ્રહિક એ બે મિથ્યાત્વ લઈ શકાય છે.

“કુપ્પવયણપાસંડી” (ઉત્ત-૨૩) તથા અનુયોગ દ્વારમાં કહેલ આવશ્યકના ભેદોમાં લૌકિક, લોકોત્તર અને કુપ્રાવચનિક ભેદ બતાવેલ છે. તેના ઉપરથી મિથ્યાત્વનાં પણ ઉપરોક્ત ત્રણ ભેદ બની શકે છે.

“અરિહંતાણં આસાયણાએ....” વગેરે જે ૩૩ પ્રકારની આશાતના આવશ્યક સૂત્રમાં બતાવી છે તે પરથી આશાતના મિથ્યાત્વ નીકળેલ છે.

પ્રશ્ન ૧૩૮૩ :—ચાર સ્પર્શી પુદ્ગલ પકડમાં આવી શકે છે શું? પ્રકાશ અને છાયા ચાર સ્પર્શી છે કે આઠ સ્પર્શી છે?

ઉત્તર :—ચાર સ્પર્શી પુદ્ગલ બાહ્ય સાધન વડે પકડમાં આવતા નથી. પ્રકાશ અને છાયા આઠ સ્પર્શી છે.

પ્રશ્ન ૧૩૮૪ :—જે સાધુ ઇન્જેક્શન કરાવે તથા લાયસન્સ રાખે તો તેને કયો દોષ લાગે છે?

ઉત્તર :—પ્રથમ તો સાધુ પોતાના નિયમાનુસાર [illegible] વિનંતિ પણ કરી શકતા નથી. કારણ કે વિનંતિ પણ [illegible] છે, [illegible] પણ નિષેધ છે. લાયસન્સ ન [illegible] ત્યાં સુધી [illegible] રોકટોકી, પુછપરછ, [illegible] વગેરે [illegible] છે. [illegible] લાયસન્સ [illegible] આપવી [illegible] અનેક [illegible] છે. [illegible] કેવી રીતે સિદ્ધ કરી શકો?

[illegible]

[illegible]

[illegible]

છે. પાણીમાં ફુલણુ (સેવાળ–લીલ ફુલ) જેવી સ્થિતિ હોય તો વધારે પ્રાયશ્ચિત આવે છે. અન્ય માર્ગના અભાવમાં જે સાધુ યત્નાપૂર્વક ૫૦ ડગલાં ઘુંટણ સુધીના પાણીવાળી નદીમાં ઉતરે, તો ૨૫ ઉપવાસનું પ્રાયશ્ચિત બતાવ્યું છે.

પ્રશ્ન ૧૩૯૮ :—પન્નવણા પદ ૧ માં જાતિ આર્યના ૬ ભેદ "અંબઠ્ઠા, કલંદા, વેદેહા, વેદગાતિતા, હરિત અને ચંચુણ" બતાવ્યા છે. તેનો અર્થ શો છે ?

ઉત્તર :—માતૃપક્ષને જાતિ કહે છે. જાતિથી જે આર્ય નિર્દોષ હોય, તેને જાતિ-આર્ય કહે છે. અર્થાત્ જેનો માતૃપક્ષ નિર્મળ હોય, તે જાતિ-આર્ય કહેવાય છે. જેના 'અંબઠ્ઠા આદિ છ ભેદ છે. આ ભેદના જુદા જુદા અર્થ ટીકાકારે આપ્યા નથી. કોષ બનાવનારે 'જાતિ વિશેષ' એવો અર્થ આપ્યો છે. એટલે છયે ભેદોનો અર્થ 'નિર્મળ માતૃપક્ષ' સમજવો.

પ્રશ્ન ૧૩૯૯ :—સોપ ક્રમ આયુષ્ય ૭ કારણોથી તૂટે છે એવું સ્થાનાંગ ૭ માં કહ્યું છે, તો કેટલું તૂટે છે ? કોઈ કહે છે કે ૬ મહિનાથી વધારે તૂટતું નથી, તો તે કેવી રીતે ?

ઉત્તર :—સોપ ક્રમ આયુષ્ય વાળાનું આયુષ્ય ક્રોડપૂર્વથી વધારે હોતું નથી. જે સોપ ક્રમ આયુષ્યવાળા જીવનું જેટલું આયુષ્ય હોય, તેમાંથી વધારેમાં વધારે $\frac{1}{3}$ એક તૃતીયાંશ ભાગનું આયુષ્ય બંધાયા પછી તૂટી શકે છે. વધારે નહિ.

સોપ ક્રમ આયુષ્યવાળો જીવ, પરભવના આયુષ્યનો બંધ ત્રીજા, નવમા તથા સત્તાવીશમા ભાગથી બાંધે છે પરંતુ પહેલાના બે તૃતીયાંશ (૨/૩) ભાગમાં કોઈ પણ જીવ પરભવનું આયુષ્ય બાંધતો નથી. આ બાબત પન્નવણાના છઠ્ઠા પદમાં બતાવી છે. એ પણ સ્પષ્ટ છે કે, પરભવનું આયુષ્ય બાંધ્યા વિના, કોઈ પણ સંસારી જીવ મૃત્યુ પામતો નથી. આ ઉપર અનેક આચાર્યોનો મત છે કે, આયુષ્યનો બંધ પડ્યા પછી એક તૃતીયાંશ ભાગનું આયુષ્ય તૂટે છે.

ભગવતી શ. ૧ ઉ. ૮ માં, આહાર હેતુક મરણમાં જે છ માસ સુધીનું વ્યવહારનયમાં બતાવ્યું છે તે ઉપરથી કોઈ આચાર્ય છ માસથી વધારે આયુષ્ય તૂટે છે એમ માનતા નથી. પરંતુ આ વ્યવહાર નયના કથનથી છ માસથી અધિક આયુષ્ય તુટવાનો નિષેધ બરાબર સિદ્ધ થતો નથી.

સૂત્ર કૃતાંગ અ. ૨ ની બીજી ગાથાની ટીકામાં ટીકાકાર કહે છે કે, કોઈ જીવ ત્રણ પલ્યોપમનું આયુષ્ય પામીને પણ પર્યાપ્તિ થયા પછી અંતર્મુહુર્તમાં જ પોતાના જીવને છોડી દે છે પરંતુ આ વાત સૂત્ર સાથે બંધ બેસતી નથી.

ઉપરોક્ત ત્રણ માન્યતાઓમાં આયુ બંધ પછી $\frac{1}{3}$ ભાગનું આયુષ્ય તૂટે છે એ માન્યતા વધારે પ્રચલિત છે.

પ્રશ્ન ૧૮૦૦ :—વાણવ્યંતર તથા જ્યોતિષી દેવોને લોકપાલ તથા ત્રાયસ્ત્રિંશક કેમ હોતા નથી ?

ઉત્તર :—પ્રશ્નમાં કહેલા બંને દેવો અલ્પઋદ્ધિવાળા છે તેથી તેમને લોકપાલ અને ત્રાયસ્ત્રિંશક હોતા નથી.

પ્રશ્ન ૧૮૦૧ :—લોકાન્તિક દેવોમાં દૃષ્ટિ કેટલી હોય છે ?

ઉત્તર :—લોકાંતિક વિમાનોના મુખ્ય દેવોમાં તો એક સમ્યગ્ દૃષ્ટિ હોવાનો સંભવ છે. અને અન્ય આભિયોગિક વગેરે દેવોની અપેક્ષાએ ત્રણ દૃષ્ટિ પણ હોય છે.

શંકા :—લોકાંતિક વિમાનોના મુખ્ય દેવોમાં ભલે સમ્યગ્ દૃષ્ટિ હોવાનો સંભવ બતાવ્યો, પરંતુ અનુત્તર વિમાનોના દેવોને છોડીને, સર્વ સ્થાનોમાં જીવ 'અણંતખુત્તો' કહ્યું, તે કેવી રીતે સમજવું ?

સમાધાન :—લોકાંતિક દેવો પાંચમા દેવલોકમાં છે. તેથી સામાન્ય પાંચમા દેવલોકની અપેક્ષાએ તો 'અણંતખુત્તો' કહી શકે છે, પરંતુ લોકાંતિક દેવોની અપેક્ષાએ 'અણંતખુત્તો' કહેવું નથી. કારણ કે, ભગવતી શ. ૬. ઉ. ૫ માં પાઠ દ્વારા લોકાંતિક વિમાનોમાં દેવપણે ઉત્પન્ન થતા નથી એમ બતાવ્યું છે. એટલા માટે લોકાંતિક વિમાનોના મુખ્ય દેવોમાં એક સમ્યગ્ દૃષ્ટિ હોવાનો જ સંભવ છે.

પ્રશ્ન ૧૮૦૨ :—સમકિતમાં મનુષ્યનું આયુષ્ય કેવી રીતે બાંધે છે ?

ઉત્તર :—નારકી અને દેવ તો સમકિતમાં મનુષ્ય આયુષ્ય સિવાય બીજું આયુષ્ય બાંધતા નથી અને મનુષ્ય તથા તિર્યંચ સમકિતમાં વૈમાનિક સિવાય બીજું આયુષ્ય બાંધતા નથી.

પ્રશ્ન ૧૮૦૩ :—નંદીશ્વર દ્વીપનું ક્રમાનુસાર કયું સ્થાન છે ?

ઉત્તર :—આઠ દ્વીપોને ગણવાથી નંદીશ્વર દ્વીપ આઠમો દ્વીપ છે, અને દ્વીપ અને સમુદ્ર બંનેને ગણવાથી ૧૫મો દ્વીપ છે.

પ્રશ્ન ૧૮૦૪ :—કાલોદધિ સમુદ્રનું પાણી કેવું છે ?

ઉત્તર :—કાલોદધિ, પુષ્કર સમુદ્ર અને બાકી [illegible] સમુદ્ર [illegible] પાણીનો રસ સ્વાભાવિક જ પાણી જેવો છે.

પ્રશ્ન ૧૮૦૫ :—અભિજિતની ગિનતી કયા અઠ્ઠાવીસ નક્ષત્રમાં છે ?

ઉત્તર :—અભિજિતની ગણતી [illegible] નક્ષત્રમાં [illegible] છે, પરંતુ [illegible] નથી.

પ્રશ્ન ૧૮૦૬ :—[illegible] મુનીનું નામ [illegible] પંક્તિઓમાં નથી. તો તેનું શું કારણ ?

તો પછી સંસ્કૃત આદિ અન્ય વિષયોનું અધ્યયન કયા આધારે કરવામાં આવે છે?

ઉત્તર :—"અટ્ઠજુત્તાણિ સિક્ખિજ્જા" અહિંયા અર્થયુક્ત શબ્દનો અર્થ ધર્મશાસ્ત્ર જ લેવો જોઈએ. "નિરટ્ઠાણિ ઉ વજ્જએ" માં નિરર્થકનો અર્થ મોક્ષ માર્ગથી વિપરીત કામશાસ્ત્ર વગેરેને વર્જવા એવો અર્થ લેવો જોઈએ. વ્યાકરણ, ગણિત વગેરે શીખવું એ પણ જો મોક્ષ માર્ગનો પ્રતિપાદક હોય તેમ જ વિતરાગ પ્રરૂપિત શાસ્ત્રોમાં ગતિ કરવા માટે હોય તો તે ઉદ્દેશની પૂર્તિમાં સહાયક છે. પણ જો અન્ય ઉદ્દેશની સિદ્ધિ માટે તે શીખવામાં આવે તો તે નિરર્થકની ગણતરીમાં આવશે, એ દૃષ્ટિએ શીખવું સર્વથા વર્જિત છે.

પ્રશ્ન ૧૪૧૮ :—અનુયોગ દ્વાર સૂત્રના સમાસ વગેરે વર્ણનમાં જ્યાં જ્યાં સંસ્કૃત શબ્દનો પ્રયોગ કોષ્ટક વિના કર્યો છે તો તે મૂળસૂત્રની પરંપરા છે? કે ક્ષેપક છે અથવા તેને મુદ્રણની અશુદ્ધિ સમજવી?

ઉત્તર :—અનુયોગ દ્વાર સૂત્રનાં સમાસ આદિ વર્ણનમાં જે સંસ્કૃત શબ્દનો પ્રયોગ કોષ્ટક વિના કર્યો છે, તે અર્ધમાગધિ ભાષાની વ્યાકરણની શૈલીથી કર્યો છે, એવું લાગતું નથી. શિષ્યને સમજાવવા માટે આચાર્ય મહારાજે સંસ્કૃતનાં ઉદાહરણ આપ્યા હોય અને કેટલાક સમયથી તે પરંપરામાં જેમ અને તેમ લીપીબદ્ધ થઈ ગયા હોય તો કંઈ કહી શકાય નહીં. કારણ કે ટીકાકારે આ વિષયમાં કોઈ ખુલાસો કર્યો હોય એવું જોવામાં આવ્યું નથી. આ પાઠ તે સમયના મુદ્રણની અશુદ્ધિ હોય એમ પણ લાગતું નથી.

પ્રશ્ન ૧૪૧૯ :—કિલ્વિષી દેવ શું મિથ્યાદષ્ટિ જ હોય છે?

ઉત્તર :—"મિચ્છત્તા અભિણિવેસેહિ...." વગેરે પાઠ ભગવતી શ. ૯. ઉ. ૩૩ નો તથા "તત્થા વિ સે ન યાણાઇ, કિં મે કિચ્ચા ઇમં ફલં" બોહી જત્થ સુ દુલ્લહા" વગેરે પાઠ દશવૈકાલિક અધ્યયન પાંચને જોવાથી અથવા પૂર્વાચાર્યકૃત જીવ-ધડા વગેરે જોવાથી કિલ્વિષી દેવ મિથ્યાત્વી હોય છે.

પ્રશ્ન ૧૪૨૦ :—"જે કમ્મે સૂરા તે ધમ્મે સૂરા" આ પાઠ ક્યાં આવેલો છે?

ઉત્તર—"જે કમ્મે સૂરા તે ધમ્મે સૂરા" આ પ્રકારનો પાઠ ધ્યાનમાં નથી. આ નિયમ પણ ભલા કેવી રીતે હોઈ શકે છે? કારણ કે ત્રીજા ઠાણાનાં પ્રથમ ઉદ્દેશમાં વાસુદેવોને કર્મ પુરુષ કહેવામાં આવ્યા છે. પરંતુ તેઓ ધર્મસુર ક્યાં હોય છે? તેમને તો "જુદ્ધે સૂરે વાસુદેવે" ચોથા ઠાણાનાં ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે. એ જ ત્રીજા ઠાણાના પહેલા ઉદ્દેશામાં અરિહંતોને 'ધર્મ પુરુષ' કહ્યા છે. અહિંયા "ખંતિ સૂર અરહન્તા, તવે સૂરા અણગારા" બતાવ્યું છે. એ બંને 'કમ્મેસૂરા' ક્યાં છે? વગેરે પાઠોથી એમ જણાય છે કે કોઈ ધર્મશૂર હોય છે. પરન્તુ 'કર્મશૂર' હોતા નથી. જેમકે તીર્થંકર, કોઈ 'કર્મશૂર' હોય છે.

[illegible] 'ધર્મશૂર' હોતા નથી. [illegible] [illegible] [illegible] કર્મશૂર હોય છે, [illegible] ધર્મશૂર બની જાય છે. [illegible] હોય છે, તે ધર્મશૂર હોય જ એવો એકાન્ત નિયમ નથી.

પ્રશ્ન ૧૯૨૧ :—મોક્ષ જનારા જીવોના રસ્તામાં કેટલા દેવલોક આવે છે? તે જીવો દેવલોકોમાં થઈને જાય છે શું?

ઉત્તર :—જે જીવ જંબુદ્વીપના મેરુપર્વતથી દક્ષિણનું [illegible] સિદ્ધ થાય છે, તેઓના રસ્તામાં ૨, ૪, ૧૦ અને ૧૨ મું એ ચાર દેવલોકોને છોડીને બાકીના આઠ દેવલોક, નવ ગ્રૈવેયક અને સર્વાર્થ સિદ્ધ વિમાન આવે છે [illegible] ૧, ૩, ૯ અને ૧૧ આ ચાર દેવલોકોને છોડીને બાકીના આઠ દેવલોક, નવગ્રૈવેયક અને સર્વાર્થસિદ્ધ વિમાન રસ્તામાં આવે છે.

[illegible]

પ્રશ્ન ૧૯૨૨ :—૩૩ આશાતનામાં [illegible] આશાતનાઓનો કયો આશય છે. કાળ આશાતના કેવી રીતે થાય છે?

ઉત્તર :—[illegible]

[illegible]

પ્રશ્ન [illegible] :—[illegible]

એ પણ જાણવું છે કે, શુકલ ધ્યાનની ૪ અનુપ્રેક્ષા છે, તે બાર ભાવનાઓમાંથી ચાર ભાવના કઈ છે ?

ઉત્તર :—દશમા, અગીયારમા અને બારમા ગુણસ્થાન વર્તી જીવોને ચાલવામાં ઈર્યામાં ઉપયોગ સંબંધી પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે--ભગવતી શ. ૧૮ ઉ. ૮ નું પ્રથમ સૂત્ર અને શ. ૭ ઉ. ૭ નું પ્રથમ સૂત્ર એ બંનેય અવલોકનીય છે. તેથી એ સ્પષ્ટ છે કે, તેમનો ઈર્યામાં, ઉપયોગ હોય છે. જેમકે—

ભાવિયપ્પણો પુરઓ દુહઓ જુગમાયાએ પેહાએ
રીયં રીય માણસ્સ..........“ તથા ” સંવુડસ્સ ણં ભંતે !
અણગારસ્સ આઉત્તં ગચ્છ માણસ્સ ”

અહિં ઈર્યાપથિક ક્રિયા બતાવી છે. તેથી તેઓને વીતરાગી જ સમજવા જોઈએ. જ્યારે ૧૧ મા તથા ૧૨ મા ગુણસ્થાન વર્તી જીવોની ઈર્યામાં તથા સુવા બેસવા વગેરેમાં ઉપયોગ-યુક્તતા બતાવી છે, ત્યારે ૮ મા, ૯ મા, દશમા ગુણસ્થાન વર્તી જીવોમાં ઈર્યા વગેરેમાં ઉપયોગ હોય તેમાં હરકત શી છે ? આ અંતર્મુખી જીવો હલન-ચલન આદિ ક્રિયાઓ કરતાં હોવા છતાં પણ અંતર્મુખીપણામાં હરકત આવતી નથી. બલકે એ ક્રિયાઓ તેમના અંતર્મુખીપણામાં જ ગણાય છે.

ભગવતી શ. ૮ ઉ. ૮ માં જે પરિસહોનું વર્ણન આપ્યું છે, તેનું પૂર્વાવલોકન કરવાથી પણ ૮-૯ આદિ ગુણ સ્થાનોમાં ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દશ-મસક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણ સ્પર્શ વગેરે પરિસહોનો અનુભવ થવો એ સ્પષ્ટ સિદ્ધ થાય છે. ‘ચર્યા’ ચાલવામાં ઉપયોગ રહે છે, ત્યારે જ તો તેમને ચર્યા-પરિસહનો અનુભવ થાય છે. એ જ પ્રમાણે અન્ય પરિસહોનો અનુભવ પણ પ્રસંગોપાત થાય છે. અંતર્મુખી હોવા છતાં પણ કર્મના ઉદયથી ક્ષુધા વગેરેનો અનુભવ થવો સ્વાભાવિક છે.

આઠમા-નવમા ગુણસ્થાનમાં કલ્પાતીત સિવાય પણ કલ્પ હોય છે. આ વાત ભગવતી શ. ૨૫ ઉ. ૭ થી સ્પષ્ટ છે,

છઠ્ઠા ગુણ સ્થાનકની અપેક્ષાએ આઠમા-નવમા ગુણસ્થાનવર્તી જીવોનો ઈર્યા આદિમાં ઉપયોગ સવિશેષ રહે છે. કારણ કે, અહીંની સ્થિતિ અપૂર્વ છે. એટલા માટે તેઓ જે કાર્યમાં પ્રવૃત્તિ કરે છે, તે કાર્યમાં તન્મય બની જાય છે. કલ્પાતીતનો એવો અર્થ નથી કે, તેમનું લક્ષ્ય સંયમની વિધિમાં ન રહે. પરંતુ તેમનું લક્ષ્ય તો સંયમની વિધિમાં વિશેષ રૂપે રહે છે. હા, તેઓ વિશેષજ્ઞ અથવા સર્વજ્ઞ હોવાને કારણે આગામી કાર્યનું ફલાફલ તેમજ લાભાલાભ પહેલા વિચારી લે છે, અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. જેમકે-ભગવાન અરિષ્ટનેમિએ ગજસુકુમાલ મુનિને એજ દિવસે ભિક્ષુ પડિમા માટે આજ્ઞા આપી દીધી. પ્રભુ મહાવીરે અગ્યાર અંગના અભ્યાસી એવા ખંધકજીને ભિક્ષુપ્રતિમાની આજ્ઞા આપી. પરંતુ કલ્પવાળા આવી આજ્ઞા આપી શકતા નથી.

આ ચાર ભાવના મુખ્યતઃ ધર્મ ધ્યાનની છે. જો સૂક્ષ્મ રીતથી ચાર અનુપ્રેક્ષાનો વિચાર કરવામાં આવે તો (૧) અનંત વર્તિતાનુપ્રેક્ષાનો સમાવેશ લોક સ્વરૂપ ભાવનામાં (૨) વિપરિણામાનુપ્રેક્ષાનો સમાવેશ અનિત્ય ભાવનામાં (૩) અશુભાનુપ્રેક્ષાનો સમાવેશ અશુચિ ભાવનામાં અને (૪) અપાયાનુપ્રેક્ષાનો સમાવેશ આશ્રવ ભાવનામાં સંકલિત છે.

પ્રશ્ન ૧૧૯૮ :—" કુટુંબ જાગરણા " કોને કહે છે ? તેને શબ્દ ઉપરથી જ કુટુંબ જાગરણાનો અર્થ કરવામાં આવે તો, અનુત્તરવાસી દેવોને પૂર્વ ભવમાં સંતાન ન હતું. ત્યાં કુટુંબ જાગરણા પાઠ આવેલ છે તેનો કયો અર્થ લેવો જોઈએ ?

ઉત્તર :—'કુટુંબ' શબ્દ ના અર્થોમાં આવે છે—સ્વજન વર્ગ, પરિવાર, સંતતિ અને સ્વજન વર્ગ. તે બધાની [illegible] ધર્મ સંબંધી, [illegible] સંબંધી, વિચાર સંબંધી, આત્મીયતા સંબંધી વિચાર કરવો તે કુટુંબ જાગરણા કહેવાય છે. અનુત્તરવાસી દેવોને પૂર્વના ભવમાં [illegible] સંબંધી વિચારણા થઈ, તે કુટુંબ જાગરણામાં સમાવિષ્ટ થાય છે.

પ્રશ્ન ૧૧૯૯ :—જે 'તંદુલ' નામના મચ્છ થાય છે તે ક્યા ભાવથી નરકમાં જાય છે ?

ઉત્તર :—તંદુલ નામના મચ્છ [illegible] નરકમાં જ જાય છે, [illegible] નથી. તે [illegible] કર્મ બાંધી શકે છે. [illegible] મનુષ્યમાં [illegible] બાંધી શકે છે. [illegible] પરિણામ અનુસાર [illegible] બાંધી શકે છે.

પ્રશ્ન ૧૨૦૦ :—શાસ્ત્રોમાં દીક્ષા લેતી વખતે, પંચમુષ્ઠિ લોચનો ઉલ્લેખ આવે છે. આ યુગમાં દીક્ષિત થનાર પોતાના હાથે પોતાનો પંચમુષ્ઠિ લોચ કેમ કરતા નથી ? તેને બીજા અપવાદને કે નિર્બળતાને [illegible] અભ્યાસ નથી અથવા [illegible] શક્તિ નથી. તો પછી દીક્ષા બાદ તો જન્મ લોચ કરવો જ પડે છે, તો પછી પરીક્ષા જ પોતાની રીતે પોતાના હાથે લોચ કેમ કરતા નથી ? દીક્ષાર્થીના વાળ [illegible] (નવ્વાણ) દ્વારા ઉતરાવવા જેવા રિવાજ ક્યારથી શરૂ થયા ?

એક કાયયોગવાળાને પણ ત્રણ કરણ અને વચન તથા કાય એવા બે યોગવાળાને કરાવવું અને અનુમોદવું હોય છે?

ઉત્તર :—એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યન્ત બધા જીવોમાં કરવું, કરાવવું અને અનુમોદન એ ત્રણ કરણ માનવા પ્રતિત થાય છે. કારણકે તેઓએ કરાવવાથી અને અનુમોદનથી નિવૃત્તિ લીધી નથી, તેથી તેઓને ત્રણેય કરણની અવિરતી સંબંધી ક્રિયા ચાલુ છે. જેમકે ભગવતી સૂત્ર શ.૧ ઉ.૬માં "ક્રિયા વિચાર" કરતા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોને અઢારેય પાપોની ક્રિયા બતાવી છે. જો વિચાર કરવામાં આવે તો, એકેન્દ્રિય જીવ મૃષાવાદનું સેવન કરતા નથી, કલહ કરતા નથી, અભ્યાખ્યાન (કોઈના પર ખોટું કલંક મૂકવું) કરતા નથી, પૈશુન્ય (ચાડી ચુગલી) કરતા નથી, અને પર પરિવાદ (પારકાની નિંદા) કરતા નથી વગેરે બાબતો પ્રત્યક્ષ રીતે તેઓમાં દેખાતી નથી, તથાપિ તેમનામાં બધાય પાપોની ક્રિયા બતાવી છે તે પણ "*કડા કજ્જઈ* ણો અકડા *કજ્જઈ*, અત્તકડા *કજ્જઈ*, ણો તદુભયા કડા *કજ્જઈ* " ઇત્યાદિ બતાવ્યું છે.

આથી સ્પષ્ટ છે કે, તેમને મૃષાવાદ આદિની ક્રિયા સ્વકૃત છે અર્થાત્ તેઓ એકેન્દ્રિય આદિ સ્થિતિમાં પણ સ્વયં કરે છે. આ ઉપર વિચાર કરવાથી ફલિત અર્થ એ નીકળે છે કે, તેઓએ તે ક્રિયાનો ત્યાગ કર્યો નથી. તેઓ અવિરતી છે. તેથી તેમને તે ક્રિયાઓ ચાલુ રહે છે. સામર્થ્યવાન હોવા છતાંપણ વિચારપૂર્વક તે ક્રિયાઓનો ત્યાગ કરવાથીજ ત્યાગી બનાય છે. અને ત્યારેજ તે ક્રિયાઓ આવતી બંધ થાય છે. આ બાબત સંજ્ઞી પંચેન્દ્રિય માંજ બની શકે છે.

શંકા :—અવિરતીની અપેક્ષાએ તો બધાય કરણ ખુલ્લાં છે, તે ઠીક છે, પરન્તુ મારો પ્રશ્ન અવિરતીની અપેક્ષાએ ન હતો. મારો પ્રશ્ન તો જેવી રીતે ત્રણેય યોગવાળા મનથી પણ કરી શકે છે, કરાવી શકે છે અને અનુમોદન આપી શકે છે. એ પ્રમાણે શું એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિય કરી શકે છે? જ્યાં જેટલા યોગ છે ત્યાં તેટલાજ કરણ છે શું? શું તેઓ શરીરથી અથવા અધ્યવસાયથી કરી શકે છે, કરાવી શકે છે, અનુમોદી શકે છે? જેમ વૃક્ષને પાણી પાવાથી તેને અનુકુળ લાગે તો અનુમોદના આવે છે કે નહિ?

સમાધાન :—એકેન્દ્રિયમાં ત્રણે કરણ હોવા સંભવિત છે. તેના શરીરથી કરવું, કરાવવું, અનુમોદવું એ ત્રણેય કરણ હોય છે. જેમકે–હવા, પાણી વગેરેથી જીવની વિરાધના થાય છે–તે સ્વયં 'કરવું" છે. હવાથી પ્રેરિત વનસ્પતિ વગેરેથી પણ જીવની વિરાધના થાય છે તે 'કરાવવું" છે, તેનામાં પ્રફુલ્લિતતા આવવી અથવા અધ્યવસાયોમાં પરિવર્તન થવું એ અનુમોદન છે તેથી તેના શરીર તથા અધ્યવસાયોથી ત્રણે કરણ હોય છે, એજ પ્રમાણે બે ઈન્દ્રિય વગેરેમાં પણ સમજી લેવું.

પ્રશ્ન ૧૪૩૫ :—પૂ. શ્રી દોલતરામજી મ. ના શિષ્ય શ્રી સૌભાગ્યમલજી મ. લિખિત તથા લગભગ ૬૦–૭૦ વર્ષ પહેલા અહમદનગરથી પ્રકાશિત

'નવ તત્ત્વ પ્રશ્નોત્તરી' શંકાસ્પદ પણ છે. જેમકે-ચાર સામાયિક, પ્રતિક્રમણ વગેરેમાં મોક્ષ તત્ત્વને છોડીને આઠ તત્ત્વ માન્યા છે, તેમાં પાપ-તત્ત્વ પણ સામેલ છે. ઇચ્છાવંદન વગેરેમાં પાંચ તત્ત્વ (પાપ તત્ત્વને છોડીને) માને, તો ચાર સામાયિકમાં પાપ તત્ત્વને કેમ ન છોડ્યું?

ઉત્તર :— આ પુસ્તક જોવામાં આવ્યું નથી. [illegible] સામાયિક, પ્રતિક્રમણ [illegible] સામાયિક [illegible]

[illegible]

પ્રશ્ન ૧૪૪૬ :—ધ્વનિ પ્રસારક યંત્રના વિષયમાં આગમાર્થ તરફથી સ્પષ્ટ-વાદનો નિર્ણય 'જૈન પ્રકાશ' તા. [illegible] ના અંકમાં છપાયો છે. આ વિષે આપનો (પૂ. મ. શ્રીનો) શો અભિપ્રાય છે?

ઉત્તર :—ધ્વનિ પ્રસારક યંત્રનો [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પ્રશ્ન ૧૪૪૭ : [illegible]

તથા પ્રૌઢ મતિજ્ઞાનથી તેઓ બીજાના જ્ઞાનને જાણી શકે છે. એટલા જ માટે, ગૌતમ સ્વામી, આણંદ શ્રાવકે પોતાને થયેલા અવધિજ્ઞાનની હકીકત જાણી ઉપયોગ મૂક્યો હોત તો અવશ્ય જાણી શકત. આ પ્રમાણે મતિ-શ્રુત જ્ઞાનથી બીજાઓના જ્ઞાનને જાણી શકે છે.

પ્રશ્ન ૧૪૪૫ :—"નમો ચઉવિસાએ"માં "रयहरण मुहपत्तिय गोच्छग पडिग्गहधारा" આ પાઠમાં "મુહપત્તિ" શબ્દ શાસ્ત્રાનુકુળ છે કે નહિં ?

ઉત્તર :—"નમો ચઉવિસાએ"માં મુહપત્તિ શબ્દ છે. તે, મુનિ પરંપરાથી અનુકુળ જણાય છે. પરન્તુ હસ્તલિખિત પ્રતોમાં તથા 'અભિધાન રાજેન્દ્ર કોષ'માં ઉપરોક્ત શબ્દ, વર્ણન કરેલી જગ્યા પર નથી, તેથી આ માટે કોઈ પ્રાચીન લેખિત આધાર મળી જાય તો આ શબ્દ ખૂબ જ જરૂરી છે. કારણ કે, રજોહરણ અને મુહપત્તિ જિન કલ્પી વગેરે મુનિઓના પણ મુખ્ય ઉપકરણો છે.

'શ્રી તિલોકરત્ન સ્થા. જૈન ધાર્મિક પરીક્ષા બોર્ડ-પાથરડી (જી. અહમદનગર) તરફથી પ્રગટ થયેલ' આવશ્યક સૂત્રસાર્થ (મુહપત્તિય)માં આવો પાઠ કાઉન્સમાં આપ્યો છે. પરન્તુ સ્પષ્ટ જોવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૧૪૪૬ :—સાધુ-સાધ્વી કાળ કરીને દેવલોકમાં જાય છે, જો તેમને કોઇ, અહિંથી "તિકખુત્તો"ના પાઠથી વંદણા કરે, તો દોષ લાગે કે નહિં ?

ઉત્તર :—તપ-સંયમની આરાધના કરીને, જેઓ દેવલોકમાં ગયા તેમના ગુણાનુવાદ કરવા, એ લાભનું કારણ છે, પરન્તુ તેઓ દેવ-અવસ્થામાં હોવાથી તેમને વંદણા કરવી ઉપયુક્ત નથી.

પ્રશ્ન ૧૪૪૭ :—'નમો અરિહંતાણં' શુદ્ધ છે કે "ણમો અરિહંતાણં" શુદ્ધ છે ?

ઉત્તર :—નમો અને ણમો બંને શબ્દ શુદ્ધ છે. પરન્તુ વધારે પ્રચલિત "ણમો અરિહંતાણં" છે.

પ્રશ્ન ૧૪૪૮ :—ધર્મરુચિ મુનિએ તુંબડાના શાકનું ટીપું પૃથ્વી પર નાખીને કેમ જોયું ? જો તેઓ ખાડો ખોદીને તુંબડાનું બધુંએ શાક નાખી દેત, તો આટલા જીવો ન આવત.

ઉત્તર :—કડવા તુંબાના શાકનું એક ટીપું નીચે નાખીને જોયું, તેની ગંધથી હજારો કીડીઓ આવી અને કેટલીયે તે નાખેલ ટીપાનો રસ ખાઈને મૃત્યુ પામી. જો તેઓ ખાડો ખોદીને નાખત, તોપણ કીડીઓ પૃથ્વીની અંદર સુગમતાથી ચાલી જાત અને વધારે ઊંડો ખાડો ખોદવાથી પૃથ્વીકાયના જીવોની પણ વિરાધના થાત. તેથી ખાડો ખોદીને તેમાં શાક નાખવામાં તેઓએ કોઈ લાભ જાણ્યો નહિં.

પ્રશ્ન ૧૪૪૯ :—ધર્મરુચિ મુનિના સ્વર્ગવાસ બાદ, તેમના ગુરૂને જ્ઞાનમાં ઉપયોગ મૂકતાં. માલમ પડ્યું કે, નાગશ્રીએ મુનિરાજને કડવા તુંબાનું

પ્રશ્ન ૧૪૫૮ :—યથાખ્યાત ચારિત્ર બે વાર કેવી રીતે આવી શકે છે?

ઉત્તર :—૧૧-૧૨-૧૩ અને ૧૪ મા ગુણ સ્થાનમાં એક યથાખ્યાત ચારિત્ર જ હોય છે, કોઈ જીવ આઠમા ગુણસ્થાનથી ઉપશમ શ્રેણી કરીને, ૧૧ મા ગુણસ્થાન સુધી ગયો હોય, જ્યારે જીવ ૧૧ મા ગુણસ્થાને ગયો ત્યારે તેને એકવાર તો યથાખ્યાત ચારિત્ર થઈ ગયું. જો તે જીવ કાળધર્મ પામે નહિં અને ત્યાંથી પાછો પડે તો આઠમા ગુણસ્થાને આવીને બીજીવાર ઉપશમ શ્રેણી કરીને, ૧૧ મા ગુણસ્થાને જાય અથવા ક્ષપક શ્રેણી કરીને, ૧૨ મા વગેરે ગુણસ્થાને જાય, તો તે જીવને બીજીવાર યથાખ્યાત ચારિત્ર થાય. આ રીતે એક જીવને એક ભવમાં ઉત્કૃષ્ટ બે વાર યથાખ્યાત ચારિત્ર આવી શકે છે. તથા એક જીવને અનેક ભવમાં ઉત્કૃષ્ટ પાંચવાર યથાખ્યાત ચારિત્ર આવી શકે છે. જેમાં ચારવાર તો ઉપશમ શ્રેણી દ્વારા ૧૧ મું ગુણસ્થાન પ્રાપ્ત કરીને, યથાખ્યાત ચારિત્ર પામે છે. અને ક્ષપક શ્રેણી વડે તો એક પાંચમી વાર જ પામે છે. ક્ષપક શ્રેણી વાળો પતનને પામતો નથી (પડતો નથી).

પ્રશ્ન ૧૪૫૯ :—શું નરકના નારકીઓ પણ મરવાની ઈચ્છા કરે છે કે જ્યાં તેઓને બહુ જ ક્ષેત્ર-વેદના છે?

ઉત્તર :—ઠાણાંગના ચોથા ઠાણાના પહેલા ઉદ્દેશમાં કહ્યું છે કે, નારકીઓ મનુષ્ય-લોકમાં આવવા ઈચ્છા કરતાં હોવા છતાં પણ, ચાર કારણથી તેઓ આવી શકતા નથી, જેમાં ચોથું કારણ એ બતાવ્યું છે કે, નરકનું આયુકર્મ ક્ષય ન થતાં તેઓ આવી શકતા નથી, આ ઉપરથી એવો ભાવ નીકળે છે કે, તેઓ મરવાનું ઈચ્છતા હોવા છતાં પણ ત્યાનું બાંધેલું નરકાયુ, તેમના આયુષ્યની સમાપ્તિ પહેલાં મૃત્યુ થતું નથી અને તેઓ દેવોની જેમ (મૃત્યુ પામ્યા વગર) અહિં આવી શકતા નથી.

સૂયગડાંગ સૂત્રનું પાંચમું અધ્યયન તથા પન્નવણા સૂત્રનું પાંચમું પદ જોવાથી માલૂમ પડે છે કે, તેઓ (નારકી) ત્યાં રહેવાનું ઈચ્છતા ન હોય, છતાં પણ, આયુષ્ય સમાપ્ત થયા પહેલાં મરતા નથી.

અધિકૃત મનુષ્ય-ભવગ્રહણ અપેક્ષાએ આઠ અન્યથા સાત અર્થાત્ સર્વ પ્રથમ જે ભવમાં આરાધના કરી હોય તેને સાથે ગણે તો આઠ, નહિ તો સાત સમજવા.

પ્રશ્ન ૧૦૬૪ :—સૂયગડાંગમાં શ્રુતસ્કંધ ૨ અ. ૨ માં તેરમા ક્રિયા-સ્થાનને પણ 'સાવદ્ય' બતાવ્યું, તો શું ત્યાં પણ સાવદ્ય પ્રવૃત્તિ છે? મૂળ પાઠમાં બીજા બાર ક્રિયા સ્થાનોની જેમ તેરમાને પણ "तस्स तप्पत्तियं सावज्जंति आहिज्जइ" લખ્યું છે. જ્યારે તેરમા ગુણસ્થાને રહેલા અરિહંતથી પણ સાવદ્ય ક્રિયા થાય છે. તો તેના નીચેના ગુણસ્થાનો વાળા શ્રમણોને પણ હલન-ચલન વગેરેમાં સાવદ્ય-ક્રિયા લાગતી હશે?

ઉત્તર :—ઈર્યાપથિકક્રિયા કેવળ યોગથી જ થાય છે. યોગની પ્રવૃત્તિ જ્યાં સુધી થાય છે, ત્યાં સુધી તો હિંસા થવાની સંભાવના જ છે. હિંસા તો સાવદ્ય જ હોય છે. અને તે યોગ પ્રવૃત્તિથી બંધ પણ થાય છે. તે યોગ પ્રવૃત્તિ તથા તેથી થવા વાળી હિંસા તે શ્રેણી સુધી (યોગ રહેવાની હાલતમાં) અટકવી અશક્ય હોવાથી અટકી શકતી નથી પરંતુ તે વિતરાગિઓના ભાવ-કષાયના અભાવથી વિશુદ્ધ રક્ષાનો પૂર્ણ પ્રયત્ન એવં પૂર્ણ સાવધાની હોવાના કારણે ઈર્યાપથિક રૂપ કેવળ સાતાવેદનીયનો જ બંધ થાય છે.

પ્રશ્ન ૧૦૬૫ :—એકેન્દ્રિય પૃથ્વી, પાણી, વનસ્પતિથી નીકળીને મનુષ્ય થઈ શકે છે, પરંતુ વિકલેન્દ્રિયમાં આ સુવિધા નથી. આનું શું કારણ છે? શ્રી આઇદાનજી મ. 'શ્રમણ' પત્રમાં લખે છે કે પૃથ્વી, પાણી, વનસ્પતિનો સ્વભાવ બીજાના હિતમાં પોતાનું બલિદાન કરવાનો છે. દુનિયાને શીતળતા, મધુરતાદિ પ્રદાન કરે છે, આથી તે મનુષ્ય થઈને મોક્ષ પામી શકે છે અને વિકલેન્દ્રિય તો પોતાના શરીરનું પોષણ કરવા માટે બીજાનું ખૂન ચુસે છે, એથી તેને આવી સુવિધા નથી. શું આનું આ કારણ બતાવવું બરાબર છે?

ઉત્તર :—વિકલેન્દ્રિયથી નિકળીને મનુષ્ય થઈ શકે છે. ભગવતી શ. ૨૪, પન્નવણા પદ ૬ તથા ૨૦, જીવાજીવાભિગમ આદિથી સ્પષ્ટ છે. પન્નવણાના ૨૦મા પદમાં તો ત્યાં સુધી કહ્યું છે કે વિકલેન્દ્રિયથી મનુષ્યમાં આવેલા જીવોને મનઃપર્યવ જ્ઞાન પણ થઈ શકે છે, પરંતુ કેવળજ્ઞાન થતું નથી. એથી મનુષ્ય ન થવા સંબંધી કહેવું બરાબર નથી.

કેવળજ્ઞાન ન થવા માટે પણ તેનું આ કારણ બતાવવું બરાબર નથી, કેમકે લોકોને પ્રકાશ દેવો, ભોજનાદિ પકાવવું, સેક આદિથી કેટલીય બિમારીઓ દૂર કરવી આદિ અનેક પ્રકારથી તેઉકાય, લોક-હિતના કામમાં આવે છે અને વાયુકાયને પણ જીવન માટે કેટલી હિતકારી માને છે? તે એટલે સુધી કે "धम्मस्सणं चरमाणस्स पंचणिस्साठाणा पं. तं. छकाय...." ઠાણાંગ-ઠાણા ૫ ઉ. ૩ ના આ પાઠથી ધર્મ કરવાવાળા માટે ૫ આધાર હેતુ બતાવ્યા, જેમાં પણ છકાયનો પ્રથમ બોલ છે. છકાયમાં તો તેઉ વાયુ, સંયમનો સહાયક હેતુ હોવા છતાં પણ તે ત્યાંથી નિકળીને સીધા મનુષ્ય થઈ શકતા નથી. તિર્યંચ પંચેન્દ્રિય

હોવા છતાં પણ તે મિથ્યાદૃષ્ટિ જ હોય છે. અને તે જ તેઉ અને વાયુકાયના જીવ અંતર્મુહૂર્તનો પૃથ્વી આદિનો ભવ કરીને મનુષ્ય થઈ ને મોક્ષ જઇ શકે છે. આથી આ સ્પષ્ટ થાય છે કે ભવ-સ્વભાવથી જે જીવ જેવું આયુ ન બાંધી શકતા હોય, તેનાં અધ્યવસાયના સ્થાન તે જીવોને આયુ બંધના સમયે પ્રાપ્ત જ થતા નથી. જેમ-દેવોના, નરકના, ખેચરના ચતુર્થાદિ નરકના ઈત્યાદિ.

એથી તેમનું કહેલ કારણ સિદ્ધ થતું નથી. કેવળજ્ઞાન થવાનું કારણ તો આત્માની વિશુદ્ધિ-ક્ષાયિક ભાવ આદિ છે, લોકહિત નહિ. મિથ્યાદૃષ્ટિ જીવ અનેક પ્રકારના લોકહિત કાર્ય અને સંયમની ક્રિયા કરવા છતાં પણ દેવ-ગતિ જ પામી શકે છે, મોક્ષ નહિ.

પ્રશ્ન ૧૦૬૬ :—શું સાધુ ત્રણ મહાવ્રત પણ ધારણ કરી શકે છે? શું આચારાંગમાં ક્યાંય આવો ઉલ્લેખ છે?

ઉત્તર :—આચારાંગ અધ્યયન ૮ ઉ. ૧ માં "जामा तिण्णि उदाहिया" એવો પાઠ છે. ટીકા—"यामा व्रतविशेषाः त्रयः उदाहृताः । तद्यथा—प्राणातिपातो मृषावादः परिग्रह श्च इति । अदत्तादानमैथुनयोपरिग्रहः एवांतर्भावात्त्रय ग्रहणम्....यामा-ज्ञानदर्शनचारित्राणि ति ते उदाहृता व्याख्याताः" અહિંયાં અદત્ત અને મૈથુનનો સમાવેશ પરિગ્રહમાં કર્યો છે. બધા મહાવ્રતોનું પાલન કરવું પડે છે. અહિંયા કોઈ આશ્રવની છૂટ રાખેલ નથી. અથવા રત્નત્રયને પણ ત્રણ યામ કહેલ છે.

પ્રશ્ન ૧૦૬૭ :—અપકાયમાં સાત બોલોની નિયમા છે, તેના કયા કયા નામ છે?

ઉત્તર :—પ્રજ્ઞાપના પદ ૩ દિશાણુવાઈની પૃચ્છામાં સમુચ્ચય જીવ, જલ, વનસ્પતિકાય, એકેન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય, આ સાત બોલોનું અલ્પ-બહુત્વ સમાન આવ્યું છે. આ કારણે પાણીમાં સાત બોલોની નિયમા કહેવાની રૂઢી પડી ગઇ છે. પરંતુ એક તો પોતેજ પાણી છે અને બીજું બધાને મેળવીને સમુચ્ચય જીવ બને છે, પછી પાણીમાં શેષ ૫ જ બોલ રહી જાય છે. આ પાંચ બોલોની નિયમા પણ દ્વીપ, સમુદ્રોના પાણીમાં તથા દ્વીપ-સમુદ્ર સ્થિત પહાડો ઉપરની વાવડિયોં (કુવાઓ)ના પાણીમાં જ સમજવી. શેષ દેવલોકોની વાવડિઓમાં, નીચા-ઊંચા દેવલોકની ઘનોદધિમાં અને તિર્છા-લોકની સીમાની બહારની તમસ્કાયમાં નથી. આ શેષ પાણીમાં તો બાદર જીવોની અપેક્ષા-એ કેવળ એક વનસ્પતિની જ નિયમા છે, શેષ એકેન્દ્રિય આદિની નહિ.

પ્રશ્ન ૧૦૬૮ :—અનંતાના આઠ બોલોની અલ્પ બહુત્વ કઈ કઇ છે?

ઉત્તર :—૧. બધાથી થોડા અભવી જીવ અનંતા
૨. પ્રતિપાતિ સમ્યગ્દૃષ્ટિ જીવ અનંતા

૪. સંસારી જીવ અનંતા

૫. પુદ્‌ગલ અનંતા

૬. કાળ અનંતો

૭. આકાશ પ્રદેશ અનંતા

૮, કેવળજ્ઞાન-કેવળદર્શનના પર્યાય અનંતા

પ્રશ્ન ૧૦૬૯ :—"असंख्ये वर्षायुष्को जीवो विवक्षितकाले सम्यक्त्वश्रुत सामायिकयोः प्रतिपद्यमानकःसंभवति," આમાં આપનું ફરમાન છે કે યુગલિયાઓમાં દૃષ્ટિનું પરિવર્તન નથી થતું, એથી પ્રતિપદ્યમાનક નથી હોતા. યુગલિયાઓમાં સમ્યક્ અને મિથ્યાત્વ એ બે દૃષ્ટિ હોય છે, જો સમ્યગ્ દૃષ્ટિ યુગલિયો હોય, તો તેને શ્રુત અનિવાર્ય હશે જ. આ રીતે પ્રતિપદ્યમાનક સિદ્ધ થાય છે. (રાજેન્દ્ર કોષમાંથી આ વિષય લીધેલ છે.)

યુગલિયાઓની દૃષ્ટિ પરિવર્તન નથી થતી. આ કોઈ શાસ્ત્રમાં આપના જોવામાં આવેલ છે શું ?

ઉત્તર :—ભગવતી શ. ૨૪ ઉ. ૨ થી ૧૧ સુધી તથા ૨૨, ૨૩ એવં ૧૨ ત્રિદશોના ૧૨ ઉ. માં જે અસંખ્ય વર્ષની આયુવાળા (યુગલિયા) તિર્યંચ અને મનુષ્ય ઉત્પન્ન થાય છે, તેની આ (તિર્યંચ અને મનુષ્યના) ભવની ઋદ્ધિ બતાવી છે. તેમાં કેવળ એક મિથ્યાદ્રષ્ટિ, બે અજ્ઞાન આદિ બતાવ્યા છે. જો દ્રષ્ટિનું પરિવર્તન થઈ શકત, તો આમાં બે દ્રષ્ટિ, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન આદિ બતાવ્યા હોત, કેમકે આયુબંધ સમયે મિથ્યાદ્રષ્ટિ (સમ્યગદ્રષ્ટિ મનુષ્ય અને તિર્યંચ સમ્યગ્દ્રષ્ટિ પણે વૈમાનિક સિવાય અન્ય આયુનો બંધ કરતા નથી એટલે) અને અન્ય સમયે કોઈમાં સમ્યગ્ અને કોઈમાં મિથ્યા હોય છે. જેમ નરક અને દેવોમાં ઉત્પન્ન થવા વાળા અયુગલિક મનુષ્યોની [illegible] ઋદ્ધિમાં ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, કેવળ સિવાય ૬ સમુદ્ઘાત, ત્રણદ્રષ્ટિ આદિ પરિવર્તન [illegible] બતાવ્યા છે, ઈત્યાદિ ગમા-અધિકાર જોતાં તો યુગલિયાઓમાં દ્રષ્ટિનું પરિવર્તન ન થવું સ્પષ્ટ પ્રતીત થાય છે. આ વિષયક બીજું કોઈ પ્રમાણ જાણવામાં નથી.

[illegible] મિથ્યાદ્રષ્ટિના સમ્યગદ્રષ્ટિ આદિ થાય છે, તે જ 'પ્રતિપદ્યમાનક' [illegible] નહિ. [illegible] તે પૂર્વના સમયથી પતિજ્ઞાન, સમ્યગદ્રષ્ટિ અને પૂર્વભવથી [illegible] 'પૂર્વ-પ્રતિપન્ન' જ ગણાશે, પ્રતિપદ્યમાનક નહિ. રાજેન્દ્ર કોષ [illegible] આદિથી તો આપના લખવા અનુસાર જ બાત [illegible]

પ્રશ્ન ૧૦૭૦ :—"[illegible]"

આ બધું રાજેન્દ્ર કોષમાં આમ જ છે. આપે ફરમાવ્યું કે જ. ઉ. અવગાહના વાળા તિર્યંચોમાં યુગલિયા નથી હોતા. મધ્યમમાં જ હોય છે અને ઉત્કૃષ્ટ અને મધ્યમ અવગાહના વાળા ત્રણ સામાયિક પામે છે, એવું આપે લખાવ્યું છે. તો મધ્યમમાં ત્રણ સામાયિક છે અને તેમાં યુગલિયા હોય છે, તો આ હિસાબે દૃષ્ટિ પરિવર્તન સિદ્ધ થાય છે; તો તે કેવી રીતે?

ઉત્તર :—જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના વાળા તિર્યંચમાં સ્થિતિ "तिट्ठाणवडिए" (ત્રિસ્થાન પતિત) બતાવી છે. આ બન્ને અવગાહનામાં યુગલિયા નથી. કેવળ સંખ્ય વર્ષ આયુ વાળા તિર્યંચ જ છે, ત્યારે જ સ્થિતિ તિટ્ઠાણુ બતાવી છે. આનું સ્પષ્ટીકરણ પન્નવણા ૫ માં પદમાં (રાજેન્દ્ર કોષ ભાગ ૫ પૃ. ૨૧૯ માં આ વિષયક પાઠ અને ટીકા બન્ને છે.) તથા ત્યાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા તિર્યંચમાં ૩ જ્ઞાન ૩ અજ્ઞાન આદિ બતાવ્યા છે, તો યુગલિયામાં ત્રણ હોતા નથી. આથી સ્પષ્ટ છે કે તે યુગલિયા નથી.

જુવો જીવાભિગમ, પન્નવણા પદ, ૨૧, ભગવતી શ. ૨૪ અને અનુયોગદ્વાર આદિમાં તિર્યંચની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજનની બતાવી છે. આ રાજેન્દ્ર કોષના ભાગ ૩ પૃ. ૭૭માં પણ છે. પરંતુ અહિંયા તો ૬ ગાઉ (દોઢ યોજન) બતાવી છે, તે આ તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ અવગાહના નથી.

હા, સ્થળચરમાં તો ઉત્કૃષ્ટ અવગાહના દોઢ યોજનની બતાવી છે, આની અપેક્ષાએ સ્પષ્ટ રૂપે કહે તો વાત અલગ છે.

મધ્યમ અવગાહનામાં યુગલિયા તો છે. પરંતુ કેવળ યુગલિયા જ નથી. એથી આનાથી યુગલિયાઓની દૃષ્ટિ પરિવર્તન સિદ્ધ થતી નથી. જેમ એકેન્દ્રિયની ઉ. અવગાહના હજાર યોજનથી કંઇક વધારે બતાવી છે, જેમાં પૃથ્વીકાયાદિ પણ ભેગા છે. પરંતુ તે ઉત્કૃષ્ટ અવગાહના વનસ્પતિની જ છે, પૃથ્વીકાયાદિ ચારેયની નહિ. રાજેન્દ્ર કોષમાં તો તમારા લખ્યા અનુસારે જ છે. પરંતુ મહારાજશ્રીના ધ્યાનમાં ઉપરોક્ત પ્રકાર જ આવ્યો છે.

પ્રશ્ન ૧૦૭૧ :—સામાયિકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના બોલ બતાવશો જી?

ઉત્તર :—સામાયિકનો દ્રવ્ય–ભવ્ય જીવ, ક્ષેત્ર–ત્રસનાળી (અથવા–કેવળી સમુદ્‌ઘાતની અપેક્ષાએ સંપૂર્ણ લોક) કાળ–ભવસ્થિતિનો પરિપાક અર્થાત્ દેશોન અંતર્મુહૂર્તથી લઇને દેશ–ઉણ અર્ધપુદ્‌ગલ સુધી સંસાર બાકી વાળા જીવનો, ક્ષયોપશમ વગેરે ભાવ.

પ્રશ્ન ૧૦૭૨ :—ભગવતી શ. ૧૪ ઉ. ૭ પ્રશ્ન ૧૦ મો, ભક્ત પ્રત્યાખ્યાન કરનાર અણગાર મુર્છિત યાવત્ અત્યંત આસક્ત થઇને આહાર કરે અને પછી સ્વભાવથી મરણાંતિક સમૂદ્‌ઘાત કરે ને ત્યાર પછી અમૂર્છિત, અગૃદ્ધ અનાસક્ત ભાવથી આહાર કરે તેનો શું અર્થ સમજવો જોઇયે?